
વર્ષ : ૪૬મું
ફેબ્રુઆરી - ૨૦૨૧
અંક - ૫૧૩

મંગલ મંદિર ● ફેબ્રુઆરી-૨૦૨૧ ● ૧
(કુલ પાના : ૭૨)


# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org

તંત્રી મંડળ :
પ્રતાપ નારાણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી


youva
THINK. CREATE.
#party hard
GEOMETRY BOX
The world of
amazingly cool Youva stationery.
youvaworld.com

છેલ્લા ૪૪ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**

**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● આત્મનિર્ભર ભારત : સંરક્ષણ ઉપકરણો નિકાસ કરવાની તૈયારી – એક મોટી સિદ્ધિ ..................... ૫

**દીપશીખા**

● જીવન ઉપયોગી સંદેશ ..................... **સ્વામી વિવેકાનંદ પરિવ્રાજક** ........ ૬
● સ્વામી વિવેકાનંદજીનો જીવન સંદેશ ..................... ૭

**કોરોના વાયરસ**

● કોરોના વાયરસ સંક્રમણ સામે રક્ષણ મેળવવા રસીની વિગત ..................... ૮
● મહામારી અને તેની રસીના સંદર્ભમાં ..................... ૮
● ૨૦૨૧માં સ્વાસ્થ્ય જાળવણી માટે 'WHO'નો દસ મુદ્દાનો કાર્યક્રમ ..................... ૯

**વિચારમંચ**

● પુસ્તકોનું મહત્ત્વ વધતું જ જશે ..................... **ડૉ. યાસીન દલાલ** ..... ૧૦
● વહુ-દીકરાઓએ માવતર સાથે કેવી રીતે વર્તવું જોઈએ? ........... **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** ..... ૧૨
● વૈશ્વિકીકરણમાં પ્રાદેશિક ભાષાઓની આહુતિ ..................... **મુરજી ગડા** ..... ૧૪

**ગુલશન (ચાલુ શ્રેણી) (મણકો-૩)**

● "દિલની જબાન" : સંવેદનશીલ કવિ રમેશ પટેલ .............. **ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર** ..... ૧૬

**જ્ઞાન**

● વિજ્ઞાન એટલે વિશિષ્ટ જ્ઞાન –
તેની ઉજવણી પણ વિશિષ્ટ રીતે થવી જોઈએ ..................... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૯

**નવલિકા**

● વસુંધરા ખોળે પ્રેમબાઈ! (સત્ય ઘટના પર આધારિત) ..................... **નટવર આહલપરા** ..... ૨૧

**પર્યાવરણ**

● પર્યાવરણ, પ્રદૂષણ અને આપણે ..................... **ડૉ. પલ્લવી શાહ, પ્રિન્સિપાલ** ..... ૨૨

**માતૃભાષા**

● વિવિધતામાં એકતા એટલે માનવતાની માતૃભાષા ..................... **જાગૃતિ તન્ના "જાનકી"** ..... ૨૩

**રીતરિવાજ**

● ઉજળાં એંધાણ ..................... **એમ. ડી. સોલંકી** ..... ૨૪

**પરિવર્તન**

● દિન-રાત બદલતે હૈં... હાલત બદલતે હૈં... ..................... **ભરત અંજારિયા** ..... ૨૬

**કારકીર્દિ**

● GPSC અને UPSCની તૈયારી અંગ્રેજી કે ગુજરાતી – કયા માધ્યમથી કરવી? ...... **હીરેન દવે** ..... ૨૭

**હસ્તકલા**

● સવિશેષ રોજગારીનું સર્જન કરતું ભારતનું હસ્તકલા ક્ષેત્ર. ..................... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૨૮

**સંસ્કૃતિ**

● ગુજરાતી કલાનું સંવર્ધન અને કલાપ્રતિષ્ઠાન – રંગકર્મીઓના જીવનમાં રંગ પૂરવાનું સ્તુત્ય પગલું.. . **નરેશ અંતાણી** ..... ૨૯

**વ્યક્તિ / સંસ્થા વિશેષ**

● કચ્છના રતન : મણિભાઈ સંઘવી... ..................... **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર, પૂર્વ નિયામક** ..... ૩૨

**લઘુ કથાઓ**

● માનવતા પરમો ધર્મ ..................... **ડૉ. સુધીર ચી. મોદી** ..... ૩૩
● દિલ ● માનવસેવા ● મહેમાન ..................... **હસમુખ રામદેપુત્રા, શિક્ષકશ્રી** ..... ૩૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## વાર્તા


● શારદા નિવાસ ....... **સુનિતા એ. શાહ** ..... ૩૪


## જાગૃતિ


● ગ્રાહક : રાજા કે બિચારો બાપડો? ....... **પારૂલ દેસાઇ** ..... ૩૭


## કાનૂન


● મહિલા અને કાયદો ....... **ધનસુખ ડી. ઠક્કર, એડવોકેટ** ..... ૩૮


## કલ્યાણ


● સર્વ શ્રેષ્ઠ ધર્મ – (૨) ....... **ડૉ. અલ્કા એસ. શાહ** ..... ૩૯
● મંગળ ગીતો એ ગાવે... ....... **પુષ્પાબેન કનકસેન શાહ** ..... ૪૧
● જીવનમાં ભક્તિનું માહાત્મ્ય.. ....... **પ્રવીણભાઈ જી. મેંદપરા** ..... ૪૩


## કચ્છ


● કચ્છનું સફેદ રણ અને ટેન્ટ સિટી આકર્ષણરૂપ ....... ૪૫
● કચ્છી ભાષા ....... ૪૬


## સામાન્ય જ્ઞાન


● ક્રિકેટમાં ટોસની પ્રથા ● ઉસ્તાદ પ્રાણીઓ ....... ૪૭
● ક્રિસ્ટલોગ્રાફિક ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપીના શોધક- એરોન કલગ ● વૃક્ષનું વિજ્ઞાન ....... ૪૭
● મોબાઈલ ફોનનું અવનવું ● સ્મોક ડિટેક્ટર ....... ૪૮


## YOUTH CLUB


● **Some Golden Thoughts** ....... **Presentation : Dinesh R. Mehta** ....... ૪૯


## ગેમ્સ ગેલેરી


● કચ્છની શાન - કચ્છની કલગી - વર્લ્ડ રેકોર્ડઝની ગેમ... ....... **ભાવના એ. ઝવેરી** ..... ૫૦
● ગેમ્સ - પઝલ - ક્વિઝ ....... **સંકલન : કિરણબેન પી. ઠક્કર** ..... ૫૪


## વૈવિધ્ય


● આંજો કાગર ....... ૫૫
● સાયન્સ ટેકનોલોજી ....... ૫૬
● સમીક્ષા : પગને ચરણ બનાવતી ભમરી! ....... **હરેશ ધોળકિયા** ..... ૫૭
● ડૉ. હસુભાઈ યાજ્ઞિક : ગુજરાતના લોકસાહિત્યના ભીષ્મ પિતા ....... **મહેન્દ્ર દોશી** ..... ૬૦
● કચ્છ દર્શન ....... **સંકલન : દિનેશ આર. મહેતા** ..... ૬૧
● દેવામુક્ત ....... **મણિલાલ ડી. રૂધાણી** ..... ૬૨


## મનોરમ્ય


● હોય છે : **મહેશ્વરી મહેતા 'ઉષ્મા'** ● તું : **ચંદ્રકાંત પટેલ 'સરલ'** ● માનવનું વર્તન : **'આરસી' શાહ** ..... ૬૩
● શું કામ? / માનવ શક્તિ / અશ્કો / ઈન્તજાર : **મણિલાલ ડી. રૂધાણી** ....... ૬૪
● લઘુકાવ્યો / કચ્છી હાઈકુ : **અરુણા અરુણ ઠક્કર 'માધવી'** ....... ૬૪


## નિયમિત વિભાગો


● *Nano Nine* શબ્દ રમત ● *Nano Nine Sudoku* ..... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૫
● બાલુડેં જ્યું ગાલિયું ....... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૬૮


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ


● સંસ્થા સમાચાર ....... ૬૯
● ટાઈમ્સ ગુજરાત પ્રતિભા - ૨૦૨૦ ....... ૭૦


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# આત્મનિર્ભર ભારત

## સંરક્ષણ ઉપકરણો નિકાસ કરવાની તૈયારી – એક મોટી સિદ્ધિ....

આત્મનિર્ભર ભારત અંતર્ગત થોડા સમય અગાઉ કેન્દ્રિય સંરક્ષણ મંત્રાલય દ્વારા એક ખૂબ જ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતના રક્ષામંત્રીએ અનેક પ્રકારના ડિફેન્સ ઉપકરણોની આયાત કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. ભારતે આત્મ નિર્ભરની દિશામાં આગળ વધવું હોય તો આ એક હિંમતભરી બાબત કહી શકાય. જે સંરક્ષણની આઈટમો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે એમાં રાઈફલથી લઈને મિસાઈલનો સમાવેશ થાય છે. ભારતીય સંરક્ષણ ઈન્ડસ્ટ્રીઝને વિપુલ પ્રમાણમાં નવી તકો પ્રાપ્ત થાય તે માટે આ પ્રકારના નિર્ણયો લેવામાં આવ્યા હોય, તેવું માની શકાય. સંરક્ષણ મંત્રાલયે હાલે જે ઉપકરણોની આયાત બંધ કરવાની જાહેરાત કરી છે તેમાં આગળ જતાં અન્ય પ્રકારના ઉપકરણોનો પણ સમાવેશ થઈ શકે છે. **વાસ્વતમાં જોઈએ તો ભારતીય સંરક્ષણ ઉદ્યોગને તૈયાર કરવાનો હેતુપૂર્વકનો આ નિર્ણય છે.** આ મુદ્દાના અનુસંધાનમાં ભારતના સંરક્ષણ મંત્રાલયે આગામી થોડા વર્ષોમાં ભારતીય શસ્ત્ર ઉદ્યોગને અંદાજે પાંચ લાખ કરોડ રૂપિયાના ઓર્ડર આપવાની યોજના બનાવી છે. રક્ષા મંત્રાલયના આ નિર્ણયથી બીજા દેશો પરની આપણી નિર્ભરતા તો ઓછી થશે જ પરંતુ સ્થાનિકના રક્ષા ઉદ્યોગોને નવી તક મળશે.

બીજી તરફ, ભારતીય સેનાની જરૂરિયાતો પૂરી કરવા માટે બીજા દેશો પાસેથી ઊંચા ભાવે સરંજામ ખરીદવો પડશે નહીં. તે સાથે એક મોટો ફાયદો એ થશે કે સરંજામની ટેકનિકલ સુરક્ષા આરક્ષિત રહેશે. આ રીતે ભારતની ટેકનિકલ ક્ષમતા વધવાથી ભારતીય ત્રણે પાંખની સેનાની જરૂરિયાતો પૂરી થશે અને વધારાના સરંજામની નિકાસ કરવા પણ ભારત શક્તિમાન બનશે. **ભારત સરકારે તાજેતરમાં સ્વદેશી આકાશ મિસાઇલ સિસ્ટમની નિકાસને મંજૂરી આપી છે. સરકારનો આ મોટો નિર્ણય કહી શકાય.** અત્રે ઉલ્લેખનીય છે કે જે અગત્યના સરંજામ - ઉપકરણોની નિકાસ થશે તેની આવૃત્તિ દેશની સેના દ્વારા ઉપયોગમાં લેવાતા ઉપકરણોથી અલગ હશે. ભારત મિસાઇલ જેવા ઉપકરણોની નિકાસ કરવા સક્ષમ બન્યું, એ ભારત માટે ખૂબ મોટી સિદ્ધિ છે. એક માહિતી અનુસાર લગભગ સાત જેટલા દેશોએ આકાશ જેવા મિસાઈલ ખરીદવામાં પોતાની ઈચ્છા પ્રગટ કરી છે. વાસ્તવમાં ભારતીય સેનાની તાકાતમાં વધારો કરવા માટે મિસાઈલોને સ્વદેશી ધોરણે વિકસાવવાની યોજના ઘણા સમય અગાઉ તૈયાર કરવામાં આવી હતી. મહાન વૈજ્ઞાનિક અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ **ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ**ને આ મહાન પ્રોજેક્ટની કમાન સોંપવામાં આવી હતી, જે સફળ થઈ છે. આ પ્રોગ્રામ અંતર્ગત પાંચ પ્રકારની મિસાઈલો તૈયાર કરવામાં આવી છે. **જેમાં પૃથ્વી, અગ્નિ, ત્રિશૂલ, આકાશ અને નાગ મિસાઇલોનો સમાવેશ થાય છે.**

ભારતે વર્ષ ૧૯૮૯માં ઈન્ટરકોન્ટિનેન્ટલ રેન્જ બેલાસ્ટિક મિસાઈલ અગ્નિ બનાવી. ૧૯૯૮માં પૃથ્વી મિસાઈલ તૈયાર કરી. ૨૦૦૯માં આકાશ મિસાઈલ બનાવી. રશિયા સાથે સહયોગ કરીને **ઘાતક મિસાઇલ બ્રહ્મોસ** પણ બનાવવામાં આવી છે. આ એક પ્રકારની ક્રૂઝ મિસાઈલ છે. ભારતે ૧૯૯૬માં અર્જુન ટેન્ક પણ બનાવી છે. મેક ઈન ઈન્ડિયા અંતર્ગત ફાઈટર જેટ તેજસ પણ બનાવ્યું છે. ભારતે અગ્નિ-૫ નું પરીક્ષણ પણ કર્યું છે. આ મિસાઈલની રેન્જ લગભગ ૫૫૦૦ કિલોમીટર જેટલી છે. આ પ્રકારની મિસાઈલો માત્ર અમેરિકા, રશિયા, બ્રિટન, ચીન, ઉત્તર કોરિયા અને ફ્રાન્સ જેવા મુખ્ય દેશો જ ધરાવે છે. ભારત હવે અગ્નિ-૬ મિસાઈલ વિકસાવવાની તૈયારીમાં છે. જેની રેન્જ ૧૨ હજાર કિલોમીટર જેવી હશે. એક અહેવાલ મુજબ પાકિસ્તાન પાસે શાહીન-૩ નામની મિસાઈલ છે, જેની રેન્જ ૧૭૦૦ કિ.મી. જેટલી છે. આ સિવાય, પાકિસ્તાન પાસે હત્ફ અને ઘોરી જેવી મિસાઈલો પણ છે. ચીન પાસે પણ ઘણી પ્રકારની મિસાઈલો છે. હાલ ચીન ડીએફ-૪૧ નામની બેલાસ્ટિક મિસાઈલ પણ તૈયાર કરી રહ્યું છે, જેની રેન્જ ૧૫ હજાર કિ.મી.ની હોઈ શકે છે. વર્તમાન સમયમાં પાકિસ્તાન અને ચીન સાથે મળીને ભારતની સામે થઈ શકે છે. આ બધી પરિસ્થિતિને જોતાં ભારતે રક્ષા ક્ષેત્રમાં આત્મનિર્ભર બન્યા વગર છૂટકો નથી. અત્યારે પાકિસ્તાન - ચીનના ખતરાને જોતાં ભારતે કરોડો રૂપિયાના રક્ષા ઉપકરણો વિદેશથી ખરીદવા પડે છે. સંરક્ષણ ક્ષેત્રે વર્ષ ૨૦૨૧ ભારત માટે મહત્ત્વપૂર્ણ રહેશે. આ વર્ષ દરમિયાન ભારતીય સેના માટે વ્હીકલ ટેન્ક, મશીનગન, રાઈફલો સહિત લગભગ ૧૧ જેટલાં રક્ષા ઉપકરણો સ્થાનિકે તૈયાર કરવા પડશે. વર્ષ ૧૯૭૦ બાદ ભારતના સંરક્ષણ ક્ષેત્રનો વિકાસ શરૂ થયો છે, જે આવકારદાયક મોટી ઘટના છે. ■

# જીવન ઉપયોગી સંદેશ

★ મન આપણો બહુ મોટો મિત્ર છે, જ્યારે આપણે તેને કંટ્રોલ કરીએ છીએ. આજ મન આપણો બહુ મોટો શત્રુ બની જાય છે, જ્યારે તે આપણને કંટ્રોલ કરે છે.

★ દરેક સ્થિતિના ત્રણ દૃષ્ટિકોણ હોય છે : મારો, તમારો અને સત્યનો. સાચી સફળતા એને મળે છે, જે ત્રીજાને અનુકૂળ હોય છે.

★ **મનુષ્યનો સાચો શૃંગાર = હોઠો પર સત્ય, આંખોમાં દયા, હાથોમાં દાન, ચહેરા પર મુસ્કાન, હૃદયમાં પ્રેમ. તેનાથી જીવન સજાવીએ.**

★ અવસરની રાહ જોવી એ આળસ છે, અવસરને ખોઈ નાખવો મૂર્ખતા છે. અવસરનું નિર્માણ કરવું બુદ્ધિમત્તા અને કલાકારી છે. બુદ્ધિમાન + કલાકાર બનીએ.

★ બંધ મગજ બંધ પુસ્તક સમાન છે. મગજને ખોલો અને ઉન્નતિ કરો. જીદ્દી ન બનો. સ્વાર્થ, હઠ, દુરાગ્રહ અને અવિદ્યા એ ચાર વિનાશકારી છે.

★ જીવન મળવું ભાગ્યની વાત છે. મૃત્યુ થવું સમયની વાત છે. મૃત્યુ પછી પણ આપણે લોકોના મનમાં જીવિત રહીએ એ કર્મોની વાત છે.

★ શીખો બધાથી, સાંભળો બધાને, કરો પોતાની બુદ્ધિથી, બુદ્ધિની વાત માનશો તો સુખી રહેશો અને મનની વાત માનશો તો દુઃખી.

★ સફળતા દોડના છેલ્લા પગલાથી નથી મળતી. પરંતુ દરેક પગલાનો તેમાં સાથ હોય છે. તેથી દરેક પગલાને સમજી વિચારીને સારી રીતે મૂકીએ.

★ સુખી રહેવા માટે ત્રણની પરીક્ષા કરો : વિચાર, વાણી અને વ્યવહાર. ત્રણનું નિયંત્રણ કરો : વાણી, લોભ અને ક્રોધ. ત્રણને પ્રેમ કરો : પવિત્રતા, ઇમાનદારી અને મહેનત.

★ લક્ષ્ય અને યોજનાઓ વગરનું જીવન જીવતા રહેવું એના જેવું છે કે જાણે સમુદ્રનું જહાજ લક્ષ્ય વિનાનું સમુદ્રમાં ચાલી પડ્યું હોય, ભટકતું જ રહે છે.

★ સત્ય બોલવાનો સૌથી મોટો લાભ એ છે કે આપણે એ "યાદ નથી રાખવું પડતું કે આપણે આગળ શું કહ્યું હતું."

★ આજકાલનું સત્ય : આયુષ્ય અધિક પરંતુ મનની શાંતિ ઓછી. બુદ્ધિ ઊંચી પરંતુ સભ્યતા ઓછી. જાણકારી ઘણી પરંતુ જ્ઞાન ઓછું. મનુષ્ય ઘણા પરંતુ માનવતા ઓછી.

★ જો તમને આપત્તિ આવે ત્યારે બૂમાબૂમ કરશો તો તે બમણી થઈ જશે અને જો તમે હસશો તો પરપોટાની જેમ નષ્ટ થઈ જશે. આપત્તિમાં ગભરાશો નહીં.

★ **ભેગા થવું તે શરૂઆત છે. ભેગા રહેવું તે પ્રગતિ છે. ભેગા મળીને કામ કરવું તે સફળતા છે. જીવનમાં સફળ બનો.**

★ "જે તમારી પાસે નથી" તેની ચિંતા જ્યારે તમે છોડી દેશો, ત્યારે જ "જે તમારી પાસે છે" તેનો આનંદ લઈ શકશો. ચિંતા છોડો, આનંદ મેળવો.

★ આવતીકાલ ભગવાને આળસુ લોકો માટે બનાવેલ છે. પુરુષાર્થી લોકો આજમાં જ કાર્ય કરે છે. પોતાની પરીક્ષા કરો. તમે આળસુ તો નથી ને?

★ સફળ વ્યક્તિ ઉત્તમ ફળની નહીં, ઉત્તમ આરંભની યોજના બનાવે છે. આરંભ ઉત્તમ હોવાથી ઉત્તમ ફળ સ્વયં જ મળી જાય છે. ઉત્તમ આરંભ કરો.

★ તમારા જીવનમાં પાછળ જુઓ – અનુભવ મળશે. આગળ જોશો – આશા વધશે. ચારેબાજુ જોશો – સત્ય દેખાશે. પોતાની અંદર જોશો – આત્મવિશ્વાસ વધશે.

★ સમયને નષ્ટ ન કરો, તે ખૂબ કિંમતી છે. અંધકારથી નિરાશ ન થાઓ. કાલે ફરી સૂર્ય ઉગશે. બધાને પ્રેમ કરો, તમને બમણો પ્રેમ મળશે.

★ પોતાના ઉપર વિશ્વાસ રાખો. તમે ઘણું બધું કરી શકો છો. વર્તમાન ક્ષણને આનંદથી જીવો અને ભવિષ્યમાં આવનાર દુઃખથી બચો.

★ દરેક સવારે તમારી પાસે બે વિકલ્પ હોય છે : એક કે સૂઈ રહીને સપના જ જોતા રહો અથવા જાગીને સપનાને પૂરા કરો. પસંદ તમારી!!!

★ પોતાના ભોજનની આદત સુધારો. પોતાનું ભોજન દવાઓની જેમ જીવનભર ખાઓ. નહીં તો તમારે દવાઓ જીવનભર ભોજનની જેમ ખાવી પડશે.

★ સમુદ્રની લહેરો આપણને એટલે પ્રેરણા નથી આપતી કે તે પડે-ઉભી થાય છે, પરંતુ એટલે કે તે પડીને ઊભી થવાની કોશિશ કરે છે.

★ જીવન પિયાનોની જેમ છે. સફેદ બટન સુખરૂપ છે, કાળા બટન દુઃખરૂપ છે. બંને બટનને સાથે વગાડવાથી જ સુંદર સંગીત બને છે.

★ કોઈપણ વ્યક્તિની ખુશીનું 'કારણ' બનીએ, 'હિસ્સો' (ભાગ) નહીં. કોઈપણ વ્યક્તિના દુઃખનો હિસ્સો (ભાગ) બનીએ, 'કારણ' નહીં. તમારું જીવન સફળ થઈ જશે.

*– સ્વામી વિવેકાનંદ પરિવ્રાજક*

## સ્વામી વિવેકાનંદજીનો જીવન સંદેશ....

આપણે જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી નવું શીખતા રહેવું...

તા. ૧૨ જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદજીનો જન્મ થયો હતો. તેમના પિતા વિશ્વનાથ દત્ત અને માતા ભુનેશ્વરીદેવી હતા. બંગાળમાં આચાર્ય **ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર** પાસેથી તેમણે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. બાળપણનું તેમનું નામ નરેન્દ્ર હતું. તેમણે **રામકૃષ્ણ પરમહંસ** પાસેથી કેળવણી લીધી હતી અને જીવન તેમને સમર્પિત કર્યું હતું.

મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, અરવિંદ ઘોષ, રાધાકૃષ્ણન જેવા અન્ય રાષ્ટ્રીય નેતાઓ તથા વિચારકો પર તેમના તત્ત્વજ્ઞાનનો પ્રભાવ પડ્યો હતો.

સુભાષચંદ્ર બોઝના જણાવ્યા અનુસાર, 'વિવેકાનંદ આધુનિક ભારતના ઘડવૈયા છે.'

સ્વામી વિવેકાનંદજીની વિશ્વની મહાન વિભૂતિમાં ગણના થાય છે. **ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો...** નો પ્રેરણાદાયી અદ્‌ભુત સંદેશો તેમણે લોકોને આપ્યો છે.

સ્વામી વિવેકાનંદની યાદમાં તા. ૧૨મી જાન્યુઆરીએ તેમનો જન્મદિવસ હોવાથી ભારતમાં રાષ્ટ્રીય યુવક દિનની ઉજવણી કરવામાં આવે છે. આ સૌથી ઉત્તમ શ્રધ્ધાંજલિ કહી શકાય કારણકે સ્વામી વિવેકાનંદના મોટાભાગના લખાણો ભારતીય યુવાઓ વિશે હતા. તેમણે આપેલા જીવન સંદેશને વાંચીએ, વિચારીએ અને જીવનમાં ઉતારી આપણા જીવનને ઊર્ધ્વગામી બનાવીએ.

- દેશને બળવાન, પ્રાણવાન, શ્રદ્ધાવાન યુવાનોની જરૂર છે.
- ચિંતન કરો, ચિંતા નહીં અને હંમેશાં નવું વિચારો અને નવું કરો.
- જીવનને સાર્થક કરવું હોય તો સમયને સાચવો, સમયની કિંમત કરો અને આળસને દૂર કરો.
- જેવું તમે વિચારશો તેવા તમે બની જશો. પોતાને નિર્બળ સમજશો તો નિર્બળ બનશો અને સબળ સમજશો તો સબળ બનશો.
- જ્યારે આપણે કામ કરવા બેસીએ ત્યારે બીજું બધું ભૂલી જવું જોઈએ અને એકાગ્ર થઈને કાર્ય કરવું જોઈએ.
- કોઈપણ કાર્ય કરવામાં બુધ્ધિનું ન સાંભળતા, જેમ હૃદય કહે તેમ કરવું.
- જ્યાં સુધી આપણને પોતાની જાત ઉપર વિશ્વાસ નહીં હોય, ત્યાં સુધી કોઈ કાર્ય સિધ્ધ નહીં કરી શકાય.

## યાદગાર પ્રસંગોની વિગત મોકલાવવા વાચકવર્ગને આહ્‌વાન....

### 'મંગલ મંદિર'નું એક વધુ નૂતન આકર્ષણ

'મંગલ મંદિર'માં પ્રકાશિત થતા વિવિધ લેખ, કૃતિઓના તજજ્ઞ લેખકશ્રીઓ, કવિશ્રીઓ, રચયિતાઓના સથવારે 'મંગલમ ંદિર'ની ખુશ્બૂ સર્વત્ર ફેલાઈ છે. મુખપત્રને પ્રતિદિન નિખવાર માટે તંત્રીમંડળ દ્વારા સતત પ્રયાસો થતા રહ્યા છે. જેના પરિણામ સ્વરૂપ મનપસંદ મુખપૃષ્ઠ, દીપશીખા હેઠળ જીવન સંદેશ, યુવાવર્ગ માટે Youth Club, શૈક્ષણિક કારકિર્દીને લગતી તથા સાયન્સ - ટેકનોલોજીની વિગત, ગેમ્સ ગેલેરી, ફિલ્મી મનોરંજનષ મનોરમ્ય વિભાગમાં રસપ્રદ વિવિધતા, સામાન્ય જ્ઞાન અને છેલ્લે 'ગુલશન' વિભાગમાં 'દિલની જબાન' વગેરે આકર્ષણો તેમાં સામેલ કરવામાં આવ્યા છે. જેને બહોળા પ્રમાણમાં સારો પ્રતિસાદ પણ પ્રાપ્ત થયો છે.

'મંગલ મંદિર' હવે એક વધુ રસપ્રદ અને ઉપયોગી કોલમ તેમાં ઉમેરવા જઈ રહ્યું છે....

વાચકવર્ગના પોતાના, તેમના પરિવારમાં અથવા સગા-સંબંધી મિત્રવર્ગમાં બનેલા કોઈ યાદગાર / અવનવા બનાવો, પ્રસંગો કે જેના થકી આમ સમાજમાં કોઈ અગત્યનો મેસેજ કે પ્રતિભાવ પહોંચે તેવી વિગત અથવા તો સમાજમાં તેના થકી સારી પ્રક્રિયા થઈ હોય, રમૂજ કે નિર્દોષ આનંદ થયો હોય તેવા અંગત પારિવારીક, સામાજિક, સાહિત્ય ક્ષેત્રે, રમત-ગમત કે અન્ય ક્ષેત્રની વૈવિધ્યસભર યાદગીરી બની હોય અને તેના કારણે સમાજમાં કોઈ મહત્ત્વનો સંદેશ પ્રસર્યો હોય... અથવા તો વાચકવર્ગને તેનાથી અગત્યની જાણકારી મળે, સમાજમાં નવો મેસેજ ફેલાવે તેવી વિગત વધુમાં વધુ અંદાજે ૫૦૦ શબ્દોમાં પાનાની એક બાજુ સ્પષ્ટ રીતે લખીને પોતાના નામ, સરનામા, ટેલિફોન નંબર અને માહિતી લખનારની એક તસવીર સાથે 'મંગલ મંદિર' કાર્યાલયમાં મોકલાવવાથી તેને યોગ્ય સ્વરૂપે મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવશે. સમાજમાં અંધશ્રદ્ધા ફેલાવતા કોઈપણ પ્રકારના લખાણ સ્વીકૃત થશે નહીં.

***ઉપરોક્ત શ્રેણીનું સંપાદન તજજ્ઞ લેખકશ્રી બલવીરસિંહ જાડેજા દ્વારા કરવામાં આવશે.***

***– તંત્રીમંડળ, 'મંગલ મંદિર'***

## કોરોના વાયરસ સંક્રમણ સામે રક્ષણ મેળવવા રસીની વિગત....

કોરોના વાયરસ સંક્રમણ સામે રક્ષણ મેળવવા હાલે વિશ્વમાં કેટલાક પ્રકારની રસીઓએ આશાવાદ જગાવ્યો છે. જેની વિગત ટૂંકમાં જોઈએ.

- **ફાઈઝર :** અમેરિકી કંપની ફાઇઝર અને અન્ય કંપનીઓ દ્વારા મળીને બનાવાઈ છે. યુ.કે., બહેરિન, કેનેડા, અમેરિકા, મેક્સિકો વગેરે ડઝનેક દેશોએ તેને મંજૂરી આપી છે.
- **મોડેર્ના :** અમેરિકાની મોડેર્ના દ્વારા વિકસાવાયેલી આ રસી અમેરિકા અને કેનેડામાં વપરાશે.
- **સિનોવાક :** આ રસી ચીને વિકસાવી છે. હાલ ચીન સિવાય કોઈ દેશે મંજૂરી આપી નથી.
- **સિનોફાર્મા :** આ રસી પણ ચીનની જ છે, જેને ચીન સિવાય કોઈ વાપરતું નથી. ચીન દ્વારા સિનોફાર્મા નામે બીજી રસી વિકસાવાઈ રહી છે, જેનું વૈજ્ઞાનિક નામ બીબીઆઈબીપી-કોવ છે. આ રસી ચીન ઉપરાંત યુ.એ.ઈ. અને બહેરિને વાપરવાની શરૂઆત કરી છે.
- **સ્પુતનિક-ફાઈવ :** રશિયાએ આ રસીને થોડા સમય પહેલા મંજૂર કરી હતી, પંરતુ રશિયા બહાર કોઈ દેશે તેમાં વિશ્વાસ દાખવ્યો નથી. એ ઉપરાંત પણ રશિયામાં એપિવાકોરોના નામની રસીનો ઉપયોગ શરૂ થયો છે.
- **કોવિશિલ્ડ અને કોવાક્સીન :** ભારતમાં સિરમ ઇન્સ્ટિટ્યૂટ સાથે મળીને આ રસીનું ઉત્પાદન થઈ રહ્યું છે. ભારતમાં આ રસી કોવિશિલ્ડ નામે ઓળખાય છે. તે ઉપરાંત ભારત બાયોટેક દ્વારા બનેલી રસી કોવાક્સીન પણ રેસમાં છે. ફાઇઝરની રસી પણ ભારતમાં ટ્રાયલ કરી રહી છે.

### ૮.૧૫ અબજ ડોઝના ઓર્ડર અપાઈ ગયા

આખા જગતમાં અગ્રણી દેશો રસીના ડૉઝ માટે ઓર્ડર નોંધાવી રહ્યા છે. અત્યાર સુધીમાં (માસ ડિસેમ્બર ૨૦૨૦) વિવિધ રસીના, વિવિધ દેશો દ્વારા ૮.૧૫ અબજ ડૉઝના ઓર્ડર અપાયા છે. વિવિધ રસીના વિશ્વભરમાં ૯૦ એગ્રિમેન્ટ થયા છે. જો આ રસીને જગતની વસતી વચ્ચે સરખે ભાગે વહેંચવામાં આવે તો અડધી વસતીને ડૉઝ મળી શકે. જગતની વસતી તો સાડા સાત અબજ જેવી છે, પણ દરેક રસીના બે ડૉઝ આપવાના છે. **રસીના આ જંગી જથ્થાનું ઉત્પાદન અને વિતરણ થતાં સમય લાગશે. માટે અમુક દેશોને તો રસી માટે બે વર્ષ રાહ જોવી પડે એમ પણ બને.**

## મહામારી અને તેની રસીના સંદર્ભમાં....

★ કોવિડનો પ્રતિકાર કરવા માટે રસી વિકસાવવાની દિશામાં ભારતમાં જે કાંઈ કામગીરી થશે તેનો ઉપયોગ વિશ્વની પ્રજાના અને વ્યાપક માનવતાના હિતમાં જ કરવામાં આવશે.

★ ૨૦૧૫-૨૦૧૬માં વિકાસશીલ દેશોમાં દસમાંથી ચાર લોકો સોશિયલ નેટવર્કિંગ સાઇટનો ઉપયોગ કરતા હતા. જે હવે ૨૦૨૦માં વધીને ૧૦માંથી ૭ થયો છે.

★ આ એકવીસમી સદીના પગલા બારણામાં જ પરખાઈ ગયા હતા. આ ખૂબ તોફાની સદી છે. એ જેટલી ઉથલપાથલ કરે એટલી ઓછી છે. એ કશું આપવા નહીં, કશું લેવા આવી છે!

★ પ્રભુ! બસ, આ કળિયુગનો 'અંત' ક્યારે... ને સતયુગની શરૂઆત ક્યારે?

★ **વર્ચ્યુઅલ ડિપ્લોમસી** સોળે કળાએ ચાલુ છે. તે કેટલીક સળગતી સમસ્યાઓ પર ઠંડું પાણી રેડવામાં નિમિત્ત બનશે. ટેકનોલોજીની મદદથી ચૂંટણીઓ જીતી જતા નેતાઓ વિદેશી પ્રવાસનો ખર્ચ ઘટાડવામાં પણ તેની મદદ મેળવશે તો એ ૨૧મી સદીની ખરી ઉપલબ્ધિ ગણાશે.

★ વિશ્વના શક્તિશાળી સંગઠન જી-૨૦ દેશોના નેતાઓ જ વિદેશ પ્રવાસો પાછળ વર્ષે અંદાજે ૨૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરતા હોયતો નવાઈ નહીં! સરકારી ખર્ચ ઓછો બતાવવા માટે વિદેશ પ્રવાસને અલગ અલગ હિસ્સામાં વહેંચી નાખે છે. સુરક્ષાનો ખર્ચ અલગ દર્શાવાય છે. ફ્લાઇટ્સનો ખર્ચ જુદો દર્શાવાય છે. એકબીજાને અપાતી મોંઘી ગિફ્ટનો ખર્ચ વળી અલગ ખાતામાં નાંખી દેવાય છે. યજમાન દેશને પ્રમાણમાં વધુ ખર્ચ થાય છે. પરંતુ મહેમાન દેશને થતો ખર્ચ પણ કરોડોમાં હોય છે.

★ **રસી એ કોરોનાના ફેલાવાને રાતોરાત બંધ કરી દેનારી સ્વિચ નથી.** રસીનું આગમન કોરોના વિરુદ્ધ જંગનો અંત નહીં, બલકે આરંભ હશે. સાઇલન્ટ જંગ મહિના, વર્ષ અથવા તો દાયકાઓ સુધી ખેલાય એ સંભવ છે.

★ માનવજાત કાગડોળે જેની પ્રતીક્ષા કરે છે, એ કોવિડ વેક્સિનની ધમાધમમાં હજુ ઘણું... ભેંસ ભાગોળે ને છાશ છાગોળે જેવું છે! ■

*અંદરથી જાગો ત્યારે જ સાચી સવાર થાય છે,*
*બાકી તો રોજ રાત પછી એક સવાર થાય જ છે.*

## ૨૦૨૧માં સ્વાસ્થ્ય જાળવણી માટે 'WHO'નો દસ મુદ્દાનો કાર્યક્રમ

**૨૦૨૦ના વર્ષમાં સૌ કોઈને સમજાયું કે સ્વાસ્થ્યથી મોટી કોઈ સંપત્તિ નથી.** સ્વાસ્થ્યની જાળવણી માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (વિશ્વ આરોગ્ય સંસ્થા)એ આગામી વર્ષે ધ્યાનમાં લેવા જેવા દસ મુદ્દા રજૂ કર્યા છે. કોરોનાએ જોતજોતામાં વિશ્વની તમામ મહાસત્તાઓને ખોખલી સાબિત કરી દીધી અને વિકાસના નામે બૂમો પાડતા દેશોને વામણા સાબિત કરી દીધા. આ સ્થિતિમાંથી બહાર આવવા ૨૦૨૧માં આરોગ્ય ક્ષેત્રે વિવિધ દેશોની સરકારે અને સમગ્ર જગતે અપનાવવા જેવા દસ મુદ્દા નીચે મુજબ છે.

૧. અચાનક આવી શકતા રોગચાળા સામે દરેક દેશ પોતાની રીતે તૈયાર રહે. આપણે એકતાપૂર્વક કામ કરવું પડશે. કેમકે કોરોનાની ફેલાવાની શરૂઆત એક વ્યક્તિથી જ થઈ હતી.

૨. કોરોના ટેસ્ટની ઝડપ વધારવી, રસી તૈયાર થઈ રહી છે, એ સૌ નાગરિકો સુધી પહોંચે તેની વ્યવસ્થા કરવી અને રોગચાળો ફેલાતો અટકાવવા તેના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કરવો. કોરોનાની શરૂઆતમાં ભારત સહિત અનેક દેશો પાસે ટેસ્ટિંગની ક્ષમતા જ ન હતી.

૩. ઈમર્જન્સીને કેમ પહોંચી વળવું તેની તૈયારી કરવી. અમુક દેશો આરોગ્ય મુદ્દે પછાત સાબિત થયા કેમકે તેવા દેશો પાસે તો વેન્ટીલેટર અને ઑક્સિજન પણ ખૂટવા આવ્યા હતા.

૪. આરોગ્યની સેવામાં ભારે અસમાનતા છે, તે દૂર કરવી. કોરોનાએ એ પણ સાબિત કરી આપ્યું કે રોગચાળો ગમે ત્યારે ગમે તેનો ભોગ લઈ શકે છે અને **બીજાના સ્વાસ્થ્યમાં જ આપણું સ્વાસ્થ્ય સમાયેલું છે.**

૫. આરોગ્ય વિજ્ઞાનનું મહત્ત્વ સમજી તેની પાછળ ખર્ચ વધારવો અને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવો. વિજ્ઞાન સિવાય રોગચાળામાંથી બહાર આવવાનો કોઈ રસ્તો નથી.

૬. પોલિયો, મેલેરિયા, એચ.આઈ.વી., ટી.બી. જેવા રોગો કાબૂમાં રહે - નાબૂદ થાય તેના પ્રયાસો આ વખતે કોરોનાને કારણે અટક્યા છે, તે ફરીથી ચાલુ કરવા. અન્ય ચેપી રોગો પર ધ્યાન આપવું.

૭. ઘણા દેશોમાં પ્રાથમિક આરોગ્યની સુવિધાઓ વિકસી શકી નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન એ માટે કામ કરે છે. અન્ય દેશોએ પણ મદદ કરવી. વાઇરસ - બેક્ટેરિયાનો જડમૂળથી નાશ કરતા એન્ટિમાઇક્રોબાયલ પર વિશેષ સંશોધન કરવું.

૮. ચેપી નથી એવા રોગો જેમ કે ડાયાબિટીસ, હાર્ટને લગતા રોગ, કેન્સર, બ્લડ પ્રેશર વગેરેને કાબૂમાં રાખવા વિશેષ પ્રયાસ કરવા. કોરોનામાં વધારે મોત આવા બિનચેપી રોગ ધરાવતા દર્દીઓના થયા છે. માનસિક સ્વાસ્થ્ય પર પણ ધ્યાન આપવું.

૯. પર્યાવરણ અને પ્રકૃતિના જતન પર ધ્યાન આપવું. કેમકે કોરોના વાયરસ કે પછી અન્ય ઘાતક વાયરસો અંતે તો જંગલમાંથી જ બહાર નીકળ્યા છે. આરોગ્યપ્રદ ખોરાકને મહત્ત્વ આપવું.

૧૦. **રાષ્ટ્ર, સંસ્થા, જ્ઞાતિ-જાતિ વગેરે ભેદ પડતા મૂકીને સ્વસ્થ જગતની સ્થાપના માટે એક થઇ કામ કરવું.**

## રતન ટાટાની સાદગી : પૂર્વ કર્મચારીના ખબર-અંતર પૂછવા પુના પહોંચ્યા

૮૩ વર્ષના રતન ટાટા ભારતના સર્વોત્તમ ઉદ્યોગપતિ છે અને લોકોના દિલમાં રાજ કરે છે. રતન ટાટાએ પોતાની સાદગી - સજ્જનતાનો વધુ એક પુરાવો તાજેતરમાં આપ્યો હતો. પોતાના પૂર્વ કર્મચારીની તબિયત ખરાબ હોવાના સમાચાર મળતા રતન નવલ ટાટા મુંબઇથી પુના તેમની ખબર પૂછવા ગયા હતા.

ભારતના સૌથી મોટા ઔદ્યોગિક સામ્રાજ્યના સર્વેસર્વા હોવાને નાતે ટાટા કોઇને મળવા ન જાય અને પોતાને ત્યાં બોલાવે તો પણ ચાલે. પરંતુ દોઢસો વર્ષ પહેલા ભારતમાં ઔદ્યોગિકીકરણનો પાયો નાખનાર ટાટા પરિવારે હંમેશાં સાદગી અને સજ્જનતાના સંસ્કારો દર્શાવ્યા છે. અગાઉ ૨૦૦૮ના મુંબઈ હુમલા વખતે પણ ટાટામાં કામ કરતા કર્મચારીઓની મુલાકાત લઇ એ તમામ ૮૦ પરિવારના આજીવન નિર્વાહની જવાબદારી તેમણે ઉપાડી લીધી હતી.

**ઘણા ઉદ્યોગપતિ દાન-ધર્મ કરતા હોય પરંતુ તેનાથી વધુ પબ્લિસિટી કરતા હોય છે. ટાટા તેનાથી સદંતર દૂર રહ્યા છે.** માટે તેમની પુના મુલાકાતનો એક જ ફોટો મળી શક્યો હતો. એમાંય એ સામાન્ય એપાર્ટમેન્ટના પાર્કિંગ વિસ્તારમાં બે વ્યક્તિ સાથે વાતો કરતા નજરે પડે છે.

જોકે તે તસવીરમાં તાતા સાથે નજરે પડે છે એ તેમના પૂર્વ કર્મચારી નથી, સંભવતઃ કર્મચારીના પરિવારજનો છે. એ કર્મચારી સાથે તો ટાટાએ કોઈ તસવીર ખેંચાવી જ ન હતી.

એ કોમ્પ્લેક્સમાં રહેતા પુનાના યોગેશ દેસાઇએ ટાટાની આ મુલાકાત અંગે સોશિયલ મીડિયા પોસ્ટ લખી હતી. એ પછી સર્વત્ર રતન ટાટાના સંસ્કારની વાહવાહી થઈ હતી. ■

વિચાર મંચ

# પુસ્તકોનું મહત્ત્વ વધતું જ જશે



ડૉ. યાસીન દલાલ

માનવીય જીવનમાં ખાસ કરીને તેની ઘડતર પ્રક્રિયામાં પુસ્તકનું મૂલ્ય અને પ્રદાન કેટલું અગત્યનું છે તે આપણા રાજ્ય, દેશ કે સમગ્ર વિશ્વનાં સાહિત્યકારોના જીવન અને કવન પરથી સ્પષ્ટ સમજાય છે. આપણે સાહિત્યકારો અને સર્જકોના જીવન પર નજર કરીએ ત્યારે સમજાય કે તેઓના પ્રદાનમાં પુસ્તકોનું કેટલું મોટું યોગદાન છે. ઇંગ્લેન્ડની પ્રજાના લોહીમાં નવી ચેતના લાવનાર લેખક સેક્સપિયરની યાદમાં યુનેસ્કો તરફથી વિશ્વ પુસ્તક દિન ઉજવવાનો પ્રારંભ થયો. સેક્સપિયરની અમર રચનાઓમાં ઓથેલો, હેમલેટ અને મેકબેથ જેવા પ્રખ્યાત નાટકોનો સમાવેશ થાય છે.

હસ્તલિખિત ગ્રંથોમાં સૌથી પ્રાચીન ગ્રંથ તરીકે ઋગ્વેદની ગણના થાય છે. ત્યારબાદ યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, ઉપનિષદ અને સમગ્ર વેદકાળનું સાહિત્ય પણ વૈદિક સાહિત્ય તરીકે ઓળખાય છે. પરંતુ **પુસ્તકનો જન્મ તો ઇસવીસન પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલાં મેસોપોટેમિયાની સંસ્કૃતિમાં થયો.** ત્યારથી મુદ્રણ કલા વિકસતા વિકસતા છેક ૧૯૮૫ કોમ્પેક્ટ ડિસ્ક સીડી પર બુકનું સૌપ્રથમ અવતરણ થયું, જે પુસ્તકનાં પ્રાચીનથી અર્વાચીન અવતારની રોમાંચક ગાથા છે.

આપણે જાણીએ છીએ કે આપણાં ક્રાંતિકારીઓમાં ગાંધીજી કે જેમને એક પુસ્તક **'અનટુ ધી લાસ્ટ'** નામનાં પુસ્તકના અભ્યાસથી પોતાની જિંદગીનું સંપૂર્ણ પરિવર્તન આવ્યું હતું. આપણા બંધારણના રચયિતા ડૉ. બાબાસાહેબ આંબેડકરે પોતાની અડધી જિંદગી લાઇબ્રેરીમાં જ પસાર કરી. પુસ્તકો વાંચવાનો તેમને ગજબનો શોખ હતો.

અત્યારે મોબાઇલનો જમાનો છે. એની સાથે સાથે મોબાઈલની પરિભાષા પણ આવી ગઈ છે. ફેઇસ બુક, ટ્વિટર, બ્લોગ, જીબી, મેમરી, એમ.પી.-૩ ઉપરાંત મોબાઇલમાં ઓડિયો રેકોર્ડિંગ અને વીડિયો રેકોર્ડિંગ પણ થાય છે. એસ.એમ.એસ. અને એમ.એમ.એસ.થી પણ વાતચીત થઈ શકે છે. લોકો વાતવાતમાં એસ.એમ.એસ. મોકલાવતા થઈ ગયા છે. જુદી જુદી મોબાઈલ કંપનીઓ SMS માટે જુદી જુદી સ્કીમો આપે છે. કોઈ કંપની ૩૦ રૂ.માં મહિને ૩૦૦ SMS આપે છે, તો વળી કોઈ કંપની ૩૪ રૂપિયામાં ૩૪૦ SMS આપે છે. કેટલાક હરખઘેલા લોકોને આટલાથી પણ સંતોષ નથી થતો. એટલે દરરોજ મોબાઈલ હાથમાં રાખીને આંગળીથી SMS કરતા જ રહે છે. હવે SMS સાથે ઇન્ટરનેટનું જોડાણ પણ આવી ગયું છે.

પરિણામે લોકો હવે પત્ર લેખનની કળા ભૂલતા જાય છે. કોમ્યુનિકેશનની આખી તરાહ બદલાઈ ગઈ છે. ઘણા લોકોને એમ લાગે છે કે, પત્ર લેખનમાં જે ઉષ્મા અને લાગણી હતા તે મોબાઈલમાં નથી. મોબાઈલના ગેરલાભ પણ છે. એમાં તરત સામેની વ્યક્તિનો નંબર અને નામ પણ આવી જાય છે. પરિણામે લોકો અણગમતી વ્યક્તિના ફોન ઉપાડતા જ નથી. એ લોકો એટલું નથી વિચારતા કે ફોન કરનાર વ્યક્તિના બદલે સામેના છેડાની વ્યક્તિનું પણ કામ હોઈ શકે છે. મોબાઇલમાં સાયલન્ટ મોડ હોવા છતાં કેટલાક લોકો ફોનને સ્વીચ ઑફ કરી દે છે. એ લોકો વિચારતા નથી કે એમનું કોઈ સ્વજન માંદું પડ્યું હોય કે અવસાન પામ્યું હોય તો એના સમાચાર એમના સુધી કોણ પહોંચાડે?

એકવાર ટેલિફોન બહુ ઓછા ઘરમાં જોવા મળતા. જે ઘરમાં ટેલિફોન હોય, તે ઘર બહુ સમૃધ્ધ ગણાતું. બહારગામ ટેલિફોન કરવો હોય તો પોસ્ટ ઓફિસમાં જવું પડતું. કલાકો સુધી રાહ જોઇને બેઠા રહેવું પડતું. ટેલિફોન લાગે ત્યારે પણ બહુ મોટા અવાજે બોલવું પડતું. હવે ટેલિફોન પ્રમાણમાં ખૂબ સસ્તા અને વ્યાપક બની ગયા છે. પાનની રેંકડીઓ કે દૂધની કેબિનો ઉપર પણ મોબાઇલ ફોન જોવા મળે છે.

આ ટેલિફોન ક્રાંતિના સારા પરિણામ આવ્યા છે. તેમજ કેટલાક દુઃખદ પરિણામ આવ્યા છે. અગાઉ કહ્યું તેમ આજે પત્ર લેખનની ટેવ તદ્દન ઘટી ગઈ છે. એક જમાનો એવો હતો કે જ્યારે મહાપુરૂષોના પત્રોનો સંગ્રહ થતો અને પાછળથી એનું પુસ્તક પણ થતું. ગાંધી, નહેરૂ, જયપ્રકાશ નારાયણ જેવા નેતાઓ દરેક પત્રનો જવાબ લખતા. જેલમાંથી નહેરૂએ ઇંદિરા ગાંધીને લખેલા પત્રોનો એ સંગ્રહ આજે પ્રગટ થયો છે. આ બધા પત્રોનું આજે દસ્તાવેજી મૂલ્ય છે. એમાં કેટલાક પત્રોમાં તો ઇતિહાસની અવિસ્મરણીય સામગ્રી સચવાયેલી પડી છે. **વિશ્વના ઘણા મહાન નેતાઓના પત્રો લંડનની ઇન્ડિયન લાઇબ્રેરીમાં આજે પણ**

સચવાયેલા પડ્યા છે.

પત્રો લખવાની ટેવમાંથી પત્ર મૈત્રીનો શોખ એક જમાનામાં દુનિયાના બધા જ દેશોમાં ફેલાયેલો હતો. એમાંથી કેટલાક લોકોએ પ્રેમમાં પડીને લગ્ન પણ કર્યા છે. કેટલાક કિસ્સા એવા છે કે, બે મિત્રો દૂર દૂરના દેશોમાં રહેતા હોય, એમની વચ્ચે પત્ર મૈત્રી બંધાય. વર્ષો સુધી ચાલે પણ બેમાંથી કોઈ એકબીજાને કદી મળ્યા ન હોય. આવો એક કિસ્સો જાણવા જેવો છે. દિલ્હીમાં રહેતા રાજીવસેને એક વખત અમેરિકામાં રહેતા માર્ટિનને પત્ર લખ્યો. રાજીવને હોલીવુડની ફિલ્મોનો શોખ હતો. એ વીડિયો ઉપર એક સામાયિક બહાર પાડતો હતો. એમાં કેટલાક ફિલ્મોની માહિતી ખૂટતી હતી. જે મેળવવા માટે એણે માર્ટિનને પત્ર લખ્યો હતો. માર્ટિને પત્રનો જવાબ ન આપ્યો પણ એના એક સાથીદાર ડેરિકને જવાબ આપવા જણાવ્યું. ડેરિકે બહુ ઉષ્માભર્યો જવાબ આપ્યો. એટલું જ નહીં, પત્રના અંતે એમ પણ લખ્યું કે, તેમણે ફિલ્મો વિશે વધુ માહિતી જોઈતી હોય તો વિના સંકોચે જણાવશો. આમ બંને વચ્ચે પત્ર વ્યવહારનો એક સિલસિલો શરૂ થઇ ગયો.

પત્રોનો એક પ્રકાર પ્રેમપત્રોનો પણ છે. પ્રતિમા બેદીએ જાણીતા ધારાશાસ્ત્રી રજની પટેલને લખેલા પ્રેમપત્રોનું એક પુસ્તક પણ પ્રસિધ્ધ થયું છે. એ પ્રસિધ્ધ થયું ત્યારે પુસ્તકે જબરી સનસનાટી મચાવી દીધી હતી. પ્રતિમા બેદીએ એનો એકરાર કર્યો હતો અને કહ્યું હતું કે, એમના પત્રો એક સામાજિક સંબંધના પુરાવા જેવા હતા. પ્રતિમાએ એના પ્રેમપ્રકરણની સરખામણી મીરા-કૃષ્ણના સંબંધો સાથે કરી હતી. અને એવી દલીલ કરી હતી, કે સ્ત્રી માટે સૌથી વધુ પવિત્ર વસ્તુ એની પ્રતીક્ષા છે. પ્રતિમા એક ખ્યાતનામ નર્તકી હતી. એના કહેવા મુજબ એને આ પત્રો પ્રગટ થવાથી ભારે પીડા થઈ હતી.

કેટલાક મહાપુરુષો પણ એમણે લખેલા પ્રેમપત્રો બદલ ભારે વિવાદાસ્પદ બન્યા છે. નેતાજી સુભાષચંદ્ર બોઝ એમિલી નામની ઓસ્ટ્રિયાની યુવતીને ચાહતા હતા. એમણે એમિલીને કેટલાક યાદગાર પ્રેમપત્રો પણ લખ્યા હતા. સુભાષબાબુનું વિમાન અકસ્માતમાં અવસાન થયું. એ પછી એમિલીનું શું થયું એ જાણવાની એમના મિત્રોમાં ઉત્સુકતા હતી. સુભાષબાબુનાં મિત્ર નાથાલાલે એમિલીને મળવા ગયા ત્યારે એમને જાણવા મળ્યું કે, એમિલી એક ભારતીયને પરણી હતી. એટલું જ નહીં, પણ હિંદી સંસ્કૃતિ પણ અપનાવી હતી. ૧૯૯૧માં એમિલીનું ૮૫ વર્ષની ઉંમરે જર્મનીમાં અવસાન થયું. તેઓ મૃત્યુ સુધી નેતાજીની સ્મૃતિમાં જીવ્યા હતા.

સુભાષબાબુ અને એમિલી વચ્ચે નિયમિત પત્રોની આપ-લે થઈ હતી. ૧૯૩૪થી ૧૯૪૨ વચ્ચે લખાયેલા ૧૬૨ પત્રો પુસ્તકરૂપે પ્રસિધ્ધ પણ થયા હતા. આઝાદ હિંદ ફૌજના વડા સુભાષબાબુનું આ પત્રોમાં એક બિલકુલ જુદું જ વ્યક્તિત્વ જોવા મળે છે. અહીં સુભાષબાબુ કોઈ ફોજના વડા નહીં પણ એક અત્યંત ઉર્મિશીલ પ્રેમી તરીકે દેખાય છે. એમિલી માંદી પડી અને હોસ્પિટલમાં ઑપરેશન કરાવ્યું ત્યારે સુભાષબાબુએ અનેક પત્રો લખીને એની તબિયતની પૂછપરછ કરી હતી. એમિલીએ નાતાલ ઉપર એમને તસવીરોની એક કિતાબ ભેટ મોકલી હતી. એ બદલ એમણે એમિલીનો ખાસ આભાર માન્યો હતો. એમિલીને બીમારીમાંથી કઈ દવા લેવી એનું માર્ગદર્શન પણ એમણે આપ્યું હતું. એમણે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું ત્યારે એના સમાચાર આપતા એમણે લખ્યું હતું કે, ભારત એક વિશિષ્ટ દેશ છે. અહીં લોકો સત્તામાં હોય ત્યારે પૂજાતા નથી પણ સત્તા છોડી દે છે ત્યારે પૂજાય છે. મારૂં લાહોરમાં રાજીનામું આપ્યા પછી જે સ્વાગત થયું તે હું પ્રમુખપદે હતો એના કરતાં પણ વધુ જોરદાર હતું. સુભાષબાબુ આઝાદ હિંદ ફૌજના વડા તરીકે જેટલા ખડતલ હતા તેટલા જ અંગત જીવનમાં સંવેદનશીલ હતા. એકવાર તો એમણે લખ્યું હતું કે, 'આ ભવમાં નહીં તો આવતા ભવમાં આપણે મળીશું તો ખરા જ. હું ભલે તારાથી દૂર પડ્યો હોઉં છતાં તું તો મારા સાનિધ્યમાં જ છે. તું ચિરકાળ મારા અંતરમાં જ નિવાસ કરી રહી છે.'

**પત્રો હૃદયની અત્યંત નાજુક ઉર્મિઓ વ્યક્ત કરવાનું માધ્યમ છે.** ટપાલની શોધ નહોતી થઈ ત્યારે એક જમાનામાં કબૂતર જેવા પંખીની ડોકમાં ચિઠ્ઠી લખી તરતી મૂકી દેવાતી. આજે એના બદલે 'ઇન્ટરનેટ ચેટિંગ' થાય છે. પણ **ટેલિફોન કે ઇન્ટરનેટ પત્ર વ્યવહારનું સ્થાન કદી લઈ શકે નહીં.**

**પત્ર લેખન પણ એક કળા છે.** કેટલાક નેતાઓ અને સાહિત્યકારો ખૂબ લાંબા અને વિગતપૂર્ણ પત્રો લખતા હતા. આ પત્રો આજે એ જમાનાના ઐતિહાસિક દસ્તાવેજ જેવા બની ગયા છે. આજે જે કળા લગભગ અલિપ્ત થઈ રહી છે, એને એક જમાનામાં બહુ મોટું મહત્ત્વ આપવામાં આવતું. ટેલિફોનના વાયર નિર્જીવ હોય છે, પણ પત્રના શબ્દો લાગણી અને ભાવથી ભરપૂર હોય છે. ગમે તેટલી સંદેશાવ્યવહારની નવી ટેકનિક શોધાય તો પણ એ કદી પત્રનું સ્થાન લઈ શકશે નહીં. કેટલાક સાહિત્યકારોએ લખેલા પત્રો એમની બીજી સાહિત્ય કૃતિઓ જેટલા જ ચિરંજીવ અને અમર છે. સંશોધનમાં પણ આ પત્રો ઉપયોગી બની રહે છે.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

*સંબંધો સાચવવા હોય તો ક્યારેક માનવું પડે*
*અને ક્યારેક મનાવવાય પડે.*

વિચાર મંચ

# વહુ-દીકરાઓએ માવતર સાથે કેવી રીતે વર્તવું જોઈએ...?



દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ

હમણાં એક મિત્રની ખબર કાઢવા હોસ્પિટલ જવાનું બન્યું. ત્યાં એક ૮૦ વર્ષના બીમાર વૃદ્ધે આંખમાં ઝળઝળિયાં સાથે કહ્યું : "મારે બબ્બે દીકરા હોવા છતાં મારી સેવાચાકરી નોકર કરે છે. આઝાદીની લડાઈમાં અંગ્રેજોની બેસુમાર લાઠીઓ ખાધા પછી હું અડીખમ રહ્યો હતો. પરંતુ મારા ખુદના લોહીએ જે મૂઢ માર માર્યો છે તેની વેદનાથી હું ભાંગી પડ્યો છું. આ ઉંમરે સમજાય છે કે, એકાદ શ્રવણ જેવો દીકરો હોય તો ઘડપણની લાજ રહે... નહિતર આવા દીકરાઓ તો દસ હોય તોય બાપની લાશ રઝળી જાય...!"

કમનસીબે આ વૃદ્ધની વેદના આજે ઘરઘરની કહાણી બની ગઈ છે. હમણાં એક દીકરાએ મા-બાપ જોડે લડીને ઘરમાં અલગ ચૂલો માંડ્યો. એનાં લગ્ન થયાને આઠેક મહિના થયા હતા. બધાંએ બહુ સમજાવ્યાં, પણ દીકરો-વહુ અલગ થઈને જ જંપ્યાં. બંને ઘરડાં મા-બાપને વા, બ્લડપ્રેશર, સુગર, મોતિયો વગેરેની તકલીફ. પણ રડતા હૃદયે એમને વહુ-દીકરાની જીદ સામે ઝુકવું પડ્યું. આજે સ્થિતિ એવી છે કે કમરથી વળી ગયેલી વૃદ્ધ માતાએ ચૂલામાં ફૂંક મારવી પડે છે અને બાથરૂમ સુધી જવામાં મુશ્કેલી પડે એવા વૃદ્ધે ડગુમગુ ચાલીને શાકભાજી માટે બજાર સુધી આવવું પડે છે. આવું નિહાળ્યા પછી એવું લાગ્યા વિના રહેતું નથી કે સાચે જ – "દીકરા સમા કોઈ દેવ નહીં અને દીકરા સમા કોઈ દુશ્મન નહીં!" આ પણ ભારતીય સંસ્કૃતિની એક તાસીર છે. નવી પેઢી વૃદ્ધોને તરછોડે છે એ નિર્વિવાદ હકીકત છે. **ઘણીવાર એવુંય જોવા મળે છે કે, બે દીકરાઓ લડીને અલગ થઇ જાય અને ઘરવખરી ભેગી મા-બાપની ય વહેંચણી કરી લે.** એક દીકરો મુંબઈ રહેતો હોય, બીજો અમદાવાદ. ઘડપણમાં દીકરાઓને વાંકે સારસ બેલડી જેવા વૃદ્ધો એકમેક વિના ઝૂરી ઝૂરીને મરે! દીકરા-વહુને મૃત્યુપર્યંત માવતરના અસલી રોગની ખબરે ના પડી શકે. ઘરડી ઉંમરનો વિરહ કેન્સર કરતાંય વધુ ભયંકર હોય છે.

સોમાંથી સિત્તેર ઘરોમાં એવું થાય છે કે, ઘરમાં વહુ આવી નથી કે ચૂલા અલગ થયા નથી! ચૂલા અલગ ન થાય તોય મન તો અલગ થઈ જાય છે. એથી ઉત્તમ તો એ જ કે માવતરે દીકરા-વહુનો પ્રેમ પામવો હોય તો લગ્ન પછી તેમને અલગ ઘર વસાવી લેવાનો સામેથી આગ્રહ કરવો. આખા ગામને જાણ થાય એ રીતે લડી-વઢીને છૂટા થવા કરતાં વિદેશોની જેમ પ્રથમથી જ વહુ-દીકરાને અલગ સંસાર ફાળવી દેવો. દીકરો સજ્જન હશે તો અલગ રહ્યા પછીય માવતરની દેખભાળ રાખશે અને દુષ્ટ હશે તો જિંદગીભર સાથે રાખીનેય શાંતિથી બટકું રોટલો ખાવા નહીં દે!

**માવતરે પણ પરિણીત દીકરાના જીવનમાં પોતાનું સ્થાન અને માન જળવાઈ રહે તે રીતે જીવવાની કુનેહ કેળવી લેવી જોઈએ.** પહેલી નજરે ન સમજાય એવું સત્ય એ છે કે દીકરો પરણે પછી તેના પ્રારંભિક દાંપત્ય જીવનમાં તેને સ્વાભાવિકપણે મા-બાપના વાત્સલ્યપ્રેમ કરતાં પત્ની પાસેથી મળતાં શૃંગારિક પ્રેમની વિશેષ તલબ રહેતી હોય છે. આ કુદરતી અવસ્થા છે. નવા સિપાઈને પોતાની બંદૂક વધારે વહાલી લાગે છે! હું સમજદાર સાસુ તેને ગણું, જે રોટલી વણતી વહુના હાથમાંથી વેલણ લઈ તેને પ્રેમથી કહે – "જા બેટા, તું આખો દિવસ ઘરમાં કંટાળી હોઈશ. રસોઈ હું સંભાળી લઈશ... તું તારા પતિ જોડે બહાર ફરી આવ!" વહુ લલિતા પવાર જેવી હશે તોય તેને સાસુનું આવું વલણ ગમશે. લાંબે ગાળે એનાં સારાં પરિણામો આવી શકશે.

**દરેક વહુ પોતાની સાસુને રિવાજ મુજબ મમ્મી કહેતી હોય છે પણ માનતી નથી હોતી.** બલકે કેટલીક વહુઓને તો સાસુઓની એવી એલર્જી હોય છે કે ઘરમાંથી તેનો કાંટો કાઢીને જ જંપે છે. એક વાર એક વાર્તા વાંચી હતી. એક લડાકુ સ્ત્રી પોતાના પતિની ઉપરવટ જઈને સાસુને ઘરડાઘરમાં મૂકવા જાય છે. પણ ત્યાં એ જુએ છે કે પોતાની માતાને લઈને એની ભાભી પણ ત્યાં ભરતી કરાવવા આવી હોય છે. તે નિહાળી તેના હૈયે ચોટ પહોંચે છે. પોતાની ભૂલ સમજાય છે. એવી એક અન્ય વાર્તા ટીવી પર જોવા મળી હતી. પોતાની ઘરડી સાસુ પર જુલમ ગુજારતી એક માથાભારે વહુ રોજ એલ્યુમિનિયમની કાણી થાળીમાં સાસુને ખાવાનું આપતી હતી. વહુનો નાનો દીકરો રોજ એ જોતો. એક દિવસ દીકરાએ થાળી સંતાડી દીધી. વહુએ તે જોઈ પૂછ્યું – 'બેટા, થાળી કેમ સંતાડે છે?' દીકરો જવાબ આપે છે – 'મમ્મી, આ થાળી હું તારા માટે સાચવી રાખીશ. તું દાદી જેવી ઘરડી થશે ત્યારે હું પણ તને આ જ થાળીમાં ખાવાનું આપીશ!'

**સાચી વાત એ છે કે, આજે આપણે વડીલો સાથે**

**જે રીતે વર્તીશું તે રીતે આપણાં સંતાનો આવતીકાલે આપણી સાથે વર્તશે. અજાણપણે તેમને આપણા વર્તનમાંથી એવા સંસ્કાર પ્રાપ્ત થાય છે. એથી ઘડપણમાં શીતળ છાંયડો ઇચ્છતા હો તો આંગણે આસોપાલવ રોપવો રહ્યો. બાવળ રોપીશું તો કાંટા જ પ્રાપ્ત થશે.** આપણી ધર્મપ્રધાન સંસ્કૃતિમાં ભગવાનની લળીલળીને પૂજા કરાય છે. પણ જેમને સેવાની સાચી જરૂર છે એવા વૃદ્ધોની અવહેલના થાય છે. ઘરડા બાપને પાંચ વારનું પોતિયું ય ન પહેરાવી શકતો દીકરો કૃષ્ણની મૂર્તિને જરકસી જામા અને પીતાંબર પહેરાવે છે. બાપને જીવતા જીવત પાશેર ખમણ ન ખવડાવી શકતો દીકરો તેના મૃત્યુ પછી નાતને મણના લાડુ જમાડે છે. આ બધું ત્યજવા જેવું છે. માવતરને જીવતાં જીવત જે સુખો આપશો તે જ તેને મળશે. તેના મૃત્યુ બાદ ગાય-કાગડાને શ્રાદ્ધનો વાસ નાખવાનો કશો અર્થ નથી. સમજદાર દીકરાઓ માને છે કે મા-બાપના મર્યા બાદ જ્ઞાતિને લાડુ ને દૂધપાક જમાડવાને બદલે આખી જિંદગી મા-બાપને જ મિષ્ટાન્ન જમાડવામાં વધુ સમજદારી રહેલી છે!

લોકો બે-પાંચ હજાર રૂપિયાનું સાગ સીસમનું મંદિર ઘરમાં વસાવે છે અને તેમાં ચોવીસ કલાક ઇલેકટ્રિક દીવડો જલતો રહે એવી વ્યવસ્થા કરીને ખુશ થાય છે. પરંતુ ચોવીસ કલાક મા-બાપનો જીવ જલતો રહે તેવી રીતે જીવવાનું બંધ નથી કરતા. **જે ઘરમાં વડીલો રિબાતાં હોય તે ઘરનાં માણસોને મંદિરમાં પ્રવેશવાની સખત મનાઇ ફરમાવવી જોઈએ.** મારું ચાલે તો એવી વ્યવસ્થા કરું, જ્યાં મંદિરમાં પ્રવેશતાં પૂર્વે એવા માણસો પાસેથી તેમના વડીલોનું એન.ઓ.સી. (નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ) માંગવામાં આવે. એક દીકરાને હું ઓળખું છું. જે બીમાર બાપને કેપ્સ્યુલ ગળવા પાશેર દૂધ આપવામાં કંજૂસાઈ કરે છે. પણ શિવલિંગ પર રોજ શેર દૂધનો અભિષેક કરે છે. (દેશમાં કોણ જાણે કેટલાંય શિવલિંગો એ રીતે અપવિત્ર બનતાં હશે.)

**આથમતી અવસ્થામાં વૃદ્ધોને પૈસા કરતાંય સંતાનોના સ્નેહ અને હૂંફની વિશેષ આવશ્યક્તા રહેતી હોય છે.** એ વાત એંસીની ઉંમરે પહોંચ્યા બાદ, જાતે અનુભવ્યા પછી જ સ્વીકારીશું એવી જીદ ના પકડીએ! સુસંસ્કારોની જ્યોત આજે આપણા કુટુંબમાં જલાવીશું તો ભવિષ્યમાં આપણું ઘડપણ રળિયાત થશે. સીધો દેશી હિસાબ છે. આપણા સંતાનો આપણને એલ્યુમિનિયમની કાણી થાળીમાં ખાવાનું ન આપે એવું આપણે ઇચ્છતા હોઈએ તો આજે જ એ થાળી ફગાવી દઈએ. ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી....!

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૨૭ (ગુજરાત). મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

વિચાર મંચ

# વૈશ્વિકીકરણમાં પ્રાદેશિક ભાષાઓની આહુતિ



મુરજી ગડા

આજકાલ ભારતના બધા પ્રાંતોમાં વત્તેઓછે અંશે પ્રાદેશિક ભાષાઓને બચાવવાની - ટકાવવાની ચળવળ ચાલે છે. ઘણા લોકો પોતાના મત અને મુરાદ પ્રમાણે એમાં પોતાનું યોગદાન આપે છે. એના માટે વિવિધ કાર્યક્રમો યોજાય છે અને લેખ લખાય છે. ગુજરાતમાં આ ઝુંબેશ કદાચ વધુ પ્રમાણમાં છે. એ હેતુથી ભૂતકાળમાં વડોદરામાં એ માટેના આંતરરાષ્ટ્રીય સંમેલનો યોજાયા હતા.

આવી ચળવળમાં લોકોનો પોતાની માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને ગૌરવ છતો થાય છે. આ લાગણીની કદર કરીએ તોય વાસ્તવિકતાને અવગણી ન શકાય. ગમે તેટલી નિષ્ઠાથી નાની પ્રાદેશિક ભાષા બચાવવાના પ્રયત્નો કરવામાં આવે તોયે, લાંબાગાળે પ્રાદેશિક ભાષાઓનું ભાવિ ધૂંધળું દેખાય છે.

**લોકો કાંતો વૈશ્વિકીકરણ સમજતા નથી કે હજી એને સ્વીકારવા તૈયાર નથી.** વૈશ્વિકીકરણનું આ સુનામી એટલું જબરદસ્ત છે કે સો વરસ પછીની દુનિયા માની ન શકાય એટલી અલગ હશે.

ભૂતકાળમાં કુટુંબો સંયુક્ત હતાં અને દુનિયા વિભક્ત હતી. હવે કુટુંબો વિભક્ત થઇ રહ્યાં છે અને દુનિયા સંયુક્ત થઇ રહી છે. બીજા વિશ્વયુદ્ધના અંત સાથે વૈશ્વિકીકરણનું નવું મોજું શરૂ થયું છે અને છેલ્લા ત્રણ દાયકાથી એણે વેગ પકડ્યો છે. એનું એક પાસું એ છે કે લોકો પ્રવાસ, વ્યાપાર, શિક્ષણ, સ્થળાંતર, દેશાંતર જેવાં કારણોને લીધે વધુ ભાષાઓ શીખવા લાગ્યા છે. એના પહેલાં બહુ ઓછા લોકોને પોતાની માતૃભાષા ઉપરાંત બીજી કોઇ ભાષા આવડતી હતી. હવે બે કે તેથી વધુ ભાષાઓ જાણનાર લોકોની સંખ્યા ઘણી વધી છે અને હજી વધતી જશે. પરિણામે માતૃભાષા પરનું અવલંબન ઓછું થતું જાય છે. માણસ કામચલાઉ ધોરણે ઘણી ભાષાઓ જાણી સમજી શકે છે પણ પારંગત તો એક-બે માંજ થઇ શકે છે. એની પસંદગી જરૂરત પ્રમાણે વધુ પ્રચલિત અને સમૃદ્ધ ભાષા પ્રત્યે ઢળે છે.

કોઇપણ ભાષાનું મહત્ત્વ કે અગત્યતા તે કેટલા લોકોની માતૃભાષા છે, માત્ર એનાથી ન થઇ શકે. એ માટેના બીજા પણ કેટલાક માપદંડ છે. એ ભાષાના મૂળ પ્રદેશની બહાર એનો ફેલાવો કેટલો છે, જેમની એ માતૃભાષા ન હોય એવા કેટલા લોકો એ ભાષા સારી રીતે સમજી, બોલી, વાંચી શકે છે, એમાં કેટલા દૈનિક, સામયિક, પુસ્તકો બહાર પડે છે, એમાં કેટલી ફિલ્મો બને છે અને જોવાય છે વગેરે બાબતો એ ભાષાની “પહોંચ” બતાવે છે. પહોંચને લીધે પ્રભાવ વધે છે.

ચીનમાં વપરાતી અને બહાર ચીની કહેવાતી મેન્ડરીન ભાષા દુનિયામાં સૌથી વધુ લોકોની માતૃભાષા છે એ વાત ખરી પણ ચીનની બહાર કેટલા લોકો એ જાણે છે કે જાણવા ઇચ્છે છે? માતૃભાષાને ધોરણે સ્પેનીશનો બીજો, અંગ્રેજીનો ત્રીજો અને હિંદીનો ચોથો નંબર આવે છે. હિંદીની હાલત પણ ચીની જેવી છે. આ બન્ને ભાષાઓની પહોંચ ઓછી હોવાથી એમનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ ઓછો છે.

અંગ્રેજીની પહોંચ અને પ્રભાવના બે દાખલા જોઇએ. જ્યારે ભારત અને ચીન વચ્ચે કોઇ વેપારી કે રાજદ્વારી કરાર થાય છે ત્યારે એ હિન્દી કે ચીનીમાં નહીં પણ અંગ્રેજીમાં થાય છે. એ જ પ્રમાણે ખાડી દેશો હોય કે જાપાન - કોરિયા હોય, એમની સાથેનો આપણો વ્યવહાર અંગ્રેજીમાં જ થાય છે. આ બધું આપણે સ્વેચ્છાએ કરીએ છીએ. માત્ર આપણેજ નહીં, દુનિયાના બહુમતી દેશ એકબીજા સાથેનો વ્યવહાર અંગ્રેજીમાં કરે છે. આનું કારણ દેખીતું છે. મોટાભાગના દેશોમાં અંગ્રેજી જાણનાર વર્ગ જેટલી સહેલાઇથી મળી રહે છે એટલી સહેલાઇથી બીજી કોઇ ભાષા જાણનાર નહીં મળે.

અંગ્રેજીની પહોંચ અને પ્રભાવનો બીજો દાખલો છે એમાં પ્રકાશિત થતા છાપા, સામયિક, પુસ્તકો અને ફિલ્મોની સંખ્યા અને ગુણવત્તાનો. બીજી કોઇ ભાષા એની નજીક પણ નથી આવી શકતી. **અંગ્રેજીનો પ્રભાવ સ્વીકારવામાં ઘેલછા છે કે એનો આંધળો વિરોધ કરનારમાં ઇર્ષા છે તે અલગ ચર્ચાનો વિષય છે.**

સત્તરમી અને અઢારમી સદીમાં, જ્યારે ભારત દુનિયાનું સૌથી સમૃદ્ધ અને શક્યતઃ શક્તિશાળી રાષ્ટ્ર હતું ત્યારે, જો બધે છવાઇ ગયું હોત તો આજે અંગ્રેજીને બદલે હિન્દી-ઉર્દુની બોલબાલા હોત. **આપણે મંદિરો અને મહેલો બાંધવામાંથી ઊંચા નહીં આવ્યા.**

ભૂતકાળ અને વર્તમાનની વાત છોડીને ભવિષ્યની શક્યતાઓ તપાસીએ. આજે દુનિયામાં જે ૬૦૦૦-૭૦૦૦ “જીવંત” ભાષા-બોલીઓ છે તેમાંથી મોટાભાગની મુખ્ય

પ્રવાહથી દૂર રહેતી આદિવાસી પ્રજાની બોલીઓ છે. જેમાં લખાણ થતું હોય એવી ગણનાપાત્ર ભાષાઓ તો સેંકડોમાં છે, હજારોમાં નથી. એક લાખથી વધુ લોકો વાપરતા હોય એવી ભાષાઓ ૪૦૦થી પણ ઓછી છે. **એક કરોડથી વધુ લોકોની હોય એવી ભાષાઓ માત્ર ૬૫ જેટલી છે, જેમાંથી ૧૮ જેટલી માત્ર ભારતમાં જ છે.**

આદિવાસીઓ હવે ઝડપથી મુખ્ય પ્રવાહમાં ભળવા લાગ્યા છે. આધુનિક સગવડોનું આકર્ષણ બધાને સરખું છે. ઘણાને પોતાની પરંપરાનું વળગણ હવે એટલું રહ્યું નથી. ઝડપી શહેરીકરણ અને શહેરમાં રહેલી કમાણીની તકો એમાં અગત્યનો ભાગ ભજવે છે. જે જાતિઓ મુખ્ય પ્રવાહમાં જલદી ભળશે તેઓ નવી ભાષા અપનાવશે અને એમની બોલી જલદી લુપ્ત થશે. પછી વારો આવશે મુખ્ય પ્રવાહમાં ભળેલ હોવા છતાં જેમાં ખાસ લખાતું ન હોય એવી ભાષા-બોલીઓનો. ગુજરાતની **કચ્છી બોલી** એમાંની એક છે એની વાત કરીએ.

જેમણે ધંધાર્થે કચ્છ છોડ્યું એમણે નવા પ્રદેશની ભાષા શીખી, અપનાવી અને રોજિંદા વ્યવહારની મુખ્ય ભાષા બનાવી. એમના માટે કચ્છી, અંગત સંબંધો વચ્ચે વપરાતી બીજી ભાષા બની ગઈ. ભૂકંપ પછી કચ્છ બહારના લોકો મોટા પ્રમાણમાં કચ્છમાં રહેવા આવ્યા. તેઓ ગુજરાતી કે હિન્દીમાં વ્યવહાર કરે એટલે સ્થાનિક લોકોને પણ ગુજરાતી વાપરવી પડે. આમાંથી ક્યારેક મિશ્ર ભાષા ઉભરી આવે છે. આ કુદરતી ક્રમ છે. **એક ભાષાનું સંકોચન બીજી ભાષાનો ફેલાવો બને છે.**

દરેક કચ્છીનું શિક્ષણ અન્ય કોઇ ભાષામાં થાય છે. શિક્ષણની ભાષા એમની મુખ્ય ભાષા બની જાય એ સ્વાભાવિક છે. માતૃભાષા અને મુખ્યભાષા એક ન હોય એવું હવે સામાન્ય બની ગયું છે. પરિણામે માતૃભાષાનું મહત્ત્વ ઓછું થાય છે. **શિક્ષણ અને ઔદ્યોગિકીકરણને લીધે કચ્છની કાયાપલટ થઇ રહી છે.** એ રીતે કચ્છી ભાષાની / બોલીની પણ કાયાપલટ થઈ એ ધીરે ધીરે ગુજરાતીમાં ભળી જશે. સવાલ માત્ર સમયનો છે.

ભાષાની લુપ્તિ એટલે લુપ્ત થનાર ભાષા વાપરનારાઓનું બીજી મોટી અને સમૃદ્ધ ભાષામાં ભળી જવું. નાનું ઝરણું પોતાનું પાણી નદીમાં ઠાલવીને સુકાઈ જાય એના જેવી જ વાત છે. આમાં ગુમાવવાની સાથે મેળવવાનું પણ છે. કચ્છી માણસ ગુજરાતી અપનાવે એટલે વીસ લાખના બદલે છ કરોડ લોકો સાથે સંવાદ કરી શકે, શિક્ષણ શક્ય બને. ગુજરાતી સાહિત્યનો વિશાળ ખજાનો એના માટે ખૂલે. એ જ રીતે ગુજરાતી માણસ હિંદી શીખે એટલે ૬-૭ કરોડને બદલે ૫૦-૬૦ કરોડ લોકો સાથે સંવાદ કરી શકે, વગેરે.

ભાષાનો વિલોપ વાર્ષિક ધોરણે નહીં પણ પેઢી દર પેઢીના ધોરણે થાય છે. વળી એ તબક્કાવાર થાય છે. પહેલાં એ મુખ્ય ભાષા મટી બીજી ભાષા બને છે. પછી એ માત્ર અંગત સંબંધો વચ્ચે વપરાય છે. અંતે બોલી નામશેષ થાય છે. જોકે નવી ટેકનોલોજીને લીધે હવે બોલીને સી.ડી. પર અંકિત કરીને સાચવી શકાય છે પણ વ્યવહારમાં બચાવવું અઘરું છે. જે ભાષામાં લખાયું છે તે ભાષાઓ લખાણો દ્વારા સચવાય છે. પ્રાચીન ભારતની પાલી અને અર્ધમાગધી આના દાખલા છે. એ પણ બચાવી નથી શકાઈ, માત્ર લખાણો દ્વારા સચવાઈ છે.

દુનિયા ઘણી ઝડપથી બદલાઈ રહી છે. ૩૦૦-૪૦૦ પ્રસ્થાપિત ભાષાઓ પર રાજકીય પ્રવાહોની અસર વધારે હશે. ધીરે-ધીરે આ સંખ્યા પણ નાની થતી જશે. બાકી રહેનારમાંથી મુખ્યત્વે જે તે દેશની રાષ્ટ્રભાષા હશે. કારણ કે રાષ્ટ્રભાષાઓને એમની સરકારનું પીઠબળ હોય છે. એ રાષ્ટ્રનું ગૌરવ મનાય છે. એ ધોરણે પ્રમાણમાં નાની એવી શ્રીલંકાની સિંહાલી કે નેપાળની નેપાળી ભાષાનું આયુષ્ય ગુજરાતી કરતાં લાંબુ હોઈ શકે છે, જો આ રાષ્ટ્રો ત્યાં સુધી સ્વતંત્ર રહે તો! **(અંગ્રેજી વાપરતો સૌથી મોટો દેશ અમેરિકા, એવો દેશ છે જેની સત્તાવાર કોઇ રાષ્ટ્રભાષા નથી!)**

નાની પ્રાદેશિક ભાષાઓ લુપ્ત થવા સાથે બાકી રહેનાર ભાષાઓ વધુ મોટી અને સમૃદ્ધ થશે. એમાં સમાનાર નાની ભાષાના કેટલાક શબ્દપ્રયોગો, સાહિત્ય વગેરે પોતાની મેળે ઓતપ્રોત થશે. વૈશ્વિકીકરણની નાની આવૃત્તિ જેવું હિંદીનું રાષ્ટ્રીયકરણ ભારતમાં થઈ રહ્યું છે. દેશમાં હિંદી ફેલાવવાનો સરકારનો ૫૦ અને ૬૦ના દાયકાનો પ્રયાસ ખાસ સફળ ન થયો. એ કામ આજે બોલીવુડ, ટેલીવુડ અને શહેરીકરણ કરી રહ્યું છે. હિંદી અંગ્રેજી મિશ્રિત ‘‘હિંગલીશ’’ મહાનગરોમાં વિકસવા લાગી છે.

વૈશ્વિકીકરણનું એક હકારાત્મક પાસું છે લોકોનું એકીકરણ. આ સારી વાત છે. સંસ્કૃતિ, ધર્મ, ભાષા, જાતિ વગેરેના ભેદભાવ તો મોટાભાગના ઝગડાઓના મૂળમાં હોય છે. આ ભેદભાવ જેટલા ઓછા થાય એટલા ઝગડાના કારણ ઘટે. આનો મતલબ એમ નથી કે ભાષાઓ લુપ્ત થવાથી ઝગડા મટી જશે. એકીકરણને લીધે લોકો વચ્ચેની ગેરસમજો ઓછી થાય. વાડાબંધીના નામે ઉશ્કેરનારને સાથ આપનાર ઓછા મળે.

**ભાષાનું ગૌરવ અને ભાષાના ઝનૂન વચ્ચે પાતળી ભેદરેખા છે.** મુંબઈમાં દેખાતું મરાઠીનું ‘‘મહત્ત્વીકરણ’’ આ ભેદરેખા ઓળંગતું હોય એમ લાગે છે. ગૌરવ ક્યાં પૂરું થાય અને ઝનૂન ક્યાં શરૂ થાય એ કોણ નક્કી કરે? કોઇ કરે તોયે ઝનૂનીઓને કોણ રોકી શકે?

મૂળ વાત ભાષાને બચાવવાની છે. એ કેટલી વાજબી છે, કેટલી જરૂરી છે અને કેટલી શક્ય છે એ વિષે કોઈની વાતોમાં આવ્યા વગર દરેકે શાંતિથી વિચારવાનું છે. બહારનું કોઈ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૦ ઉપર)

ગુલશન


# "દિલની જબાન"

## સંવેદનશીલ કવિ રમેશ પટેલ : મણકો-૩



ચંદ્રકાંત પટેલ 'સરલ'

આકાશવાણી અમદાવાદ અને વડોદરાના માન્ય કવિ - ગઝલકાર શ્રી રમેશ પટેલને ઐતિહાસિક - સામાજિક વિષયો પર લખનાર આચાર્ય બાલુભાઈ સોલંકીએ **'ટોળાંથી જુદું એક પંખી'** જેવી ઉપમા આપી છે કારણકે સાહિત્ય જગતમાં આ કવિ સિવાય અન્ય કોઈ સર્જકે તમામે-તમામ વિષયોને આવરી લેતાં પુસ્તકો નથી લખ્યા. રમેશ પટેલે તમામ વિષયોનું ખેડાણ કર્યું છે. જેમાં કવિતા, ગઝલ, ચિત્રકલા, સંગીત, નવલિકા, લઘુકથા, ધર્મ, નિબંધ, વિવેચન, વિજ્ઞાન, શિક્ષણ, બાલસાહિત્ય, ગણિત, સામાજિક - ઐતિહાસિક વિષયો અને એવા બીજા વિષયો આવરી લેતાં **લગભગ ૧૦૧ જેટલાં પુસ્તકો તેમણે સમાજને ચરણે ધર્યાં છે.** આ બહુ મોટી સિદ્ધિ કહેવાય.



**કવિ રમેશ પટેલ**
**મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫**

ઓછું બોલનારા, પણ વધારે લખનારા આ કવિ બહોળું વ્યક્તિત્વ ધરાવે છે. ઋજુ સ્વભાવના, નિરભિમાની અને મિલનસાર તથા આડંબર વગરનું, દંભ વગરનું વ્યક્તિત્વ ધરાવનાર કવિ રમેશ પટેલ સંવેદનશીલ સર્જક છે.

૨૧ નવેમ્બર, ૧૯૪૬માં સુરતના અડાજણમાં જન્મેલા આ કવિનો B.Sc., B.Ed., M.Ed. સુધીનો અભ્યાસ છે. તેઓ પ્રથમ સુરતની ન.મો. ઝવેરી હાઈસ્કૂલમાં વિજ્ઞાન શિક્ષક તરીકે જોડાયા ને નિરીક્ષક પણ બન્યા.

સને ૧૯૭૯-૮૦માં તેમનું પ્રથમ લઘુકાવ્ય પ્રતિષ્ઠિત ગણાતાં સામયિક 'કવિતા'માં પ્રકાશિત થયું અને તે કવિ માટે પ્રોત્સાહનરૂપ બની સાહિત્ય તરફની દિશામાં કવિને ખેંચતું ગયું. પછી કવિની કલમ ક્યારેય થંભી નથી.

અત્યાર સુધીમાં તેમને અનેક ઍવોર્ડ મળ્યા છે. સૌપ્રથમ ૧૯૯૭માં **"ભારત ગૌરવ એવોર્ડ"** મળ્યો. ત્યાર પછી મંત્રી આનંદીબહેન પટેલના હસ્તે સને ૧૯૯૮માં **ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ**, સને ૨૦૦૦ની સાલમાં તેમને બે ઍવોર્ડ એનાયત થયા. જેમાં તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના હસ્તે ભારત સરકારનો **શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ** તથા પાણીપત ખાતે કવિના બે હિંદી કાવ્ય સંગ્રહોને **ડો. લક્ષ્મીનારાયણ દુબે એવોર્ડ** તથા સને ૨૦૦૧માં સુરત ખાતે **ડો. દીનાબહેન ઘડિયાળી એવોર્ડ** આ કવિના ખાતામાં જમા થયો છે.

રમેશ પટેલનાં ઘણાં પુસ્તકોએ પણ ઍવોર્ડ મેળવ્યાં છે. ગુજરાતના ખમીરવંતા, માતબર કવિ ઉમાશંકર જોશી, કવિ જયંત પાઠક, ડૉ. ચંદ્રકાંત ટોપીવાળા, કવિ-વિવેચક-લેખક રમણ પાઠક અને એવા બીજા સર્જકોના હસ્તે આ સર્જકને ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ સિવાય કલાગુર્જરી, પ્રેમાનંદ સાહિત્યસભા, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પણ તેમનાં પુસ્તકો પુરસ્કૃત થયા છે.

રમેશ પટેલે કાશ્મીર સિવાય ભારતદર્શન કર્યું છે. વિદેશોના પ્રવાસો પણ કર્યા છે. બે વાર અમેરિકા તથા કેનેડાની પણ મુલાકાત લઈ ત્યાંની સંસ્કૃતિનો અભ્યાસ કર્યો છે.

સુરતના કવિ નર્મદ અને સુરતના કવિ-લેખક રમેશ પટેલ. આ બંનેમાં નર્મદના જોમ, જુસ્સો હતા, જ્યારે રમેશ પટેલમાં ભારોભાર નમ્રતા અને ધીરજ ભર્યા છે. તેમના વિચારો 'રેશનાલિઝમ'ના છે. **તેઓ અંધશ્રદ્ધાને પોષણ મળે તેવું લખતાં નથી.** બાધા, માનતા, આખડી વગેરેમાં વિશ્વાસ ધરાવતા નથી.

અંધશ્રદ્ધાને દૂર કરવા અને તેનાથી અળગા રહેવા રમેશભાઇ વિવિધ શાળાઓમાં જઇ બાળકો સમક્ષ વૈજ્ઞાનિક પ્રયોગો પ્રદર્શિત કરી ખરી વસ્તુનું દર્શન કરાવી રહ્યા છે. આને જ દેશનો સાચો સેવક, દેશ સમર્પિત વ્યક્તિ કહેવાય!

સને ૧૯૮૦ના ગાળામાં આ કવિએ ગઝલ લખવા તરફ પ્રયાણ કર્યું. કરશનદાસ લુહાર 'નિરંકુશ' અને કવિ-ગઝલકાર બકુલેશ દેસાઇના માર્ગદર્શન હેઠળ છંદશાસ્ત્રનું જ્ઞાન મેળવી ગુજરાતી ગઝલને સિદ્ધહસ્ત કરી તેમાં પ્રાણ પૂર્યા છે. તેમણે સર્વપ્રથમ લખેલી ગઝલ જોઈએ :

*વૃક્ષને જો ફૂલનો વૈભવ મળે,*
*જિંદગીને એક નૂતન રવ મળે.*

આપણા જાજરમાન અને ગઝલ વિષયના પ્રખર પંડિત ગણાતા **ડૉ. રશીદ મીર સાહેબ** લખે છે કે, ગઝલ એ કવિ રમેશ પટેલના લોહીનો લય અને તેમનો શ્વાસોચ્છવાસ છે. તો ગઝલકાર **ડૉ. એસ. એસ. રાહી**એ પણ રમેશ પટેલના સર્જનને વખાણ્યું છે. તેઓ લખે છે – ''રમેશ પટેલની આધુનિકતા તરફ ગતિ કરતી ગઝલોમાં પ્રકૃતિની સાથે વિવિધ ઋતુઓના રંગનું - પ્રભાવનું બેસુમાર આલેખન થયું છે; અને શેઅરનું સૌંદર્ય નિખાર પામે તેવી કોશિશ દેખાઈ રહી છે. આઠમા-નવમા દાયકામાં ગઝલોમાં ષષ્ઠી વિભક્તિનો જે કેફ ચઢ્યો હતો તેના અંશો આ કવિની કેટલીક ગઝલોમાં દૃષ્ટિગોચર થતાં જોઈ શકાય છે.''

રમેશ પટેલ જે કંઈ લખે છે તે સર્વોત્કૃષ્ટ અને સર્વકાલીન લખે છે અને તે ભાવકનાં હૃદયને ભીંજવી રહ્યું છે.

તેમની ગઝલના નીચેના બે શે'ર વાંચતા આપણી નજર સમક્ષ મહાભારત યુદ્ધના સમયનું એક ચિત્ર ખડું થઈ જાય છે. શ્રીકૃષ્ણ અને અર્જુનની છબી ઉપસી આવે છે :

*પર્ણની ભીનાશ પાછળ હું જ છું,*
*પર્ણની લીલાશ પાછળ હું જ છું.*
*ફૂટવું, ખરવું એ શ્વાસોચ્છવાસ મુજ,*
*પર્ણની પીળાશ પાછળ હું જ છું.*

મહાભારત યુદ્ધ સમયે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ગીતાનું જ્ઞાન સમજાવતાં કહે છે – 'હે કુંતીપુત્ર! હું જળમાં રસ છું, ચંદ્ર તેમજ સૂર્યમાં પ્રકાશ છું. પુણ્યો ગન્ધ પૃથિવ્યાં ચ તેજશ્ચાસ્મિ વિભાવસો! હું પૃથ્વીમાં પવિત્ર ગંધ છું ને અગ્નિમાં તેજ છું. બધા વેદોમાં ૐકાર છું. આકાશમાં શબ્દ અને પુરુષોમાં પુરુષત્ત્વ છું.

રમેશ પટેલની ગઝલ - કવિતાઓ રસાત્મક વાણીનો પ્રવાહ છે. અને એ જ ગઝલનું સાચું બંધારણ છે. **ગઝલ એ આત્માની કલા છે. બધાથી કંઈ ગઝલનું સર્જન થઈ શકતું નથી.** ચિત્તમાં બધી જ શક્તિઓ એકાકાર થઇ ભાવનું અખંડ વ્યક્તિત્વ જન્માવે ત્યારે જ ગઝલ રચાતી હોય છે. એટલે જ કવિતાને માનવવાણીનું ઉત્તમોત્તમ સ્વરૂપ કહેવાયું છે.

મમ્મટ કહે છે – તદદોષૌ શબ્દાર્થૌ સગુણાવનલંકૃતિ પુનઃ કકાપિઃ ।। અર્થાત્ મોટા દોષ વિનાનું, ગુણયુક્ત અને કવચિત સ્પષ્ટ અલંકારરહિત શબ્દ અને અર્થ તે કાવ્ય. મમ્મટનું કાવ્યલક્ષણ અગ્નિપુરાણના લક્ષણને મળતું આવે છે.

આ કવિની ગઝલોમાં - કાવ્યોમાં ક્યાંય શબ્દનું ખંડન નથી દેખાતું. અખંડ દર્શન થાય છે. વળી તામીરનું સૌંદર્ય પણ શયદાની ગઝલની જેમ ઝળકતું દેખાય છે.

રમેશ પટેલે એક ગઝલમાં તળભાષાના શબ્દો દ્વારા 'રેતકણ'ને પ્રતીક બનાવી સ-રસ વાત કરી છે :

*પાંસળી ને ફેફસાંઓ ફાટફાટ,*
*ઝાંઝવા પી હણહણે છે રેતકણ.*
*થોરિયાનો છાંયડો ઓઢી ક્ષણેક,*
*સ્વપ્ન હરિયાળું વણે છે રેતકણ.*

રેતકણને ઝાંઝવાં પીવડાવી તેની પાંસળીઓ અને ફેફસાંને હાવળ દેતાં કરી મૂકનારનું ભાષાકર્મ દાદને પાત્ર છે. **અહીં તળભાષાનો શબ્દ 'ફાટફાટ' વાપરી ગઝલને ઊંચાઈ બક્ષી છે.** રણ માથે ઝાંઝવાં પથરાયેલાં જ પડ્યા હોય છે. તો પછી તેને રેતકણ કેમ ન પીએ? પણ અહીં વધારે પડતાં ઝાંઝવા પી જવાથી 'રેતકણ' મગજ ઉપરનું સંતુલન ગુમાવી બકવાસ કરતા બતાવાયા છે.

બીજા શે'રમાં થોરનો છાંયો ઓઢી લીલા સ્વપ્ન વણતાં રેતકણોનું ચિત્ર ઉપસાવ્યું છે. થોરનો છાંયો તબકતબક જેવો જ હોય છે. તેની નીચે બેસવાથી શાતા ન વળે. કવિએ અહીં અદ્‌ભુત કલ્પના કરી છે.

ગઝલના શે'રની ખૂબી મહાસિન છે અને રમેશ પટેલની ગઝલોમાં તે અભિવ્યક્ત, આવિર્ભાવ પામતું જોઈ શકાય છે. સંકેતોનું સંયોજન તાર્કિક દૃષ્ટિએ જ નહીં સમગ્ર રીતે સંકેતોભાવને દૃશ્યજ્ઞાન સુધી લઈ જાય છે.

વિચારપ્રધાન, ભાવપ્રધાન અને કાવ્યસભર ગઝલ કે કવિતા જ ભાવકને પોતાના તરફ ખેંચતી હોય છે. **આ કવિની ભાષા દિલની ભાષા છે.** દિલના ઝંકૃત તારની ઝણઝણાટી બોલતી સંભળાય છે. આ કવિનો વધારે એક શે'ર માણીએ :

*કેમ ફાવી ગઈ છે એકલતા મને,*
*એક ટોળું મારામાં રહેતું હશે.*

આજે માણસ ટોળાંભૂખ્યો બની ગયો છે. ટોળાં વિના તેને એકલું ગમતું નથી. અહીં કવિ પણ ટોળાંની જ વાત કરે છે. કવિ પાસે માનવનું તો કોઈ ટોળું નથી, નરી એકલતા જ છે! અને તે એકલતા કવિને એટલા માટે ફાવી ગઈ છે કે તેની ભીતર પણ આશા, અરમાન, તૃષ્ણા, કામ, મોહ, જ્ઞાન, અજ્ઞાન, નિરાશા અને એવા બીજા ટોળાં વસે છે. અહીં સાંકેતિક ભાવો વ્યક્ત કરાયા છે અને ગઝલની એ જ સાચી રીત છે. **ગઝલમાં ક્યારેય ખુલ્લો ઉપદેશ કે ભાવ વ્યક્ત કરાતો નથી. જે કંઈ કહેવાનું થાય તે વ્યંગ્યાર્થ, સાંકેતિક રીતે કહેવાતું હોય છે.** ઠરેલ, સ્વબળે ઊઠેલો સંવેદનશીલ કવિ જ ધ્વનિ દ્વારા રસજ્ઞને માત્ર સૂચન જ કરે છે. આ કવિમાં એ પડઘાઈ રહ્યું છે.

રમેશ પટેલની ગઝલોની વિશિષ્ટતા એ રહી છે કે પ્રારંભના મત્લાના 'ઉલા' મિસરા પછી આવતો 'સાની' મિસરો ચોંકાવનારો બની જઈને ઘટસ્ફોટક બને છે. ગઝલને બંધબેસતા રદીફ કાફિયા જ તેમણે વાપર્યા છે.

ડૉ. રશીદ મીર પણ કહે છે કે – ગઝલમાં ભાવને અનુરૂપ

કાફિયા તેના તજ્જન્ય સૌંદર્યને ઉપકારક નીવડે છે. વાચાળ કે કરામતી કાફિયા ગઝલના આકાર - અંતસ્તત્વને સુચારૂતા અર્પી શકતા નથી. આ કવિનો વધારે એક શે'ર જોઈએ :

*સુંઘવું છે ફૂલ વિસ્મયનું 'રમેશ',*
*કેસુડો રોમાંચથી ફાગ્યો હશે.*

રમેશ પારેખ પછી રમેશ પટેલ જ આવાં પ્રતીકો આપી શકે અને 'વિસ્મય'નું ફૂલ તથા 'કેસુડા'ને રોમાંચમાં કન્વર્ઝન આ કવિ જ કરી શકે. આવું ભાષાકર્મ કાવ્ય - વ્યંજનાને બૃહદ્ ફલક પર મૂકી આપે છે.

**રમેશ પટેલની ગઝલોમાં રંગે-તગઝ્ઝુલ, રંગે-તસ્સવુર, રંગે-તસ્સવુફ, હુશ્ને ખ્યાલ, અંદાઝે બયાં વગેરે આવિર્ભાવ થયેલા છે.** 'મત્લા'ના શે'રથી જ કવિ ગઝલને ઊંચું પરિમાણ બક્ષવામાં સફળ રહ્યા છે. તેમણે તહરીર કરેલા પ્રત્યેક શે'રો વજનદાર, નીમકશ અને ઉસ્તવાર રહ્યા છે. દરેક શે'રની આહટ નવો અંદાઝ, નવા મજમૂનો સાથે અભિવ્યક્તિ પામતા જોઈ શકાય છે. તેની તારીર લાંબા સમય સુધી હૃદય પર અંકાયેલી રહે છે. તેમનો વધુ એક શે'ર :

*આ રગેરગમાં કોઈ વહેતું હશે,*
*એ જ ચરણોને ગતિ દેતું હશે.*

આ ગઝલ વાંચતા સમયે મને 'પદ્યપર્વ'માં પ્રગટ થયેલી મારી એક ગઝલ 'ઠેકી રહ્યું છે'નો શે'ર સાંભરી આવ્યો, જે આ પ્રમાણે છે :

*ક્યાં આપણી હેસિયત એવી છે કે ચાલી શકીએ,*
*કોઈ ભીતર બેસીને આપણને ધકેલી રહ્યું છે.*

કાવ્યરસને આલંકારિકોએ બ્રહ્મરસ કહ્યો છે. જેમ બ્રહ્મરસનો આસ્વાદ થતાં મન નિર્વિકલ્પક સમાધિમાં પોસે છે ને જ્ઞાતૃ, જ્ઞેય, ઈત્યાદિ સર્વ અવિચ્છિન્ન જ્ઞાનૈક્યમાં મળે છે, તેમ રસની ચર્વણા પણ 'વિગલિ-તવેદ્યાંતર' કહેવાય છે. કાવ્યરસ અમૃતરસથી જરાય ઊતરતો નથી. એ અલૌકિક છે, અજરામર છે.

સાહિત્ય કોઈ પણ પ્રકારે પ્રગટ્યું હોય, પરંતુ એ જ્યાં સુધી માનવની ક્રિયા અને કર્તવ્યની સાથે સંબદ્ધ થઈ ગતિ નથી આપતું, ત્યાં સુધી તેના આવિર્ભાવનો કોઈ અર્થ રહેતો નથી. તહરીરમાં એક પ્રકારની સંવેદના, અમીરાઈ, તત્ત્વાર્થ અને તત્ત્વજ્ઞ આવેષ્ટિત કરતાં ઉત્તુંગ વિચારો અને કલ્પના હોય તો તેમાં પણ માનવીયતાને સ્પર્શતાં અને રસનિષ્પતિ કરતાં વિચારો ભરેલા હોવા જોઈએ. એ હૃદયને પારિતોષ કરતા હોવાં જોઈએ, નહિ કે — પરિતાષ વ્યક્ત કરી હૃદયને ઠેસ પહોંચાડનારા! રમેશ પટેલની કવિતાઓમાં ભાવની સાથે આવેષ્ટિત થયેલા શબ્દો મનને સંતર્પણ કરી રહ્યા છે.

આ કવિ માત્ર એક જ ભાવમાં, એક જ લયમાં કે એક જ કલ્પન કે પરિવેશમાં સ્થિર થયા નથી. અનેક ભાવોમાં તેનો વિસ્તાર છે. કવિ પ્રણયાનુભૂતિની અભિવ્યક્તિ આ રીતે પ્રગટ કરે છે :

*આંસુઓથી તોરણો છે તરબતર,*
*પગરવો પીડાના ઉછાળો હજી.*
*એક દરિયો રેતની આંખો મહીં,*
*આંસુઓમાં પ્રીતનો પાલવ હતો.*

અહીં વ્યથા, વિરહ, પીડા અને પ્રતીક્ષાનું આલેખન અભિવ્યક્ત થતું દેખાય છે. **પ્રિયતમાના આગમનની પ્રતીક્ષામાં આંસું એટલાં બધાં વહ્યાં છે કે ઉંબરે બાંધેલાં તોરણોને પણ તેનો ભેજ લાગી ગયો છે, ને તે પણ આંસુમય બની ગયા છે.**

રમેશ પટેલ પોતાની વ્યથા વ્યક્ત કરતાં કહે છે કે — આજકાલ તો ગુજરાતી ગઝલકારોની કવિતા - બજારમાં ભીડ થઈને ફરી રહી છે અને ગઝલના નામે ગઝલાભાષી રચનાઓ જોવા મળે છે. નવોદિત ગઝલકારોના અનેક ગઝલ સંગ્રહો પ્રગટ થયા છે, તેમાંના મોટાભાગના સંગ્રહો તો બકવાસ જેવા છે. એમાં કોઈ કાવ્યતત્ત્વ, ગઝલિયત - શેરિયત નથી હોતાં. આવા સંગ્રહો ન રચાય એ જ બહેતર છે.

'સંસ્કૃતિ દર્શન'માં રમેશ પટેલની સાહિત્યિક ગતિનું દર્શન કરાવતો લેખ **બહુશ્રુત પ્રતિભા સંપન્ન કવિ - લેખક નટવર આહલપરાએ પણ લખ્યો છે.** તો ભગવતીકુમાર શર્મા, ડૉ. રશીદ મીર, શ્રી રાધેશ્યામ શર્મા, ડૉ. હસુ યાજ્ઞિક, મધુ કોઠારી, ડૉ. દિલીપ મોદી, શ્રી કિશોરસિંહ સોલંકી વગેરે જેવા નામી સાહિત્યકારોએ પણ રમેશ પટેલ વિશે ઘણું ઘણું લખ્યું છે.

રમેશ પટેલ કહે છે — "વિજ્ઞાન વિષય સાથે સંલગ્ન રહ્યો હોવાથી આંતરબાહ્ય સૌંદર્યનું રાસાયણિક સંયોજન થાય ત્યારે જ ગઝલનું સર્જન સંભવિત બને છે. ઉપમા અલંકાર અને કલ્પનાથી ગઝલને વિભૂષિત કરવાની હોય છે. કવિતા એ કાનની કળા છે."

*C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, બાગ દરવાજા,*
*માણાવદર-૩૬૨ ૬૩.૦ (જિ. જુનાગઢ) મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*

## આયુષ્ય એટલે શું?

*જ્યારે માણસ જન્મે છે ત્યારે 'નામ' નથી હોતું પણ 'શ્વાસ' હોય છે. જ્યારે માણસ મરે છે ત્યારે 'નામ' હોય છે પણ 'શ્વાસ' નથી હોતો. બસ, આ 'શ્વાસ' અને 'નામ' વચ્ચેની સફર એટલે 'આયુષ્ય'.*

***આનું નામ જિંદગી.***

જ્ઞાન

# વિજ્ઞાન એટલે વિશિષ્ટ જ્ઞાન – તેની ઉજવણી પણ વિશિષ્ટ રીતે થવી જોઈએ



ડૉ. મિહિર એમ. વોરા

વિજ્ઞાન એટલે વિશિષ્ટ વિજ્ઞાન. એટલે જ 'વિજ્ઞાન દિવસ'ની ઉજવણી દરેક શાળા કૉલેજોમાં કરવામાં આવે છે. આ દિવસના ઈતિહાસમાં નજર કરીએ. 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ભારત દેશમાં વિજ્ઞાન દ્વારા થતા લાભો પ્રતિ સમાજમાં જાગૃતિ લાવવા અને વૈજ્ઞાનિક વિચારસરણી જાગૃત કરવાના હેતુ માટે રાષ્ટ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પરિષદ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલય - ભારત સરકારના ઉપક્રમે દર વર્ષે ફેબ્રુઆરી ૨૮ના દિવસે ભારતમાં ઉજવવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૮ના દિવસે, સર સી.વી. રામન દ્વારા પોતાની શોધની જાહેરાત કરવામાં આવી હતી.

આ વખતની થીમ પણ રસપ્રદ છે – **"સ્ત્રીઓનું વિજ્ઞાનમાં મહત્ત્વ."** આપણા મંગલ મિશન અને અગ્નિ રોકેટમાં અને મિશન ચંદ્રયાનમાં પણ સ્ત્રી વૈજ્ઞાનિકનો મહત્ત્વનો ફાળો છે, જે યાદ રાખવાની જરૂર છે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનો મૂળ હેતુ યુવાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રતિ આકર્ષિત તેમજ પ્રોત્સાહિત કરવા અને સામાન્ય જનતાને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રતિ સજાગ રાખવાનો છે. આ દિવસે બધી વિજ્ઞાન સંસ્થાઓ, જેમ કે રાષ્ટ્રીય અને અન્ય વિજ્ઞાન પ્રયોગશાળાઓ, વિજ્ઞાન અકાદમીઓ, શાળા અને કૉલેજ અને તાલીમ સંસ્થાઓ ખાતે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ સાથે સંબંધિત કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. મહત્ત્વપૂર્ણ આયોજનોમાં વૈજ્ઞાનિકોનાં વક્તવ્યો, નિબંધ, લેખન, વિજ્ઞાન પ્રશ્નોત્તરી, વિજ્ઞાન પ્રદર્શન, સેમિનાર અને પરિસંવાદ વગેરે સામેલ હોય છે. વિજ્ઞાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે રાષ્ટ્રીય અને અન્ય પુરસ્કારોની જાહેરાત પણ કરવામાં આવે છે. વિજ્ઞાનની લોકપ્રિયતા વધારવા માટે વિશેષ પુરસ્કાર પણ રાખવામાં આવ્યા છે. વિજ્ઞાનથી થતા ફાયદાઓ અને લાભ પ્રત્યે સમાજમાં જાગૃતિ આવે તે માટે આ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વમાં બીજા દેશની સરખામણીએ ભારત પાસે આવનારો સમય ગોલ્ડન એરા છે. **સૌથી વધુ યુવાધન ધરાવતું ભારત, ધારે તો વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે અનેક અવનવી શોધો કરી શકે.** ભારતમાં આર્યભટ્ટ, ચંદ્રશેખર અને વેંકટ રામન જેવા અનેક વિજ્ઞાનીઓ થઈ ગયા. જેમણે વિજ્ઞાનના ક્ષેત્રે દેશનું નામ વિશ્વભરમાં રોશન કર્યું છે. દેશમાં ઇ.સ. ૧૯૮૬થી પ્રતિ વર્ષ ૨૮ ફેબ્રુઆરીના રોજ નેશનલ સાયન્સ ડે ઉજવવામાં આવે છે. પ્રોફેસર સી.વી. રામને આ દિવસે કલકત્તામાં એક મહાન શોધ કરી હતી, જે રામન ઇફેક્ટના રૂપમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. સી.વી. રામનને તેમની આ શોધ બદલ ઇ.સ. ૧૯૩૦માં નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ચંદ્રશેખર વેંકટ રામન, ભારતના ભૌતિક વિજ્ઞાની હતા. ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે તેમના પ્રદાનને કારણે એકમાત્ર ભારત જ નહીં પણ વિશ્વભરના લોકો માટે તેમનું જીવન અને કવન પ્રેરણાસ્રોત સમાન છે. વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલા નવા પ્રયોગો પ્રત્યે જાગૃતિ આવે તે માટે દેશમાં સાયન્સ સિટી પણ બનાવવામાં આવી છે.

આ દિવસના જે મહાન વૈજ્ઞાનિકને યાદ કરીએ છીએ તેના વિશે જાણીએ. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૨૮ના રોજ ડૉ. ચંદ્રશેખર વેંકટરામને (સર સી.વી. રામન) 'રામન ઇફેક્ટ'ની શોધ પૂરી કરી હતી. આ શોધ બદલ ૧૯૩૦માં તેમને નોબેલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રામનના પિતાજી ચંદ્રશેખર પણ ભૌતિક વિજ્ઞાનમાં સ્નાતક થયા હતા. આમ, બાળક વેંકટને નાનપણથી જ ભૌતિક વિજ્ઞાનનો વારસો મલ્યો હતો. એમણે પોતાના જીવન દરમિયાન ૪૬૫ જેટલાં પ્રકાશનો પ્રસિદ્ધ કર્યા હતા. ધ્વનિ પ્રકાશ, રંગ, ખનિજ, ફૂલોના રંગો જેવી બાબતોમાં પ્રકાશનો છે. ભારતના દક્ષિણ ભાગમાં આવેલા તિરુચિરાપલ્લી, તામિલનાડુ રાજ્ય ખાતે હિંદુ - બ્રાહ્મણ પરિવારમાં ૭ નવેમ્બર, ૧૮૮૮ના રોજ સર સી.વી. રામનનો જન્મ થયો હતો. ૧૧ વરસની નાની વયે રામને મેટ્રિકની પરીક્ષા પહેલા નંબરે પાસ કરી હતી. આગળ અભ્યાસ માટે ૧૯૦૨ના વર્ષમાં તેઓ ચેન્નાઈની જાણીતી પ્રેસિડેન્સી કૉલેજમાં જોડાયા હતા. આ કૉલેજમાં અંગ્રેજી વિષયના પ્રોફેસર ઇલિયટ હતા. આ નાનકડા વિદ્યાર્થીને જોતા જ તેઓ બોલી ઊઠ્યા, "બાબા, તારી ઉંમર કેટલી?" રામને જવાબમાં ૧૩ વર્ષ કહ્યું ત્યારે તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. ૧૯૦૪માં બી.એસસી.ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાનના વિષય સાથે કૉલેજમાં રામન પ્રથમ નંબરે પાસ થયા. તેમને આ માટે સુવર્ણ ચંદ્રક પણ મળ્યો. અહીં જ તેમણે પ્રિય વિષય ભૌતિક વિજ્ઞાન સાથે એમ.એસસી.નો અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસની સાથોસાથ તેઓ આપમેળે જ કૉલેજમાં પ્રયોગો કરતા હતા. આ પ્રયોગોના પરિણામે એમણે પ્રકાશના પરાવર્તન અંગે સંશોધન કર્યું હતું. એમાં એમને સફળતા પણ મળી હતી. રામને આ શોધના

આધારે લેખ તૈયાર કર્યો અને લંડનના એક સામાયિકમાં છપાવવા મોકલ્યો. આ લેખ સ્વીકારાયો અને નવેમ્બર ૧૯૦૬ના અંકમાં છપાયો હતો. ત્યાર પછી રામને ત્રિપાર્શ્વ કાચનો પ્રયોગ હાથમાં લીધો. આ પ્રયોગ કરતાં કરતાં એમણે વિશિષ્ટ પ્રકારના પ્રકાશની શોધ કરી હતી. નાણાંખાતામાં નોકરી દરમિયાન પણ તેમના ઘણા સંશોધન લેખ પ્રગટ થયા હતા. દરમિયાન, કોલકાતા યુનિવર્સિટીમાં રામનની ભૌતિક વિજ્ઞાનના પ્રોફેસર તરીકે નિમણૂંક થઈ હતી. સોળ વર્ષ કોલકાતા યુનિવર્સિટીમાં સેવા આપ્યા બાદ તેઓ બેંગલુરુમાં 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'માં ભૌતિક વિજ્ઞાનના પ્રોફેસર તરીકે જોડાયા હતા. છેલ્લે તેમણે 'રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'માં સેવા આપી હતી.

**ઇ.સ. ૧૯૬૪માં એમને "ભારત રત્ન"નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો.** નવેમ્બર ૨૧, ૧૯૭૦ના રોજ બેંગલુરુમાં રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના તેમના રહેઠાણમાં તેમનું નિધન થયું. રામને તેમના જીવનકાળ દરમિયાન અગત્યનું સંશોધન કાર્ય કર્યું હતું. **સર સી.વી. રામને બિલોરી કાચમાંથી પ્રકાશનું કિરણ પસાર કરી જોયું. એમણે શોધી કાઢ્યું કે પ્રકાશનું કિરણ સાત રંગનું બનેલું છે.** પારદર્શક પ્રવાહીમાંથી પણ પ્રકાશનું કિરણ પસાર કરી જોયું, તો એમને જુદા જુદા રંગની રેખાઓ દેખાઈ. આ સંશોધનને એમણે 'રામન ઇફેક્ટ' નામ આપ્યું. એની વ્યાખ્યા એમણે આ રીતે આપી : "જો પ્રકાશના કિરણોનું નિયમિત પરાવર્તન થાય તો પ્રકાશની તરંગ લંબાઈમાં ફેરફાર થતો નથી. પરંતુ જો એનું અનિયમિત પરાવર્તન થાય તો પ્રકાશની તરંગ લંબાઈમાં ફેરફાર માલૂમ પડે છે." આ ઘટનાને 'રામન ઇફેક્ટ' (રામન અસર) કહે છે, જે ભૌતિક વિજ્ઞાનમાં સૌથી સફળ પ્રયોગ મનાય છે. એટલે જ તેમને નોબેલ પારિતોષિક મળ્યું હતું. આથી જો આપણે ભૌતિક વિજ્ઞાન પ્રતિ વૈજ્ઞાનિક અભિગમ રાખશું તો આગામી દિવસોમાં એક નવો રામન આપણને મળી શકે તેમ છે. આ દિવસને યાદગાર બનાવો અને વિજ્ઞાનમાં અવનવી શોધ કરો તેવી સૌને શુભેચ્છાઓ.

*સંદર્ભ : વીકિપીડિયા અને 'વિજ્ઞાન દિવસ'ના વિવિધ અખબારી અહેવાલો*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## વૈશ્વિકીકરણમાં પ્રાદેશિક ભાષાઓની આહૂતિ

**(અનુસંધાન : પાના નં. – ૧૫ ઉપરથી ચાલુ)**

બળજબરીથી આપણી માતૃભાષાને મિટાવવા માગતું હોય એને અટકાવવા આપણાથી શક્ય એટલું બધું કરી છૂટીએ. પણ કાળચક્રને લીધે એના પોતાનાં સંતાનો માતૃભાષાને છોડવા ઇચ્છતાં હોય ત્યારે એને ટકાવી રાખવાના થોડા લોકોના પ્રયાસથી ખાસ ફરક ન પડે.

ભાષા બચાવવાનું કામ કોઇ એક વ્યક્તિ, કુટુંબ કે સંસ્થાના ગજા બહારની વાત છે. એકીકરણના મુખ્ય પ્રવાહની વિરુદ્ધ જવું ખૂબ અઘરું હોય છે. જે પેઢી પૂરી તાકાતથી માતૃભાષાને બચાવવાની કોશિશ કરે તે ભાષાનો વિલોપ એક પેઢી દૂર ઠેલી શકે. બાકી, આવતી પેઢી કઇ રીતે વિચારશે તે કોણ જાણે છે!

વિશ્વની દરેક વસ્તુની એક્સપાયરી ડેટ છે. સંસ્કૃતિઓ અને સામ્રાજ્યો લુપ્ત થયાં છે. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી બધા નાશવંત છે. **હાલ અસ્તિત્વમાં છે એના કરતાં વધુ ભાષા-બોલીઓ લુપ્ત થઇ ચુકી છે.** આ ક્રમ ચાલુ રહેવાનો છે. તેથી "ભાષા બચાવ" ઝુંબેશમાં કેટલી શક્તિ, સમય અને સંપત્તિનું રોકાણ કરવું એ દરેકની સમજ પર આધાર રાખે છે.

આજે આંતરપ્રાંતીય અને આંતરરાષ્ટ્રીય લગ્નો વધી રહ્યાં છે. શિક્ષિત યુગલોના આવા લગ્નોમાં બન્ને જણ પોતાની પ્રાદેશિક ભાષા છોડીને હિંદી કે અંગ્રેજીને અપનાવે એ શક્ય છે. એમનાં બાળકોની માતૃભાષા કઇ? એમના માટે માતૃભાષા/પિતૃભાષા શબ્દ નિરર્થક બની જાય છે. એજ રીતે **વધુ ભાષાઓ જાણનાર શહેરનિવાસી માટે પણ માતૃભાષા કરતાં મુખ્યભાષા વધારે મહત્ત્વની બને છે.**

ગુજરાતીને હાલ કંઇ જોખમ નથી. સમૃદ્ધ કુટુંબનાં બાળકો અંગ્રેજી સ્કુલમાં જઇ ગુજરાતીથી વિમુખ થાય છે એ વાત સાચી છે. બીજી બાજુએ કચ્છીઓ અને અન્ય પછાત વર્ગો ગુજરાતીમાં શિક્ષણ લઇ એને સમૃદ્ધ કરે છે. ગુજરાતીમાં આજે પહેલાં કરતાં વધારે વર્તમાનપત્રો, સામયિકો અને પુસ્તકો બહાર પડે છે તેમજ વંચાય છે. અત્યારે તો એનો શ્રેષ્ઠ સમય ચાલી રહ્યો છે.

આઠ-દસ પેઢીઓ પછી જે પણ થવાનું હશે એને અત્યારથી બદલી ન શકાય. જ્યારે પણ ગુજરાતી લુપ્ત થવાને આરે હશે ત્યારે **બીજી પ્રાદેશિક ભાષાઓની પણ એજ હાલત હશે. ત્યારે ભારત સાચા અર્થમાં અખંડ દેશ બનતો હશે.** એ સમય રાજી થવાનો હશે, અફસોસ કરવાનો નહીં. ગુજરાતીના સંદર્ભમાં અત્યારની "ભાષા બચાવો" ઝુંબેશ વાણી-વિલાસથી વધુ ન પણ હોય!

ભાષાને બચાવતા પહેલાં જંગલો, પાણીના સ્રોત, ખનિજ તેલ, અન્ય ખનિજ પદાર્થો, પર્યાવરણ વગેરે જેવી કુદરતી સંપત્તિ બચાવવાની તાતી જરૂર છે. એ પ્રત્યે દુર્લક્ષ સેવશું તો ભાષાને બચાવવા માટે આપણા વંશજો નહીં રહે.

***૧, શ્યામવાટિકા સોસાયટી,***
***વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭. મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯***
***E-mail : mggada@gmail.com***

નવલિકા

# વસુંધરા ખોળે પ્રેમબાઈ!

**(સત્ય ઘટના પર આધારિત)**



નટવર આહલપરા

સોળમાં શતકની ૧૬૨૦માં બનેલી એક સત્ય ઘટના છે. **માનવીની માયાને ઓળખનારો કચ્છ પ્રદેશ. બારે માસ કચ્છની ધરતીને ચાહનારા માયાળુ માનવીનું એક ગામ દુધઇ.** ગામમાં વાણિયા, બ્રાહ્મણ, સુથાર, કડવા પાટીદાર પટેલ કોમના ખોરડા તો હતા, અન્ય પણ હતા. ગામના લોકો દયાળુ હતા. સૌ હળીમળીને રહેતા હતા. દુધઈ ગામના પાદરે તળાવ હતું. કાંઠે શિવજીનું મંદિર. ગામના ભક્તજનો સવાર-સાંજ મંદિરે દર્શને આવે અને ઓટલે બેસે. તળાવથી આવતાં ઠંડા પવનની લહેરખીનો અનુભવ કરતાં ગામ લોકોને શેર લોહી ચઢી જતું હતું. બાળકોને રમવાની મજા પડતી, તો વૃદ્ધો સત્સંગ કરતા હતા. પૂજારી દયાશંકર ખરેખર દયાળુ હતા. દર્શનાર્થીઓ તેમના આશીર્વાદ લીધા વિના જતા નહીં.

ગામમાં કડવા પાટીદારના ખોરડા ઘણા હતા. શંભુભાઈ પટેલ પડછંદ શરીર, છ ફૂટ ઊંચા, વિશાળ લલાટ, તેજસ્વી આંખ્યું. ખંતથી ખેતી કરતા કરતા ઈશ્વર સ્મરણ પણ કરી લેતા હતા. પોતે ઘસાઈને બીજાને ઉજળા કરી બતાવનાર શંભુભાઈને મીરાંના પદો મોઢે. પદ ગાય એટલે એમ થાય, સાંભળ્યા જ કરીએ. સાંજ પડતા ખેતરેથી ઘેર અને ઘેરથી પત્ની મોંઘીબેનને લઇ શિવમંદિરે આરતી કરવા પહોંચી જતા હતા. આરતી થઈ જાય એટલે પદ લલકારે :

*અરજ કરે છે, મીરાં રાંકડી*
*ઊભી ઊભી અરજ કરે છે મીરાં રાંકડી.*

હજુ એક પદ પૂરું ન થાય ત્યાં તો બીજું પદ શરૂ થતું.

*બાઈ, અમે પકડી આંબલિયાની ડાળ રે,*
*જંગલ માંહી એકલી હોજી.*

પદ ગાઈ લીધા પછી થોડીક વાતું કરતાં. શંભુભાઈને બે દીકરા હતા. લીલીવાડીમાં કોયલ ટહુકે તેમ સૌ મધુરતાથી જીવતા હતા. શંભુભાઈના બે દીકરા ખંતથી ખેતી કરતા હતા. સ્વર્ગસમા ઘરની સૌને મીઠી ઈર્ષા થતી હતી. સુખના મોજા ઉછળતા હતા. બંને દીકરાના લગ્ન લેવાઈ ગયા હતા. શંભુભાઈના મનમાં ઊંડે ઊંડે થતું હતું કે, મને ઈશ્વરે દીકરી નથી આપી, પણ દીકરાને ત્યાં પહેલી દીકરી અવતરે તો મારે તો ગોળના ગાડા મળી જાય! શંભુભાઈને આંગણે મોટા દીકરાને ત્યાં પહેલા દીકરાનો જન્મ થયો અને પછી સાતેક વર્ષ બાદ હરિકૃપાથી ફૂલજેવી રૂપાળી મા ભગવતી સમી દીકરી અવતરી. દુનિયાનું બધું સુખ જાણે શંભુ ભગતને આંગણે આવી ગયું! સુખના દિવસો પસાર થાતા હતા.

કુદરતની કરામતેય ન્યારી છે ને? વહાલી દીકરીનું નામ રાખ્યું મેઘાભાઈ ઉર્ફે પ્રેમબાઈ. વર્ષની દીકરીને દાદા-દાદી મન ભરીને રમાડતા ધરાતા નહોતા! પ્રેમબાઈ ત્રણ વર્ષની થઇ, ત્યાં પોપટ પઢે તેમ બધું પઢવા લાગી. કાલુઘેલુ, મીઠું-મીઠું ગણગણતી હતી. દાદા પ્રભાતિયા ગાઇને સંભળાવે.

*ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે,*

નરસિંહના પદ, પ્રભાતિયાંને ભજન સંભળાવતા દાદા શંભુભાઈ ક્યારેક મીરાંનું પદ પણ ગાઈ લેતા...

*પ્યારા ગોવિંદના ગુણ ગાશું,*
*રાણાજી અમે પ્યારા ગોવિંદના ગુણ ગાશું!*

શંભુભાઇને ત્યાં સાધુસંતોનો ઉતારો કાયમ રહેતો હતો. પ્રેમબાઈ પાંચ વર્ષની થઇ ત્યાં તો રામાયણ, ભાગવત, ગીતાના પાઠ કંઠસ્થ થઇ ગયા હતા. ભજન, કીર્તન, નર્તન અને સાધુ-સંતોના સંગ વચ્ચે પ્રેમબાઈ જાતને વીસરી પરમ પ્રભુમય અનુભવનો આનંદ માણતી હતી.

*મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ...*

પ્રેમબાઈની તાલાવેલી જોઈ દાદા-દાદી હરખાઈ જતા હતા, પ્રભુનો પાડ માનતા હતા. એકવાર તો પ્રેમબાઈએ દાદાને પ્રશ્નો પૂછીને મૂંઝવી દીધેલા.

પ્રેમબાઈ : અજવાળું એટલે શું?
દાદા : અજવાળું એટલે જ્ઞાનનું અજવાળું બેટા!
પ્રેમબાઈ : હંસલો કોને કહેવાય?
દાદા : આપણા શરીરમાં જે આત્મા રહેલો છે ને, તેને હંસલો કહેવાય!
પ્રેમબાઈ : દાદા, કસોટી કોની થાય?
દાદા : કસોટી તો સોનાની જ થાય ને?

ભક્તિરસની છોળ ઊડતી હતી. ત્યાં એકાએક શંભુભાઈએ અનંતની વાટ પકડી! સારસ બેલડી વિંખાઈ ગઈ. મોંઘીબહેન પણ વધુ જીવી ન શક્યા.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૧ ઉપર)

પર્યાવરણ

# પર્યાવરણ, પ્રદૂષણ અને આપણે



ડૉ. પલ્લવી શાહ,
પ્રિન્સિપાલ

સાલ ૨૦૦૯માં ૭.૯ના આંચકા જેવી હોલીવુડની ફિલ્મ '૨૦૧૨' ભારત સહિત અનેક દેશોમાં પ્રદર્શિત થઈ. આ ફિલ્મ ભલે કાલ્પનિક કથા સ્વરૂપે છે, પણ કહેવાય છે ને કે કવિ અને લેખક આગમદર્શી હોય છે. એમની કલમે ચિત્રિત થતું ચિત્ર જે તે સમયે અજુગતું કે અતિશયોક્તિવાળું લાગે પણ થોડા જ સમયમાં આ ચિત્ર હકીકત સ્વરૂપે સામે આવે છે.

**પૃથ્વીના અંતની શક્યતાનું આવું જ સાચું સ્વરૂપ છેલ્લા કેટલાંય વર્ષોથી સર્જાઈ રહ્યું છે અને એમાં વિલન છે પ્રદૂષણ**, જે પર્યાવરણની પ્રક્રિયાને સાવ ખોરંભી નાખીને પૃથ્વીને અંત તરફ ધકેલે છે.

ઔદ્યોગિકીકરણ અને આપણી જીવનશૈલીની ખરાબ અસર પર્યાવરણ પર પડી ચૂકી છે. છેલ્લા ત્રીસેક વર્ષથી આ વિષયની ગંભીરતા આપણને સમજાઈ રહી છે. વાતાવરણમાં ફેલાતાં પ્રદૂષણને લીધે પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે. આ સ્થિતિને દર્શાવવા **'ગ્લોબલ વોર્મિંગ'**નો ઉલ્લેખ થાય છે.

આપણી પૃથ્વીના ગોળા ફરતે કાર્બન ડાયોક્સાઈડ, મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ, ક્લોરોફ્લોરો કાર્બન તથા ઓઝોન જેવા ગેસનું આવરણ છે. આ વાયુનું પેકેજ એટલે ગ્રીન હાઉસ ગેસ. આમાંથી અમુક ગેસ કુદરતી રીતે જ વાતાવરણમાં હોય છે.

સૂર્યકિરણો આ આવરણમાંથી પસાર થઈ પૃથ્વી પર પડે છે. આ આવરણ સૂરજની ગરમીને રોકે છે અને એને કારણે જ દુનિયાના ગોળા પર સરેરાશ ૩૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઉષ્ણતામાન જાળવી રાખે છે. મતલબ કે ગેસના આવરણને લીધે જ દુનિયાનું તાપમાન અત્યાર સુધી પ્રમાણમાં હૂંફાળું રહ્યું છે અને એના લીધે દુનિયાના ગોળા પર જીવસૃષ્ટિ શક્ય બની છે.

પરંતુ પ્રદૂષણના કારણે એટલા ઝેરી વાયુ હવામાં ભળી ચૂક્યા છે કે એને લીધે પૃથ્વીને ફરતે તેનું ગેસનું આવરણ એકદમ ગાઢ થઇ રહ્યું છે અને તેમાંથી દુનિયા પરની ગરમી પાછી ઉપર જઈ શકતી નથી. એ ગરમી વાતાવરણમાં જ રહે છે. આ વધતી ગરમી દુનિયાને ભઠ્ઠીમાં શેકી રહી છે. જેને આપણે ગ્લોબલ વોર્મિંગ કહીએ છીએ.

છેલ્લા બસ્સો વર્ષથી પશ્ચિમમાં થઈ રહેલા ઔદ્યોગિકીકરણના લીધે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ ગેસ છોડવાની માત્રા વધી છે. આ એક એવો ગેસ છે, જે લગભગ બસ્સોથી અઢીસો વર્ષ સક્રિય રહે છે. **ગ્રીન હાઉસ ઈફેક્ટમાં કાર્બન ડાયોક્સાઇડ, ઓઝોનવાયુ તથા પાણીનો ભેજ મુખ્ય ભાગ ભજવે છે.** દિવસ દરમિયાન સૂર્યના કિરણોથી પૃથ્વીની સપાટી ગરમ થાય છે અને લાંબી તરંગ લંબાઈના અદશ્ય ઇન્ફ્રારેડ વિકિરણોનું ઉત્સર્જન કરી પોતાની ગરમી ગુમાવે છે. વાતાવરણમાં રહેલા ઑક્સિજન, નાઈટ્રોજન, કાર્બન ડાયોક્સાઈડ, પાણીનો ભેજ તથા ઓઝોન વાયુ પૃથ્વી દ્વારા પાછા ફેંકાતા ઇન્ફ્રારેડ વિકિરણોનું શોષણ કરે છે અને એનું પુનઃ ઉત્સર્જન કરે છે. ઔદ્યોગિક ક્રાંતિના કારણે કુદરતનું નૈસર્ગિક સંતુલન જોખમાયું છે. ખનીજ બળતણનો ઉપયોગ વધવાથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધવા લાગ્યું છે. અધૂરામાં પૂરું માનવી જંગલો સાફ કરતો જાય છે. આથી વનસ્પતિ અને વાતાવરણ વચ્ચેના કાર્બન ડાયોક્સાઈડની આપ-લે પર પણ અસર થઈ છે.

- **વધતું પ્રદૂષણ... વધતાં ભયસ્થાન....**

★ ઉત્તર ધ્રુવ (આર્કટિક)નો બરફ ઝડપથી ઓગળી રહ્યો છે. અમુક સ્થળે પોલર રીંછ અને પેંગ્વિન પક્ષીઓ માટે અસ્તિત્વનો પ્રશ્ન ઊભો થયો છે.

★ એન્ટાર્કટિકાનો બરફ ઓગળશે ત્યારે વિશ્વભરના સમુદ્રમાં પાણીની આવક વધવાથી કિનારાના શહેરો પર ખતરો વધશે.

★ ઉત્તર ધ્રુવમાં બરફ નહીં હોય ત્યારે જમીનમાં દટાયેલો પરમાફ્રોસ્ટ તરીકે ઓળખાતો કાર્બન ગેસ એકાએક વાતાવરણમાં ફેલાશે. પરિણામે કાર્બનનું પ્રમાણ વધી જશે.

★ માલદીવ ટાપુ ડૂબી જવાની આશંકા છે. માટે જ ત્યાંના પ્રમુખે આ બાબતની ગંભીરતા દર્શાવવાના પ્રતીકરૂપે કેબિનેટની મીટિંગ પાણી નીચે યોજી હતી.

★ બાંગ્લાદેશમાં લગભગ ૨૦% જમીન પાણી નીચે ગરકાવ થઈ જવાની સંભાવના છે.

★ ભારતની પડોશના બે દેશોમાં જો આવી સમસ્યા ઊભી થાય તો તેની અસર આપણા પર પડ્યા વિના રહે નહીં.

★ અમુક દેશોમાં દુકાળની પરિસ્થિતિ ઊભી થશે. ચોમાસું અનિયમિત થવાથી ભારત જેવા કૃષિ પ્રધાન દેશ પર ઘણી મોટી આફત આવશે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૬ ઉપર)

માતૃભાષા

# વિવિધતામાં એકતા એટલે માનવતાની માતૃભાષા



જાગૃતિ તન્ના "જાનકી"

*'આ દુનિયામાં આપણને જન્મ આપનાર માતા*
*ને આપણી અભિવ્યક્તિને જન્મ આપનાર માતૃભાષા.'*

સૌપ્રથમ તો સૌને ૨૧મી ફેબ્રુઆરી – વિશ્વ માતૃભાષા દિવસની હાર્દિક શુભકામનાઓ. આપણે ત્યાં બહુ પ્રચલિત ગીત છે : *'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.'* આ દુનિયામાં મા જેવું કોઈ ન થાય. તેનો જોટો આખા જગતમાં ગોત્યો ન મળે.

*મીઠા મધુર ને મીઠા મેહુલા રે લોલ*
*એથી મીઠી છે મોરી માત રે*
*જનનીની જોડ સખી નહીં જડે રે લોલ!*

મા માટે કેવા સુંદર શબ્દો લખ્યા છે કવિ **શ્રી દામોદર ખુશાલદાસ બોટાદકરે.** મા ની મધુરતા, મા ના પ્રેમ પાસે બધું ફિક્કું છે. એ જ વાત આપણી માતા સમાન માતૃભાષા માટે પણ સાચી છે. મા, જે આપણને નવ મહિના પોતાના ગર્ભમાં સાચવીને આ દુનિયામાં લાવે છે. તો માતૃભાષા આપણને આપણી અભિવ્યક્તિ દ્વારા આ દુનિયા સાથે જોડે છે. દુનિયાની કોઈપણ ભાષા તમને એ પોતીકાપણાનો અનુભવ ન કરાવી શકે, જે તમારી માતૃભાષા કરાવી શકે. જે મીઠાશ માતૃભાષામાં છે, એવી બીજી ભાષામાં ક્યાં? જે અભિવ્યક્તિ તમે તમારી માતૃભાષામાં કરો, એ અન્ય ભાષામાં કરેલ અભિવ્યક્તિ કરતાં શ્રેષ્ઠ જ હોય. જો કે આપણે આ દુનિયા સાથે બદલાતા સમય સાથે અન્ય ભાષાઓ શીખતા હોઈએ છીએ અને શીખવી પણ જોઈએ જ. પણ આપણી માતૃભાષા તો ન જ ભૂલાવી જોઈએ. બીજી બધી ભાષાઓ ભલે આપણા મગજમાં વસતી હોય, પણ આપણી માતૃભાષા તો આપણા હૃદયમાં બિરાજતી હોવી જોઈએ. આપણી મા ની જેમ, આપણી માતૃભૂમિની જેમ! કેમકે, આપણી માતૃભાષા એ આપણી અભિવ્યક્તિનો પાયો છે. પછી ભલે એના પર અન્ય ભાષાઓ દ્વારા ચણતર થતું હોય અને એ સુંદર પણ દેખાય. પણ જો પાયો જ ખસેડી લેવામાં આવે તો? તો એ ચણતરનો કોઈ અર્થ સરતો નથી. **માટે ચણતરને ભલે મજબૂત બનાવીએ પણ પાયાને ક્યારેય ન ભૂલવો જોઈએ. કેમકે, પાયા વિનાનું ચણતર મહત્ત્વહીન છે.**

માતૃભાષાના મહત્ત્વને સમજીને યુ.એન. વિશ્વ સંસ્થાએ ૨૧મી ફેબ્રુઆરીને **"વિશ્વ માતૃભાષા દિવસ"** તરીકે ઉજવવાની જાહેરાત ૧૭મી નવેમ્બર, ૧૯૯૯ના રોજ કરી હતી. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૫૨ના રોજ બાંગ્લાદેશમાં જ્યારે તે પૂર્વ પાકિસ્તાનમાં હતો ત્યારે પશ્ચિમ પાકિસ્તાનના વર્ચસ્વવાળા પાકિસ્તાને ઉર્દુ ભાષા ફરજિયાત કરેલી. માતૃભાષા બંગાળી ભાષાનો અનાદર સહન ન થતાં દેશમાં તોફાન ફાટી નીકળેલ અને ૪ બાંગ્લાવાસી શહીદ થયેલા. **ઢાકામાં ૨૧મી ફેબ્રુઆરીના રોજ શહીદ થયેલા શહીદોનું સ્મારક છે.** આ માતૃભાષા માટે થયેલ શહીદોની યાદમાં અ.સ. ૨૦૦૦થી ૨૧મી ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિવસ ઉજવાય છે. સમગ્ર વિશ્વના બધા દેશો પોતપોતાની માતૃભાષાનું ગૌરવગાન કરે અને તેના વિકાસ તેમજ જાળવણીના કાર્યક્રમો યોજે એવો વિશ્વ સંસ્થાનો હેતુ છે.

ભાષા, કે જેના દ્વારા આપણે અભિવ્યક્ત થઈએ છીએ. એકબીજા સાથે માહિતીની આપ-લે કરી શકીએ છીએ. વિશ્વમાં અત્યારે અનેક ભાષાઓ અસ્તિત્વમાં છે પણ દરેક ભાષા દરેક વ્યક્તિ ન સમજી શકે એ સ્વાભાવિક છે. **પણ એક ભાષા એવી છે, જે વિશ્વની દરેક વ્યક્તિ સમજી શકવા સમર્થ છે. અરે, માણસ તો શું મૂક જીવો પણ તે સમજી શકે છે અને એ છે "માનવતાની ભાષા."** વિશ્વના વિવિધ વિસ્તારોમાં ભાષાઓનું વૈવિધ્ય જોવા મળે છે. પણ માનવતાની ભાષા એ વિવિધતામાં એકતા સમાન કાર્ય કરે છે. માટે આજે વિશ્વ માતૃભાષા દિવસ પર સંકલ્પ કરીએ કે આપણી માતૃભાષાને તો ક્યારેય ન જ ભૂલવી જોઈએ અને સાથે સાથે સમગ્ર વિશ્વને એકસૂત્રમાં બાંધતી માનવતાની ભાષાને પણ હંમેશાં આપણા હૃદયમાં જીવંત રાખીએ.

*માધાપર, શેરી નંબર-૧,*
*મોરબી-૩૬૩ ૬૪૧. મો. ૯૯૨૪૨ ૧૫૦૪૦*

## સલામી – એ સ્ત્રીઓને...!

*અંતઃકરણથી સલામી છે એ સ્ત્રીઓને*
*જે નાની નાની વાતોએ ફરીયાદ કરતી નથી,*
*કંઈ અણગમતું બને તો પણ પીયરમાં ફોન કરતી નથી.*
*વધુ દુઃખ થાય કે દિલ દુભાય તો બાથરૂમમાં જઈને રડી લેશે,*
*પોતાના આંસુ જાતે લૂછી હસતે મોઢે બહાર આવશે,*
*કારણ એ જાણે છે કે જેને સમજવું જોઈએ એ સાંભળશે પણ નહીં.*

રીતરિવાજ

# ઉજળાં એંધાણ



એમ. ડી. સોલંકી

છેલ્લા આઠેક દિવસથી હસમુખભાઈ ભારે વિમાસણમાં હતા. એમની સૌથી નાની દીકરી સ્વરાની સગાઈ થયા પછી લગ્નની તારીખ નક્કી કરવા વેવાઈ તરફથી ભેગા મળવાનો સંદેશો આવ્યો હતો. લગ્નની તારીખ નક્કી થઈ ગયા પછી બંને પક્ષે પ્રસંગની પૂર્વતૈયારી કરવાની રહે.

હસમુખભાઈ મધ્યમવર્ગીય વ્યક્તિ હતા. એક કંપનીમાં એકાઉન્ટ જનરલ હતા. સંજોગોવશાત આઠેક મહિનાથી કંપની બંધ થઈ ગઈ હતી. એટલે આવકનો કોઈ ચોક્કસ સ્રોત રહ્યો નહોતો. અગાઉ ચાલુ નોકરી દરમિયાન સ્વરાની એક બહેનના લગ્ન અને કરિયાવર કરવા કંપનીમાંથી જમા પી.એફ.ની રકમ ઉપાડી લીધી હતી. એટલે કંપનીમાંથી છૂટા થયે, મળેલ બચતની રકમમાંથી ઘર ચાલતું હતું. ઘરમાં આર્થિક સંકડામણ આવી ગઈ હતી. એટલે હવે હસમુખભાઈના મનમાં એક જ વાતની ચિંતા થયા કરતી હતી કે સ્વરાના લગ્નપ્રસંગે દહેજ અને કરિયાવરના ખર્ચને કેવી રીતે પાર પાડીશું?

હસમુખભાઈની આ મૂંઝવણથી એમના ઘરવાળા માલતીબેન પણ પૂરેપૂરા માહિતગાર હતા. એટલે જ તો ખાનગીમાં એમણે એમના પીયરમાં પણ આ મુશ્કેલીની વાત પહોંચાડીને દાણો ચાંપી જોયો હતો. આશા હતી કે પીયરમાંથી થોડી આર્થિક મદદ મળી રહેશે. પરંતુ ત્યાંથીય કોઈ રાહત મળે એવા સમાચાર આવ્યા નહીં. ઊલટાનું ભાઈ-ભાભીએ સામેથી એમની મુશ્કેલી વર્ણવતા કહ્યું, "લગ્ન જેવા પ્રસંગે તમને આર્થિક રીતે મદદરૂપ થવાની અમારી ઘણીય ઈચ્છા છે, પણ શું કરીએ? હમણાં તો અમારો હાથ જ ભીડમાં છે!" જેમ જેમ દિવસો વીતતા જતા હતા તેમ તેમ હસમુખભાઈ અને માલતીબેનની મૂંઝવણમાં વધારો થયા કરતો હતો.

સ્વરાની સગાઈ જે કુટુંબમાં થઈ હતી તે કુટુંબ આર્થિક રીતે સધ્ધર હતું. એટલે સ્વરાના લગ્નપ્રસંગે સાસરી પક્ષમાંથી આવનાર જાનના જાનૈયા અને તેમના સગાવહાલાની હેસિયતને શોભે એવી તૈયારી કરવી પડે તેમ હતું. વર પક્ષની સરભરામાં જરાય કચાશ ના રહી જાય એની તકેદારી રાખવાની હતી. એટલે ક્યાંકથી વ્યાજે નાણાં મળી જાય તો સ્વરાનો લગ્નપ્રસંગ સારી રીતે સચવાઈ જાય એવી આશાએ હસમુખભાઈએ બે-ત્રણ જગાએ તપાસ કરી જોઈ, પણ 'અક્કરમીનો પડિયો કાણો!'ની જેમ તેમને ક્યાંયથીય નાણાંની બાબતનો સધિયારો મળ્યો નહીં. સ્વરાના લગ્નની ચિંતાએ પતિ-પત્નીનું માનસિક ટેન્શન વધારી દીધું હતું.

પુરુષ જ્યારે પોતાના જીવનમાં હામ અને હિંમત ખોઇને નાસીપાસ થઈ જાય છે ત્યારે કુદરતી રીતે જ સામાન્ય ગણાતી એમની સ્ત્રી - પત્નીમાં અજબ પ્રકારની શક્તિ પ્રગટે છે અને એ પત્ની મુશ્કેલીના સમયે એના પતિની પડખે ઊભી રહે છે. કટોકટીના એવા સમયે જાણે કે પત્ની એના પતિની ઢાલ બની જાય છે અને એટલે જ તો દીકરીના લગ્ન પ્રસંગે થનાર ખર્ચની બાબતમાં હિંમત હારી ગયેલા હસમુખભાઈને એક સાંજે માલતીબેને કહ્યું : 'સ્વરાના પપ્પા, તમે હવે આપણી દીકરીના લગ્નના ખર્ચની બાબતમાં જરાય ચિંતા કરશો નહીં.'

'એટલે?' હસમુખભાઈ ઉતાવળે બોલી ગયા.

'હા, સ્વરાના લગ્ન અને કરિયાવરના ખર્ચના નાણાંની જોગવાઈ થઈ જશે.'

'લગ્નના ખર્ચની જોગવાઈ થઈ જશે એમ? પણ એ કેવી રીતે? તારી વાતમાં મને તો કાંઈ સમજણ પડતી નથી.' મૂંઝાયેલા હસમુખભાઈ બોલ્યા.

'જુઓ, મારી પાસે જે કાંઈ ઘરેણાં છે એ બધાય ઘરેણાં આપણે સોનીને ત્યાં જઈ વેચી નાખીશું. સોનાના આજના બજારભાવ પ્રમાણે સારા પૈસા મળશે. એમાંથી આપણી દીકરી સ્વરાના લગ્નપ્રસંગે દહેજ અને કરિયાવરનો વ્યવહાર સચવાઈ જશે.' માલતીબેને વાત સમજાવતાં એમના પતિને કહ્યું.

'પ...ણ... તારા ઘરેણાં? એમ કાંઈ મારાથી વેચાય ખરા? તારા ઘરેણાં પર મારો કોઈ જ હક્ક ના હોય! અને દીકરીના લગ્નપ્રસંગે ઘરેણાં વગરની તું સાવ અડવી લાગે, જે જરાય બરાબર ના કહેવાય. તને ઘરેણાં વગરની જોઇને સૌ સગા-સંબંધીઓ કેવું વિચારે? ના, ના, મારે એવું કશુંય કરવું જ નથી. દીકરીના લગ્નના ખર્ચ માટે હું કંઈ બીજી વ્યવસ્થા કરી લઈશ. બાકી તારા ઘરેણાં એમ કાંઈ મારાથી વેચાય નહીં.' ગંભીર થઈને હસમુખભાઇ બોલી ઊઠ્યા.

'મારી પાસે જે કંઈ છે એ હવે મારું નહીં પણ આપણું ગણાય. મારું આગવું કશું ના હોય. બસ, એ તો આપણું સહિયારું જ હોય. અને બીજી વાત - મને પોતાને ઘરેણાં પહેરવાનો જરાય મોહ નથી. મારી તો બસ એક જ વાત છે, આપણી સ્વરાનો લગ્નપ્રસંગે સારી રીતે પાર પડી જતો હોય તો પછી મારે ઘરેણાં પહેરીને શું કરવું છે? તમે તમારા હૈયે ધરપત રાખજો. આપણા કોઈ સંબંધી મારા ઘરેણાં બાબતે તમને કશુંય નહીં કહે.' માલતીબેને મક્કમતાથી કહ્યું.

માલતીબેનની વાત સાંભળી હસમુખભાઈના મનમાં ઘેરાયેલા ચિંતાના વાદળ થોડાંક ઓછા થયા. પડખેના શહેરમાં સોનીને ત્યાં જઈ માલતીબેનના ઘરેણાં વેચી નાખી તેમાંથી મળેલ નાણાંમાંથી દીકરી સ્વરાના લગ્નપ્રસંગે દહેજ અને કરિયાવર કરવાનું પતિ-પત્નીએ નક્કી કર્યું.

શહેરમાં જવાના આગલા દિવસે સવારમાં કોઈ અજાણ્યો માણસ હસમુખભાઈનું ઘર પૂછતો એમની શેરીમાં આવ્યો. અજાણ્યા આગંતુકને જોઈને હસમુખભાઈના મનમાં સવાલ થઈ આવ્યો, 'આ ભાઈને મેં ક્યારેય જોયા જ નથી. કોણ હશે આ?'

હસમુખભાઈએ અજાણ્યા આગંતુકને ઉષ્માભર્યો આવકાર આપી ચા-પાણી કરાવ્યા. થોડીવાર પછી એ માણસે કહ્યું, 'હસમુખભાઈ, હું તમારી દીકરીના સાસરીના ગામથી આવ્યો છું. તમારા થનાર વેવાઈએ મને આ થેલી તમને હાથોહાથ આપવાનું કહ્યું છે. લ્યો આ થેલી અને મને રજા આપો. આ..વ...જો. થેલી હાથમાં પકડીને હસમુખભાઈ, એ માણસને શેરીમાંથી બહાર નીકળતા જોઈ રહ્યા.'

હાથમાં થેલી લઈને ઘરની વચ્ચોવચ્ચ બેઠેલા હસમુખભાઈની પાસે માલતીબેન પણ બેસી ગયા. બંનેની ઉત્કંઠા વધી ગઈ હતી. થેલીમાં શું હશે? એવા સવાલમાં પતિ-પત્ની અટવાતા હતા. થોડીવારે હસમુખભાઈએ થેલીમાં જોયું તો તેમાં એક બોક્સ દેખાયું. બોક્સ ખોલીને જોયું તો પતિ-પત્નીની નવાઈનો પાર ના રહ્યો. બોક્સમાં સોનાના ઘરેણાં હતા. સોનાના ઘરેણાં જોઈને હસમુખબાઈ અને માલતીબેન અવાક્ બની ગયા. બોક્સમાં ઘરેણાંની સાથે એક ચિઠ્ઠી પણ હતી. વિસ્મય પામેલા પતિ-પત્નીએ ચિઠ્ઠી વાંચવા માંડી....

***"આદરણીય વેવાઈ હસમુખભાઈ,***

*અમને દહેજ કે કરિયાવરની કોઈ લાલસા નથી. અમારે જો દહેજ અને કરિયાવર જ જોઈતા હોત તો સમાજમાં અન્ય જગ્યાએ અમારા દીકરાનું અમે સગપણ કર્યું હોત! અમારે તો સર્વગુણસંપન્ન અને સારું શિક્ષણ મેળવેલી સંસ્કારી પુત્રવધૂ જોઈતી હતી અને એટલે જ અમે તમારી દીકરી સ્વરાને પસંદ કરી છે. સ્વરાને પુત્રવધૂ સ્વરૂપે મેળવીને અમે સૌ ધન્ય બની ગયા છીએ. હવે અમારે તમારી પાસેથી કોઈપણ રીતે રાતી પાઈ પણ જોઈતી નથી.* ***આપણાં સમાજમાં દહેજ અને કરિયાવરની પ્રથા સાવ ઊલટી છે. કોઈ માતા-પિતા જતનપૂર્વક જાળવણી કરીને ઉછેરેલી, સારું ભણતર ભણાવેલી, એમના કાળજાના કટકા જેવી દીકરી આપણને આપે અને એની સાથે દહેજ અને કરિયાવર પણ આપે એ તો સાવ અજુગતું જ ગણાય.*** *અમારા ઘેર પુત્રવધૂ બનીને આવનાર સ્વરાની હવે પછીની તમામ જવાબદારી અમારી છે. તમારી સ્વરા સિવાય બીજું કશુંય અમારે તમારી પાસેથી જોઈતું જ નથી. અમે તમારા ઋણી છીએ.*

*...તમારી દીકરી સ્વરાના લગ્નપ્રસંગે થનાર ખર્ચ, દહેજ અને કરિયાવરની બાબતે ઘણાં દિવસથી તમે ચિંતાતુર હતા એવી ખાનગી માહિતી અમને જાણવા મળી હતી. સ્વરા સાથે અમારા દીકરાના સગપણ થયા પછી આપણે એકબીજાના વેવાઈ-સગાં થયા. આપણી વચ્ચેનો આ સંબંધ માત્ર કહેવા પૂરતો - નામનો જ ના બની રહેવો જોઈએ. એકબીજાની મુશ્કેલીના સમયે એમને બની શકે એટલી મદદ કરવી એ આપણી પરસ્પર ફરજ બની રહે છે.*

*તમારી પાસેથી અમારે દહેજ કે કરિયાવર કશું જ જોઈતું નથી. એટલું જ નહીં, તમારે ત્યાં અમે જાન લઈને આવીએ ત્યારે પણ અમે મર્યાદિત સંખ્યામાં જ આવીશું. અમારા સ્વાગતમાં તમારે ખાસ જરૂરી હોય એ સિવાયની બીજી કોઈ સગવડ - સુવિધા કરવાની નથી. સાદા ભોજન અને સાદાઈથી જ આપણે તમારા આંગણાનો આપણો પ્રસંગ પૂરો કરવાનો છે.*

*સ્વરાને લગ્ન પછી એના શ્વસુરગૃહે આવ્યા બાદ એને એની પસંદગીના ઘરેણાં અમારે આપવાના જ હતા, તો પછી તમારી દીકરી સ્વરા એ ઘરેણાં પહેરીને જ એના પીયરમાંથી આનંદભેર પુત્રવધૂના સ્વરૂપે અમારે આંગણે પગલાં પાડશે તો જ અમારું આગણુંય હરખથી હરખાઈ ઉઠશે. એટલે શુભેચ્છાના પ્રતીકરૂપે અમે અમારી થનાર પુત્રવધૂ માટે ઘરેણાં મોકલાવ્યા છે. આ બાબત ભવિષ્યમાં ક્યારેય અમારા તરફથી ઉજાગર કરવામાં નહીં જ આવે. જેથી તમે નચિંત રહેજો.*

*દહેજના દાવાનળમાં ન જાણે કેટલી વહાલસોઈ દીકરીઓના જીવન બરબાદ થઈ જાય છે.* ***તો કરિયાવરના કકળાટે અનેક કોડભરી કન્યાઓના દાંપત્ય જીવનને આડે પાટે ચડાવી દીધા છે. આવા કુરિવાજો સમાજમાંથી સત્વરે નેસ્તનાબૂદ કરવા જોઈએ.*** *આજની ભીષણ મોંઘવારીના સમયે દહેજ અને કરિયાવર જેવા કુરિવાજોએ અનેક આશાભરી દીકરીઓના માતા-પિતાની ઊંઘ હરામ કરી નાખી છે. આવા દૂષણો સામે લડવાનું કામ એકલદોકલ વ્યક્તિનું નથી પણ સમગ્ર સમાજનું છે. કોઈપણ સમાજની એકતા જ આવા દૂષણો સામે બાથ ભીડી શકશે. સમાજમાંથી આવા દૂષણોને દેશવટો આપીશું ત્યારે કેટકેટલીય દીકરીઓના માતા-પિતાને હૈયે હળવાશ થશે અને પછી તો આવા દૂષણમુક્ત સમાજનું દરેક ઘર હર્યુંભર્યું અને કિલ્લોલતું બની રહેશે."*


ચિઠ્ઠીનું લખાણ વાંચ્યા પછી હસમુખભાઈ અને માલતીબેનની આંખની પાંપણો ભીની થઈ ગઈ. જાણે કે એમના માથા પરથી હિમાલયના વજન જેટલો બોજ દૂર થઈ ગયો. આજે ઘણાં દિવસો પછી પતિ-પત્નીના મન સાવ હળવાફૂલ બની ગયા. એમના કાળજે નિરાંત થઈ ગઈ.

અને ત્યારે બારણાની સાખને અઢેલીને ચૂપચાપ ઊભેલી વહાલસોઈ, તુલસીના ક્યારા જેવી દીકરી સ્વરાના મોં પર પણ આછો આછો મલકાટ જાણે કે ઝગારા મારતો હતો.

***૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,***
***તા. ધોળકા, જિ. અમદાવાદ.***
***મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦***

પરિવર્તન

# દિનરાત બદલતે હૈં... હાલાત બદલતે હૈં...



ભરત અંજારિયા

સુપ્રસિદ્ધ ગાયક હેમંતકુમારે ગાયેલું ગીત "દિન રાત બદલતે હૈં... હાલાત બદલતે હૈં..." આજના સંદર્ભ તથા પરિપ્રેક્ષ્યમાં ખૂબ જ ઉચિત જણાય છે. આપણે ત્યાં એક સામાન્ય સિદ્ધાંત છે કે જે આવે છે તે જાય છે. 'જન્મનાં જાયતે મૃત્યુ' એટલે કે જે જન્મે છે તેનું મૃત્યુ પણ નિશ્ચિત છે. જેનો ઉદય થાય છે તેનો અસ્ત પણ થાય છે. તો જેની ચડતી થાય છે, તેની પણ ક્યારેક પડતી થવાની સંભાવના રહે છે. રાત્રિ પછી દિવસ અને દિવસ પછી રાત્રિ આવે છે. દુઃખ પછી સુખ અને અજવાળા પછી અંધારું પણ આવે છે. આમ, સમયનાં ચક્ર પ્રમાણે પરિવર્તનો થતા રહે છે. 'રાત્રિ મે ગમિષ્યતિ, ભવિષ્યતિ સુપ્રભાતમ્' અર્થાત્ રાત્રિ ગયા પછી સુપ્રભાતનું આગમન અવશ્ય થાય છે.

આપણા ભૌગોલિક નિયમો અનુસાર દિવસ-રાત સતત બદલાતા રહે છે. રાત કે દિવસ લાંબો સમય ટકતા નથી. ચોવીસ કલાકે દિવસ-રાત બદલાઈ જ જાય છે. એ જ રીતે માણસ પણ વિવિધ પરિસ્થિતિઓમાંથી પસાર થતો રહે છે. માણસ માટે સમય ક્યારેક ખરાબ તથા ક્યારેક સારો આવે છે. માનવીની સ્થિતિ પણ અવારનવાર બદલાતી રહે છે.

માનવ જીવનમાં વારંવાર પરિસ્થિતિઓનું બદલાવું તે સ્વાભાવિક પ્રક્રિયા છે. **પરિસ્થિતિ કોઈ પણ હોય, પણ તેને સ્વીકારવી, તેમાં પણ મહાનતા છે.** વ્યક્તિએ પરિસ્થિતિ પ્રમાણે વર્તવામાં જરા પણ નાનપ કે હિચકીચાટ ન અનુભવવો જોઈએ. પછેડી પ્રમાણે સોડ તાણવામાં પણ શાલીનતા છે. જીવનમાં જે કાંઈ પણ પરિસ્થિતિ આવે તેનો સહર્ષ સ્વીકાર કરવામાં શાલીનતા છે. પરિસ્થિતિને અનુકૂળ થવું તેમાં માનવીની કસોટી પણ છે.

માણસના જીવનમાં પરિસ્થિતિનો મોટો પ્રભાવ હોય છે. માણસની પોતાની હાલત માટે ક્યારેક વ્યક્તિ પોતે પણ જવાબદાર હોય છે. કેટલીકવાર બીજા લોકોનાં આચરણ કે વ્યવહારને કારણે પરિસ્થિતિ બગડતી હોય છે. **નિરાશાજનક સ્થિતિમાં સકારાત્મક અભિગમ રાખીને, મનને ખુશ રાખીને જીવવાનું જો શીખવામાં આવે તો પરિસ્થિતિનો સામનો પણ થઈ શકે છે.**

કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવામાં હિંમત તથા મનોબળની જરૂર પડે છે. સાથોસાથ શ્રદ્ધા અને ધીરજની પણ જરૂર પડે છે. પરિસ્થિતિ હંમેશાં એકસમાન રહેતી નથી, પરિસ્થિતિનો પ્રવાહ વારંવાર બદલાતો રહે છે. દરેક વ્યક્તિની દિશા અને દશા બંને બદલાતા રહે છે. **પરિસ્થિતિમાં પણ દરિયાની જેમ ભરતી-ઓટ આવતા રહે છે.** ઈશ્વરે જે પરિસ્થિતિનું નિર્માણ આપણા જીવનમાં કર્યું છે તેને આપણી રીતે મૂલવીને સ્વિકારી લેવું અને તેનું સ્વાગત કરવું તે જ આજના સમયની માંગ છે.

વિશ્વમાં આવેલી મહામારી સામે એક થઈ લડવામાં આપણે પાછા ન પડીએ, કારણ આ પરિસ્થિતિ પણ ક્યારેક ચાલી જવાની છે. નવું ભારત, આત્મનિર્ભર ભારત નિર્માણ પામશે. દેશની સીકલ બદલાશે તેમાં શંકા નથી. આવો, આપણે પણ નયા ભારતના નિર્માણ માટે આગળ આવીએ.

*'આસોપાલવ', ઇન્કમટેક્સ સોસાયટી, રૈયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭. મો. ૯૪૨૬૪ ૧૭૮૫૪*

## પર્યાવરણ, પ્રદૂષણ અને આપણે

**(અનુસંધાન : પાના નં. – ૨૨ ઉપરથી ચાલુ)**

★ ઋતુઓના બદલાવથી મોટા પાયે હિજરત થાય તો રાજકીય સમસ્યા સર્જાય.

***આમ, આ ગ્લોબલ વોર્મિંગથી ૮૦% નુકસાન વિકાસશીલ દેશોને અને ગરમ પ્રદેશોને થશે.***

★ અમુક ઠંડા પ્રદેશો પોતાની સ્થિતિ સુધરશે એવું પણ માને છે. આર્કટિક પ્રદેશોમાં તેલના ભંડાર હોવાની માન્યતા છે. જો બરફ પીગળે, તો તેને પ્રાપ્ત કરી શકાય.

★ આ વિસ્તારમાં વહાણોની અવરજવર ચાલુ થવાથી પ્રશાંત મહાસાગર અને એટલાન્ટિક સાગર વચ્ચે અંતર ઘટી જશે.

★ રશિયાનું માનવું છે કે ગ્લોબલ વોર્મિંગથી જો ટુંડ્રાનો પ્રદેશ બરફથી મુક્ત થશે તો ખેતી માટે વિશાળ જમીન મળી શકે.

ખૂબ જ મોટું નુકસાન અને ખૂબ ઓછો ફાયદો અને તે પણ કદાચિત! પણ પરિસ્થિતિને જોતાં એ ન ભૂલવું જોઈએ કેઃ

*વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી*
*પશુ છે પંખી છે વનોની છે વનસ્પતિ*

*'પુષ્પક', નિર્મલસિંહની વાડી, ભુજ, કચ્છ.*
*મો. ૯૪૨૬૫ ૪૭૯૬૫, ઈ-મેઈલ : plvshah@gmail.com*

કારકિર્દી

# UPSC અને GPSCની તૈયારી અંગ્રેજી કે ગુજરાતી – કયા માધ્યમમાં કરવી?

હીરેન દવે

UPSC અને GPSC ની પરીક્ષા અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમોમાં આપી શકાતી હોવાથી અનેક ઉમેદવારો આ ક્ષેત્રે મુંઝવણ અનુભવે છે કે કયા માધ્યમની પસંદગી કયા ધારાધોરણોને આધારે કરવી? તેની પર એક નજર નાખીએ!

- **સ્ટડી મટીરિયલની ઉપલબ્ધિ :**

જો અંગ્રેજી માધ્યમ પસંદ કરવામાં આવે તો ખૂબ જ સમૃધ્ધ વાંચનસામગ્રી મળી રહે છે! અંગ્રેજી એક વિશ્વભાષા હોવાથી તેમાં પ્રત્યેક વિષય પર બહોળો અભ્યાસ કરી શકાય છે. વાંચનના અનેક સારા વિકલ્પો પણ ઉપલબ્ધ છે. દેખીતી રીતે ગુજરાતી ભાષાને અંગ્રેજી સાથે તુલના કરી શકાય જ નહીં! આથી વ્યાપક અને વિસ્તૃત અભ્યાસ કરી પરીક્ષામાં સમૃદ્ધ જવાબો પીરસવામાં અંગ્રેજી માધ્યમ મદદરૂપ બને છે, તેટલું ગુજરાતી બની શકે જ નહીં!

- **ઉમેદવારનું લક્ષ :**

જે વિદ્યાર્થીઓ એવા લક્ષ સાથે તૈયારી કરે છે કે તેઓ UPSC અથવા GPSCની વર્ગ-૧ અને ૨ની તૈયારી કરવા માંગે છે પણ જો તેમાં સફળ ન પણ થાય તો અન્ય કોઈ પરીક્ષા વર્ગ-૩ ના સ્તરે આપવા માંગતા નથી. તો તેઓ અંગ્રેજી માધ્યમમાં પરીક્ષા આપી શકે છે. પણ ગુજરાતમાં તૈયારી કરનાર અનેક ઉમેદવારોની વિશેષતા એ છે કે UPSC ની તૈયારી કરનાર ઉમેદવાર તલાટીનું ફોર્મ ભરે છે! આવા સંજોગોમાં વર્ગ-૩ ની તમામ પરીક્ષાઓ જેમ કે નાયબ સેક્શન ઓફિસર પરીક્ષા, તલાટી, કોન્સ્ટેબલ પરીક્ષા, બિનસચિવાલય ક્લાર્ક માત્ર ગુજરાતી ભાષામાં જ થાય છે. આથી આવી પરીક્ષા આપવા માંગતા ઉમેદવારે ગુજરાતી ભાષામાં તમામ વિષયો પરની પરિભાષા પર પકડ મેળવવી અનિવાર્ય છે!

- **ભાષા પ્રભુત્વ :**

ઉમેદવારની કોઈ ભાષા પર કેટલી પકડ છે તે પણ એક જોવાનો મુદ્દો છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં અનેક વિષયોનો અભ્યાસ કરવાનો હોય છે જેમકે ઇતિહાસ, ભૂગોળ, રાજ્યવ્યવસ્થા, અર્થવ્યવસ્થા, સાંપ્રતપ્રવાહો, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, નીતિશાસ્ત્ર, લોકપ્રશાસન, પર્યાવરણ અને જીવવૈવિધતા વગેરે. આ તમામ વિષયો પર એક ભાષામાં જવાબ લખવાના હોય છે. તમામ વિષયોની પરિભાષા (ટર્મિનોલોજી) પર એકસરખી પકડ મેળવવી પણ ખૂબ મુશ્કેલ છે. આમ કઈ ભાષા પસંદ કરવી તેનો જવાબ બહાર નહીં પણ ઉમેદવારે અંદર ખોજવો પડે એમ છે. અનેક ઉમેદવારો કે જે ઇજનેરી કે તબીબી ક્ષેત્રે સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલ છે તેઓ અંગ્રેજી માધ્યમને પસંદ કરે છે. તેમના મનમાં એમ હોય છે કે તેઓ સારી રીતે ગુણ મેળવી શકશે! પણ જેમ જેમ તૈયારી કરે છે, તેમ તેમ ખ્યાલ આવે છે કે જો શાળામાં ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરેલ હોય તો તેઓ અનેક વિષયો પર ગુજરાતી માધ્યમમાં સારી રીતે સમજી પણ શકે છે અને વધુ અસરકારક રજૂઆત પણ કરી શકે છે.

- **પરીક્ષામાં લાભ (લેંગ્વેજ બાયસ) :**

અનેક ઉમેદવારો એવી માન્યતા ધરાવે છે કે અંગ્રેજી માધ્યમમાં જો GPSC આપવામાં આવે તો વધુ માર્ક મળે છે અને ગુજરાતી માધ્યમમાં જો GPSC આપવામાં આવે તો લાભ થાય છે. પણ આ માન્યતા પાયાવિહોણી છે. GPSC વર્ગ-૧ અને ૨ ના પરિણામમાં ગુજરાતી કરતાં અંગ્રેજી માધ્યમ સાથે વધુ અધિકારીઓ ઉત્તીર્ણ થયા હોવાના લીધે ક્યાંક આવી માન્યતા લોકમાનસમાં ઘર કરી ગઈ છે. કયું લોકસેવા આયોગ એવું વિચારશે કે રાજભાષા કરતા વિદેશી ભાષાને વધુ પ્રાધાન્ય આપવું? આ માન્યતાને ખંડિત કરવા GPSC ના અધ્યક્ષ માનનીય દિનેશ દાસાસરે અનેક વખત સોશિયલ મીડિયા, ટેલિવિઝન જેવા માધ્યમો દ્વારા એવી સ્પષ્ટતા કરી છે કે GPSC અંગ્રેજી માધ્યમને કોઈ પ્રાધાન્ય આપતી નથી. હવે તો એવું પણ જાહેર કરવામાં આવ્યું કે ઉમેદવાર એક જવાબ ગુજરાતીમાં અને બીજો જવાબ અંગ્રેજીમાં આપવા માંગે તો પણ આપી શકે છે. અંગ્રેજી માધ્યમમાં વધુ ઉમેદવારો એટલા માટે પાસ થાય છે કે તેઓ બૃહદ્ અને માહિતીસભર વાંચન કરી શકે છે અને વધુ ગહેરાઈથી ઉત્તર આપી શકે છે.

UPSC માટે પણ એમ કહી શકાય. UPSC માટે એવી માન્યતા છે કે ગુજરાતી ભાષામાં વધુ માર્ક આપવામાં આવે છે. એવા પણ અનેક ઉમેદવારો છે કે જેમણે UPSC માં મુખ્ય પરીક્ષામાં એક વખત અંગ્રેજીમાં પરીક્ષા આપ્યા બાદ બીજો પ્રયત્ન ગુજરાતીમાં આપ્યો હોય તો માર્ક ઘટ્યા હોય! જે માધ્યમ પર તમારું પ્રભુત્વ હોય તેમાં જ તમે લક્ષ્ય સિધ્ધ કરી શકશો! ■

હસ્તકલા

# સવિશેષ રોજગારીનું સર્જન કરતું ભારતનું હસ્તકલા ક્ષેત્ર



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

હસ્તકળાએ લોક પરંપરાઓ અને સુંદરતાની અભિવ્યક્તિઓમાં કૌશલ્ય, તકનિક અને કળાના વિવિધ સ્વરૂપો સાથે સદીઓ - યુગોની સફર ખેડી છે. ભારતીય હસ્તકળાનાં મૂળિયાં ગુફાઓમાં રહેતા આદિમાનવ સુધી દોરી જાય છે. જેઓ શિલાઓ પર કોતરકામ કરીને પોતાની લાગણીઓની રચનાત્મક અભિવ્યક્તિ કરતા હતા.

ભારતીય ઇતિહાસથી વાકેફ વિદ્યાર્થીઓને ખ્યાલ છે, તે મુજબ હસ્તકલાની વસ્તુઓ વિખ્યાત મોંહે-જો-દડો તથા હડપ્પન સંસ્કૃતિની જગ્યાઓ પરથી મળી આવેલી છે. નૃત્ય કરતી છોકરીની પ્રતિમા, આભૂષણો વગેરે. સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી હસ્તકળા, એ ભારતીય પરંપરાનો હિસ્સો હોય તેવું સાબિત કરાવે છે. પ્રાચીન કલાના અભ્યાસુઓના મત મુજબ આ કલા તેમના પૂર્વજો દ્વારા લોકો હસ્તગત કરતા રહ્યા.

**ભારતના દરેક પ્રાંતની એક અનોખી હસ્તકળા છે.** જેમાં તેઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સામગ્રીઓનો ઉપયોગ કરે છે. કૃષિક્ષેત્રે સમર્પિત અસંખ્યાત લોકોએ આ હસ્તકલા ક્ષેત્રને વૈકલ્પિક રોજગારી ક્ષેત્ર તરીકે અપનાવેલ છે. ભારતના કલાકારોને તેમની ડીઝાઈન, રંગના શ્રેષ્ઠ ઉપયોગ માટે માન્યતા આપવામાં આવે છે.

- **હસ્તકલાની પરિભાષા :**

હસ્તકલાની વ્યાખ્યા કે પરિભાષા માટેના તા. ૧૨-૩-૧૯૯૫ના એક ન્યાયીક ફેંસલામાં લુઇસ શોપ વર્ણવે છે કે, “એની બનાવટ મુખ્યત્વે હાથથી થાય છે. જો બનાવટમાં થોડી મશીનરી ઉપયોગી બની હોય તો એમાં કશો વાંધો નહીં. એ ઓર્નામેન્ટેશન કે ઇન્લે વર્ક કે આવા પ્રકારના કામની દષ્ટિએ સુશોભિત કલાત્મક લાગવી જોઈએ. આ પ્રકારનો અભિગમ હસ્તકલાનો મહત્ત્વપૂર્ણ અભિગમ કહેવાય.”

- **કારીગરો અને કલાઓ :**

આપણા દેશમાં અંદાજે ૭૦ લાખ જેટલા હસ્તકળાના કારીગરો છે. જેમાં ૨૦ લાખ જેટલા કાર્પેટ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. જેઓ ખાસ કરીને મેટલ એન્ગ્રેવિંગ, ઝરી-ઝરદોશી, કચ્છી ભરતકામ, સ્ટોન કાર્વિંગ, નેતર અને વાંસકામ, વુડ ઇન્લે, ટેરાકોટા, લાકડાના રમકડાં આદિ સાથે કાર્યરત છે.

- **હસ્તકલા કારીગરોની સમસ્યાઓ :**

આ કારીગરો ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના છે. તેમને બજારના ભાવની ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. વચેટીયાઓ તેમનું શોષણ કરતા જ રહે છે. વિશેષ મૂડીની ઉપલબ્ધિ નથી. અશિક્ષિત વર્ગ છે.

- **કારીગરોને પ્રોત્સાહન માટે સુવ્યવસ્થા :**

હસ્તકલાના કારીગરોના આર્થિક, સામાજિક વિકાસ માટે ભારત સરકારે સ્તુત્ય પ્રયત્નો આદર્યા છે. તેમને ટેકનિકલ તથા નાણાંકીય સહાય અપાય છે. ડેવલપમેન્ટ કમિશ્નર, દેશના હેન્ડિક્રાફ્ટ ક્ષેત્રનું નેતૃત્વ કરે છે. મુંબઇ, કોલકત્તા, ચેન્નાઇ, ગૌહત્તી, નવી દિલ્હી તથા લખનૌ – આ છ સ્થળે પ્રાદેશિક ઓફિસો કાર્યરત છે. ૫૩ જેટલા ફિલ્ડ યુનિટો કારીગરોને સહકાર બક્ષે છે.

- **હસ્તકલા ક્ષેત્રે એવોર્ડ :**

હસ્તકલાની શ્રેષ્ઠ કૃતિઓને ઍવોર્ડ આપવામાં આવે છે. જેથી કારીગરોને પ્રોત્સાહન મળે. સૌથી મહત્ત્વનો **‘શિલ્પગુરુ એવોર્ડ’** છે. ઉપરાંત નેશનલ મેરિટ ઍવોર્ડ, નેશનલ મેરિટ સર્ટિફિકેટ એન્ડ ડીઝાઇન ઇનોવેશન ઍવોર્ડની શરૂઆત ઇ.સ. ૨૦૧૬થી થવા પામી છે. શિલ્પગુરુ ઍવોર્ડ ધાતુ પરની મીનાકારી માટે શ્રી ઇન્દરસિંઘને ઇ.સ. ૨૦૧૫માં મળેલો.

- **હસ્તકલા ક્ષેત્રે ચીજવસ્તુઓની નિકાસ :**

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારત હસ્તકલાની ચીજવસ્તુઓનું મહત્ત્વનું સપ્લાયર રહ્યું છે. હસ્તકલા, એ ભારતીય ઉપખંડની કરોડરજ્જુ મનાય છે. લગભગ ૧૯૯ પ્રકારની ચીજવસ્તુઓનું ઉત્પાદન તથા નિકાસ થઈ રહ્યા છે. જેમાં ખાસ કરીને કલાત્મક ચીજવસ્તુઓ, હેન્ડ પ્રિન્ટેડ ટેક્ષટાઈલ, ભરતકામ, નેતરકામ, વાંસકામ, શંખકામ આદિ સમાવિષ્ટ છે. જર્મની, ઇટાલી, નેધરલેન્ડ, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, જાપાન, અમેરિકા અને કેનેડા વગેરેના ગ્રાહકો છે.

- **નેશનલ હેન્ડિક્રાફ્ટ્સ એન્ડ હેન્ડલુમ મ્યુઝિયમ :**

નવી દિલ્હીના પ્રગતિ મેદાનમાં ક્રાફ્ટ મ્યુઝિયમ પ્રસિધ્ધ છે. દેશ વિદેશના હજારો પ્રવાસીઓ અત્રે પધારે છે. તેમને હસ્તકલા કારીગરીની પ્રત્યેક ચીજવસ્તુઓ રસદાયી રીતે દર્શાવવામાં આવે છે. કારીગરો સાથે મુલાકાતીઓ પ્રશ્નોત્તરી કરી માહિતી ઉપલબ્ધ કરી શકે છે. આ મ્યુઝિયમ અતિશય વિશાળ છે.

ભારતમાં પરંપરાગત હસ્તકલામાં પાટણના પટોળા, સુરતનો ઝરીકસબ ઉદ્યોગ, કચ્છના આભલા ભરતકામ, કાશ્મીરના ગાલીચા, કાનપુર દિલ્હીના ચર્મકામ, ગુજરાતના આદિવાસીઓના નેતર અને વાંસકામ તથા કચ્છનું અન્ય કામ સુવિખ્યાત છે. આપણો હસ્તકલા ઉદ્યોગ અસંખ્ય લોકોને રોજગારી પૂરી પાડવાનું મોટું ક્ષેત્ર છે.

*“સહજાનંદ”, ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

સંસ્કૃતિ

# ગુજરાતની કલાનું સંવર્ધન અને કલાપ્રતિષ્ઠાન



નરેશ અંતાણી

ભારતીય કલા અને સંસ્કૃતિના સંવર્ધનમાં અનેક લોકોએ પોતાનું જીવન સમર્પિત કરી પોતાની કલા સાધનાને સાર્થક કરી છે. આ કલા, એ એક સાધનાનો માર્ગ છે, તો કલા, એ વ્યક્તિની પોતાની ઓળખ અને પોતાનામાં છૂપાઈ રહેલી શક્તિની અભિવ્યક્તિનું પણ માધ્યમ છે. માણસજાતને અમર રહેવાની મહેચ્છા હોય છે. પણ આપણે જાણીએ છીએ કે માણસ માત્ર નાશને પાત્ર છે. માનવી શારીરિક રીતે તો અમર રહી શકે નહીં, પણ **કલા, એ એક એવું માધ્યમ છે જેના સહારે માનવી અમર બની શકે છે.** કેટલાય લોકો પોતાના જીવન દરમિયાન એવું કાર્ય કરી ગયા છે કે, જે પોતાની કલા કે કાર્ય દ્વારા અમર બની ગયા છે. કલા, એ કલાકારને જીવતો રાખે છે, તેના નામ પર તેની કલા સદીઓ સુધી ધૂળ ચડવા દેતી નથી.

આપણો દેશ કલાપ્રિય દેશ છે. તેમ આપણું રાજ્ય ગુજરાત પણ અનેક કલાઓથી વિશ્વવિખ્યાત છે. કેટલીય કલાઓ એવી છે કે, ગુજરાતમાં ઉછરી છે અને એ પછી દેશ વિદેશમાં ખ્યાતિ પામી છે. સામાન્ય રીતે ગુજરાતની ઓળખ વેપારી વર્ગ તરીકે કરવામાં આવે છે પરંતુ જ્યાં લક્ષ્મીનો વાસ હોય ત્યાં સરસ્વતી કે નટરાજની પણ હાજરી હોય જ અને આ હકીકત ગુજરાત માટે ખોટી પણ નથી. **કલાગુરુ રવિશંકર રાવલે** ગુજરાતની ચિત્રકળાની પરંપરા શરૂ કરવામાં જિંદગી ખર્ચી નાખી અને તેમના અનેક નામી અનામી શિષ્યોએ ગુજરાતની કલાના ઈતિહાસને સમૃદ્ધ બનાવ્યો છે.

ગુજરાત કલા ક્ષેત્રે ખૂબ સમૃદ્ધ છે. આ સમૃદ્ધિ અનેક વિવિધતાથી છલોછલ છે. કચ્છથી છેક ધરમપુર સુધી કલાનો વૈભવ જોવા મળે છે. આમ, કલા, એ ગૌરવવંતા ગુજરાતીઓની રગેરગમાં વણાઈ ગઈ છે. આમ છતાં ગુજરાતમાં અનેક કલાનો વિકાસ તો થયો છે પરંતુ પ્રજાકીય સ્તરે તેને જોઈએ એટલું પ્રોત્સાહન મળ્યું નથી. પરિણામે કલા હાંસિયામાં ધકેલાઈ જતી હોય એવું લાગે છે. આવા સમયે ગુજરાતની કલાના કલાકારોના હાથ ઝાલવાનું, તેમની કલાને પ્રોત્સાહન આપવાનું અને સંવર્ધન કરવાનું કપરું કામ સુરત સ્થિત કલા પ્રતિષ્ઠાને ઉપાડ્યું છે. કલા પ્રતિષ્ઠાનના કર્મઠ પ્રમુખ **રમણિકભાઈ ઝાપડિયા** દાયકાઓથી અવિરત કલા સેવા કરતા આવ્યા છે. ગુજરાતમાં ફક્ત કલાને સંલગ્ન કલાયજ્ઞ થતો હોય એવું ભાગ્યે જ જોવા મળે છે. કોરોનાના કપરા કાળમાં પણ કલા પ્રતિષ્ઠાને કલાકારોનો હાથ ઝાલ્યો હતો.

ઈ.સ. ૨૦૦૩માં સુરત ખાતે સ્થપાયેલી કલા પ્રતિષ્ઠાને અત્યાર સુધી સફળતાના અનેક સીમાચિહ્નો સર કર્યા છે. અનેક પ્રકારની કલાની પ્રવૃત્તિઓ દ્વારા કલાના વિકાસ અને કલાકારોના જીવનમાં અનેક ઊંચાઈ સર કરી આજે કિશોરાવસ્થામાંથી યૌવન સંસ્થા તરીકે સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. કલા વિષયક કલા ગ્રંથોનું પ્રકાશન, ચિત્ર વર્કશોપ, કલાશિબિર, કલાવિદ સામાયિકનું નિયમિત પ્રકાશન જેવી અનેક પ્રવૃત્તિઓ ઉપરાંત કલાકારોના આર્થિક ઉત્થાન માટે આ કલા સંસ્થા પ્રવૃત્ત છે. **'જશુભાઈ નાયક કલાનિધિ ફંડ'**ની રચના કરી, એ દ્વારા વનમેન શો અને ગ્રુપ શો નું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત કલાકારોના અંગત જીવનમાં પણ આવતી આપત્તિના સમયે પણ આ સંસ્થા તેના કલાકારના એક સ્વજનની જેમ સાથે ઊભી રહે છે.

કલા પ્રતિષ્ઠાનની પ્રવૃત્તિ ઉમદા અને સમાજને ઉજવાળનારી રહી છે. આ સંસ્થાએ ગુજરાતની કલા, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યને ઉજાગર કરવાનું તથા તેનું સુરેખ દસ્તાવેજીકરણ કરવાનું જે ઉમદા બીડું ઝડપ્યું છે, એ દ્વારા આવનારી અનેક પેઢી અને કલાકારો માટે એક અમૂલ્ય સાંસ્કૃતિક વારસાના ખજાનાનું સર્જન કરી આપ્યું છે.

જાણીતા પૂર્વ સનદી અધિકારી અને લોકસંસ્કૃતિના મર્મજ્ઞ **લેખક વી.એસ. ગઢવી** લખે છે કે, કલા પ્રતિષ્ઠાનની સમગ્ર ટીમ છેલ્લા ચૌદ વર્ષથી સક્રિય રીતે ગુજરાતની કલાઓને ઉજાગર કરવાનું તથા કલાકારોનું સંવર્ધન કરવાનું આ પડકારરૂપ કાર્ય દૃષ્ટિસંપન્ન રીતે કરે છે એ નોંધપાત્ર બાબત છે અને કલાની સાધનારૂપ આ હવનમાં **કાંતિસેન શ્રોફ (કાંતિકાકા)** જેવા અનેક શ્રેષ્ઠીઓ આહૂતિ આપી, ગુજરાતની પરંપરાઓને જાળવી રાખવામાં ઉત્તમ સહાયરૂપ બની રહ્યા છે, જે પણ નોંધપાત્ર છે. આ સંસ્થા સાથે ગુજરાતભરના ૮૦૦થી વધારે કલાકારો તથા કલારસિકો જોડાયેલા છે.

ગુજરાતના કલાજીવનમાં ઉજાશ પાથરવાના ઉમદા હેતુથી કલાશિક્ષણની સાથે લોકશિક્ષણના પ્રચાર-પ્રસારના હેતુથી

પ્રતિષ્ઠાન દ્વારા **'કલાવિદ્'** નામનું **સામયિક** પણ પ્રકાશિત કરવામાં આવે છે, જે કોઈ પણ જાતનું શુલ્ક લીધા સિવાય ૧૪૦૦થી પણ વધારે કલાકારો, કલારસિકો અને ભાવકોને નિયમિત રીતે મોકલવામાં આવે છે.

**કલા પ્રતિષ્ઠાનની કલા જગતની નોંધપાત્ર એવી પ્રવૃત્તિ એટલે ગ્રંથ પ્રકાશન પ્રવૃત્તિ.** આ સંસ્થા દ્વારા અત્યાર સુધી પ્રસિદ્ધ કરાયેલા ૩૦ જેટલા કલાગ્રંથો, એ ગુજરાતના વાંચનાલયોની શોભા વધારે એવી ઉમદા સામગ્રી પીરસનારા તો છે જ, સાથોસાથ પીએચ.ડી. કે એમ.ફીલ. કરતા સંશોધકોને તથા સરકારી સેવામાં જોડાવા ઇચ્છનારાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ માર્ગદર્શકરૂપ બની રહ્યા છે. તો ઉત્તમ વાંચન સામગ્રી પૂરી પાડતા આ ગ્રંથો વિવિધ પુરસ્કારો માટે પણ ખરા ઉતરે એવા એક એકથી ચડિયાતા બન્યા છે.

ગુજરાતના કલાસર્જકોને જીવનમાં કલાજ્ઞાનથી સમૃદ્ધ કરવાના શુભ ઉદ્દેશ્યથી અત્યાર સુધી પ્રસિદ્ધ કરવામાં આવેલા ૩૦ ગ્રંથોની યાદી જાતે જ ગુજરાતની સમગ્ર કલા સંસ્કૃતિને આપણી નજર સમક્ષ ખડી કરી આપે છે. કલા સમૃદ્ધિથી ભરપૂર આ ગ્રંથોની યાદી જોઈએ તો : (૧) સૌરાષ્ટ્રના લોકકલા કારીગરના ચિત્ર પ્રતીકો (ખોડીદાસ પરમાર), (૨) ગુજરાતના ભીંતચિત્રો (જોરાવરસિંહ જાદવ), (૩) રંગ, રૂપ અને રચના ભાગ-૧ (પ્રતાપસિંહ જાડેજા), (૪) રંગ, રૂપ અને રચના ભાગ-૨ (પ્રતાપસિંહ જાડેજા), (૫) રૂપ નામ જૂજવા (જ્યોતિ ભટ્ટ), (૬) કળાનું મૌન (કનુ પટેલ), (૭) કલાગીરી (દીપ્તિ પરાગ), (૮) રંગોએ ફૂટી કુંપળ (સુરેશ વિરાણી), (૯) પીંછી, રંગ અને કેનવાસ (રમેશ શાહ), (૧૦) કલાગુરુ જશુભાઈ નાયક (રમણિક ઝાપડિયા) (૧૧) કળાયોગ અનુષ્ઠાનગાથા ભાગ-૧ (જયેન્દ્ર શેખડીવાળા), (૧૨) કળાયોગ અનુષ્ઠાનગાથા ભાગ-૨ (રમણિક ઝાપડિયા), (૧૩) કૃતિ, આકૃતિ અને પ્રકૃતિ (સવજી છાયા), (૧૪) ખરક જાતિની કલા સંસ્કૃતિ (ડૉ. સુરેશ શેઠ તથા ગાયત્રી ત્રિવેદી), (૧૫, ૧૬ તથા ૧૭) 'પ્રતાપી' રેખાંકનોના સર્જક પ્રતાપસિંહ જાડેજા ભાગ-૧ તથા ભાગ-૨ (સંપાદક : રમણિક ઝાપડિયા), (૧૮) કલાગુરુ રવિશંકર રાવલ ભાગ-૧ (રમેશ શાહ), (૧૯) કલાગુરુ રવિશંકર રાવલ ભાગ-૨ (રમેશ શાહ), (૨૦) કલાગુરુ રવિશંકર રાવલ ભાગ-૩ (રમેશ શાહ), (૨૧) **કચ્છની કમાંગરી ચિત્રકલા (પ્રદીપ ઝવેરી)**, (૨૨) રાઠવાનો પીઠોરો (અરવિંદ ભટ્ટ), (૨૩) લોકસંસ્કૃતિ અને કલામાં પશુઓ (જોરાવરસિંહ જાદવ), (૨૪) લોકભરતમાં ચિત્રકલા (ખોડીદાસ પરમાર), (૨૫) શૂરવીર પાળિયા (ભાટી એન.), (૨૬) સૂર્ય સંવેદના (સવજી છાયા), (૨૭) **ગુજરાતની અમૂલ્ય ધરોહર** (નરેશ અંતાણી), (૨૮) રૂપપ્રદ કલા ભાગ-૧/૨ (માર્કંડ ભટ્ટ), (૨૯) રૂપપ્રદ કલા ભાગ-૩ (માર્કંડ ભટ્ટ), (૩૦) રવીન્દ્રનાથનો કલાવૈભવ (ડૉ. સતીશચંદ્ર વ્યાસ) – આ ગ્રંથો કલાના વિશ્વકોશની ગરજ સારે છે. આથી જ ગુજરાતના જાણીતા લેખક, પૂર્વ સનદી અધિકારી અને સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી સેક્રેટરી **પ્રવીણભાઈ લહેરી** કલા પ્રતિષ્ઠાન અંગે પોતાના વિચારો વ્યક્ત કરતા કહે છે કે, "ગુજરાતના કલા તથા સ્થાપત્ય માટે જાહેરમાં અયોગ્ય વિચારો રજૂ કરનારા બંગાળના ઇતિહાસકાર રામચંદ્ર ગુહાએ કલા પ્રતિષ્ઠાનના પ્રસિદ્ધ કરાયેલા અંકો તેના પ્રસિદ્ધ કરાતું સામયિક 'કલાવિદ્'ના અંકો જોયા હોત તો તેમનો ભ્રમ નિરસન થાત એમાં કોઈ શંકા નથી."

આમ, કલા પ્રતિષ્ઠાનની ગુજરાતની કલા અને કલાકારોના જીવનમાં અજવાળાં પાથરતી આ પ્રવૃત્તિની સરાહના કરવાનો તથા તેને આગળ ધપાવવા સખીદાતાઓ તથા મહાજનોએ આગળ આવવાનો આજ ઉત્તમ સમય છે.

## રંગકર્મીઓના જીવનમાં રંગ પૂરવાનું સ્તુત્ય પગલું

વર્તમાન સમયમાં વિશ્વમાં ઊભી થયેલી કોરોના ભયાનક મહામારીમાંથી આપણું રાષ્ટ્ર અને રાજ્ય ગુજરાત પણ બાકાત રહ્યું નથી. આ રોગના વિષાણુથી સમગ્ર માનવજાત ભયભીત છે ત્યારે **આપણા દેશના તબીબો પોતાનો જીવ હથેળીમાં લઇને દિવસરાત કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરી રહ્યા છે અને બે મહિનાથી વધુ સમયથી અનેક જિંદગીને નવજીવન આપીને કોરોનાને હંફાવવામાં પોતાનો સિંહફાળો આપ્યો છે. તો પેરામેડિકલ સ્ટાફ, નર્સ વગેરે પણ દિનરાત આ દર્દીઓની સેવામાં લાગ્યા છે. આજ રીતે લોકોની સુરક્ષા અને લોકડાઉનનું ચુસ્ત પાલન કરાવવા દેશના સુરક્ષા કર્મીઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ, નાગરિક સંરક્ષણ કાર્યકરો વગેરે પણ પોતાની ફરજનું પાલન અવિરત રીતે કરી રહ્યા છે. સ્વચ્છતા કર્મીઓ પણ 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'**ના મંત્રને આત્મસાત્ કરીને લોકોના ઘર સુધી આ દર્દ ન પહોંચે એ માટે સતત સફાઇના કાર્યોમાં મગ્ન રહ્યા છે. આજ રીતે દેશના **મીડિયાકર્મીઓ** પણ સંવાદદાતાઓ, સંદેશવાહકો પણ મુસીબતોને હાથમાં લઈને ફિલ્ડમાં ફરીને સમગ્ર દેશમાં કોરોના મહામારીના સમાચારો તથા આ અંગે રાખવાની સતર્કતાનો સંદેશ જનજન સુધી પહોંચાડવાનું માધ્યમ બની રહ્યા છે. **સરકારના અધિકારીઓ અને કર્મચારીઓ** પણ દેશને સુરક્ષાકવચ પૂરું પાડવામાં પોતાનું મંતવ્ય ચૂક્યા નથી.

આમ, આ સાધકોએ ખરા અર્થમાં રાષ્ટ્રદેવતાના ચરણે પોતાની સેવાનું અર્ઘ્ય અર્પણ કર્યું છે. આ પ્રત્યેક કોરોના યોદ્ધા, કોરોનાની સામે લડી રહ્યા છે.

વર્તમાનમાં સમગ્ર દેશનું જનજીવન અને અર્થતંત્ર અસ્તવ્યસ્ત થઈ ગયું છે. તેની અસર આપણા ઉમદા કલાકારો સુધી પણ પહોંચી છે. કલા પ્રતિષ્ઠાને આ કલાકારોના જીવનમાં રંગ પૂરવાનું બીડું ઝડપ્યું છે.

કલાકારોના અંગત જીવનમાં પણ આવતી આપત્તિના સમયે પણ આ સંસ્થા તેના કલાકારના એક સ્વજનની જેમ સાથે ઊભી રહે છે. ફરી એકવાર આ કલા સંસ્થાએ પોતાની પવિત્ર ફરજ બજાવી, એક ઉમદા કાર્ય હાથ પર લીધું છે.

કલા પ્રતિષ્ઠાનના પ્રમુખ **રમણિક ઝાપડિયા** કહે છે કે, આવા કપરાકાળમાં કોરોના યોદ્ધાઓને બિરદાવવા કલા પ્રતિષ્ઠાને એક નાનકડા કલાયજ્ઞની શરૂઆત કરી હતી. ભારતીય કલા - સંસ્કૃતિની ધરોહરને જીવતી રાખનારા કલાસાધકોએ લોકડાઉનના નિયમોનું સંપૂર્ણ પાલન કરીને ઘરને આંગણે બેસીને **સત્યમ્, શિવમ્ અને સુંદરમ્** ની શાશ્વત ભારતીય કલાની વિચારધારાને અનુસરીને આ કર્મઠ કોરોના યોદ્ધાઓની ગૌરવગાથાને રંગો દ્વારા કેનવાસ પર ઢાળીને સપ્તરંગી સામ્રાજ્ય ઊભું કર્યું છે. લોકડાઉનના સંપૂર્ણ નિયમો પાળીને દરેક કલાકારોને પ્રતિષ્ઠાન દ્વારા ઘરઆંગણે જ કેનવાસ તથા જરૂરી સામગ્રી પૂરી પાડવામાં આવી હતી અને આ રીતે બાવન કલાકૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. કલા પ્રતિષ્ઠાન સાથે જોડાયેલા આ કલાસાધકોને આવા કપરા સમયમાં તેની પડખે ઊભા રહીને, પ્રેમ અને હૂંફ આપીને **પારિવારિક શુભ ભાવનાથી બાવન કલાકારોને** રૂા. ૩,૧૧,૦૦૦/-ની રોકડ રાશિ કલા પ્રતિષ્ઠાનના કલાગુરુ **'જશુભાઇ નાયક કલાનિધિ ફંડ'** તથા કચ્છના ઉદ્યોગપતિ અને જાણીતા કલાકાર **કાંતિસેન શ્રોફ 'કાકા'ના શ્રોફ આર્ટ ફાઉન્ડેશન**ના સહયોગથી રંગકર્મીઓના જીવનમાં રંગ પૂરવાની ઉમદા ભાવનાથી અર્પણ કરવામાં આવ્યા હતા.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## વસુંધરા ખોળે પ્રેમબાઈ!

**(અનુસંધાન : પાના નં. – ૨૧ ઉપરથી ચાલુ)**

પ્રેમબાઈ ભક્તિમાં વધુ ઊંડી ઉતરતી ગઈ. તેના મા-બાપ ખેતરે ખેતી કરવા ગયા હતા. જાણે શું થયું? પ્રેમબાઈના મા-બાપને કાળતરો ડંખી ગયો. બંનેના પ્રાણપંખેરું ઉડી ગયા. દાદા-દાદી, મા-બાપનું છત્ર ગુમાવ્યા પછી પ્રેમબાઈને સંસારરસ વધુ ખારો લાગ્યો. પણ સાધુ-સંતોનો સંગ વધી ગયો હતો. હરિભજન ગાવા, સાધુ-સંતોની સેવાચાકરી કરવી, પ્રેમબાઇને બહુ જ ગમતી હતી. ભાઈનો આશરો હતો. ભાભી વધ્યું-ઘટ્યું, કાચું-પાકું ખાવા આપે, તોય હસતે મુખે ખાઈ લેતી. પ્રેમબાઈ લોકલાજ મૂકી સાધુ-સંતો સાથે ભજન-કીર્તન કરતી હતી.

'પ્રેમબાઈ, આ તમારા નાટક-ચેટક બંધ કરી દેજો, નહીં તો ઘરમાંથી કાઢી મૂકીશ. સમજ્યા?'

'ભાભી, મારા પ્રભુજીના નાટક-ચેટક બંધ કરી દઉં તો મારા સાધુ-સંતો મારાથી રીસાઈ જાય!'

નિર્દોષ, શાલીન પ્રેમબાઈ ભક્તિના રંગે રંગાતા-રંગાતા બાર વર્ષની થઈ ગઈ હતી. કિશોરીના રંગે રંગાવું એવો વિચાર તો પ્રેમબાઇને ક્યાંથી આવે? ગુરૂજીના નામની માળા ડોકમાં પહેરી સેવા કરતી પ્રેમબાઈથી ભાભી દાઝે ભરાવા લાગી હતી. પ્રેમબાઇને ભૂખી રાખે, નહાવા ગરમ પાણી આપે, પૂરું પાગરણ નહીં. પ્રેમબાઈ સતત હરિને ભજ્યા કરતી હતી. સ્મરણ કરતી : 'હરિ, મારી લાજ રાખજે.'

શિવમંદિરે સાધુ-સંતો, ભક્તજનોનો ભક્તિ મેળો જામ્યો હતો. દર્શનાર્થીઓ, ગામલોકો પણ હતા. પ્રેમબાઈ તો પ્રભુમાં તલ્લીન થઈ હરિભજન ગાતી હતી. ત્યાં તેની ભાભી આવી. બધાની વચ્ચે તાડુકી : 'એય ભક્તાણી, ઊભી થા. સાધુ-સંતોને ભોગવનારી સુંદરી તારા નાટક બંધ કરી દે. તું સાધુ સાથે પાપ-લીલા કરે છે!'

'ભાભી, હું તો મારા હરિના ગુણ ગાઉં છું. મારા ઉપર ખોટું આળ શા માટે ચઢાવો છો?'

'સત્યવાદીની દીકરી હો, તો સાબિત કરી બતાવ, કે તું પવિત્ર છો, અખંડિત છો!'

**સાધુ-સંતો સ્તબ્ધ! દર્શનાર્થી દિગ્મૂઢ! ભક્તજનોનાં ડોળા ફાટી ગયા. વૃક્ષના પાંદડા હલતાં બંધ થઈ ગયા. પવન થંભી ગયો.**

પ્રેમબાઈએ ધરતી સામે બે હાથ જોડ્યા અને બોલી : 'હે ધરતીમા, જો હું પવિત્ર હોઉં તો તું મને તારી ગોદમાં સમાવી લે.'

ને ધરતી ફાટી. પ્રેમબાઇને વસુંધરાએ ખોળે લઈ લીધી. ભાઈ દોડ્યો, ભાભી દોડી. ગામલોકો બે હાથ જોડી પ્રેમબાઈને વંદી રહ્યા. દયાશંકરે પ્રેમબાઈની ભાભીને કહ્યું : 'દીકરી, તું મા ભગવતીને ઓળખી ન શકી. **સતના પારખા ન કરાય, સતની પૂજા કરાય!'**

*'શ્રી પવનતનય' - ૩, વિમલ નગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫. ફોન : (૦૨૮૧) ૨૫૬૧૦૫૧ મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*

વ્યક્તિ / સંસ્થા વિશેષ

# કચ્છના રતન : મણિભાઈ સંઘવી



પ્રવીણચંદ્ર ઠક્કર

પ્રખ્યાત લેખક રમણલાલ વ. દેસાઈએ ગુજરાતના ત્રણ પ્રદેશો **– ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને એક બિલીપત્રના ત્રણ પાંદડાની ઉપમા આપી છે.** આ કચ્છમાં ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોથી પ્રેરાયેલા સેવાનિષ્ઠ, શીલ સંપન્ન રચનાત્મક કાર્યકરોની ફોજ ૧૯૨૧થી તૈયાર થતી ગઈ. આ ફોજ પૈકીના એક યુગપ્રવર્તક રહ્યા છે હાડોહાડ ગાંધીજન મણિભાઈ (૧૯૨૧ – ૨૦૦૮). સામાજિક, આર્થિક, શૈક્ષણિક દૃષ્ટિએ પ્રગાઢ અંધકારમાં ઘેરાયેલા **વાગડ વિસ્તારના સમાજ જીવનમાં તેમણે સ્વરાજની વિભાવનાને મૂર્તિમંત કરવા જે અજવાળા પાથર્યા છે, તેની પ્રેરણાત્મક કથા રોમહર્ષક છે.** ભક્તિપ્રધાન, સમર્પિત, યોગનિષ્ઠ મણિભાઈના કેન્દ્રિય સંદેશની વાત અહીં પ્રસ્તુત છે.

તેમનું વતન રાપર તાલુકાનું ફતેહગઢ ગામ. મોટાભાઈનો વસવાટ માંડવી એટલે તેમણે ત્યાંની પ્રસિદ્ધ જી.ટી. હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો. 'પુત્રના લક્ષણ પારણામાંથી' કહેવતને સાર્થક કરતા હોય તેમ કિશોરવયે જ સામાજિક પ્રવૃત્તિના બીજ તેમનામાં રોપાતા ગયા. 'કિશોર મિત્ર મંડળ'ના ઉપક્રમે યોજાતી ચેતનામૂલક પ્રવૃત્તિઓમાં તેઓ ઉત્સાહપૂર્વક ભાગ લેતા હતા. આ સમયે કચ્છમાં ખાદી ઉદ્યોગના અગ્રણી માવજીભાઈ વૈદના પરિચયમાં તેઓ આવ્યા. માવજીભાઈએ ગઢશીશા મુકામે શરૂ કરેલી ખાદી પ્રવૃત્તિ પાછળ રહેલા અહિંસા અને કરુણાના તત્ત્વથી તેઓ પ્રભાવિત થયા. મેટ્રિકની પ્રિલિમનરી પરીક્ષામાં નિષ્ફળતા મળતાં તેમણે વિદ્યાર્થીજીવન પૂરું કર્યું. ૧૯૪૧માં ફતેહગઢમાં 'ગ્રામસેવા સમિતિ' સ્થાપીને 'ખાદી કાર્યાલય'ના શ્રીગણેશ કર્યા. તેમનો તાત્કાલિક ઉદ્દેશ હતો **'સ્વરોજગારી દ્વારા સ્વમાની સમાજની સ્થાપના.'** લોકોને જીવન જરૂરિયાતની વસ્તુઓ વાજબી ભાવે પૂરી પાડવા રેશનિંગ અને રોજી માટે રાહતકામની પ્રવૃત્તિઓ પણ આરંભી.

ચારેક વર્ષ પછી પોતાના સેવાયજ્ઞમાં વૈચારિક ઊંડાણ લાવવા વિવિધ સંસ્થાઓની મુલાકાતે ગયા. ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલામાં નાનાભાઈ ભટ્ટ સાથે ચર્ચા-વિચારણા કરી. સ્વરાજ આશ્રમ વેડછીમાં લાંબો સમય અગિયાર માસ રહ્યા. જુગતરામ કાકાના સાનિધ્યમાં કાંતણ-વણાટનું વિજ્ઞાન, સહકારી પ્રવૃત્તિ, રસોઈ, દળવું જેવા વિષયોની સઘન તાલીમ મેળવી. પર્યાપ્ત સ્પષ્ટતા - સજ્જતાના ભાથા સાથે કચ્છ પાછા આવ્યા. ગઢશીશામાં ખાદીકામ સંભાળી લીધું. ગામઠી હાટ ચાલુ કરી. માંડવી મુકામે શરૂ થયેલા 'ભીમાણી ખાદી ગ્રામોદ્યોગ સંઘ'ના પ્રણેતા - માર્ગદર્શક ટ્રસ્ટી બન્યા. પણ મણિભાઈનું હૃદય તો વાગડ વિસ્તારના વંચિત - ઉપેક્ષિત લોકોને સહાયરૂપ થવા માટે, ત્યાં થાણું નાખવા અપીલ કર્યા કરતું હતું. એટલે ૧૯૫૧માં રાપર પાસે કોળી - આદિવાશી પરિવારના સંતાનો માટે તેમણે વરનાળા વાંઢમાં 'સરદાર છાત્રાલય' શરૂ કર્યું. તે વાંઢનું નવું નામાભિધાન થયું 'વલ્લભપુર.' મગનભાઈ સોની જેવા તેમના સાથીદાર. તે સમયે કચ્છ 'ક' વર્ગનું રાજ્ય હતું. ખેડૂતોએ ભરવાની ઍડહોક મહેસૂલના દર રાપર તાલુકાના ગામોમાં અન્યાયી રીતે નક્કી થયા હતા. આ અન્યાય સામે લડત આપવા તેમણે 'રાપર તાલુકા ખેડૂત મંડળ'ની સ્થાપના કરી. સંગઠનને તુરંત સફળતા મળી.

૧૯૫૧માં વિનોબા પ્રણિત ભૂદાન આંદોલનની શ્રેયાર્થી મણિભાઈના સંવેદનશીલ અંતઃકરણ ઉપર ઊંડી અસર થઈ. કચ્છ જિલ્લા ભૂમિદાન સમિતિમાં તેઓ સક્રિય થયા. સઘન પદયાત્રાના ફળસ્વરૂપ જિલ્લામાંથી ૧૧,૦૦૦ એકર જમીન ભૂદાનમાં પ્રાપ્ત થઈ. આ પ્રવૃત્તિને પરિણામે મણિભાઈને અનેક રાષ્ટ્રીય મહાનુભાવોના નીકટ સંપર્કમાં આવવાની તક મળી. ખાદીકામનો હવે ઠીક ઠીક વિસ્તાર થતાં 'કચ્છ જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સંઘ'ની રચના થઈ ચૂકી હતી. મણિભાઈએ તેના મંત્રી તરીકેની જવાબદારી સંભાળી. ૧૯૬૪માં રાપર પાસેના નીલપર ગામે તેમણે ખેતીલાયક જમીન ખરીદીને સ્વાવલંબી જીવનનો શુભારંભ કર્યો. ૧૯૭૮માં અહીં સોનટેકરી પાસે ઐતિહાસિક 'ગ્રામ સ્વરાજ સંઘ'ની સ્થાપના કરી. મણિભાઈ ૨૦૦૮માં દિવંગત થયા. ૮૮ વર્ષના આયુષ્ય દરમિયાન, સમષ્ટિ માટે તેમણે આપેલા ૬૮ વર્ષ સત્ત્વશીલ સિધ્ધ થયા. તેના મૂળમાં છે :

૧. માત્ર વીસ વર્ષની યુવાન વયે ખાદી પ્રવૃત્તિના મંગલાચરણ.

૨. છેવાડાના માણસને ન્યાય અપાવવા સતત સંકલ્પબદ્ધ.

૩. ગ્રામીણ વિસ્તારમાં સ્વરોજગાર, શિક્ષણ, આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કૃષિ સુધારણા જેવી વિવિધ પ્રવૃત્તિઓનો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૯ ઉપર)

## લઘુ કથા



*– ડૉ. સુધીર ચી. મોદી*

### માનવતા પરમો ધર્મ

ડૉ. શાહ શહેરના પશ્ચિમના સુખી ગણાતા વિસ્તારમાં છેલ્લા ૨૫ વરસથી પ્રેક્ટિસ કરે છે. તેમની ઉંમર પણ લગભગ ૫૦-૫૧ વર્ષની થઈ હશે. પરંતુ કાયમ મેડિકલ જર્નલ વાંચે અને મેડિકલ સોસાયટીના મેડિકલ સાયન્સને લગતા પ્રવચનો સાંભળવા જાય. **કહેવાય છે કે જ્ઞાનને કોઈ સીમાડા નથી હોતા.** મેડિકલ સાયન્સમાં તો દુનિયામાં રોજ કંઈક નવું શોધાતું જ હોય છે. આમ, નવું નવું શીખતા અને જાણતા રહીએ તો જ આગળ રહેવાયને! નહિ તો બંધિયાર પાણીની જેમ ગંધાવા માંડે અથવા પાછળ રહી જવાય. તેમની પ્રેક્ટિસ સારી ચાલે, પરંતુ સ્વભાવના થોડા આકરા ખરા. દર્દી વધારે પૂછપૂછ કરે તો છણકો કરી નાખે. પરંતુ તેમનું નિદાન સારું એટલે દવાખાનું સારું ચાલે.

તેઓ શહેરની જાણીતી ક્લબના મેમ્બર પણ ખરા. દર મહિને ક્લબની મીટિંગમાં હાજરી આપે. ડૉ. શાહનો સમાજમાં માન, મોભો, મરતબો સારો. જ્યાં જાય ત્યાં બધા, 'પધારો સાહેબ! પધારો સાહેબ!' કહીને માન આપતા હોય.

આજે તેમનું ક્લબમાં લેક્ચર ગોઠવાયું છે. તેમને બોલવાનો વિષય **"માનવતા પરમો ધર્મ."** આ વિષય પર તૈયાર કરીને ડૉ. શાહ રાત્રે ૮.૩૦ વાગે દવાખાનેથી નીકળતા હતા, ત્યાં જ એક ફાટેલા ખમીસ અને ચંપલ પહેર્યા વગરનો ગરીબ માણસ દોડતો આવ્યો અને બોલ્યો, "સાહેબ, જરા થોભી જાઓને! મારા દીકરાને ખેંચ આવે છે. એને રીક્ષામાં લઈને જ આવે છે." ડૉ. શાહ બોલ્યા, "મારે મોડું થાય છે." આમ કહી ક્લબમાં "માનવતા પરમો ધર્મ" વિષય પર લેક્ચર આપવા પોતાની કારમાં નીકળી ગયા.

*૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,*
*પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫*

## લઘુ કથાઓ



*હસમુખ રામદેપુત્રા, શિક્ષકશ્રી - રાજકોટ*

### દિલ

બે ત્રણ દિવસથી મુન્નાને તાવ આવતો હતો. શરીર ગરમ થઈ ગયું હતું.

પત્નીએ પોતાના પતિ આગળ ફરિયાદ કરતા કહ્યું : "જુઓ તો ખરા, મુન્નાનું દિલ કેટલું બળી રહ્યું છે?"

પતિ પોતાના કામધંધાથી કંટાળેલો ઘરે આવ્યો હતો. તેથી તેણે મુન્નાના શરીર પર હળવેકથી હાથ ફેરવીને કહ્યું : "દિલ તો ખાસ કંઈ બળતું હોય તેવું લાગતું નથી."

પત્નીએ છણકો કરતાં કહ્યું : "તમને ક્યાંથી ખબર પડે? તમારે દિલ જ ક્યાં છે!"

★

### માનવસેવા

રાજકુમારી શિકાર કરવા ગઈ. જંગલમાં ભૂલી પડી. તે ખૂબ જ મૂંઝાવા લાગી. હવે શું થશે?

થોડે દૂર ચાલતા એક આશ્રમ દેખાયો. ત્યાં બે શિષ્યો બેઠા હતા. રાજકુમારીએ તેમને પોતાના નગર સુધી મૂકી આવવા વિનંતી કરી.

એક શિષ્ય બીજા શિષ્યને કહેવા લાગ્યો, 'અરે, તું આ કામ ન કરતો. તારું મન મોહમાયામાં અટવાશે!'

બીજો શિષ્ય કંઈ ન બોલ્યો. તે રાજકુમારીને ઘોડા પર બેસાડીને તેના નગર સુધી મૂકી આવ્યો.

પહેલા શિષ્યએ ટકોર કરી, 'સ્ત્રીઓથી દૂર રહેવું જોઈએ. આ આપણા માટે યોગ્ય નથી.'

બીજા શિષ્યએ કહ્યું, 'મેં માનવધર્મ સમજીને સહાય કરી. આપણા ગુરુજી પણ કહે છે કે **જનસેવા એ જ પ્રભુસેવા છે.**'

પહેલો શિષ્ય શાંત થઈ ગયો.

★

### મહેમાન

સંતને ત્યાં પધારેલા એક શેઠે પૂછ્યું : "આપને ત્યાં કોઈ કિંમતી વસ્તુ કેમ દેખાતી નથી?"

સંતે સામો પ્રશ્ન કર્યો : "તમે તમારી કિંમતી વસ્તુ કેમ સાથે લાવ્યા નથી?"

શેઠે કહ્યું : "હું તો મહેમાન છું."

ત્યારે સંતે કહ્યું : "**હું પણ મહેમાન છું. આ જગતમાં બધા જ મહેમાન છે...** પછી કિંમતી વસ્તુઓનો સંગ્રહ કરવાની શું જરૂર છે...?"

શેઠની બોલતી બંધ!

*"અવધ", ન્યુ કેદારનાથ સોસાયટી,*
*કોઠારિયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨.*
*મો. ૯૮૭૯૪ ૮૫૬૬૭*

વાર્તા

# "શારદા નિવાસ"



સુનિતા એ. શાહ

*(કેમ જરૂરી છે ઘરમાં વડીલોની ઉપસ્થિતિ...*

***આ એક માર્મિક વાર્તા જે ક્યાંકથી કોઈએ મને મોકલી હતી. મને લાગ્યું કે ભારતીય સંસ્કૃતિની પરંપરા બચાવી રાખવા માટે આને બને તેટલા લોકો સુધી પહોંચાડવી જરૂરી છે.)***

બાળકોને બસમાં બેસાડીને પાછી આવેલી શાલુ ઉદાસ મન સાથે ટેરેસમાં જઇને બેઠી. ખૂબ જ સરસ વાતાવરણ, આસમાનમાં લહેરાતા વાદળો અને પક્ષીઓનો સુમધુર અવાજ કંઈ પણ એના મનને આનંદિત નહોતા કરી શકતા, જે એ પોતાની પાછળ શહેરમાં છોડીને આવી હતી.

શાલુની નજર ફરતી ફરતી થોડે દૂર આવેલા એક ઝાડની પાછળ ઊભેલી વૃદ્ધા પર જઇને અટકી ગઈ.

'ઓહ, પાછી એ જ ડોશી! કેમ આવી રીતે મારા ઘરની સામે જોયા કરે છે?'

શાલુની ઉદાસી હવે બેચેનીમાં બદલાઈ ગઈ. મનમાં કેટલી બધી શંકાઓ ઉઠવા લાગી. આના પહેલા પણ શાલુ આ ડોશીને ત્રણ-ચારવાર આવી રીતે જોઈ ચૂકી હતી. શાલુને અમદાવાદથી મુંબઇ શિફ્ટ થયાને બે મહિના થઈ ચૂક્યા હતા, પણ હજી સુધી એ પોતાને અહીંના નવા વાતાવરણમાં ગોઠવી શકી ન હતી.

તેના પતિ સમીરની અચાનક જ કંપનીમાંથી બદલી થઈ હતી. એ તો આવીને તરત એના કામમાં અને બિઝનેસ ટુરમાં બિઝી થઈ ગયો હતો. નાની દીકરી મીનુનું તો પહેલા ધોરણમાં આરામથી એડમિશન થઈ ગયું હતું પરંતુ મોટા દીકરા સોહનનું પાંચમા ધોરણમાં એડમિશન લેવામાં બહુ મુશ્કેલી પડી હતી. એ બંને ધીરે ધીરે તેમના રૂટિનમાં સેટ થઈ ગયા હતા પરંતુ શાલુની સ્થિતિ જડથી ઉખાડીને બીજી જમીનમાં રોપેલા છોડ જેવી થઈ ગઈ હતી. જે હજી નવી જમીનને પકડી શકતી ન હતી.

બધું કેટલું સરસ ચાલતું હતું અમદાવાદમાં... એની પોતાની સરસ નોકરી હતી. ઘર સંભાળવા માટે એક સરસ બહેન મળી ગયા હતા. જેના ભરોસે એ ઘર અને રસોઇનું કામ છોડીને આરામથી નોકરી પર જઈ શકતી હતી. ઘરની નજીક જ બાળકો માટેનું એક ડે કેર પણ હતું. સ્કૂલથી છૂટીને બંને બાળકો, તે ઓફિસેથી પાછી ના આવે ત્યાં સુધી ત્યાં જ રહેતા હતા. લાઈફ બરાબર સેટ હતી, પરંતુ સમીરની ઓચિંતી ટ્રાન્સફરના કારણે બધું ગરબડ થઈ ગયું હતું.

અહીં આજુબાજુમાં ના કોઈ સારું ડે કેર હતું કે ના કોઈ સારી બાઈ મળી રહી હતી. એને પોતાની જોબ વિશે તો વિચારવાનો કોઈ સવાલ જ ન હતો અને આટલા બધા ટેન્શનની વચ્ચે આ વિચિત્ર ડોશી! ...ક્યાંક એ સંતાઇને પોતાના ઘર પર નજર તો નથી રાખી રહી? આમ પણ અત્યારે આ એરિયામાં ચોરી અને બાળકોના અપહરણ, એ કોઈ નવી વાત નથી. વિચારતા વિચારતા શાલુ ખૂબ ચિંતિત થઈ ઉઠી.

બે દિવસ પછી સમીર ટૂર પરથી પાછા આવ્યા ત્યારે શાલુએ તેમને એ ડોશી વિશે વાત કરી. સમીરને પણ થોડીક ચિંતા થઈ. "ઠીક છે, હવે ફરીથી આવું કંઈ થાય તો વોચમેનને વાત કરજે. તે એનું ધ્યાન રાખશે. નહીં તો પછી જોઈશું. પોલીસ કમ્પ્લેઇન કરવા જેવી લાગશે તો કરી દઇશું." થોડા દિવસ એવી રીતે જ નીકળી ગયા.

શાલુનો વિચાર ઘરને પાટા પર ચડાવીને ફરીથી નોકરી કરવા જવાનો હતો પણ કોઈ રસ્તો દેખાઈ રહ્યો ન હતો.

એક દિવસ સવારમાં શાલુએ જ્યારે ટેરેસ પરથી જોયું તો વોચમેન પેલી ડોશી સાથે સોસાયટીના મેઇન ગેટ પર ઊભેલો હતો અને સમીર તેની સાથે કંઈક વાત કરી રહ્યો હતો. નજીકથી જોતાં શાલુને તે માજીનો ચહેરો કંઈક જાણીતો લાગતો હતો. શાલુને લાગ્યું કે આ ચહેરો એણે પહેલા પણ ક્યાંક જોયેલો છે. પણ કંઇ યાદ આવી રહ્યું ન હતું. વાત કર્યા પછી સમીર ઘરની અંદર આવી ગયો અને એ ડોશી ત્યાં જ ઊભી હતી.

"અરે આ તો એ જ ડોશી છે જેના વિશે મેં તમને વાત કરી હતી. એ અહિયા કેમ આવી છે?" શાલુએ ચિંતાભર્યા અવાજમાં પૂછ્યું.

"તને કહીશ તો તને બહુ જ નવાઈ લાગશે. જેવું તું એમના વિશે વિચારતી હતી એવું કંઈ નથી. જાણે છે એ કોણ છે?"

શાલુ આશ્ચર્ય સહિત આગળની વાત સાંભળવા આતુર હતી.

"એ આ ઘરની જૂની માલિકણ છે."

"શું? પણ આ ઘર તો આપણે મિસ્ટર શાંતનુ પાસેથી ખરીદ્યું હતું."

"આ લાચાર માજી, એ શાંતનુની અભાગી મા છે. જેણે પહેલા ધોકાથી બધી પ્રોપર્ટી પોતાને નામે કરી લીધી અને પછી બધું વેચીને વિદેશ જતો રહ્યો, પોતાની બુઢી મા શારદાદેવીને એક વૃદ્ધાશ્રમમાં મૂકીને!"

"છી... કેટલો કમીનો માણસ છે. જોવામાં તો કેવો શરીફ લાગતો હતો."

સમીરનો ચહેરો ઘૃણાથી ભરાઈ ગયો. ત્યાં શાલુ પોતાની યાદદાસ્ત પર જોર આપવા લાગી.

"હા, યાદ આવ્યું... આ ઘરની સફાઈ કરતી વખતે સ્ટોર રૂમમાંથી એક જૂની નેઈમ પ્લેટ મળી હતી. એના ઉપર 'શારદા નિવાસ' લખેલું હતું. અને એની સાથે એક રાજવી ઠાઠમાઠવાળી મહિલાનો ફોટો પણ હતો. એનું મોઢું આ મહિલાથી મળતું હતું. એટલે જ મને એમ લાગતું હતું કે મેં આને ક્યાંક જોયેલી છે. પણ અત્યારે એ અહિંયા કેમ આવી છે? શું એ પોતાનું ઘર પાછું લેવા આવી છે? પણ આપણે તો એના પૂરા પૈસા આપીને ખરીદ્યું છે." શાલુને ફરીથી ચિંતા થવા લાગી.

"ના, ના... આજે એમના પતિની પહેલી વરસી છે. એ એમના રૂમમાં આવીને દીવો પ્રગટાવવા માંગે છે, જ્યાં તેમણે છેલ્લો શ્વાસ લીધો હતો."

"એનાથી શું થશે? મને તો આ બધી વાતોમાં કોઈ વિશ્વાસ નથી."

"તને ના હોય તો કંઈ નહીં પણ એને તો છે ને? અને આપણી 'હા' થી એને થોડી ખુશી મળતી હોય તો આપણું ક્યાં કંઈ જવાનું છે?"

"ઠીક છે બોલાવી લો." થોડા અણગમા સાથે શાલુએ હા પાડી દીધી.

શારદાદેવી અંદર આવી. દૂબળી પાતળી કાયા, શરીર પર જૂની કોટનની સાડી, મોટી મોટી આંખોના ખૂણામાં થીજી ગયેલા પીગળેલા આંસુ. અંદર આવીને એમણે સમીર અને શાલુને ખૂબ આશીર્વાદ આપ્યા.

એ ખૂબ ધરાઈને પોતાના જૂના ઘરને જોઈ રહી હતી, જે ક્યારેક એનું પોતાનું હતું. તેની આંખોમાં કેટલીય યાદો, કેટલુંય સુખ અને કેટલુંય દુઃખ એકસાથે તરી રહ્યા હતા.

એ ઉપરવાળા રૂમમાં ગઈ. થોડીવાર આંખો બંધ કરીને બેસી રહી. એની બંધ આંખોમાંથી લગાતાર આંસુ વહી રહ્યા હતા. પછી તેણે દીવો સળગાવ્યો. પ્રાર્થના કરી અને ફરીથી બંનેને આશીર્વાદ આપીને કહેવા લાગી, "હું આ ઘરમાં દુલ્હન બનીને આવી હતી. વિચાર્યું હતું કે આ ઘરમાંથી હવે અર્થી પર જ જઈશ. પરંતુ..." એનો અવાજ ભરાઈ આવ્યો.

"આ જ મારો રૂમ હતો. કેટલાક બધા વર્ષો વિતાવ્યા હતા અહિંયા બધાની સાથે. પરંતુ શાંતનુના પિતા જતા રહ્યા પછી..." એનો અવાજ ફરીથી ભરાઈ ગયો.

શાલુ અને સમીર ચૂપચાપ બેઠા બેઠા એમની વાતો સાંભળી રહ્યા હતા. થોડીવાર એમના ઘરની જૂની વાતો યાદ કરીને એ ભારે પગલે ઊભા થયા અને જવા લાગ્યા.

ઘરની બહાર જવા માટે જાણે એમના પગ ઉપડતા જ ન હતા પણ જવાનું તો હતું જ ને... એમની આ હાલતને સમીર ને શાલુ બરાબર સમજી શકતા હતા.

"તમે જરા બેસો, હું હમણાં આવું છું." શાલુએ શારદાદેવીને રોક્યા અને પોતે રૂમની બહાર જતી રહી અને પતિ સમીરને પણ બહાર બોલાવી લીધો અને કહેવા લાગી, "સાંભળો, મને એક સરસ આઇડિયા આવ્યો છે. જેનાથી આપણી જિંદગી પણ સુધરી જશે અને એક તૂટેલા દિલને સહારો પણ મળી જશે. આપણે એમને અહિંયા જ રાખી લઈએ તો કેવું? એકલી છે, બેસહારા છે અને આ ઘરમાં તો એની જાન વસેલી છે. એ અહિંયાથી ક્યાંય જશે પણ નહીં અને વૃદ્ધાશ્રમ કરતાં તો અહીં આપણે એમને સારું જ ખાવાનું અને પહેરવા ઓઢવાનું આપીશું."

"તારો મતલબ છે કે એક કામવાળી બાઈની જેમ રાખીશું એમને?"

"ના, ના, કામવાળી બાઈની જેમ નહીં. આપણે એમને પગાર નહીં આપીએ અને કામ કરવા તો છુટક બાઈ આવે છે. બસ, એ ઘર પર રહેશે તો ઘરના માણસની જેમ કામવાળી બાઈ પર અને આવતા જતા પર નજર રાખી શકશે અને બાળકોનું પણ ધ્યાન રાખશે. એ ઘર પર રહેશે તો હું પણ આરામથી નોકરી કરી શકીશ અને મને ઘરની કોઇ ચિંતા પણ નહીં રહે."

"આઇડિયા તો સારો છે પણ શું તે માની જશે?"

"કેમ નહીં? આપણે એમને એ ઘરમાં રહેવાનો મોકો આપીએ છીએ, જે ઘરમાં એમના પ્રાણ વસ્યા છે અને જે ઘરને સંતાઇ સંતાઇને એ જોયા કરતા હતા."

"અને કદાચ આ ઘરની માલિક બનીને આ ઘર પર હક્ક જમાવવા લાગશે તો?"

"તો શું, આપણે એને ઘરની બહાર કાઢી મૂકીશું. આમ પણ આ ઘર આપણા જ નામે છે. આ ઘરડી ડોશી શું કરી લેશે?"

"ઠીક છે, તું વાત કરીને જો." સમીરે સહમતિ દર્શાવી.

શાલુએ ખૂબ જ ધ્યાન રાખીને વાત શરૂ કરી. "જુઓ,

તમારી ઇચ્છા હોય તો તમે અહિંયા રહી શકો છો.''

એ ઘરડી આંખોમાં ચમક આવી ગઈ. શું સાચે જ એ અહિંયા રહી શકશે? પણ તરત જ એ ચમક બુઝાઈ ગઈ. આજના જમાનામાં જ્યારે સગા દીકરાએ પણ એમ કહી દીધું કે આ ઘર છોડીને વૃદ્ધાશ્રમમાં જઇને રહે, ત્યારે આ પારકા લોકો કોઈ સ્વાર્થ વગર મને પોતાની સાથે શું કામ રાખે?

''ના, ના, તમને ખોટી તકલીફ પડશે.''

''તકલીફ કેવી? આટલું મોટું તો ઘર છે અને તમારા રહેવાથી અમને પણ સારું લાગશે.''

આમ તો દુનિયાદારીના કડવા અનુભવોમાંથી પસાર થઈ ચૂકેલી શારદાદેવી શાલુના મનની વાત સમજી ગઈ, પણ આ ઘરમાં રહેવાનો મોહ તે ત્યાગી શકી નહીં.

શારદાદેવી તેમની સાથે રહેવા આવી ગઈ અને આવતાની સાથે જ એમના અનુભવી હાથોએ ઘરની કામગીરી ખૂબ જ સારી રીતે સંભાળી લીધી.

બધા તેમને અમ્મા કહીને જ બોલાવતા. એમની દેખરેખ હેઠળ બધું જ કામ ખૂબ સારી રીતે ચાલવા લાગ્યું. ઘરની જવાબદારીમાંથી મુક્ત થઈને શાલુએ પણ નોકરી શરૂ કરી દીધી. એક વરસ ક્યાં નીકળી ગયું એ ખબર પણ ના પડી.

અમ્મા સવારે બંને છોકરાઓને ઉઠાડતી, તૈયાર કરતી, પ્રેમથી જમાડતી અને સ્કૂલ બસ સુધી મૂકી આવતી. પછી એક કુશળ વહીવટકર્તાની જેમ પોતાની નજર હેઠળ કામવાળી બાઇ પાસે ઘરના કામ કરાવતી. રસોઇનું તો એ જાતે ધ્યાન રાખતી. બાળકો સ્કૂલેથી પાછા આવે ત્યારે તેમના માટે નવી નવી પૌષ્ટિક, તેમને ભાવે તેવી વાનગીઓ તૈયાર રાખતી.

શાલુને પણ નવાઈ લાગતી કે જે છોકરાઓ પિત્ઝા અને ચિપ્સ સિવાય બીજું કંઈ પણ મનથી ખાવા રાજી જ ના હતા, એ છોકરાઓ તેમની બનાવેલી વાનગીઓ પ્રેમથી ખાતા. છોકરાઓ અમ્માથી એકદમ હળીમળી ગયા હતા. એમની પાસે વાર્તા સાંભળવાની લાલચમાં ટી.વી. સામે બેસી રહેવાવાળા છોકરાઓ એમની બધી વાત માનવા લાગ્યા હતા. સમયસર જમવાનું અને હોમવર્ક પતાવીને પથારીમાં પહોંચી જતા હતા. આમ, અમ્મા એમની વાર્તાઓથી તેમનામાં સારા સંસ્કાર સિંચી રહી હતી અને એમને ટી.વી. જોવાની ખરાબ આદતથી પણ દૂર લઈ જઈ રહી હતી.

શાલુ અને સમીર, બાળકોમાં આવેલા સુખદ પરિવર્તનથી ખૂબ ખુશ હતા કારણકે એમની પાસે તો બાળકો સાથે આવી રીતે બેસીને વાતો કરવાનો સમય જ ન હતો. પહેલીવાર શાલુએ મહેસૂસ કર્યું કે ઘરમાં કોઈ વડીલની ઉપસ્થિતિ, દાદા-દાદી, નાના-નાનીનો પ્યાર બાળકો પર કેટલો સકારાત્મક પ્રભાવ પાડે છે. એના બાળકો તો શરૂઆતથી જ આ પ્રેમથી વંચિત હતા. તેમની દાદી અને નાની તેમના જન્મની પહેલા જ આ દુનિયામાંથી વિદાય લઈ ચૂક્યા હતા.

આજે શાલુનો જન્મદિવસ હતો. સમીર અને શાલુએ ઓફિસથી થોડા વહેલા પાછા આવીને બહાર ડિનરનો પ્લાન બનાવ્યો હતો. વિચાર્યું હતું કે બાળકો તો અમ્મા પાસે રહેશે. પણ ઘરમાં ઘૂસતાની સાથે જ બંને જણા હેરાન થઈ ગયા. બાળકોએ આખું ઘર ફુગ્ગાઓ અને રંગબેરંગી પટ્ટીઓથી શણગાર્યું હતું અને બીજી બાજુ અમ્માએ શાલુની ભાવતી વાનગીઓ અને કેક બનાવી હતી. આ સરપ્રાઇઝ પાર્ટી, બાળકોનો ઉત્સાહ અને અમ્માની મહેનત જોઈને શાલુ ભાવુક થઈ ગઈ. એની આંખમાં ખુશીના આંસુ આવી ગયા. આવી વી.આઈ.પી. ટ્રીટમેન્ટની તેને આદત ન હતી. અને આનાથી પહેલા બાળકોએ પણ આવું કંઈ ખાસ કર્યું ન હતું.

બાળકો દોડતા શાલુ પાસે આવી ગયા અને એને જન્મ દિવસની મુબારકબાદ આપતા પૂછ્યું : ''તમને અમારી સરપ્રાઇઝ કેવી લાગી?''

''બહુ જ સરસ, બહુ જ ગમી. એટલી બધી ગમી, એટલી બધી ગમી કે શું કહું...'' કહેતા કહેતા એણે બંને બાળકોને બાથમાં ભરી લીધા. અમને ખબર જ હતી કે તમને ગમશે. અમ્માએ કહ્યું હતું કે બાળકો દ્વારા કરવામાં આવેલો નાનકડો પ્રયાસ પણ માતા-પિતાને ખૂબ ખુશ કરી જતો હોય છે. એટલે તમને ખુશી આપવા માટે અમે આ બધું કર્યું. શાલુની આંખો અમ્મા માટે આભારવશ બની ગઈ. બાળકો પાસેથી આમને આવું સુખ તો પહેલીવાર મળ્યું હતું અને એ પણ એમના સંસ્કારોના કારણે... કેક કાપ્યા પછી શારદાદેવીએ પોતાના પાલવમાં લાલ રૂમાલમાં બાંધીને રાખેલી એક ચીજ કાઢીને શાલુની તરફ વધારી.

''આ શું છે અમ્મા?''

''તારા જન્મદિવસની ભેટ.''

શાલુએ ખોલીને જોયું તો એમાં સોનાની ચેન હતી. એ ચમકી ગઈ. ''આ તો સોનાની લાગે છે.''

''હા બેટા, આ સોનાની જ છે. મારી બહુ જ ઇચ્છા હતી કે તારા જન્મદિવસ પર કંઈક ભેટ આપું. મારી પાસે બીજું તો કંઈ નથી પણ આ એક ચેન જ પડી હતી. જે મેં સાચવીને રાખી હતી. હું હવે એનું શું કરીશ? તું પહેરજે, તને બહુ સરસ લાગશે.''

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૩ ઉપર)**

જાગૃતિ

# ગ્રાહક : રાજા કે બિચારો બાપડો?



પારૂલ દેસાઈ

પ્રાચીન સમયમાં જીવન જરૂરી ચીજવસ્તુઓની એકબીજાના બદલામાં લેવડ-દેવડ થતી, જેને 'સાટા' પદ્ધતિ કહેવાતી. સમય જતાં નાણાંના બદલામાં વસ્તુઓ ખરીદવાની શરૂઆત થઈ. ત્યારથી 'ગ્રાહક' શબ્દ અસ્તિત્વમાં આવ્યો. કોઈપણ વસ્તુ કે સેવા નિશ્ચિત રકમ ચૂકવીને ખરીદીને ઉપયોગ કરનાર વ્યક્તિ ગ્રાહક કહેવાય. મહિલાઓ ઘર વપરાશ, પોતાના માટે તેમજ ઘરના સભ્યો માટે વિવિધ વસ્તુઓ ખરીદીને ઉપયોગમાં લેતી હોય છે. માટે તેઓ ગ્રાહક તરીકે સૌથી મહત્ત્વની વ્યક્તિ છે. 'ગ્રાહક એ જ ઈશ્વર' અને ગ્રાહક જ રાજા, સર્વોપરી ગણાતો. પરંતુ ક્યારેક ક્યારેક ગ્રાહક 'રાજા' નહીં પણ બિચારો બાપડો બની જાય છે.

ગ્રાહક જ્યારે કોઈપણ વસ્તુ ખરીદે ત્યારે તેની જવાબદારી છે કે તેઓ વસ્તુ વિશે પૂરી જાણકારી મેળવી લે. ઉપયોગ કરવાની રીત, કિંમત, જથ્થો, તેમાં વપરાતા પદાર્થો, ગુણવત્તા તેમજ જરૂર હોય ત્યાં એક્સપાયરી ડેટ ઉપરાંત ઉત્પાદકનું નામ-સરનામું, ગેરંટી-વોરંટી વગેરે બાબતોની પૂરતી માહિતી ચકાસીને જ ખરીદી કરે. સાથે જ બીલ લેવાનો આગ્રહ રાખો. ઈલેકટ્રિક ઉપકરણમાં ISI માર્ક, ખાદ્ય પદાર્થોમાં AG માર્ક તપાસી લેવા. સોના-હીરા અને પ્લેટિનમના ઘરેણા ખરીદતી વખતે પ્યોરિટીના સર્ટિફિકેટ અને હોલમાર્ક જોઈ લેવા. ગેરમાર્ગે દોરતી જાહેરાતોથી આકર્ષાઈને ખરીદાતા સૌંદર્ય પ્રસાધનો તેમજ બાળકોની ચીજવસ્તુઓ - ખાદ્ય પદાર્થોમાં છેતરામણી સૌથી વધુ થતી જોવા મળે છે. ભેળસેળ, સંગ્રહખોરી, કાળા બજારને કારણે ગ્રાહક છેતરાય છે. મૉલમાં એક ઉપર એક 'ફ્રી'માં બે-ત્રણ પેક સેલોટેપથી જોડાયેલા હોય તેમાં એક્સપાયરી ડેટ જોઈ શકાતી નથી. વળી, ગ્રાહકોને પૂરતી કાયદાકીય જાણકારીના અભાવે પોતાના હક્ક અંગે જાગૃતિ નથી હોતી ત્યારે રેલવે સ્ટેશન, ટ્રેઇન કે બસ સ્ટેન્ડ જેવા અમુક સ્થળોએ MRP કરતાં વધુ કિંમત લઈ ગ્રાહકને લૂંટાય છે. ગ્રાહક મોબાઈલ, ફ્રીજ, ટી.વી., એ.સી., વોશિંગ મશીન, કમ્પ્યુટર, લેપટોપ જેવા ઉપકરણોની ખરીદીમાં પણ છેતરાતો હોય છે. આવી વસ્તુઓ ગેરંટી-વોરંટી પીરિયડમાં હોય ત્યારે સો ધક્કા ખાઈ સમયના બગાડ સાથે અગવડનો ભોગ બને છે. મોટાભાગે સમસ્યાનું નિરાકરણ લાંબા સમયે આવે છે અથવા વસ્તુ બદલી દેવાને બદલે નવું મોડેલ મોંઘા ભાવે લેવાની ફરજ પાડવામાં આવે છે. જો કે અમુક ખ્યાતનામ કંપનીના ડિલર સહકાર અપી ટૂંક સમયમાં વસ્તુ બદલી આપે કે તેના સ્પેરપાર્ટસ બદલી આપે અથવા કિંમત ચૂકવી આપે છે. પરંતુ **જો કોઈ ડિલર કે કંપની સહકાર ન આપે તો ગ્રાહકોના હિતમાં ગ્રાહક સુરક્ષા ધારો ઘડવામાં આવ્યો છે. અખિલ ભારતીય ગ્રાહક પંચાયત પણ ગ્રાહકોને થયેલી છેતરપિંડી બાબતે માર્ગદર્શન આપે છે.**

ગ્રાહક તરીકે વ્યક્તિ પોતાની પસંદગી મુજબ પૂરતી જાણકારી મેળવીને વસ્તુની ખરીદી કરીને સંતોષપૂર્વક તેનો ઉપયોગ કરી શકે છે. પરંતુ ક્યારેક વેપારીઓ દ્વારા અપનાવવામાં આવતી અનૈતિક ગેરરીતિઓને લીધે ગ્રાહક છેતરાય છે અને તે શારીરિક, માનસિક અને આર્થિક નુકસાનનો ભોગ બને છે. ત્યારે ગ્રાહકોને આવી ગેરરીતિઓ સામે રક્ષણ આપવાનું જરૂરી બન્યું. ગ્રાહક સુરક્ષા કાયદા ઘડી તેઓને થયેલ અન્યાયનું વળતર મળી રહે તેવી યોજના ઘડવામાં આવી. ગ્રાહક સુરક્ષા એટલે વેચાણકારો અને ઉત્પાદકોની અનૈતિક, શોષણયુક્ત અને અયોગ્ય પ્રથાઓની સામે રક્ષણ પૂરું પાડવું. જેમાં માત્ર ગ્રાહકોના હક્ક અને જવાબદારી માટે જાગૃત કરવાનું જ નહીં પણ તેમની સાચી ફરિયાદોનું યોગ્ય નિરાકરણ આવે તે માટે પણ જોગવાઈ છે. વ્યક્તિ તરીકે ગ્રાહક નબળો પુરવાર થઈ શકે, પણ ઘણા બધા ગ્રાહકો સાથે મળીને ન્યાય મેળવી શકે તે હેતુથી ઘણી સંસ્થાઓ આ માટે કાર્યરત છે.

**ઇ.સ. ૧૯૮૬માં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તેમજ રાજ્ય કમિશન તેમજ કન્ઝ્યુમર હેલ્પલાઇન થકી તેઓના પ્રશ્ન અંગે તાત્કાલિક અને બિન ખર્ચાળ માર્ગદર્શન મેળવી શકાય છે.** ગુજરાતમાં ૫૫-૬૦ જેટલા ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા આપેલી છે, જેનું સરનામું નોંધી લઈ જરૂર જણાય ત્યારે સંપર્ક કરી શકાય છે. રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન, ગુજરાત રાજ્ય, "ગ્રાહક ભવન", ગોતા ચાર રસ્તા, એસ.જી.હાઈવે, ગોતા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. E-mail : cdrcgujaratstate@gmail.com દર વર્ષે ૧૫મી માર્ચે "વિશ્વ ગ્રાહક દિન" તથા ૨૪મી ડિસેમ્બરે "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન"ની ઉજવણી કરી ગ્રાહકોમાં જાગૃતિ આવે, તેના હક્ક વિશે જાણકારી આપવા સેમિનાર, રેલી, પ્રદર્શનો, શિબિરનું

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૪ ઉપર)

કાનૂન

# મહિલા અને કાયદો



ધનસુખભાઈ ડી. ઠક્કર
એડવોકેટ

દીકરી-પુત્રી જે ઘરમાં જન્મ લે છે તે ઘરના મા-બાપ ભાગ્યશાળી ગણાય. જ્યારે દીકરી નાની હોય ત્યાં સુધી તેને ભણાવી-ગણાવી સારા સંસ્કારોનું સિંચન કરી તેને ઉછેરવાની તથા લગ્ન થાય ત્યારે તેને વિદાય કરવાની એક સામાજિક પ્રક્રિયા પૂરી કરવામાં આવે છે. આ દીકરીના લગ્ન પછી તે કોઈના ઘરની પુત્રવધૂ થાય છે અને પુત્રી કે દીકરીમાંથી તે સ્ત્રી કે મહિલા - નારી બને છે.

ગુજરાતી સાહિત્યના ગૌરવ સમાન સાહિત્યકાર **શ્રી કનૈયાલાલ મુનશીએ** "અસ્મિતા" શબ્દને પ્રચલિત કરેલ તેઓ સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી સમાન હક્કના પ્રખર હિમાયતી હતા. ભારતીય બંધારણ સમિતિ રચયિતાના તેઓ એક સક્રિય સભ્ય હતા. તેમના પ્રયત્નોથી ભારતીય બંધારણમાં સ્ત્રી સમાનતાનો ઉદય થયો. સ્ત્રી-મહિલાઓને કાયદેસરના હક્કો મળ્યા છે. આપણા બંધારણની અંદર આપણે જાણીએ છીએ કે કોઈપણ જાતના જાતિભેદ કે લિંગભેદ સિવાય દરેક નાગરિકને ભારતીય કાયદામાં ભારત દેશમાં સમાન હક્ક-અધિકારો પ્રાપ્ત થયેલ છે. આ રીતે સ્ત્રી સમાનતા માટે એક જાગૃતતા આવી અને ત્યારબાદ ભારતના તમામ કાયદાઓમાં બંધારણને અનુસરીને સ્ત્રી-પુરુષની અસમાનતા દૂર કરી સમાન દરજ્જો સ્ત્રીઓને પ્રાપ્ત થયો.

બંધારણમાં થયેલ ઉપરની જોગવાઈઓ મુજબ મજૂર કાયદાઓમાં નોકરીની સમાન તક તથા આનુષંગિક સ્ત્રી-પુરુષ સમાન હક્ક પ્રાપ્ત થયેલ. હિન્દુ વારસા ધારામાં પણ દીકરા-દીકરીની અસમાનતાઓ દૂર કરી તમામ સંતાનોને એકસરખો અધિકાર પ્રાપ્ત થાય છે. **પરણેલી સ્ત્રીને બાપ દાદાની વારસાઇ મિલ્કતોમાં તથા પતિની મિલ્કતમાં સમાન હક્ક પ્રાપ્ત થાય છે.** જે વારસાઇ કાયદો તથા ભરણપોષણના કાનૂન અન્વયે અધિકારો સ્ત્રીને પ્રાપ્ત થાય છે. જે કાયદા દ્વારા આપવામાં આવેલ છે અને જેના માટે સ્ત્રી એકલી જ પોતે હક્કદાર બને છે.

**લગ્નજીવનમાં ભંગાણ થયેલી સ્ત્રી ભરણપોષણ તથા રહેઠાણ વગેરે મેળવવા હક્કદાર બને છે.** સ્ત્રીને કંઈ આવક-કમાણી ન હોય તો કાયદા અનુસાર લીગલ ઍઇડ પણ પ્રાપ્ત કરી શકે છે. બાળ લગ્નથી ઘણા દુષણ ઊભા થતા. જેથી કાયદા અનુસાર છોકરી ઉંમરલાયક થાય પછી લગ્ન કરવા બાળ લગ્ન વિરોધી કાયદો અસ્તિત્વમાં આવેલ. **બેટી બચાવો માટે લિંગ - જાતિ પરીક્ષણ અટકાવતો તથા ભ્રૂણ હત્યા અટકાવતો કાયદો અસ્તિત્વમાં આવેલ છે.**

મહિલા કર્મચારી નોકરીના સ્થળે કાર્ય કરતી હોય ત્યારે અધિકારી કે અન્ય સ્ટાફ કર્મચારી દ્વારા **મહિલા કર્મચારીને સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ન થાય**, મહિલામાં જાગૃતિ, નિર્ભયતા, સ્વાભિમાન, આત્મવિશ્વાસ વધારવા દરેક મહિલા સ્વતંત્ર રીતે આગળ વધી પ્રગતિ કરી શકે તે માટેકાયદાઓમાં સંશોધન કરવામાં આવેલ છે. જે માટે વિશાલા વિ. રાજસ્થાન રાજ્યનો કેસ ઉલ્લેખનીય છે.

હાલ દરેક જિલ્લા પોલીસ સ્ટેશનમાં મહિલાઓને મદદરૂપ થવા મહિલા પોલીસ અધિકારી તથા કર્મચારીઓની "સખી" ઉપનામથી સેવા લેવામાં આવે છે, જેઓ મહિલા ફરિયાદીને મદદરૂપ થાય છે.

હવે સમાજને જાગૃતિ લાવી દહેજ આપવું ન જોઈએ પરંતુ દીકરીને ભણાવી-ગણાવી તેને ઉચ્ચ શિક્ષણ અપાવી વિદાય કરવામાં આવે તે દહેજ કરતા વિશેષ પુરવાર થશે.

સાથે-સાથે સ્ત્રીઓ પણ તેના મા-બાપ વૃદ્ધ થાય ત્યારે તેમને કોઈ જરૂરિયાત - સેવાની આવશ્યક્તા હોય ત્યારે **સમાન અધિકાર મુજબ સમાન જવાબદારી નિભાવવા દીકરા થઇને તેમની પડખે ઊભું રહેવું જોઇએ** – હું પરણેલી છું કે સાસરીયામાં છું તેવો પ્રશ્ન ન રહેવો જોઈએ.

*મંત્રીશ્રી, ગાંધીધામ લોહાણા મહાજન*
*બી-૬૮, એન.યુ.-૩, અપનાનગર, ગાંધીધામ, કચ્છ.*
*મો. ૯૮૯૮૪ ૫૭૫૦૭*

## જીવનમાં ઉતારવા જેવું

*પ્રાર્થના કરતા પહેલાં વિશ્વાસ કરવો જરૂરી*
*બોલતા પહેલાં સાંભળવું જરૂરી*
*વાપરતા પહેલાં કમાવવું જરૂરી*
*લખતા પહેલાં વિચારવું જરૂરી*
*છોડી દેતા પહેલાં પ્રયત્ન કરવો જરૂરી અને*
*મરતા પહેલાં જીવન જીવવું જરૂરી.*

કલ્યાણ

# જૈન ધર્મ, એ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધર્મ છે.... – (૨)



ડૉ. અલ્કા એસ. શાહ

(ગતાંકથી ચાલુ)

દરેક પ્રાણીને જીવન જીવવા માટે આહાર આવશ્યક છે. તન-મન-આત્મા પર આહારનો પ્રભાવ પડે છે. "અન્ન તેવું મન" અથવા "અન્ન તેવો ઓડકાર" એ ઉક્તિ અનુસાર આત્મસાધનામાં આહાર સાધક પણ છે અને બાધક પણ છે. સાત્ત્વિક આહાર અને તામસી આહાર આના ઉદાહરણ ગણી શકાય. આથી જ એકમાત્ર જૈન ધર્મમાં જ પરમાત્માએ આહારની માત્રા, આહાર લેવાનો સમય, રાત્રિ ભોજનનો નિષેધ, આહારની યોગ્યતા, ભક્ષ્ય-અભક્ષ્ય આહાર અંગે વિશદ - વિસ્તૃત વિશ્લેષણ કરેલ છે. ક્યારે શું શું લેવું, કેટલું, કઈ રીતે લેવું તેની સમજ આપી છે. આ માટે "જમવું" - "ભોજન લેવું" કે "ખાવું" – એવો શબ્દપ્રયોગ જૈનો નથી કરતા પણ **"વાપરવું" એવો શબ્દ પ્રયોગ કરે છે.** તમારા શરીર માટે જેટલો આહાર જરૂરી છે, એટલા જ આહારનો વપરાશ કરવો તે વાપરવું. આમ શબ્દ દ્વારા - અર્થઘટન દ્વારા પણ પ્રભુએ એક એક ક્રિયાકર્મ સમજાવેલ છે, જે જૈન ધર્મની સૂક્ષ્મતા અને ગહનતા છે. દા.ત. અન્ય ધર્મોમાં જ્ઞાતિબંધુ કે જાતભાઈ જેવો શબ્દ વપરાય છે, જ્યારે જૈનો આ માટે "સાધર્મિક બંધુ", જમણવારને પણ "સાધર્મિક વાત્સલ્ય" એવું સુંદર નામોચ્ચારણ કરે છે.

**અન્ય ધર્મોમાં તહેવાર શબ્દ પ્રચલિત છે, જ્યારે જૈન દર્શને ધાર્મિક તહેવારોના નામને બદલે "પર્વ" કહેલ છે.** પર્વાધિરાજ પર્યુષણ જેમાં તપ-જપ-સંયમની સુંદર આરાધના કરી ક્ષમાના આ પર્વમાં પરસ્પર મૈત્રીનો ભાવ પ્રગટાવવાનો છે. તહેવાર શબ્દ ધાંધલ-ધમાલ, મોજ-મસ્તી ને ઉજવણી સૂચક છે. જ્યારે પર્વમાં તપ-ત્યાગ અને આરાધના - સાધનાની લગન છે.

માનવજીવન - મળેલો આ મનખા દેહ અણમોલ છે એવું જૈન ધર્મમાં ક્ષણે ક્ષણે જાગૃત રહેવા માટે - સાધનામાં તત્પર બનવા માટે કહેલું છે. અમૂલ્ય એવો આ માનવભવ અસંખ્ય ભવભ્રમણ કર્યા બાદ મળેલ છે. એને એળે જવા ન દેવાય. અન્ય કોઈ જ ભવમાં નથી થઈ શકતી, ને નથી મળતી એવી ધર્મ આરાધના માત્ર માનવભવમાં જ કરીને આત્મા પરમાત્મા બની શકે છે અને એથી જ સ્વર્ગના સુખોમાં મહાલતા દેવો પણ આ દુર્લભ માનવભવને ઝંખે છે. **જન્મ મરણની બેડીમાંથી મુક્તિ મેળવવા ધર્મનું શરણ પામીને આત્મકલ્યાણ કરવાનો એક અણમોલ અવસર આ માનવભવ થકી મળેલ છે.** આમ, માનવ જીવનની શ્રેષ્ઠતાની વાત માત્ર જૈન ધર્મમાં જ સમજાવી છે.

જૈન ધર્મમાં કર્મની ફિલસૂફી અંગે સમગ્રતયા અને તલસ્પર્શી જેટલી વિચારણા કરેલી છે, એટલી ઝીણવટપૂર્વકની વિચારણા બીજા એક પણ ધર્મમાં કરેલ નથી. કાર્યભેદ અને ફલભેદ અનુસાર કર્મના મુખ્યત્વે ૮ પ્રકાર જૈન દર્શનમાં દર્શાવેલા છે. જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, વેદનીય કર્મ, આયુષ્ય, નામકર્મ, ગોત્રકર્મ, મોહનીય કર્મ અને અંતરાય કર્મ – એવા ભેદ દર્શાવીને તેના દરેકના પેટા પ્રકાર તેમજ કયા કયા કારણોસર આ કર્મબંધ થાય છે અને આ કર્મોથી આત્માનો કયો કયો ગુણ આવૃત્ત થાય છે – **આ બધી જ સ્પષ્ટતા જૈન ધર્મમાં વિસ્તારથી સમજાવેલ છે. અન્ય ધર્મોમાં જેને નસીબ, વિધાતા, ભાગ્ય જેવા નામો આપેલ છે.** જૈન દર્શન આને જ કર્મસત્તાના નામે ઓળખાવે છે.

આ કર્મના કારણે જ જીવાત્મામાં વિવિધ મનોવૃત્તિ જન્મે છે. જેને આજનું મનોવિજ્ઞાન સહજ સ્વાભાવિક મનોવૃત્તિના નામે ઓળખે છે. જૈન દર્શને એને સંજ્ઞા એવું નામ આપેલ છે. સંજ્ઞા અર્થાત્ આસક્તિ - મોહવૃત્તિ - મૂર્ચ્છા. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ - ઓઘ અને લોક – આવી ૧૦ સંજ્ઞાઓ છે જેમાં ક્રોધ, માન, માયા, લોભને કષાય સંજ્ઞા કહે છે. (કષ = સંસાર અને આય = વધારનાર.) જીવાત્માને ભવભ્રમણ કરાવનાર આ ચાર મુખ્ય સંજ્ઞા છે. વળી કષાય, એ મનનો આવેગ છે જે ભય - શોક - ઘૃણા - હાસ્ય - રતિ - અરતિ - પુરુષવેદ - સ્ત્રીવેદ અને નપુંસક વેદ – આવા નવ નિમિત્તોથી ઉત્તેજિત થાય છે. આટલું વિશ્લેષણ જૈન ધર્મના પાયામાં કરેલ છે. અને આ કાર્યકારણ સંબંધને કાળ, નિયતિ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થ – આ પાંચ કાસમવાયથી સમજાવેલ છે. કષાય - નોકષાયને છોડીને જ જીવનમાં આગળ વધી શકશો એવું પરમાત્માએ ખૂબ સુંદર રીતે છણાવટ દ્વારા સમજાવેલ છે.

અન્ય ધર્મોમાં એવું કહેલું છે કે જો તમારે આત્મકલ્યાણ કરવું છે, સત્યની ખોજ આદરવી છે તો સઘળું ત્યાગી - સંસારને છોડી - સંન્યાસી બનીને સાધનામાં લીન બનવું જરૂરી છે જ. સાધનામાં લીન બનવા માટે સંસાર - સસારની એકેએક પ્રવૃત્તિને છોડી દો એવું કહ્યું છે જ. પણ ધર્મની સાચી સમજ એની સાચી શરૂઆત તમે ગૃહસ્થજીવન જીવતા પણ કરી શકો છો તેવું જિનેશ્વરોએ કહેલ છે અને એ માટે એમણે વ્યક્તિની શક્તિ અને ક્ષમતાને ધ્યાનમાં રાખી આત્મસાધના માટેના

બે પ્રકારના ધર્મનું નિરૂપણ કરેલ છે – (૧) સર્વવિરતિ ધર્મ (શ્રમણ જીવન), (૨) દેશવિરતિ ધર્મ (ગૃહસ્થ જીવન).

સર્વવિરતિ ધર્મ એટલે સર્વસ્વનો ત્યાગ કરી વિરાગી બનીને સાધનાના માર્ગે પ્રયાણ કરવું. જેમાં તમામ પ્રકારના પાપો જે સંસારમાં ડગલે ને પગલે માનવી જાણતા-અજાણતા મન, વચન, કાયા / કર્મ થકી કરતો રહે, તેનો સદાકાળ - સર્વથા અને સર્વત્ર ત્યાગ તે શ્રમણ જીવન. પાપ પોતે કરવાનું જ નહીં, બીજા કોઈ પાસે પણ કરાવવાનું નહીં અને અન્ય કોઈ પાપ કરે તો તેનું સમર્થન પણ ન કરવાનું – આમ સંપૂર્ણ વિરક્ત બનીને પંચ મહાવ્રત (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ) નું પાલન કરતાં પાંચ સુમતિ - ત્રણ ગુપ્તિને રૂડી પેરે પાલન કરતા - કષ્ટપૂર્વક તનને તપાવી, કર્મનો કચરો બાળતા રહીને સ્વની કલ્યાણ સાધના કરતા પરના કલ્યાણ માટેની ભાવના સેવતા આગળ વધવું તે સાધુ (શ્રમણ) જીવન - સર્વવિરતિ ધર્મ. આવી જીવનશૈલી જૈન ધર્મ સિવાય કોઈ પંથના અનુયાયી પૂર્ણતઃ અનુસરતા હોય તેવું શક્ય જ નથી. ***"Everyone can not become a great man but everyone can become a gentle man" – એ અનુસાર એક સજ્જન પુરુષ બનીને સત્કર્મો કરી શકાય છે જ.***

સાંસારિક પાપકર્મોનો શક્તિ મુજબ મર્યાદિતપણે ત્યાગ કરતા રહી જીવનને ઉજ્જવળ બનાવવા માટે જિનેશ્વર ભગવંતે દેશવિરતિ ધર્મ બતાવેલ છે. સંસારમાં રહીને પણ તમે શક્ય તેટલા પાપમાંથી બચી શકો - પાછા ફરી શકો એ પ્રમાણેની આચારસંહિતા મુજબનું જીવન જીવવું એ દેશવિરતિ ધર્મ (ગૃહસ્થ ધર્મ) છે. જે માટે પરમાત્માએ બહુ જ સ્પષ્ટતાથી શ્રાવકનું જીવન કેવા વ્રત - નિયમો - કરવાલાયક કર્તવ્યોવાળું હોવું જોઈએ, એ સુંદર રીતે ખૂબ જ ઝીણવટપૂર્વક સમજાવેલું છે. સંસારમાં રહીને ભ્રમરની જેમ જીવન જીવવાનું શીખવ્યું છે. જેમ ભ્રમર ફૂલમાંથી રસ (મધ) એકઠું કરે છે પણ ફૂલને ક્યાંય હાનિ થતી નથી, એ જ રીતે સાંસારિક કાર્યો કરતા કરતા પણ શક્ય તેટલો આત્માને કર્મબંધનથી દૂર રાખી, મલીન ન કરવાનું પરમાત્માએ સમજાવેલું છે. જયણાપૂર્વકનું જીવન જીવવા માટે શ્રાવકના બાર વ્રત (અણુવ્રત (૫), ગુણવ્રત (૩) અને શિક્ષાવ્રત (૪)) દ્વારા ગૃહસ્થે શું ન કરવું, જીવન કેવી રીતે જીવવું એની સમજ તો આપી છે, સાથોસાથ જીવન નિર્વાહ કરવા માટે કરવા પડતા ધંધા રોજગાર જેમાં કર્મોનું બંધન મહત્તમ હોય તેવાનો ત્યાગ કરવાનું દર્શાવીને ૧૫ પ્રકારના કર્માદાન અર્થાત્ જે કાર્યથી કર્મ બંધાય તેવા ધંધા રોજગારનો ત્યાગ કરવાની પણ ખૂબ સ્પષ્ટતાથી સમજ આપેલ છે.

આ ઉપરાંત ગૃહસ્થે રોજિંદા જીવનમાં અચૂક કરવા જેવા કેટલાક કર્તવ્ય કે આરાધના જેને ૬ આવશ્યક કહે છે, જેનાથી આત્મશુધ્ધિ થાય છે, તેનું પાલન કરવાનું પણ પરમાત્માએ શ્રાવકને શીખવ્યું છે. જેમાં સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદનક પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન – આવી દિવસ દરમિયાનની અચૂક ક્રિયાને જીવનમાં વણી લીધી છે. આમ, સંસારમાં રહીને પણ તમે ધીરે ધીરે શુધ્ધ બુધ્ધ કઈ રીતે બની શકો, એ માટેની જે આચારસંહિતા "જૈન ધર્મ"માં છે એવી બીજા કોઈ ધર્મમાં નથી જ. **જૈન ધર્મ ત્યાગનો ધર્મ છે. પામીને નહીં, છોડીને જીવન જીવતા શીખવે છે. સંગ્રહિત કરીને નહીં પણ ઓછામાં ઓછી જરૂરિયાત થકી પણ સારી રીતે જીવી શકાય છે, તે શીખવે છે.** સંયમશીલ બનવાનું, ઈન્દ્રિયો પર વિજય મેળવવા ૬ પ્રકારના બાહ્ય તપ અને ૬ પ્રકારના અભ્યંતર તપ દ્વારા આત્માની ઉન્નતિ કરતા શીખવે છે. સંસારની અસારતા અને આત્મચિંતન માટે પરમાત્માએ સતત ૧૬ ભાવનાનું જાગ્રતપણે ચિંતન કરવાનો ઉપદેશ આપ્યો છે. જેથી સંસારની વિવિધ ઘટનાઓમાં મન-આત્મા ગુંચવાય - ગૂંગળાય નહીં અને મન સ્વસ્થ - શાંત - સંતુલિત રહે.

**વળી જૈન ધર્મ આજના વિજ્ઞાન સાથે અનેક બાબતોમાં સામ્યતા ધરાવે છે.** જેમ કે માંસાહાર નિષેધ, રાત્રિભોજન ત્યાગ, પર્યાવરણની જાળવણી માટે જળ બચાવો, વૃક્ષો બચાવો, સંયમી બનીને રહેવાથી અનેક પ્રકારના રોગોથી બચી શકાય – એવી અનેક બાબતો આજના સમયમાં અપનાવવાથી સ્વસ્થ રહેવાની સાથે તન-મનની પ્રસન્નતા તો જળવાય જ, પણ સાથોસાથ જીવન જીવવાની એક અલગ પ્રકારની ખુશી પણ મળે.

માનવ સહજ સ્વભાવ છે કે એની પાસે જે હોય તે તેને શ્રેષ્ઠ જ હોય એવું ઇચ્છે. તે માટે પણ કહેલું છે કે, જન્મથી જૈનકુળને પામેલ, મને મળેલ મારો જૈન ધર્મ ખરેખર વિશ્વમાં સર્વશ્રેષ્ઠ જ છે. એની શ્રેષ્ઠતા પુરવાર કરવા માટે કદાચ શબ્દો ઓછા છે, મર્યાદા પણ છે. આમ છતાં એટલું તો જરૂર છે કે, પરમાત્મા મહાવીરે જગતની સર્વ પ્રજાને ચાર અમૂલ્ય વસ્તુની ભેટ ધરી છે : (૧) આચારમાં અનુબંધ - અહિંસાનું પાલન, (૨) વિચારમાં સ્યાદ્‌વાદ શૈલીનો સ્વીકાર, (૩) ચિંતનમાં કર્મવાદ, (૪) આદર્શમાં અપરિગ્રહનો આદર્શ.

અહિંસા - સંયમ અને તપ – સાધનાના આ ત્રણ રાજમાર્ગ પરમાત્માએ દર્શાવેલ છે. અહિંસાથી પ્રેમ, સંયમથી શાંતિ અને તપથી શક્તિ મેળવી શકાય છે અને માનવજાતને મળેલ આ પ્રેમ-શાંતિ અને શક્તિથી એક અલગ જ વિશ્વની રચના જરૂર થઈ શકશે (જો આપણે વીર ચિંધ્યા માર્ગે પ્રયાણ કરીશું તો...)

**"વ્યક્તિ મટી, બનું હું વિશ્વમાનવી"ની ભાવના અંતરમાં ચરિતાર્થ કરવા... સમગ્ર વિશ્વને અને એના માનવીઓમાં ઐક્યની ભાવના જળવાઈ રહે** એ માટે આપણે આજથી જ જાગૃત બની પ્રભુએ દર્શાવેલા માર્ગ પર ચાલીને જીવન જીવવા પ્રયત્ન કરીએ... મળેલ માનવભવને ચરિતાર્થ કરવા સક્ષમ બનીએ... તો જ મારા ધર્મની શ્રેષ્ઠતા મેં પુરવાર કરી એવું સાચા અર્થમાં કહી શકાશે.

***(સંપૂર્ણ)***

***એ-૫, પ્રિયા પાર્ક, બેંક ઓફ ઇન્ડિયાની પાછળ, ઇલોરા પાર્ક, વડોદરા-૩૯૦ ०૨૩. • મો. ૯૪૨૯૩ ૨૩૫૬૭***

કલ્યાણ

# મંગળ ગીતો એ ગાવે...



પુષ્પાબેન કનકસેન શાહ

જે સાધકો ત્રસ-સ્થાવર આદિ બધા જીવો પ્રત્યે સમભાવ રાખે છે તેમનો જ સામાયિક શુદ્ધ થાય છે, ધાર્મિક વૃત્તિને સતેજ કરે. આત્મજ્યોતિને પ્રગટાવે. હૃદયમાંથી ક્રોધ, માન, માયા, લોભ આદિની વાસનાને ક્ષીણ કરે તેનું નામ સામાયિક. ચંદન જેમ કુહાડાને સુગંધિત કરે છે, તેમ સમભાવની સુગંધ દ્વારા સુવાસિત કરનાર મહાપુરુષોનું સામાયિક મોક્ષનું સર્વોત્કૃષ્ટ અંગ છે....

**(હરિગીત)**

*બાર ભાવનાની સાધના સમભાવને જન્માવતી,*
*જે જીવ સકલની શાંતિના ઉદ્દેશને અપનાવતી,*
*સમ્યક્ ભાવોમાં રહી માધ્યસ્થ ભાવો ભાવતાં,*
*સામાયિક દ્વારા સકલ જીવો મૈત્રીને અપનાવતા.*

એક ગામના ભાગોળે ગામ લોકો એકઠા થયા છે. ગામની એક સ્ત્રી કુલટા નીવડી છે, એણે અનાચાર સેવ્યો છે. આખું ટોળું ધાંધલ મચાવતાં ન્યાય તોળે છે. 'આ કુલટાને મારી નાખો. એને જીવતી રખાય જ નહીં.' એટલામાં ત્યાંથી એક સંત પસાર થયા. એમણે આ ખેલ જોયો. એને હૈયે કરુણા જાગી. આ ટોળાંને અટકાવવું કેમ? બાઈને મરવા તો ન જ દેવાય. પાપને ધિક્કારવું, પાપીને નહીં. એ તો વચ્ચે જઇને ઊભા રહ્યા. ટોળાને ઉદ્દેશીને કહ્યું, 'તમે જે ન્યાય તોળ્યો છે તે યોગ્ય છે, પરંતુ હવે એટલું કરો કે, પથ્થર બધા મારે પણ પહેલો પથ્થરનો ઘા તે કરે જેણે જીવનમાં ક્યારેય કોઈ પાપ કર્યું ન હોય.'

સંતની વાત સ્વીકારવી તો પડે. એની શરત સ્વીકારવી જ પડે. આ શરતે જાદુ થયો. આખું ટોળું અલોપ. એક એક કરીને બધા જ સરકી ગયા. કોઈ એવું હતું જ નહીં, જેણે એકે પાપ કર્યું ન હોય.

આ સ્થિતિ જીવની છે. પોતે પાપ કર્યું હોય તે દેખાતું નથી. એનો ન્યાય કરવો નથી, પોતાને મરવું ગમતું નથી પણ બીજાને મારવામાં વાંધો નથી. બીજાનો ન્યાય કરવા તત્પર રહે છે. અન્યના દુષ્કૃત્યનો ન્યાય તોળવામાં આનંદ આવે છે.

દસવૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં (ગાથા ૧૧મી) ભગવાને કહ્યું છે, **'સવ્વે જીવાવિ ઇચ્છંતિ જીવિઉં, ન મરિજ્જિઉં' જીવમાત્રને પોતાનું જીવન વહાલું છે.** દારૂણ દશા ભોગવતા ભૂંડ, કૂતરાં, ગધેડા જેવા પ્રાણીઓ હોય કે નાના જીવજંતુ હોય એમને મરવું ગમતું નથી. જીવન વહાલું છે. અંગેઅંગ નકામું બન્યું હોય, કેન્સર જેવા રોગની પીડા હોય એવા રોગીને પણ મૃત્યુની બીક લાગે છે. એને મરવું તો નથી જ. જીવમાત્ર હર હાલતમાં પોતાની જિંદગીનું રક્ષણ કરવા તત્પર રહે છે. કઠિયારાને જોઈ વૃક્ષો કંપન અનુભવે છે, બિલાડીનો અણસાર આવતા ઉંદર નાસી જાય છે. સ્વરક્ષણની, સ્વબચાવની વૃત્તિ જીવમાત્રમાં જન્મજાત છે.

ધર્મશાસ્ત્રો કહે છે કે **જેવો તારો જીવ છે એવો જ બીજાનો છે.** ગીતાનો સંદેશ છે : તારા આત્મા જેવો અન્યનો આત્મા જાણ. 'આત્મવત્ સર્વભૂતેષુ.' 'પોસ્ટ ઑફિસ' વાર્તામાં ધૂમકેતુ કહે છે, 'માણસ પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જોતાં શીખે તો અડધું જગત શાંત થઇ જાય.' **ઇસુ કહે છે, 'જીવો અને જીવવા દો.'** આ બધા જ એ વાતનું સમર્થન કરે છે કે પ્રત્યેક વ્યક્તિને, પ્રાણીમાત્રને પોતાનું જીવન વહાલું છે, જેમ પોતાને તેમ અન્યને. જ્યાં આવી સમજનો દીપ પ્રગટ્યો નથી હોતો ત્યાં ગરબડ થાય છે.

આવો જ દીપ એક સમયે પ્રગટાવ્યો હતો ત્રેવીસમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથે. સંસારી હતા એ સમયની આ ઘટના છે. પાર્શ્વકુમાર ઘોડે ચડીને જઈ રહ્યા હતા. રસ્તે એમણે એક તાપસને તપ કરતાં જોયો. એ તાપસ હતો કમઠ, એણે પંચાગ્નિ તપ આદર્યું હતું. પાર્શ્વકુમાર જ્ઞાની હતા. ઘોડા પરથી નીચે ઉતર્યા. કમઠ સાથે વાત કરી કહ્યું, 'તપ કરવા માટે ધૂણી ધખાવી છે એ લાકડામાં તો નાગ છે. એ બિચારો જીવ બળે છે.' આ સાંભળીને કમઠનું અભિમાન ઘવાયું. એણે વાત સ્વીકારી નહીં.

પાર્શ્વ રાજકુમાર હતા. સેવકને આજ્ઞા કરી. બળતું લાકડું કઢાવી એના ફાડિયા કરાવ્યા. અંદરથી નાગ-નાગણી નીકળ્યા. એમણે કમઠને કહ્યું, 'જ્યાં કોઈ જીવની વિરાધના છે, ત્યાં તપ નથી, ત્યાં ધર્મ નથી. ધર્મ તો છે સ્વના રક્ષણની સાથે સર્વના રક્ષણમાં.'

જૈન ધર્માનુયાયીઓ સામાયિક કરતી વખતે 'સાવદ્ય' આચરણનો ત્યાગ અને 'નિર્વદ્ય' આચરણનું પાલન કરે છે. સાવદ્ય - સાવજ્જ અર્થાત્ પાપમય વ્યાપાર. પુષ્પ પાંખડી દુભાય તો એ પણ પાપમય વ્યવહાર થયો કહેવાય. આવા કોઈપણ જીવને દુઃખ પહોંચે એવા વ્યાપારનો ત્યાગ કરીને અહિંસા, દયા, સમતા આદિ નિષ્પાપ આચરણ કરીએ તેને નિર્વદ્ય આચરણ કહે છે. જેને સમ કહેવાય છે. જેના વડે આ સમની પ્રાપ્તિ થાય તે સામાયિક.

આમ સામાયિક એ સ્વરક્ષણથી શરૂ થઇને સર્વરક્ષણ સુધીની ક્રિયા છે. **'આત્મવત્ સર્વભૂતેષુ'** એનો અર્થ જ એ થયો કે જો તું તારું રક્ષણ કરે છે, તને સુખ પહોંચાડવાનો પ્રયત્ન કરે છે તો સર્વનું રક્ષણ કરવું, સર્વને શાતા પહોંચાડવી એ તારૂં પ્રથમ સોપાન છે. સ્વરક્ષણથી શરૂ કરી સર્વરક્ષણ સુધી પહોંચવું એ સામાયિકનો મુખ્ય હેતુ છે. એથી જીવમાત્ર પ્રત્યે સમભાવ કેળવાય છે. આ સમભાવ એ જ ધર્મભાવ.

*"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,*
*શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે."*

સમભાવ મૈત્રીભાવને સૂચવે છે. સકળ જીવ સૃષ્ટિ સાથે મૈત્રી. એમાં જાતિ, પાંતિ કે સ્થળ વિશેષના સીમાડા નથી. તે હિંદુ હોય કે મુસ્લિમ, શીખ હોય કે ઇસાઇ ગમે તે હોય, સર્વ પ્રત્યે મૈત્રીભાવ. અહીં ધર્મની વાડ નથી. પડોશી હોય કે કુટુંબી, સગા હોય કે સંબંધી, ગામના હોય કે પરગામના – બધા જ મિત્રો, મૈત્રી ભાવ. એથી આગળ વધીને જેમાં જીવ છે, ચેતન લક્ષણ છે એટલે કે વાયુ અને વનસ્પતિ જેવા એક ઇંદ્રિયવાળા જીવ; કીડા, પોરા જે બેઇન્દ્રિય જીવ, કીડી, કંથવા માટલા જેવા ત્રેઇન્દ્રિય અને માખી, મચ્છર, વીંછી જેવા ચાર ઇન્દ્રિયોવાળા જીવ. આ બધાને શાંતિથી જીવવા દેવા. એમને હાનિ ન પહોંચાડવી, ખલેલ ન કરવી. એટલે જ સકળ સૃષ્ટિ સાથે મૈત્રીભાવ. **કવિ કલાપી** કહે છે :

*'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,*
*પશુ છે, પક્ષી છે, રૂડાં વનોની છે વનસ્પતિ.'*

જેમાં સમજ છે એવા માનવીમાં આવો મૈત્રીભાવ જાગી જાય તો! અડધું નહીં, આખું જગત એના માટે શાંત થઇ જાય.

જેનામાં આ મૈત્રીભાવ જાગે છે એનું હૈયું ગુણીજનોને જોઈ હરખે છે. એમના ગુણો જાણી રોમેરોમ ઉલ્લાસ પામે છે.

*ગુણથી ભરેલાં ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,*
*એ સંતોના ચરણ કમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે.*

અષાઢ મહિનો હોય, આકાશમાં કાળાં વાદળાં ઘટાટોપ જામ્યા હોય, ઠંડો પવન ફૂંકાતો હોય, ત્યારે ગિરિકંદરામાં, સીમ ને વગડામાં ઘૂમતા મોરલાના કંઠને તાન ચડે. ટેહૂક ટેહૂક કરતો કળા કરી, મસ્ત બની નાચી ઉઠે. આ કલ્પના છે ગુણીજનોને જોઈને હૈયુ મારું નૃત્ય કરે. એમના ગુણો જોઈ આદર અને અહોભાવની હેલી ચડે એ સાથે જ એ ગુણો મારા હૃદયમાં પ્રગટે એવી ભાવના જાગે. એ છે બીજી ભાવના - પ્રમોદ ભાવના.

સામાયિકમાં પહેલો - નમસ્કારનો પાઠ એ પંચ પરમેષ્ઠિની વંદના છે. બીજો પાઠ ગુરૂવંદનનો છે. પાંચમો પાઠ લોગ્ગસ્સનો છે. નમોથ્થુણં એટલે પ્રણિપાત સૂત્ર. એ પાઠો દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે આદર અને અહોભાવ વ્યક્ત કરે છે. તેનાથી સાધકના ચિત્તમાં પ્રમોદ ભાવનાની પુષ્ટિ થાય છે. મુદ્ એટલે આનંદ પામવું. પ્ર + મોદ = વિશેષ આનંદની પ્રાપ્તિ. ગુણીજનો પ્રત્યે જાગેલ આદર વિશેષ પ્રકારનો આનંદ આપે છે.

સકળ સૃષ્ટિમાં અનેક દ્વંદ્વો જોવા મળે છે. તડકો અને છાંયો, શીત અને ઉષ્ણ, સારું અને ખરાબ. એમ એકબાજુ ગુણીજન છે, તો બીજી બાજુ દીન, હીન, ક્રૂર અને ધર્મવિમુખ વ્યક્તિઓનો એક વર્ગ છે. એમના માટે શું?

*દીન, ક્રૂરને ધર્મવિહોણાં દેખી દિલમાં દર્દ રહે,*
*કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ શ્રોત વહે.*

એમના માટે કરુણાભાવ. ભયંકર ઉપસર્ગ આપનાર સંગમ પ્રત્યે મહાવીરે કરુણા દાખવી. એની કરુણાએ ચંડકૌશિક જેવા વિષધરને ઉગાર્યો. ગુણીજનના ગુણ જોઇ હૈયું આદરથી છલકાય તો દીન, ક્રૂર અને ધર્મવિહોણાને જોઈ કરુણાનો પારાવાર છલકાય. એમને જોઈ ક્રોધ ન આવે, તિરસ્કાર ન જાગે. એને ફટકારવાના ભાવ ન જાગે, જાગે માત્ર કરુણા. હે જીવ, એમની અણસમજ અને અજ્ઞાનના લીધે કેવી દુઃખદ સ્થિતિ છે! એમની આ લાચારી, ઇન્દ્રિયોની વિવશતા, પ્રકૃતિની ક્રૂરતા અને ધર્મ વિમુખતા એમને ગતાગતિમાં ધકેલી આપશે. એમને સદ્‌બુદ્ધિ આવે તો સારું. **પાપી ધિક્કારને પાત્ર નથી. ધિક્કારને પાત્ર તો પાપ છે.** માટે કહ્યું છે કે : 'પાપીને તું પ્યાર કરી લે, પાપીનો ઉધ્ધાર થશે.'

સામાયિકના ત્રીજા પાઠમાં એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવોને કોઈપણ પ્રકારે પીડા પહોંચાડી હોય તો તે માટે મિચ્છામિ દુક્કડમ્ કહીએ છીએ. એનાથી આ ત્રીજી ભાવના કરુણા ભાવનાની પુષ્ટિ થાય છે.

અજ્ઞાને અટવાતા જીવો પ્રત્યે કરુણા જાગ્યા પછી પ્રેરણા મળી કે,

*'પંથ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચીંધવા ઉભો રહું,*
*કરે ઉપેક્ષા એ મારગની તો યે સમતા ચિત્ત ધરું.'*

માર્ગ ભૂલેલા યાત્રીને રસ્તો બતાવું, જ્ઞાનનો દીપક ધરી અજવાળું પાથરું, છતાં ય જો ન સમજે, ન માને, ધર્મમાર્ગની ઉપેક્ષા કરે તો હું સમભાવ રાખું. એના પ્રત્યે ઉપેક્ષાનો બીજો કોઈ ભાવ ન જાગે. એ છે માધ્યસ્થ ભાવના જ્યાં રાગદ્વેષની ગેરહાજરી થઈ ત્યાં સમભાવ આવ્યો. આ સમભાવની સાધના એ જ તો સામાયિક છે.

સામાયિક એટલે સમભાવથી સિદ્ધત્વ સુધીની સાધના, સામાયિક એટલે મૈત્રીભાવથી માધ્યસ્થ ભાવ સુધીની યાત્રા. મન, વચન અને કાયાના ત્રણે યોગ શુભ પ્રવર્તાવી સમત્વ સાધતાં, સંપૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ એ છે સામાયિકનું ધ્યેય. આમ, સામાયિક દ્વારા મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવના ભાવતો જીવ મુક્તિને વરે છે.

*વીર પ્રભુની ધર્મભાવના હૈયે સૌ માનવ લાવે,*
*વેરઝેરનાં પાપ ત્યજીને મંગળ ગીતો એ ગાવે.*

*ધન્વંતરી ચિકિત્સાલય,*
*શ્રીજી નગર, મુંદ્રા, કચ્છ.*

કલ્યાણ

# જીવનમાં ભક્તિનું માહાત્મ્ય



પ્રવીણભાઈ ગોરધનભાઈ મેંદપરા

ભક્તિનું જીવનમાં મહત્ત્વ શું? ભક્તિ વગરનો મનુષ્ય ખૂશ્બુ વગરના ફૂલ જેવો છે. **જેમ ફૂલમાં ખૂશ્બુનું મહત્ત્વ છે, તેમ જીવનમાં ભક્તિનું મહત્ત્વ છે.** ભક્તિ વિનાનું જીવન નિમક વગરના ભોજન જેવું છે. ભક્તિ વિહીન મનુષ્ય ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન પ્રાપ્ત કરતો નથી. ભક્તિ અંતઃકરણ શુધ્ધ કરે, આચરણ શુધ્ધ કરે અને કર્મ શુધ્ધ કરે છે અને ભગવાનના નિજાનંદને પ્રાપ્ત કરે છે.

ભક્તિ કરતા ચિત્ત પ્રભુમાં પરોવાય, ને ઓતપ્રોત થઈ જાય ત્યારે સાચી ભક્તિ કહેવાય છે અને પ્રભુને પામવાનો પ્રેમભીનો પંથ બને છે. આ પ્રેમ જન્મસાધ્ય પણ પ્રયત્નથી વૃદ્ધિ પામે છે. પ્રભુનું માહાત્મ્ય, જ્ઞાનપૂર્વક, સુદઢ અને સર્વથી અધિક એવો પ્રેમ પ્રભુમાં થાય તેનું નામ ભક્તિ. પ્રભુને પ્રેમ કરવા માટે પ્રભુના માહાત્મ્યજ્ઞાન જરૂરી છે. ભક્તિ અને સ્મરણ હોવું જોઈએ (સત્સંગ). મહાત્મ્ય એટલે મહાનતા. મહાનતા જાણવા માટે તેના ચાર દ્વાર છે : નામ, રૂપ, ગુણ, લીલા. ભક્તિમાં પ્રભુના સુખનો વિચાર હોય છે. એટલે કહેવાય છે કે –

***સંગીતમાં જ્યારે ભક્તિ ભળે ત્યારે તે કીર્તન થઈ જાય છે.***
***ભક્તિ ભોજનમાં ભળે ત્યારે તે પ્રસાદ થઈ જાય છે.***
***ભક્તિ કાર્યમાં ભળે ત્યારે તેને સેવા કહે છે.***
***ભક્તિ જ્યારે પાણીમાં ભળે ત્યારે તેને ચરણામૃત કહેવાય છે.***
***ભક્તિ જ્યારે મુસાફરીમાં ભળે ત્યારે તેને જાત્રા કહેવાય છે.***
***ભક્તિ જ્યારે ઘરમાં ભળે છે, તેને મંદિર કહેવાય છે.***
***ભક્તિ જ્યારે સુખમાં ભળી જાય ત્યારે ઉપવાસ કહેવાય છે.***
***ભક્તિ જ્યારે માણસમાં ભળે ત્યારે તે ભક્ત કહેવાય છે.***

આત્મા પ્રભુનું ચૈતન્ય સ્વરૂપ છે, પ્રભુનો અંશ છે. ભાવ ન હોય તો પણ ભક્તિ કરવી જોઈએ. ચિત્ત ભટકતું હોય, ભાવ પણ ન હોય, કંટાળો આવતો હોય, આળસ આવતી હોય તો પણ ભગવાનની ભક્તિ કરવાથી કામ થઈ જાય છે. ગમે તે રીતે ભગવાનનું ભજન કરવાથી ભક્તિના સંસ્કાર પડે છે અને સમય જતાં ખોટામાંથી સાચું થઈ જાય છે. દા.ત. સૈનિકોને પહેલાં ખોટા નિશાન પડાવવામાં આવે છે અને ખોટા નિશાન પાડવાથી જ સાચા નિશાન પાડતા આવડી જાય. આવી રીતે દરજી કામ શીખનારને પહેલા કાગળના ટુકડા વેતરવાના તથા સીવતા શીખવાડાય છે. તેનાથી કાપડની સિલાઈ કરતાં શીખી જાય છે. તેમ ભક્તિમાં ભાવ ન હોય તો પણ તે કરતા રહેવાથી ક્રમે કરીને સાચો ભક્ત બની જાય છે.

ભક્તિની ભીનાશ વિના પ્રભુ સાથે તાદાત્મ્ય સાધી શકાય નહીં. ભક્ત ભક્તિની ભીનાશના ભાવથી જે સંબંધથી જે રીતે શરણ લે છે, ભગવાન પણ તેને તે જ ભાવથી, તે જ સંબંધથી તે જ રીતે આશ્રય દે છે. ભક્ત ભગવાનને ગુરુ માને તો તેઓ શ્રેષ્ઠ ગુરુ બની જાય છે. શિષ્ય માને તો શ્રેષ્ઠ શિષ્ય, માતા-પિતા માને તો શ્રેષ્ઠ માતા-પિતા, સખા માને તો શ્રેષ્ઠ સખા બની જાય છે. ભક્ત ભગવાન વિના વ્યાકુળ બની જાય છે, તો ભગવાન પણ ભક્ત વિના વ્યાકુળ બની જાય છે. પરંતુ જો માણસ ગમે તેટલો જ્ઞાની હોય કે પંડિત હોય કે આ લોકમાં ગમે તેટલો હોંશિયાર હોય, તેમાં જો ભક્તિ ન ભળે તો ભગવાનને મન મૂર્ખ છે.

ભાગવતમાં ભગવાન કહે છે કે, હે ઉધ્ધવ! મારા સ્વરૂપમાં વિકસેલી મારી ભક્તિ મને જેટલા પ્રમાણમાં પોતાનો બનાવે છે, તેટલા પ્રમાણમાં યોગશક્તિ, સાંખ્ય, તત્ત્વજ્ઞાન, વૈદિક ધર્મ, વેદાભ્યાસ, તપસ્યા કે ત્યાગ મને પોતાનો બનાવી શકતા નથી. હું ભક્તોને પ્રિય છું, તેમનો આત્મા છું. એકમાત્ર શ્રદ્ધા ભક્તિથી જ હું તેમને પ્રાપ્ત થાઉં છું. **જો કોઈએ સત્ય અને દયાપૂર્વક ધર્મનું પાલન કર્યું અથવા કોઈએ તપસ્યાપૂર્ણ વિદ્યાભ્યાસ કર્યો પરંતુ તે જો મારી ભક્તિથી રહિત છે તો આવો ધર્મ અને અભ્યાસ તેને પવિત્ર કરી શકતા નથી.** ભક્તિ વિનાનું જીવન ઉજ્જડ વન જેવું છે. ભક્તિ અને વિરક્તિ આનંદનું મૂળ છે અને ભક્તિ દ્વારા ભક્તનું "અહં" શૂન્ય બની જાય છે.

ભક્તિ સ્વયં ફળ સ્વરૂપા છે. ફળ એ છે જેને જાણીને આપણે છોડી શકતા નથી. જેવી રીતે આંબાનું ફળ મીઠું હોય છે, તે જાણી લીધા પછી તેનો સ્વાદ લેવાનું મન થઈ જાય છે. જે સુખ સ્વરૂપ છે, આનંદ આપનારું છે, સમવાદિષ્ટ છે, તેનો સ્વાદ આપણે અંદર રાખવા માંગીએ છીએ. એમ ભક્તિ લૌકિક સુખોથી પર, અલૌકિક સુખ પામનાર સાધન છે. અખંડ આનંદની અનુભૂતિમાં ભક્તિનું અગત્યનું સ્થાન છે.

જેવી રીતે જીવનને સુખી અને સંપન્ન બનાવવા માટે ભૌતિક સાધનો અનિવાર્ય છે, તેમ આત્મઉન્નતિ, આત્મિક સુખ અને લૌકિક દુઃખોથી મુક્તિ મેળવવા માટે ભક્તિની આવશ્યક્તા છે. **ભક્તિ ત્યારે જ સાર્થક બને, જો તેમાં સ્વાર્થ ન હોય પણ પ્રભુ પ્રત્યેની પ્રીત હોય.** જે કામના અને સ્વાર્થ માટે ભક્તિ કરે છે તે પ્રભુને પ્રેમ કરતો નથી, તેને મેળવવા માટે પ્રભુને રીઝવે છે. જ્યારે નિષ્કામ ભક્તિમાં કોઈ સાંસારિક ઇચ્છા કે કામનાને સ્થાન નથી હોતું. આ ભક્તિ પ્રભુ પ્રત્યે પ્રેમની જ હોય છે. ભક્તિથી આત્મશુદ્ધિ થાય ત્યારે જીવન સાર્થક બને છે.

કોઈ નોકર બહુ ઇમાનદારીથી માલિકની સેવા અને કામ કરે છે પરંતુ નોકરને માલિક માટે પ્રેમ નથી પરંતુ સારા પગારની કામના રાખે છે. તેને પગારથી પ્રેમ છે. તેનો સેવાનો ઇરાદો પગાર છે. તેથી જ માલિક તેને સારો પગાર આપશે પણ તેમના હૃદયમાં સ્થાન નહીં આપે. તે તેમનો નોકર જ રહેશે. આ જ રીતે કામના માટે ભક્તિ કરનાર સેવક હોઈ શકે, પણ ભક્ત નહીં.

સ્વાર્થ માટે કરવામાં આવેલ ભક્તિ કદાચ સાંસારિક સુખને આપી જાય પરંતુ આવી ભક્તિથી જે મળે છે તે નાશવંત અને ક્ષણિક સુખ પછી વિષાદથી મન ઘેરાઇને ફરી-ફરી મનમાં સુખ-દુઃખના દ્વંદ્વો સતાવ્યા રાખે છે. ત્યારે જગતના દુઃખોમાંથી મુક્તિ મેળવવાનો જો કોઈ શાશ્વત માર્ગ હોય, તો તે પ્રભુ પ્રત્યેની નિષ્કામ ભક્તિ છે. **આપણે જો ભગવાનના નિજાનંદની પ્રાપ્તિ કરવી હોય તો પરમ શાશ્વત સુખ માટે ભગવાન પાસે કંઈ માંગવું નહીં.** માત્ર માંગવું હોય તો ભગવાનના ચરણમાં પ્રીત માંગશો. જીવ માટે પરમ રસ અને પરમ કલ્યાણ આપનાર ભગવાનની ભક્તિ છે.

ભક્તિ વિના જ્ઞાન પાંગળું છે. જ્ઞાન વગરની ભક્તિ આંધળી છે અને ભક્તિ અને જ્ઞાન એકબીજાના પૂરક છે. ભક્ત ચાર પ્રકારની મુક્તિ ઇચ્છતા નથી. સાયુજ્ય, સામિપ્ય, સારુપ્ય અને સાતકિય. ભક્તો જન્મો જન્મ ભક્તિ માંગે છે અને ભગવાન પ્રત્યે ભાવ અને અહોભાવ હોય છે. ભક્ત પ્રભુની શરણાગતિ સ્વિકારીને પ્રભુની કૃપા પામીને પ્રભુની શક્તિ અંદર ઉતારી, એ શક્તિથી મનુષ્ય પોતાની પ્રકૃતિ ઉપર વિજય મેળવી, પ્રભુને પામે છે.

ભક્તોના વિશુદ્ધ ભાવરૂપ રસપાન કરેલું હૃદય નિજમંદિર છે. એ નિજ મંદિરના સિંહાસન ઉપર રસેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્મા બિરાજમાન છે. આ સિંહાસન શરણાગતિ, સમર્પણભાવ અને દાસ્યભાવના પર આધારિત છે. ભક્તના હૃદયમાં જ્યાં સુધી આ ચાર ભાવનો ઉદય નથી ત્યાં સુધી ભગવાન હૃદયમાં બિરાજતા નથી કારણકે ભાવરૂપ ભગવાન ભક્તિ વડે સેવ્યમાન છે. આ ચાર ભાવ ભક્તિનું સિંહાસન છે.

એકની આગળ ગમે તેટલા શૂન્ય લગાવીને મોટી સંખ્યા મેળવી શકાય પણ શૂન્ય આગળની સંખ્યા હટાવી દેવાય તો ખાલી શૂન્યનો કોઈ અર્થ નથી. ભગવાને માનવદેહ આપ્યો છે ત્યારે ભગવાનની ભક્તિ ન કરીએ તો એકડા વગરના મિંડા જેવું છે. ભગવાને મનુષ્ય દેહ ભગવાનની ભક્તિ માટે આપ્યો છે. **ભક્તિ એ જ સાધન અને ભક્તિ એ જ ફળ છે.** તો દરેક મનુષ્યે આત્મરૂપી ચેતનાની જ્યોત પ્રગટાવવી જોઈએ....

*C/o. કનૈયા પ્રોવિઝન સ્ટોર,*
*બાગ દરવાજા, શાક માર્કેટ રોડ, માણાવદર-૩૬૨ ૬૩૦.*
*મો. ૯૯૨૫૯ ૩૨૧૬૬*

## ગ્રાહક : રાજા કે બિચારો બાપડો?

**(અનુસંધાન : પાના નં. – ૩૭ ઉપરથી ચાલુ)**

આયોજન કરવામાં આવે છે. વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઇને આ વર્ષે ઓનલાઇન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. **તકરાર નિવારણ માટે જિલ્લા કક્ષા - રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષાનું આયોગ કાર્ય કરે છે.** કોઈપણ વ્યક્તિ ન્યાય મેળવવા માટે સામાન્ય કાગળ પર એક અરજી સીધેસીધી જે તે રાજ્યની વડી અદાલતને કે સુપ્રિમ કોર્ટને પણ કરી શકે છે. આજકાલ ઓનલાઇન શોપિંગ કરવાનું ચલણ છે ત્યારે વધુ સાવચેત રહેવું જરૂરી બન્યું છે. તેમાં આપવામાં આવેલી ટર્મ્સ અને કન્ડિશન જાણી લઈ વેબસાઈટ કેટલી યોગ્ય છે તે તપાસ કરી લીધા પછી જ ખરીદી કરવી. જો મંગાવેલી વસ્તુ ખોલીને, ચકાસીને પછી જ પેમેન્ટ આપવું. જો વસ્તુ તે મુજબ ન હોય તો પેમેન્ટ રીફંડ મેળવી શકાય છે. તેના નિયમોથી માહિતગાર હોવું જરૂરી છે. **ફ્રી કન્ઝ્યુમર કમ્પ્લેઇન વેબસાઇટ Ok.com complaint પર ફરિયાદ નોંધાવી શકાય છે.**

ગ્રાહકને મળવાપાત્ર રાહતમાં વસ્તુમાં રહેલી ખામી - સેવામાં રહેતી ઉણપ દૂર કરવી, વસ્તુ બદલી આપવી, વસ્તુ માટે ચૂકવાયેલ રકમ પરત મેળવી શકે, ખામીયુક્ત વસ્તુથી થયેલ ઇજા કે નુકસાન માટે વળતર મેળવી શકે. ગેરમાર્ગે દોરતી જાહેરાત સુધરાવી શકે – જેવી બાબતોનો સમાવેશ થાય છે.

ગ્રાહકને હક્ક છે કે તે પોતાની પસંદગીની વસ્તુ પોતાને યોગ્ય લાગે તે કિંમતે ખરીદી શકે છે. ખરીદી કરતી વખતે મહિલાઓએ નાની પરંતુ મહત્ત્વની એવી તમામ બાબતોનું ધ્યાન રાખી સ્માર્ટ શોપિંગ કરવું. થોડી શાંતિ, થોડી ધીરજ, સમજણ રાખવાથી છેતરાવાની શક્યતા નહિવત રહેશે. તેમ છતાં સમસ્યા થાય તો ગ્રાહક સુરક્ષાને ફરિયાદ કરવી. **ગ્રાહકને રાજા બનવું હશે તો જાગૃત તો રહેવું જ પડશે.**

*"નીલયમ", સહકાર નગર મેઇન રોડ, મહિલા કોલેજ પાછળ,*
*એસ.બી.એસ. સોસાયટી, રાજકોટ.*
*મો. ૯૪૨૯૫ ૦૨૧૮૦*

કચ્છ

# કચ્છ સફેદ રણ : સોલ્ટ ડેઝર્ટ અને ટેન્ટ સિટી આકર્ષણરૂપ

મનમોહક સફેદ રણ એ ધોરડો, કચ્છ ખાતે આવેલા ટેન્ટ સિટી, એ નિવાસનું સૌથી મોટું આકર્ષણ છે. આ સ્થળ અફાટ રણ સોલ્ટ સિટીથી થોડીક જ મિનિટોના અંતરે આવેલું છે. સફેદ **રણમાં સૂર્યોદય અને સૂર્યાસ્તનું ભવ્ય દૃશ્ય ચૂકવા નહીં જેવું અને યાદગાર અનુભવ પૂરો પાડે છે.** ઉપરાંત ટેન્ટ સિટી મહેમાનોને મુલાકાત લેવા માટે અન્ય ઘણાં આકર્ષણો ધરાવે છે.

ટેન્ટ સિટી કચ્છના સૌથી ઊંચા સ્થળ **કાળા ડુંગર**ની ગાઈડેડ ટૂર ઑફર કરે છે. આ સ્થળ સફેદ રણ અને તેથી આગળના પ્રદેશનું અદ્‌ભુત દૃશ્ય જોવાની તક પૂરી પાડે છે. નજીકમાં ગાંધીના ગામ તરીકે ઓળખાતું ગામ અને અન્ય ઐતિહાસિક સ્મારકો આવેલા છે. આ ઉપરાંત ટુરિસ્ટ મેપ ઉપર સામાન્ય રીતે ઓછા જાણીતા હોય તેવા સ્થળો પણ મુલાકાત લેવા યોગ્ય છે.

ટેન્ટ સિટી કચ્છના સંચાલનકર્તા જણાવે છે કે “સાહસ ભાવના ધરાવતા લોકો માટે અહિંયા સામેલ થવા જેવી અનેક સાહસિક પ્રવૃત્તિઓ ઉપલબ્ધ છે. કચ્છી લોકનૃત્ય અને લોકગીતો જેવી કેટલીક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અહીંની સમૃધ્ધ સંસ્કૃતિમાં રસ ધરાવતા સૌ કોઇને ગમી જાય તેવી છે. આ ઉપરાંત અહીંની વન્ય અને પ્રાણી સૃષ્ટિ નેચર લવર્સને ગમી જાય તેવી છે.”

તે જણાવે છે કે, “દરેક વ્યક્તિ માટે ટેન્ટ સિટી કંઇકને કંઇક ઑફર કરે છે. આ કારણે તો પરિવારો, યુગલો અને વ્યક્તિઓ માટે એક પરફેક્ટ ગેટ-વે બની રહે છે. **મહેમાનો અહીંથી જીવનભરની સ્મૃતિઓ સાથે લઇને જાય છે.** સફેદ રણનું સૌંદર્ય, હિલ સ્ટેશનની શાંતિ તથા ગ્રામ્ય જીવનશૈલીને કારણે પણ ટેન્ટ સિટી વેડિંગ ડેસ્ટિનેશન તરીકે પણ લોકપ્રિય બન્યું છે.”

*ધોરડો સ્થિત ટેન્ટ સિટી કચ્છનું વિશ્વના મીઠાના સૌથી મોટા રણ પૈકીના એક સફેદ રણથી થોડીક જ મિનિટોના અંતરે આવેલું છે. ટેન્ટ સિટીના ફાઈનાન્સ અને ઑપરેશન મેનેજર જણાવે છે કે, “સેફ્ટી પ્રોટોકોલ અમલી બની ચૂક્યો છે. તેમાં ક્લિનિંગ અને ડિસઈન્ફેક્શનની નવી પદ્ધતિઓ, કોમન એરિયામાં વિશેષ ધ્યાન આપવાની બાબત તથા હેન્ડ સેનેટાઈઝર, ફેસ માસ્ક અને અન્ય સુરક્ષા સાધનોની પૂરતી ઉપલબ્ધિનો સમાવેશ થાય છે. તાલીમથી સુસજ્જ પ્રોફેશનલ્સની ટીમ દ્વારા પ્રોટોકોલની કોઈ ક્ષતિ થાય તેવી શક્યતા રાખી નથી. મહેમાનોએ ચેપ લાગવાની કોઇ ચિંતા કરવાનું કોઈ કારણ નથી. વ્યાપક પગલા લેવા છતાં મહેમાનોને સહેજ પણ તકલીફ પડે નહીં તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. જે પગલાં અમલમાં લેવામાં આવ્યા છે તેમાં ભુજ ખાતેના રિસેપ્શન એરિયામાં ડિસઈન્ફેક્શન, સ્ટાફ દ્વારા માસ્ક અને ગ્લોવ્ઝનો ઉપયોગ, દર પખવાડિયે સ્ટાફની તબીબી તપાસ, મહેમાનો માટે માસ્ક અને સેનેટાઈઝર્સ તથા અન્ય વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે.”*

*મેનેજરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, “મહેમાનોને લાવતી-લઈ જતી બસને પ્રવાસ પહેલા અને પ્રવાસ પછી ચેપમુક્ત કરવામાં આવે છે. ડિસ્પોઝેબલ હેડ રેસ્ટ અને સીટ કવર્સને દરેક ટ્રીપ પછી બદલવામાં આવે છે. હેન્ડલ, બારણાં, પાથવે વગેરે કોમન ટચ પોઈન્ટને સંપૂર્ણપણે સેનેટાઈઝ કરવામાં આવે છે. પ્રવાસમાં અને રોકાણ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગની ખાતરી રાખવામાં આવે છે.” કચ્છનું ટેન્ટ સિટી પેકેજમાં પોસાય તેવા સંખ્યાબંધ વિકલ્પો ઑફર કરી રહ્યું છે.*

ટેન્ટ સિટીની નજીકમાં પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ પુરવાર થાય તેવા અનેક સ્થળો ૧ કે ૨ કલાકના અંતરે આવેલા છે.

**અહીંથી ભુજ ૧ કલાક વાહન હંકારીને પહોંચી શકાય છે.** આ શહેર તેના ભવ્ય ભૂતકાળ અને અન્ય આકર્ષણો માટે જાણીતું છે. માંડવી બીચને ગુજરાતના શ્રેષ્ઠ બીચ તરીકે ઓળખવામાં આવે છે. તે અહીંથી થોડાક જ કલાકના અંતરે છે. ભુજની સરહદે આવેલું ગામ ભુજોડી તેના કસબીઓના કારણે જાણીતું છે. અહિંયા પરંપરાગત હસ્તકલાના અનેક નમુનાઓ બનતા જોઈ શકાય છે.

નજીકમાં જ ગાંધીના ગામ તરીકે ઓળખાતું લુડિયા ગામ આવેલું છે. અહીં પણ સ્થાનિક કસબ અને હસ્તકલાની જાળવણી થઈ રહી છે. તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભૂકંપ આવ્યો ત્યારે આ સ્થળ નાશ પામ્યું હતું. પરંપરાગત ‘ભૂંગા હાઉસ’ શૈલીથી સ્થાનિક કસબીઓએ તેનું પુનઃનિર્માણ કર્યું છે. **આ સ્થળ ભૂકંપની રાખમાંથી ઊભા થઇને ટકી રહેવાની કચ્છની શક્તિનું પ્રતીક છે.**

આ ગામ લીંપણ કરેલા ઘર અને લીંપણનું પેઈન્ટિંગ ધરાવે છે. અનોખા માટીકામ માટે પણ તે જાણીતું છે.

***(વર્તમાન સમાચારપત્ર પર આધારિત)***

કચ્છ

# કચ્છી ભાષા

કચ્છી ભાષા અતિ પ્રાચીન ભાષા છે. જૂનામાં જૂની સંસ્કૃતિ મોંહેજો દારો, ધોળાવીરા અને હડપ્પા સંસ્કૃતિમાં કચ્છી ભાષા તે સમયે પણ બોલાતી હતી. તે સમયે કચ્છ સિંધનું એક મહા રાજ્ય હતું.

વર્તમાન સમયમાં અનેક ભારતીય ભાષાઓનો ઉપયોગ થાય છે. જેમાં એક અંદાજ પ્રમાણે ફક્ત ભારતમાં જ ૧૯,૭૩,૦૦૦ લોકો કચ્છી ભાષા બોલે છે. કચ્છી ભાષા પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં પણ બોલાય છે અને સિંધી ભાષા સાથે ઘણું સામ્ય ધરાવે છે. કચ્છનો સંબંધ ગુજરાત સાથે હોવાથી પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં શિક્ષણ આપવામાં આવે છે કારણકે કચ્છી ભાષાની પોતાની લિપિ નથી. આ કચ્છી ભાષા કચ્છ સિવાય મુંબઈ અને અન્ય ઘણી જગ્યાએ બોલાય છે. અબડાસા, માંડવી અને ભુજના લોકો બોલે છે એના કરતાં ભચાઉ અને રાપરના લોકો જરાક અલગ રીતે બોલે છે કારણકે ભચાઉ અને રાપરના લોકોની બોલીમાં ગુજરાતી છાંટ વધુ દેખાય છે.

ઘણી વખત કચ્છી ભાષાને બોલીની ભાષા સમજવામાં આવે છે, પરંતુ કચ્છી ભારતની અધિકૃત ભાષાઓ પૈકીની એક છે અને તેને બોલી નહીં પણ ભાષાનો દરજ્જો આપવામાં આવેલો છે. ભૂતકાળમાં કચ્છી ભાષા વર્તમાન દેશ પરદેશમાં બોલવામાં આવતી હતી. ભારત, પાકિસ્તાન, ટ્રીનિડાડ અને ટોબેગો, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, માલાવી, મોઝામ્બિક, દક્ષિણ આફ્રિકા, પોર્ટુગલ, યુનાઈટેડ આરબ અમિરાત, કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયા વગેરે સ્થળોએ કચ્છીઓ કચ્છી ભાષા બોલે છે.

કચ્છી બોલીમાં એક જ અક્ષરના શબ્દોનો વૈભવ કદાચ આપને ગમશે. **અન્ય કોઈ પણ ભાષામાં જે શબ્દ લખવામાં એકથી વધારે અક્ષરોની જરૂર પડે છે એવા શબ્દો કચ્છીમાં એક જ અક્ષરમાં લખી શકાય છે.** આ શબ્દો એટલે રકમના, સંબંધના, પશુ પક્ષીઓના નામ.

જે મિત્રોને કચ્છી બોલતા નથી આવડતી તેમના માટે ગુજરાતી ભાષાના શબ્દને કચ્છીમાં શું કહેવાય એ જાણવું રસપ્રદ બની રહેશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. ગાય | – | ગોં | ૧૩. ટાઢ | – | સી |
| ૨. ભેંસ | – | મે | ૧૪. વરસાદ | – | મીં |
| ૩. બકરી | – | પોં | ૧૫. ધરવ | – | ધ્રો |
| ૪. દીકરી | – | ધી | ૧૬. ડર, બીક | – | ધ્રા |
| ૫. ભાઈ | – | ભા | ૧૭. પોદડો | – | પૉ |
| ૬. પિતાજી | – | પે | ૧૮. બેસ | – | વે |
| ૭. પુત્રવધૂ | – | નોં | ૧૯. કેમ | – | કીં |
| ૮. ત્રણ | – | ત્રે | ૨૦. મારી | – | મું |
| ૯. નવ | – | નૉ | ૨૧. તેમ | – | તીં |
| ૧૦. દસ | – | ડૉ | ૨૨. એમ | – | ઈં |
| ૧૧. વીસ | – | વી | ૨૩. કહે | – | ચૉ |
| ૧૨. ત્રીસ | – | ત્રી | ૨૪. કહું | – | ચાં |

પાંજે કચ્છજી જૉની પરંપરા... રહેણીકરણી... સંસ્કૃતિ... રોજબરોજ જે વ્યવહાર... બોલચાલમેં વપરાંધલ શબ્દાવલી પ્રસ્તુત કરાઈ આય... (હજી ગણે બાકી પણ આય... ભૂલચૂક હુએ ત સોધારીજા...)

***(વૉટ્સએપ પર આધારિત)***



# સામાન્ય જ્ઞાન

## ક્રિકેટમાં ટોસની પ્રથા

ક્રિકેટ મેચ શરૂ થતાં પહેલા, પહેલો દાવ કોણ લે તે નક્કી કરવા સિક્કો ઉછાળાય છે તેને ટોસ ઉછાળ્યો તેમ કહેવાય છે. જે ટીમનો કેપ્ટન ટોસ જીતે તે પ્રથમ બેટિંગ કોણ કરશે, તે નક્કી કરે છે. ટોસ ઉછાળવાની પ્રથા સાથે રસપ્રદ વાત જોડાયેલી છે. અગાઉ પ્રવાસી ટીમ પ્રથમ બેટિંગ કરે તેવો નિયમ હતો. એટલે ટોસ ઉછાળવાની પ્રથા નહોતી. પરંતુ બંને ટીમ પ્રવાસી હોય ત્યારે મુશ્કેલી થઇ અને ટોસ ઉછાળવાની પ્રથા પડી. યજમાન દેશનો કેપ્ટન ટોસ ઉછાળે અને વાઘ કે કાંટો પસંદ કરવાનો અધિકાર મહેમાન ટીમના કેપ્ટનને હોય છે. સિક્કાની બંને બાજુએ વાઘ અને કાંટા કહેવાનો રિવાજ છે. આજે રમાતી મેચમાં અમ્પાયર કે આયોજકો ટોસ ઉછાળે છે. સિક્કાની બંને બાજુને અંગ્રેજીમાં 'હેડ' કે 'ટેઇલ' કહે છે. આજની ક્રિકેટ મેચમાં નિકલના બનેલા ખાસ સિક્કા વપરાય છે. વર્લ્ડકપ, આઈ.પી.એલ. વગેરે પ્રકારની મેચો માટે ક્રિકેટ એસોસિએશન ખાસ સિક્કો બનાવડાવે છે. જાણીતા ક્રિકેટર સચીન તેંડુલકરે રમેલી છેલ્લી મેચમાં ટોસ ઉછાળવા માટે સોનાનો સિક્કો ઉપયોગમાં લેવાયેલો.

## ઉસ્તાદ પ્રાણીઓ

સસ્તન પ્રાણીઓમાં અવાજ સાંભળવા માટે બહાર દેખાતા કાન હોય છે. કાનની રચના બહારના અવાજોને એકઠાં કરી તેના મોજાંને જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સુધી પહોંચાડવા માટે અનુકૂળ હોય છે. દરેક પ્રાણીઓ પોતાની જરૂરિયાત મુજબના અવાજો સાંભળી શકે છે. **માણસ અલ્ટ્રાસાઉન્ડ કે સૂક્ષ્મ અવાજો સાંભળી શકતો નથી, પરંતુ પ્રાણીઓને પોતાના રક્ષણ કે ખોરાકની શોધ માટે સૂક્ષ્મ અવાજો પણ સાંભળવા પડે.** કુદરતે તેમને આ માટે અજાયબ શક્તિઓ આપી છે.

ડોલ્ફિન, પાણીના તળિયે ૨૫ કિલોમીટર દૂર થતા અવાજ સાંભળી શકે છે. બિલાડી અને કૂતરા ૪૦૦૦૦૦ હર્ટ્ઝ સુધીનો સૂક્ષ્મ અવાજ સાંભળી શકે છે. એક પાંદડું હલે તો પણ બિલાડીના કાન સરવા થઇ જાય. ઉંદરના કાનની અંદરનું પોલાણ પહોળું હોય છે. તેને બહારથી આવતા અવાજ ૧૦૦ ગણા મોટા થઇને સંભળાય છે. આફ્રિકાના બેટ ઇયર્ડ ફોક્ષ પોતાના કાન જમીન તરફ વાળી શકે છે. ચામાચીડિયા અવાજ સાંભળવામાં ઉસ્તાદ છે. તે અલ્ટ્રાસાઉન્ડ સાંભળી શકે છે, વળી પેદા પણ કરી શકે છે. કેટલીક માછલીઓ પણ અલ્ટ્રાસાઉન્ડ સાંભળી શકે છે. જો કે માછલીને કાન હોતાં નથી.

## ક્રિસ્ટલોગ્રાફિક ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપીના શોધક : એરોન કલગ

તબીબી ક્ષેત્રે શરીરના કોષોના ઝીણવટભર્યા અભ્યાસ માટે શક્તિશાળી માઇક્રોસ્કોપ જોઈએ. વિજ્ઞાનીઓએ ઘણાં માઇક્રોસ્કોપ વિકસાવ્યા છે, જે શરીરના સૂક્ષ્મ કોષોની હજારો ગણી મોટી તસવીરો લઇ બતાવે છે. એરોન કલગ નામના બ્રિટીશ વિજ્ઞાનીએ ક્રિસ્ટલોગ્રાફિક ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપી વિકસાવી હતી. આ પદ્ધતિમાં શરીરના કોષોની અણુ કક્ષાએ બે તસવીરો એકઠી કરીને ૩-ડી માં જોઈ શકાય છે કે જેથી વધુ ઉંડાણથી અભ્યાસ થઈ શકે છે. **કલગને આ શોધ બદલ ૧૯૮૨માં કેમિસ્ટ્રીનું નોબલ પ્રાઇઝ એનાયત થયું હતું.**

એરોન કલગનો જન્મ લિથુયાનિયાના ઝેલ્વા ગામે ઇ.સ. ૧૯૨૬માં ઓગસ્ટની ૧૧ તારીખે થયો હતો. તેના પિતા ખેડૂત અને પશુપાલક હતા.

એરોન બે વર્ષનો હતો ત્યારે જ તેનો પરિવાર દક્ષિણ આફ્રિકા જઇ વસેલો. ડર્બન હાઈસ્કૂલમાં પ્રાથમિક અભ્યાસ કર્યા બાદ તેણે વિટવોટરલેન્ડ યુનિવર્સિટીમાં એમ.એસ.સી.ની ડિગ્રી મેળવી હતી. તેને રોયલ કમિશનની ફેલોશિપ મળી એટલે તે પીએચ.ડી. કરવા કેમ્બ્રિજની ટ્રિનિટી કોલેજમાં ગયો.

પીએચ.ડી. પૂરું કર્યા પછી ઇ.સ. ૧૯૫૩માં તે લંડન યુનિવર્સિટીમાં જોડાયો અને લેબોરેટરીમાં સંશોધન કરવા લાગ્યો. આ દરમિયાન તેણે ટોબેકે મોઝેક વાયરસની શોધ કરી. ત્યારબાદ તે કેમ્બ્રિજની મોલેક્યુલર બાયોલોજી લેબોરેટરીમાં જોડાયો અને ફેલોશિપ મેળવી સંશોધન કાર્ય ચાલુ રાખ્યા. **આ દરમિયાન તેણે એક્સ-રે ડિફ્રેક્શન આધારિત ક્રિસ્ટલોગ્રાફિક માઇક્રોસ્કોપીની શોધ કરી.** નોબેલ ઇનામ મળ્યા પછી તેમને કેમ્બ્રિજમાં પીટરહાઉસ ખાતે પ્રોફેસર તરીકે નિમણૂંક મળી. હાલમાં તેઓ સ્ક્રિપ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સભ્ય છે.

**એરોન કલગને વિજ્ઞાનમાં આપેલા યોગદાન બદલ નોબેલ ઉપરાંત ઘણા એવોર્ડ એનાયત થયા છે.**

## વૃક્ષનું વિજ્ઞાન

જમીનમાં બીજ રોપવાથી અંકુર ફૂટે અને કૂંપળો બહાર નીકળે. બે કે ત્રણ પાંદડાની કૂંપળ થોડા દિવસોમાં મોટી છોડ થઇને વિકાસ પામી મોટું વૃક્ષ બને. દરેક સજીવ જન્મ પછી વિકાસ પામે છે. પ્રાણીઓ અને મનુષ્યના કદ અને ઊંચાઈ વધે છે. તે જ રીતે વૃક્ષ પણ ઊંચું થાય છે. પરંતુ વૃક્ષના વિકાસની

વાત થોડી જુદી છે.

વૃક્ષ જમીનમાંથી મૂળ દ્વારા પાણી અને ખનીજ મેળવે છે. તેના પાનમાં સૂર્યપ્રકાશ વડે પ્રકાશ સંશ્લેષણની ક્રિયાથી સ્ટાર્ચ, સાકર દ્રવ્યો અને સેલ્યુલોઝ બને છે. થડમાં રહેલા કોષો દ્વારા વૃક્ષને પોષણ મળે છે. છોડનું થડ પાતળું અને ગરમ હોય છે. ટોચે વધુ ડાળી અને પાન ફૂટે એટલે વજન વધે તેમ થડ મજબૂત અને જાડું થાય. થડની ઊંચાઈ વધતી નથી પરંતુ તેનાં નવા પાન અને ડાળી ફૂટીને વિકાસ પામે છે. સમય જતાં પાણી અને ખોરાકનું વહન થડના બાહ્ય સ્તર કે છાલ દ્વારા થાય છે. આંતરિક માળખું સખત થઈને વૃક્ષના ટેકા કે આધારની ગરજ સારે છે.

છોડની દરેક ડાળીના છેડેનાં કોષો વિભાજિત થતાં જાય છે અને નવા પાન અને ડાળી ફૂટે છે. જૂના કોષો સખત થતા જાય છે અને બાહ્ય ભાગમાં નવા કોષો સતત બન્યા કરે છે. વૃક્ષની છાલ નરમ પણ મજબૂત હોય છે. તે આંતરિક ભાગનું પણ રક્ષણ કરે છે.

## મોબાઇલ ફોનનું અવનવું

- આધુનિક મોબાઈલ ફોનમાં નાસા દ્વારા ચંદ્ર ઉપર મોકલાયેલા એપોલો-૧૧માં વપરાયેલા કોમ્પ્યુટર કરતાંય વધુ ક્ષમતા હોય છે.
- મોબાઈલ ફોન ઉપર સૌથી વધુ બેક્ટેરિયા હોય છે.
- જાપાનમાં લોકો સ્નાન કરતી વખતે પણ મોબાઈલનો ઉપયોગ કરે છે. તેથી ત્યાંના ૯૦ ટકા ફોન વોટરપ્રુફ હોય છે.
- મોબાઈલ ફોન દ્વારા પ્રથમ વાતચીત ૧૯૭૬માં મોટોરોલાના શોધક માર્ટિન કૂપરે કરેલી.
- મોબાઈલ ગુમાવવાથી કે બગડી જવાથી લોકોને ગુસ્સો અને રોષ પેદા થાય છે. આ સ્થિતિને 'નોમોફોલિયા' કહે છે.
- મોબાઈલ ફોન સૌથી વધુ વેચાતા ઇલેક્ટ્રોનિક સાધન છે.
- કોઈકે કહ્યું છે કે વિશ્વમાં ટોઈલેટ કરતાં મોબાઇલ ફોન વધુ હોય છે.
- મોબાઈલ ઉપર વીડિયો અને ફોટા સૌથી વધુ અપલોડ થાય છે. આ ટ્રાફિક, વેબ ટ્રાફિકનો ૨૭ ટકા ભાગ રોકે છે.
- સ્માર્ટફોનની ટેકનોલોજી વિવિધ ૨૫૦૦૦૦ શોધખોળોના સમન્વયથી બનેલી છે.
- મલેશિયામાં મોબાઈલ ફોનમાં મેસેજ દ્વારા છૂટાછેડા લેવાનું કાયદેસર ગણાય છે.
- ઘણી વખત લોકો આસપાસના લોકોથી દૂર રહેવા સ્માર્ટફોનમાં વ્યસ્ત હોવાનો ડોળ કરે છે. એક સર્વેમાં ૪૭ ટકા લોકોએ આ વાત કબૂલી હતી.
- ફિનલેન્ડમાં મોબાઇલ ફોન ફેંકવાની સ્પર્ધા યોજાય છે. વર્ષ ૨૦૦૦માં રીસાઇકલિંગને પ્રોત્સાહન આપવા માટે આ સ્પર્ધા શરૂ થઇ હતી. જે સૌથી દૂર સુધી મોબાઈલ ફેંકી શકે તે ચેમ્પિયન ગણાય છે.

## સ્મોક ડિટેક્ટર

આગની પ્રાથમિક નિશાની ધૂમાડો છે. **ધૂમાડો એટલે સળગતી વસ્તુમાંથી નીકળતા વાયુઓ અને રાખના સૂક્ષ્મ રજકણો.** સ્મોક ડિટેક્ટર નામનું સાધન ધૂમાડો થાય કે તરત જ ચેતવણી, સાયરન કે ઘંટડી વગાડે છે. આમ, આગની ચેતવણી આપી મોટી હાનિ અટકાવનાર સાધન ઘણી જાહેર જગ્યાએ તેમજ વિમાન કે ટ્રેનમાં ઉપયોગી થાય છે.

સ્મોક ડિટેક્ટર બે પ્રકારના હોય છે : એક ફોટોઇલેકટ્રિક અને બીજા આયનાઇઝેશન. બંને પ્રકારના સ્મોક ડિટેક્ટર જુદી જાતના ધૂમાડાને ઓળખે છે. ફોટોઇલેકટ્રિક પદ્ધતિમાં લેડ ટ્યુબ દ્વારા ઈન્ફ્રારેડ કિરણો વહેતા હોય છે. આ કિરણો એક ટ્યુબના છેડેથી પસાર થાય છે. ટ્યુબના બીજા છેડે પ્રકાશિત લેમ્પ હોય છે. આ કિરણો વચ્ચે સંપર્ક હોતો નથી પરંતુ ધૂમાડો પ્રવેશે ત્યારે તેના રજકણો પરાવર્તિત કરે છે અને ઈન્ફ્રારેડ કિરણોની ઝપટમાં આવી જાય છે અને ચેતવણી બેલ વાગે છે. આયોનાઇઝેશન સ્મોક ડિટેક્ટરમાં એમિરિડિયમ નામનું રેડિયો એક્ટિવ દ્રવ્ય વપરાય છે. એક ગ્રામના ૫૦૦૦મા ભાગ જેટલું આ દ્રવ્ય ઘણું મોટું કામ કરે છે. આ રેડિયો એક્ટિવ રજકણો વહેતા હોય છે. ધૂમાડો પ્રવેશે ત્યારે તેમાં રહેલ નાઇટ્રોજનને કારણે આ પ્રક્રિયામાં ભંગ પડે છે અને વીજપ્રવાહ અટકી જઈ ચેતવણીની ઘંટડી વાગે છે. આમ સ્મોક ડિટેક્ટર આગની અગાઉથી ચેતવણી આપી દે છે. મોટા કારખાનાઓમાં આ સાધન ઉપયોગી થાય છે.

## "ગેમ્સ ગેલેરી"માં આપેલ પઝલના જવાબો

★ **પઝલ-૧ :** (૧) પ્રેમાનંદ, (૨) ગોવર્ધનરામ ત્રિપાઠી, (૩) કનૈયાલાલ મુનશી, (૪) નંદશંકર મહેતા, (૫) પન્નાલાલ પટેલ, (૬) ઝવેરચંદ મેઘાણી, (૭) રમણભાઈ નીલકંઠ, (૮) હરકિશન મહેતા, (૯) કાજલ ઓઝા વૈદ્ય, (૧૦) અશ્વિની ભટ્ટ

★ **પઝલ-૨ :** (૧) મુસ્લિમ, (૨) ૨૫, (૩) ગોપાલ ક્રિષ્ના ગોખલે, (૪) ૨૪ કેરેટ, (૫) ૩.૭૮૫ લિટર, (૬) રજત જયંતી, (૭) શીખ, (૮) ઘડીયાળ, (૯) બૌદ્ધ ધર્મ, (૧૦) હીબ્રુ.

★ **પઝલ-૩ :** (એ) : ૧૫૩૮૪, (બી) : ૩૭૬૯૨

# SOME GOLDEN THOUGHTS....

A new day is like a new painting. Draw lines with prayers. Erase mistakes with forgiveness. Dip the brush with lots of patience & colour it with. Always remember vision is the art of seeing what is invisible to others.

Everyone may not be nice... but there is something nice in everyone. Never keep a fixed image for anyone... because people act differently with different people...!

Words are like Keys, if you choose them right, they can open any heart and shut any mouth.

Respect your body when it's asking you for a break.
Respect your mind when it's seeking rest.
Honour yourself when you need a moment for yourself.

Happiness is a choice, not a result.
Nothing will make you happy
until you choose to be happy.

Hunting someone can be as easy as throwing a stone in the Sea.

But do you have any idea how deep that stone can go?

Happiness is the spiritual experience of living every minute with love, grace and gratitude.

Confidence doesn't come when you have all the answers. But it comes when you are ready to face all the questions.

***Presentation : Dinesh R. Mehta***

## કચ્છના રતન : મણિભાઈ સંઘવી

**(અનુસંધાન : પાના નં. – ૩૨ ઉપરથી ચાલુ)**

સમન્વય.

૪. પ્રવૃત્તિના નિરંતન સ્થાયીકરણ માટે માહિતી-જ્ઞાન અર્જિત કરવા નિરંતર અધ્યયનશીલ.

૨૦૦૧માં લોક ભારતીના વાર્ષિકોત્સવ સમયે શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે રમેશભાઈનું સન્માન થવાનું હતું ત્યારે મણિભાઈ આવેલા. સવારે નાસ્તા માટે ઘરે આવ્યા. નાસ્તા પછી, મારા પ્રશ્ન, 'સ્વરાજ' સાકાર કરવાની પ્રક્રિયાના સંદર્ભમાં તેમણે ચર્ચા કરતાં જણાવ્યું કે, 'સ્વરાજ સિદ્ધિનો કોઈ રેડીમેઇડ ઉકેલ નથી. માત્ર આશ્રમશાળા કે બુનિયાદી વિદ્યાલય સમિતિ માધ્યમ છે. આપણે લોકોની વચ્ચે સતત જઈએ. તેમની સાથે આત્મિયતાનો સેતુ સર્જીએ. તેમની આજ અને આવતીકાલની મુંઝવણો બહાર આવતી જશે. તેને બરાબર સમજી લઈએ અને પછી આપણા સ્થૂળ - સૂક્ષ્મ કર્મોનું સ્વરૂપ નક્કી કરીએ.'

ગ્રામસ્વરાજ સંઘ અને સુશીલ ટ્રસ્ટના અહેવાલોનું જ્યારે વિહંગાવલોકન કરીએ છીએ ત્યારે મણિભાઈએ, પ્રામાણિકતા - પારદર્શકતા અને નિષ્ઠાથી સર્વાંગી ઉત્થાન માટે ૮૦ વર્ષ પૂર્વે પ્રયોજેલી મૂલ્યવાન યાત્રા સંતર્પક સાબિત થઈ છે. મણિભાઈના શાશ્વત આત્માને વંદન. સાથે આ પાવક જ્યોતના વાહક રમેશભાઈ, દિનેશભાઈ, ડૉ. જયભાઈ, મુક્તાબહેન અને સ્નેહસંબંધે સંલગ્ન સૌરાષ્ટ્રના ગાંધી કેશુભાઈ ભાવસારના સંતાન નકુલભાઈને પણ અભિનંદન.

***૨૦૨, 'ઓર્કિડ', તસ્કીન સોસાયટી,***
***શુક્લનગર ચાર રસ્તા, સમા, વડોદરા-૨.***
***મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦***

ગેમ્સ ગેલેરી

# કચ્છની શાન ● કચ્છની કલગી
# વર્લ્ડ રેકોર્ડઝની ગેમ...



ભાવના એ. ઝવેરી

જેનું સાહસ, ધૈર્ય, લગન, વૈચારિક શક્તિ, પ્રતિભાની વાતો કરવાનું મન થાય – આપણા કચ્છને વિશ્વના ફલક પર ઓળખ અપાવનાર એવા આપણા જ **કચ્છના માડુ કે જેઓએ વર્લ્ડ રેકોર્ડ્ઝ કરીને અકલ્પનિય સિધ્ધિઓ હાંસલ કરી છે.**

પ્રતિભાશાળીની આગવી પ્રસિધ્ધિને સિધ્ધ કરતી આ ગેમ નાના-મોટા સૌ કોઇને પ્રેરકબળ પૂરું પાડશે. પોતાનામાં રહેલી ટેલેન્ટને કઇ રીતે ઉજાગર કરવી તે માટે આ વ્યક્તિઓની સિધ્ધિ વિશેની જાણકારીથી આપણો જોમ જુસ્સો ડબલ થાય છે. **સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓને આવી ગેમ રમાડવાથી મોટીવેશન મળે છે.** શૈક્ષણિક મેળાવડા - રમતગમત મહોત્સવમાં આ રેકોર્ડ્ઝ કરેલ લોકોને આમંત્રિત કરીને, તેમના અનુભવ, કરેલી મહેનતની જાણકારી મેળવવી તથા તેમને સન્માનિત કરી શકાય.

મને ખુશી એ વાતની છે કે આમાંના એક ગ્રુપ રેકોર્ડઝમાં મેં પણ ભાગ લીધેલો.

***આ ગેમ તમે ત્રણ-ચાર રીતે રમી શકશો...***

★ **રીત-૧ :** આપેલ રેકોર્ડઝના ૨૧ ચિત્રોની રમનારની સંખ્યા પ્રમાણે કલરપ્રિન્ટ કરાવી રાખો. તે પેપર ફોલ્ડ કરી બધાને પેન સાથે આપો. સ્ટાર્ટ આપતા જ ૩ મિનિટના સમયમાં - તે કઇ કઇ સિધ્ધિના રેકોર્ડ્ઝ છે તેના નામ લખો.

★ **રીત-૨ :** રેકોર્ડઝના ૨૧ ચિત્રોની કલર પ્રિન્ટ લાર્જ સાઇઝની એક જ પ્રિન્ટ કરાવો. આ ગેમ વારાફરતી રમાશે. જવાબના નામની ચીટ કલરફૂલ પેપરમાં લખી, ફોલ્ડ વાળીને બાઉલમાં રાખો. એક મિનિટમાં ચિત્ર પ્રમાણે જવાબની ચીટ ખોલીને રાખતા જાવ. ચીટમાં રેકોર્ડનું નામ અને તે કોણે કરેલ છે તે બંને જવાબ લખવાના રહેશે.

★ **રીત-૩ :** આ ગેમ સંખ્યા પ્રમાણે ગ્રુપ બનાવીને રમાડી શકાય. ૨૧ ચિત્રોની કલરપ્રિન્ટ કરાવી, તેને ફોલ્ડ વાળી બાઉલમાં રાખો. વારાફરતી ગ્રુપે એક ચિત્ર લેવાનું. તે ચિત્ર પ્રમાણે તેના જવાબ આપવાના. તે પ્રમાણે તે ગ્રુપને પોઇન્ટ આપો. જેના પોઇન્ટ વધારે તે વિનર.

★ **રીત-૪ :** રમનારની સંખ્યા પ્રમાણે ચિત્રોની કલરપ્રિન્ટ કરાવી બધાને પેન સાથે આપો. દસ (૧૦) મિનિટના સમયમાં નીચે મુજબ જવાબ લખવાના.

૧. તે રેકોર્ડનું નામ અને તેની કેટેગરી : ૪૨ પોઇન્ટ

૨. તે રેકોર્ડ કોણે કરેલ છે – વ્યક્તિગત કે ગ્રુપનું નામ : ૨૧ પોઇન્ટ.

૩. તે રેકોર્ડની તારીખ - મહિનો - સાલ કઇ છે : ૬૩ પોઇન્ટ


૪. તે રેકોર્ડ કયા ગામનો છે : ૨૧ પોઇન્ટ

આ બધા પ્રશ્નોના જવાબ ચિત્ર પ્રમાણે ક્રમવાર આપેલા છે.



૧.

**૧. મિલન મહેન્દ્રભાઈ સોની (ભુજ - કચ્છ)**
૧૦,૦૦૦ મિણબત્તી એક જ શ્વાસે ફૂંક મારીને ઓલવવાનો રેકોર્ડ કરેલ. જે ૬ મિનિટ, ૨ સેકન્ડ, ૭૬ માઇક્રો સેકન્ડમાં જ પૂર્ણ કરેલ. વર્ષ ૨૦૧૧. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા, ગિનિસ વર્લ્ડ રેકોર્ડ, મલ્ટિ રેકોર્ડ હોલ્ડર પ્રાપ્ત કરેલ છે.



૨.

**૨. દેવયાનીબેન મિલન સોની (ભુજ)**
બાવીસ હજાર બસ્સો બાવીસ (૨૨,૨૨૨) સિક્કાઓનો સંગ્રહ કરવાનો રેકોર્ડ. તા. ૧૭-૦૧-૨૦૧૬. ગિનિસ વર્લ્ડ રેકોર્ડ કરેલ છે.

**૩. શ્રી ભુજ વીસા શ્રીમાળી સોની જ્ઞાતિ - ભુજ (સમૂહમાં)**
છસ્સો ચાલીસ વ્યક્તિઓએ એક સાથે જ ફૂંક મારીને ૫૪૦ મિણબત્તી ઓલવી હતી. તા. ૨૯-૦૯-૨૦૧૩. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કરેલ.

**૪. ગીતાબેન રબારી (કચ્છી કોયલ) (ટપ્પર - કચ્છ)**
મેક્સિમમ વ્યુ ઓન ગુજરાતી ફોક સોન્ગ "રોણા શહેરમાં રે..." આ ગીતમાં ૨૦ કરોડથી વધુ વ્યૂ મળતાં 'ગુજરાતી ફોક સોન્ગ ઓન યુ-ટ્યુબ'નો વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા કરેલ. રવિવાર, તા. ૧૬-૦૪-૨૦૧૭.

**૫. વૈશાલીબેન હરિઓમપ્રકાશ જેઠી (ભુજ)**
ખિલ્લા મારેલા બોર્ડ ઉપર ૧ મિનિટમાં ૩૫ સ્પીનનો રેકોર્ડ કરેલ છે. બુધવાર, તા. ૦૫-૦૬-૨૦૧૯. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.

**૬. શ્રી વિનોદભાઈ ચાવડા (ભુજ) (સમૂહમાં)**
એક શામ શહીદો કે નામ - કેન્ડલ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. કચ્છ યુનિવર્સિટી દ્વારા ઓર્ગેનાઇઝ કરવામાં આવેલ. વર્લ્ડ રકોર્ડ ઇન્ડિયા.

**૭. પંકજભાઈ નરોત્તમભાઈ લોહાર (નીરોણા - કચ્છ)**
કચ્છી દાતરડા ઉપર એક મિનિટમાં ઝડપથી ૨૦૭ દાંતા પાડવાની અનેરી સિધ્ધિ હાંસલ કરી, વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા કરેલ છે.


**૮. મારૂ કંસારા સોની સત્સંગ મંડળ - ભુજ (સમૂહમાં)**
ત્રણસો સાડત્રીસ (૩૩૭) મહિલાઓએ માથા પર બે ગરબા રાખીને ડ્રેસકોડ સાથે ૩૬ મિનિટ ગરબા રમીને રેકોર્ડ સ્થાપિત કરેલ. ગુરૂવાર, તા. ૧૪-૦૨-૨૦૧૯. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.

**૯. ધારા શાહ (ગાંધીધામ - કચ્છ) (સમૂહમાં)**
સામાજિક જાગૃતિ માટે ૧૫૦૦ ડફલી અને ૨૪૮ બાલિકાઓ સાથે સતત ૩૦ મિનિટ નોન સ્ટોપ નૃત્ય કરીને સ્થાપ્યો રેકોર્ડ. જેમાં સેવ (Save) વોટર, સેવ (Save) ગર્લ ચાઇલ્ડ, નો પ્લાસ્ટિક, ક્લિન ઇન્ડિયાનો અપાયો સંદેશ. તા. ૨૦-૧૦-૨૦૧૯, રવિવાર. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.





















**૧૦. ચાણક્ય એકેડેમિ - ભુજ (સમૂહમાં)**
૧૩૦૭ વિદ્યાર્થીઓ દ્વારા "મોસ્ટ સ્ટુડન્ટ્સ પરફોર્મ્ડ ઓન પેટ્રીઓટીક ડાન્સ વિથ ઇન્ડિયન ફ્લેગ ફોર્મેશન" થીમ પર કરેલ રેકોર્ડ. તા. ૨૫-૦૧-૨૦૨૦, શનિવાર. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.



10

**૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ (સમૂહમાં)**
એક હજાર (૧,૦૦૦)થી વધારે વિદ્યાર્થીઓએ ૨૦૦૦ દીવા હાથમાં રાખીને ૩૦ મિનિટ ગુજરાતી ગરબા કરેલ. શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ તે દરમિયાન રેકોર્ડ કરેલ. ગુરુવાર, તા. ૦૫-૧૨-૨૦૧૯. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.




**૧૨. શ્રી વિનોદભાઈ ચાવડા, બી.જે.પી. મોરચો (ગાંધીધામ) (સમૂહમાં)**
"સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત જે શ્રી નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે, ઘણા બધા વ્યક્તિઓએ ૧૩ વોર્ડની સફાઈ કરીને રચ્યો રેકોર્ડ. તા. ૨૧-૦૫-૨૦૧૭. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા - ક્લિન સિટી અભિયાન.




**૧૩. ધ્યાના મિલન સોની (ભુજ) (ઉંમર : ૬ વર્ષ)**
૨૫૦૦ મિનિ ડોમિનોઝ ટોપલ્ડ કરીને. જેમાં ડોમિનોઝની સાઈઝ ૧ સે.મી. હતી. તેને ગોઠવવામાં ૧૮ કલાક લાગ્યા. તેને ગબડતા ૦.૫૩.૬૫ માઈક્રો સેકન્ડનો સમય લાગ્યો હતો. તા. ૨૭-૦૭-૨૦૧૯. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળેલ.

ક્રમ નં.-૧૪થી ૨૧ના બધા જ રેકોર્ડ લોકડાઉન દરમિયાન ઓનલાઈન થયેલ છે.




**૧૪. વેદાંશી રવિરાજસિંહ ઝાલા (ભુજ) (ઉંમર ૬ વર્ષ)**
'મોસ્ટ કોઈન સ્ટેક ઇન વન મિનિટ' ૪૬ સિક્કાને ઉપરાઉપર એક જ મિનિટમાં એક ઉપર એક રાખીને થપ્પી કરીને રાખવાનો રેકોર્ડ કરેલ. તા. ૧૮-૦૪-૨૦૨૦. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.




**૧૫. નીલ વિશાલભાઈ ઠક્કર (અંજાર,કચ્છ) (ઉંમર ૯ વર્ષ)**
'મોસ્ટ કોઈન બેલેન્સ અપરાઈટ' એક જ મિનિટમાં ૩૪ સિક્કાઓ લાઈનમાં ઊભા રાખીને કરેલ રેકોર્ડ. તા. ૨૨-૦૪-૨૦૨૦. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.




**૧૬. વૈભવી સોની (માધાપર, કચ્છ) (ઉંમર ૧૧ વર્ષ)**
પોતાના ચહેરા ઉપર ૩૭ સ્ટિકી નોટ (પોસ્ટ ઇટ) ફક્ત ૩૦ જ સેકન્ડમાં લગાવી દીધી. ફેઈસ ઉપર ચીપકાવીને કરેલ રેકોર્ડ. તા. ૨૩-૦૪-૨૦૨૦. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.



**૧૭. હીર રાજેશ ઝવેરી (ભુજ) (ઉંમર ૧૫ વર્ષ)**
એક જ ફુંકમાં ૩૮ મિણબત્તી એક સાથે ઓલવી નાખીને કરેલ રેકોર્ડ. તા. ૦૭-૦૫-૨૦૨૦. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.

**૧૮. ભવ્યરાજ ચૌહાણ (ભુજ) (ઉંમર ૧૧ વર્ષ)**
ખિલ્લા મારેલા બોર્ડ ઉપર ૩૦ સેકન્ડમાં ૨૫ સ્પીન કરીને ડાન્સ કરેલ. તા. ૧૦-૦૯-૨૦૨૦. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.

**૧૯. મૌર્ય મિલન સોની (ભુજ) (ઉંમર ૪ વર્ષ)**
૭.૫ ફૂટનો 'ટોલેસ્ટ પેપર ગ્લાસ'નો પીરામિડ બનાવીને કરેલ રેકોર્ડ. ભારતનો સૌથી નાની વયનો છોકરો. તા. ૨૬-૦૯-૨૦૨૦. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.

**૨૦. યેશા ઠક્કર (નૃત્ય નાદ - ધ ડાન્સ સ્ટુડિયો) (સમૂહમાં)**
શરદ પૂનમનો રાસોત્સવ ૨૫૦થી વધારે લોકોએ વિવિધ સ્થળે, એક જ સમયે, ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઇને રાસ-ગરબા કરેલ. જેની કોરિયોગ્રાફી યેશા ઠક્કરે કરેલ હતી. તા. ૩૧-૧૦-૨૦૨૦. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.

**૨૧. કચ્છ યુનિવર્સિટી - ભુજ (સમૂહમાં)**
વસુધૈવ કુટુંબકમ્ – વિશ્વ શાંતિ માટે યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૩૦૦ લોકોએ વિવિધ સ્થળે યજ્ઞ કરીને આહૂતિ આપેલ હતી. ડૉ. કાશ્મીરાબેન મહેતા, ડૉ. ધ્રુવ પૂરબાયા, જયરાજસિંહ જાડેજાના નેજા હેઠળ આ રેકોર્ડ કરવામાં આવેલ. તા. ૧૭-૦૫-૨૦૨૦. વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા.

*બેન્કર્સ કોલોની, ૬૯/ડી, ઝવેરી વિલા, ગેટ નંબર-૩,*
*જ્યુબિલિ સર્કલ સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૭૮૭૮૦ ૪૬૩૮૨*
















## "શારદા નિવાસ"

**(અનુસંધાન : પાના નં. – ૩૬ ઉપરથી ચાલુ)**

હવે શાલુનો જીવ બળવા લાગ્યો. તેણે આ ડોશીને લાચાર સમજીને પોતાના સ્વાર્થ માટે રાખ્યા હતા અને એમનું એટલું મોટું દિલ છે કે એમણે એમની પાસે રહેલી એકમાત્ર સોનાની ચેન મને આપી દીધી.

"ના, ના, અમ્મા, હું આને ના લઈ શકું."

"લઈ લે બેટા, આ એક માના આશીર્વાદ સમજીને રાખી લે. આમ પણ મારી ઉંમર થઈ ગઈ છે. કોને ખબર, તારા આગલા જન્મદિવસ પર હું આ દુનિયામાં હોઉં કે ના પણ હોઉં."

"ના ના અમ્મા, એવું ના બોલો. ભગવાન તમારી લાંબી ઉંમર કરે." એમ કહીને શાલુ એમને એવી રીતે વળગી પડી, જાણે કે વરસો પછી મળેલી દીકરી મા ને વળગી પડે.

એ જન્મદિવસ શાલુ ક્યારે પણ ના ભૂલી શકી, કારણકે એ દિવસે એને ખૂબ જ કિંમતી ભેટ મળી હતી. જેની કિંમત ઘણા લોકો બિલકુલ સમજી શકતા નથી અને એ છે નિઃસ્વાર્થ પ્રેમથી ભરેલું એક મા નું દિલ... અને એ જન્મદિવસ શારદાદેવી પણ ક્યારે પણ ના ભૂલ્યા કારણકે એ દિવસે એ ઘરમાં એમની પુનઃ સ્થાપના થઇ હતી. ઘરની એક આદરણીય મા ના રૂપમાં... અને જેની ગવાહી ઘરની બહાર લાગેલી નેઇમ પ્લેટ પણ આપી રહી હતી :

"શારદા નિવાસ"

***(આ વાર્તા વાંચીને જો તમારી આંખો જરા પણ ભીની થઈ હોય તો બે મિનિટ આંખો બંધ કરીને વિચાર કરજો કે આપણે બાળકોના ભણતર તરફ તો ધ્યાન આપીએ છીએ પણ આપણા સંસ્કાર આપવાના ભૂલી તો નથી જતા ને...?)***

*૪૦૧, મૌર્યગ્રેસ, કિનારીવાલા કોમ્પ્લેક્સની બાજુમાં,*
*ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

ગેમ્સ ગેલેરી

# ગેમ્સ - પઝલ - ક્વિઝ



સંકલન : કિરણબેન પી. ઠક્કર

## પઝલ-૧

*નીચે કેટલીક ગુજરાતી નવલકથાઓના નામ આપ્યા છે. તમારે તેના લેખકોના નામ લખવાના છે.*

૧. નવાખ્યાન : ______________

૨. સરસ્વતીચંદ્ર : ______________

૩. પાટણની પ્રભુતા : ______________

૪. કરણ ઘેલો : ______________

૫. માનવીની ભવાઈ : ______________

૬. સૌરાષ્ટ્રની રસધાર : ______________

૭. ભદ્રં ભદ્ર : ______________

૮. ભાગ્ય સૌભાગ્ય : ______________

૯. મધ્યબિંદુ : ______________

૧૦. કટિબંધ : ______________

## પઝલ-૨

*ફટાફટ જવાબ આપો.*

૧. '૭૮૬' કયા ધર્મનું અંકલેખન છે?

૨. આપણા રાષ્ટ્રધ્વજના ચક્રને કેટલા આરા છે?

૩. ગાંધીજીના રાજકીય ગુરૂ કોણ હતા?

૪. શુધ્ધમાં શુધ્ધ સોનું કેટલા કેરેટનું હોય?

૫. એક ગૅલન બરાબર કેટલા લિટર થાય?

૬. પચ્ચીસ વર્ષ પૂરા થયે કયો ઉત્સવ ઉજવાય છે?

૭. 'ગ્રંથ સાહેબ' કયા ધર્મનું પુસ્તક છે?

૮. એચ.એમ.ટી. કયા યંત્ર સાથે સંકળાયેલ કંપની છે?

૯. અજન્ટાની ગુફાઓમાં કયા ધર્મનું સ્થાપન છે?

૧૦. બાઈબલનો મૂળ ગ્રંથ કઈ ભાષામાં લખાયેલો હતો?

## પઝલ-૩

*આપેલ ક્લુ ઉપરથી "A" અને "B" કોલમના બોક્સમાં સાચી સંખ્યા શોધીને લખો.*

(A) ☐ ☐ ☐ ☐ ☐

૧. પહેલા અને બીજા આંકડાનો સરવાળો '૬' મળે છે.

૨. ત્રીજામાંથી પહેલો આંકડો બાદ કરીએ તો જવાબ 'બેકી' સંખ્યા આવે છે.

૩. બીજા અને ત્રીજા આંકડાનો ગુણાકાર '૧૫' મળે છે.

૪. પ્રથમ ત્રણ સંખ્યાનો સરવાળો '૯' મળે છે.

૫. ચોથા આંકડામાંથી બીજો આંકડો બાદ કરીએ તો જવાબ 'ત્રીજો' આંકડો મળે છે.

૬. છેલ્લા ત્રણ આંકડાનો ગુણાકાર '૯૬' મળે છે.

૭. બીજા આંકડામાંથી પાંચમો આંકડો બાદ કરીએ તો જવાબ 'પહેલો' આંકડો મળે છે.

૮. ત્રીજા અને ચોથા આંકડાનો સરવાળો 'એકી' સંખ્યા મળે છે.

૯. પાંચમા આંકડામાંથી પહેલો આંકડો બાદ કરીએ તો જવાબ 'ત્રીજો' આંકડો મળે છે.

૧૦. જો બધા આંકડાઓનો સરવાળો કરીએ તો જવાબ '૨૧' મળે છે.

(B) ☐ ☐ ☐ ☐ ☐

૧. પહેલા અને બીજા આંકડાનો સરવાળો '૧૦' મળે છે.

૨. ત્રીજામાંથી પહેલો આંકડો બાદ કરીએ તો જવાબ 'એકી' સંખ્યા આવે છે.

૩. બીજા અને ત્રીજા આંકડાનો ગુણાકાર '૪૨' મળે છે.

૪. પ્રથમ ત્રણ સંખ્યાનો સરવાળો '૧૬' મળે છે.

૫. ચોથા આંકડામાંથી બીજો આંકડો બાદ કરીએ તો જવાબ 'પાંચમો' આંકડો મળે છે.

૬. છેલ્લા ત્રણ આંકડાનો ગુણાકાર '૧૦૮' મળે છે.

૭. બીજા આંકડામાંથી પાંચમો આંકડો બાદ કરીએ તો જવાબ '૫' મળે છે.

૮. ત્રીજા અને ચોથા આંકડાનો સરવાળો 'એકી' સંખ્યા મળે છે.

૯. પહેલા અને પાંચમા આંકડાનો ગુણાકાર કરીએ તો જવાબ 'ત્રીજો' આંકડો મળે છે.

૧૦. જો બધા આંકડાઓનો સરવાળો કરીએ તો જવાબ '૨૭' મળે છે.

# આંજો કાગર

## 'મંગલ મંદિર' – સંપાદન કાબિલેદાદ

સવિનય 'મંગલ મંદિર' નૂતન વર્ષનો પ્રથમ અંક પ્રાપ્ત થયો. આવરણ પૃષ્ઠ 'માર્વેલસ.' મન મોહિત થાય છે. તંત્રીલેખ સાંપ્રત સમસ્યાને ઉજાગર કરતો માર્ગદર્શક બની રહે છે. તંત્રીલેખોનું 'કોફી બુક' રૂપે પ્રકાશિત કરવા જેવું ખરું – નમ્ર સૂચન...

દરેક સાહિત્ય સ્વભાવને અનુકૂળ થાતું મંગલ મંદિરનું સંપાદકીય સંકલન કાબિલેદાદ છે. અવારનવાર અવનવી કોલમો ઉમેરાતી જાય છે. વિશેષમાં **ચંદ્રકાંત પટેલ**ની કોલમ પ્રશંસનીય છે. ગઝલકારોનો સુપર્બ પરિચય આપે છે.

સંપાદકશ્રી દિનેશ મહેતાનું માસ નવેમ્બર-૨૦૨૦ના અંકમાં ગઝલકારોના શેરોનું સંકલન ગઝલ - શેર પ્રેમીઓને પ્રભાવિત કરી જાય છે. આ ઉપરાંત જાન્યુઆરી-૨૦૨૧ના અંકમાં સંપાદકની નીરક્ષીર દૃષ્ટિનો લાભ અવશ્ય મળ્યો છે. ખૂબ સુંદર ભાવતી-ગમતી સાહિત્યિક રસથાળ તૃપ્તિ કરાવી જાય છે.

**મંગલ મંદિર સામયિક મારા માટે એવોર્ડ સમાન છે.** દર મહિને સામયિક સાહિત્યિક અંશો - ઍવોર્ડનું સન્માન મેળવી જાય છે.

**તંત્રીશ્રી, સંપાદકશ્રીની આ સામયિક તૈયાર કરવાની માવજત આંખે ઊડીને વળગે છે.** ધન્યવાદ પાઠવું છું. શુભેચ્છા સાથે... દર મહિને 'મંગલ મંદિર'ની આતુરતા રહે છે.

*ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' - જામનગર*
*મો. ૯૫૧૦૧ ૨૯૪૧૯*

## કોરોના વાયરસના સંક્રમણના પગલે આર્થિક રીતે ગંભીર સમસ્યાનો સામનો કરી રહેલા જરૂરતમંદ લોકોને સમાજના સધ્ધર મહાનુભાવો તેમને કામકાજની યોગ્ય તક આપે – એક અપીલ....

વિતેલા વર્ષ દરમિયાન કોરોના વાયરસ, કોવિડ-૧૯ સંક્રમણનો મુદ્દો ખૂબ જ મહત્ત્વનો બની ગયો. સમગ્ર વૈશ્વિક સ્તરે કોરોના વાયરસનો પ્રશ્ન પ્રતિદિન ગંભીર બનતો ગયો અને સાંપ્રત સમયમાં પણ તેની અસર વર્તાઈ રહી છે. ભારત સામે અનેક પ્રકારની સમસ્યાઓ છે. તેમાં કોરોનાની સમસ્યા અચાનક અને ગંભીર સ્વરૂપની છે. તેના દ્વારા વૈશ્વિક સ્તરે મંદીનું સર્જન થયું છે. તેના કારણે ભારત સહિત અનેક દેશોમાં ઈન્ડસ્ટ્રીઝ, વેપાર-ધંધા, પ્રોડક્શન હાઉસ, નોકરી, રોજિંદારી વગેરે તમામ ક્ષેત્રોને ગંભીર ફટકો પડ્યો છે. **કોરોના વાયરસની મહામારીના પગલે લાંબા સમયના લોકડાઉનની પરિસ્થિતિમાં આપણા સમાજના કેટલાક પરિવારજનોના વ્યવસાયો અટકી ગયા છે અથવા તો માસિક આવકનું સાધન બંધ થયું છે.** આ રીતે અસરગ્રસ્ત કેટલાક પરિવારો માટે આર્થિક રીતે મોટી સમસ્યા ઊભી થઈ છે. તેમના પરિવારજનોનો જીવન નિર્વાહ પણ મુશ્કેલ થયો છે.

આપણા સમાજમાં એવા કેટલાક પ્રતિષ્ઠિત અને સધ્ધર ઉદ્યોગપતિઓ, નાના-મોટા કારખાનેદાર, ખમતીધર વેપારીવર્ગ, ટ્રસ્ટ, સંસ્થા વગેરે છે જેમને વિવિધ પ્રકારની કામગીરી માટે કર્મચારીઓ, સ્ટાફવર્ગની વારંવાર જરૂરત રહે છે. જરૂરતવાળા કર્મીઓની યાદીમાં ખાસ કૌશલ્યવાળા અને તે સિવાયના અન્ય હોય છે. જેમાં ઑફિસબોય, રિસેપ્શનિસ્ટ, મેનેજર, હિસાબનીસ, દુકાન-કામ-ધંધો સંભાળનાર વ્યક્તિ, સી.એ., એન્જિનિયર, આર્કિટેક્ટ, શિક્ષક, ક્લાર્ક, ડૉક્ટર, નર્સ, ડિઝાઈનર, ટેકનિશિયન, વેબસાઈટના જાણકાર, મિકેનિક વગેરે અનેક શ્રેણીની વ્યક્તિઓને તેમાં સામેલ કરી શકાય. જે **મહાનુભાવોને આ પ્રકારના સ્ટાફ અથવા કર્મચારીઓની જરૂર હોય તેવા લોકોને ખાસ અપીલ છે કે, તેઓ આપણા સમાજના જરૂરતમંદ લોકોને પ્રથમ પસંદગી આપીને તેમને આર્થિક રીતે પગભર કરવા સહાયરૂપ બને.** અગર તેઓ આ પ્રકારનો કદમ ઉઠાવશે તો સમાજ અને સમાજ પરિવારજનો પ્રત્યે તેમની મોટામાં મોટી સેવા થશે. એટલું જ નહીં, પરંતુ અસરગ્રસ્ત લોકોના છુપા આશીર્વાદ પણ પ્રાપ્ત કરી શકાશે.

ઉપર જણાવ્યા મુજબ કર્મચારીઓ, સ્ટાફવર્ગ, કારીગરોની જેમને જરૂર હોય તેની વિગત – યાદી તેઓ સ્થાનિકે સમાજમાં પહોંચાડે અથવા તો સમાજના મુખપત્રના માધ્યમથી પ્રકાશિત કરાવીને આ વિષયે યોગ્ય કરી શકે છે.

આશા છે કે, આ બાબતે સંબંધિત લોકો પોતાની સેવા જ્યોતને પ્રજ્જવલિત રાખીને જરૂરતમંદ લોકોના જીવનને ફરીથી શ્રેષ્ઠમય બનાવવા આગળ આવશે.

*કે.ડી. શાહ (ચંદ્રકાંત દામજી શાહ) - અમદાવાદ*

*(ઉપર પ્રમાણે કોઈ માહિતી પ્રાપ્ત થશે તો 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા યોગ્ય કરવામાં આવશે. – તંત્રી મંડળ)*

**"દિલ કી જબાન" – લાજવાબ...**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર 'મંગલ મંદિર' દિન પ્રતિદિન નવા નવા વિભાગોમાં ખૂબ સુંદર લેખો અને કૃતિઓ રજૂ કરી રહ્યું છે. તેમાં હાલમાં ઉમેરાયેલ "દિલ કી જબાન" લાજવાબ કલમ છે. તેનાં લેખકશ્રીને તથા સામયિકના તંત્રી મંડળને અનેક સલામ!

*કલ્પેશ અને કિરણ શાહ - રાજકોટ*

★

**"દિલ કી જબાન" શ્રેણી ખૂબ પ્રેરણાદાયી**

'મંગલ મંદિર' શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું એક આગવું સામયિક છે. વાચકવર્ગને મનપસંદ દરેક ઉત્તમ પ્રકારની સામગ્રીઓ તેમાં પીરસવામાં આવે છે. તેમાં પ્રકાશિત દરેક લેખના લેખકશ્રીઓ, કવિવર્ગ વગેરેને ખૂબ ખૂબ અભિનંદન. ખરેખર તો તંત્રી મંડળનું અથાગ પરિશ્રમ આ માટે દેખાય છે. "દિલ કી જબાન" હેઠળ ગઝલકાર, કવિઓનો પરિચય કરાવતી જે શ્રેણી ચાલુ કરી છે, તે અમારા જેવા ઉગતા કવિઓ માટે ખૂબ જ ઉપયોગી અને પ્રેરણાદાયી છે. સામયિક હજુ વધારે ફૂલેફાલે તેવી અભ્યર્થના.

*પ્રકાશ જોષી 'જિગર' - સુરત*

★

**"દિલ કી જબાન" ખૂબ સુંદર... 'મંગલ મંદિર'ને અભિનંદન**

સામયિક 'મંગલ મંદિર' છેલ્લા થોડા સમયથી તેના રૂપરંગને ખૂબ જ સારી રીતે નિખારી રહ્યું છે. ગુજરાતમાંથી પ્રસિદ્ધ થતાં ઉચ્ચ શ્રેણી પૈકીનું તે એક રસપ્રદ અને ઉપયોગી મેગેઝિન બન્યું છે, તેમાં કોઈ શંકા રહેતી નથી. આ માટે તેના તંત્રી મંડળને ખૂબ ધન્યવાદ. હાલમાં તેમાં પ્રકાશિત થતી 'દિલકી જબાન' કોલમના સંચાલક **શ્રી ચંદ્રકાંત પટેલ**ને મોટી સલામ! લેખકશ્રીની કલમ અને તેના મધુર શબ્દોથી કંડારાયેલા વાક્યો ખૂબ જ સુંદર છે. આ સિવાય, 'મંગલ મંદિર'માં તમામ લેખો અને તેની સામગ્રીઓના રચયિતાઓ ખૂબ સરસ વાંચનકૃતિઓ આપી રહ્યા છે. 'મંગલ મંદિર' ખૂબ ઉત્તમ કક્ષાનું મેગેઝિન બન્યું છે... અભિનંદન.

*કાજલ શાહ - ગાંધીધામ*

# સાયન્સ / ટેકનોલોજી

## વિશ્વનું પ્રથમ કોમ્પ્યુટર : એનિયાક

★ વિશ્વનું પ્રથમ ઈલેક્ટ્રોનિક કોમ્પ્યુટર ૧૯૪૩માં બનેલું. ઈલેક્ટ્રોનિક ન્યુમરિક ઇન્ટિગ્રેટર અને કેલ્ક્યુલેટર જેવા લાંબા નામવાળા આ કોમ્પ્યુટરને ટૂંકમાં એનિયાક કહેવાતું.

★ એનિયાક ૩૦ ટન વજનનું હતું. તેને રાખવા ૪૦ ફૂટ લાંબો અને ૨૦ ફૂટ પહોળો ખાસ રૂમ બનાવેલો.

★ એનિયાકમાં ૧૮,૦૦૦ વેક્યુમ ટ્યુબ હતી. આ બધી ટ્યુબ ઈલેક્ટ્રિક બલ્બની જેમ ગરમ થતી. એનિયાક માટે ખાસ પ્રકારની શક્તિશાળી એર કંડિશન વ્યવસ્થા ગોઠવવી પડતી.

★ એનિયાકમાં ૩૦૦૦ સ્વીચો હતી. એનિયાક એક જ સમયે માત્ર ૨૦ આંકડાનો સંગ્રહ કરી શકતું.

★ **તમને જાણીને નવાઇ લાગશે પણ એનિયાક બન્યું ત્યાં સુધી ગણતરી કરનાર માણસો 'કોમ્પ્યુટર' તરીકે ઓળખાતા.**

## માનવ મગજ

★ માણસના મગજનું વજન તેના શરીરના વજનના લગભગ બે ટકા જેટલું હોય છે.

★ મગજ નાનો અવયવ છે છતાં શરીરને મળતા ઓક્સિજનનો સૌથી વધુ ૨૦ ટકા ભાગ મગજ વાપરે છે.

★ મગજમાં સંદેશા વ્યવહાર અને વિચારો વિદ્યુત રાસાયણિક પ્રક્રિયાથી થાય છે.

★ મગજનો ૪૦ ટકા ભાગ સંદેશા વ્યવહાર અને ૬૦ ટકા ભાગ વિચારવાનું કામ કરે છે.

★ જ્યારે જ્યારે નવો અનુભવ કે યાદ સંગ્રહ થાય છે, મગજમાં વિદ્યુત તરંગોના નવા કનેક્શન બને છે.

★ **જીભ ઉપરાંત પેટ, આંતરડા, પેન્ક્રિયાસ અને ફેફસામાં પણ સ્વાદકેન્દ્રો હોય છે.**

★ મગજનો ૬૦ ટકા ભાગ ચરબીનો બનેલો છે.

★ મગજ સ્થિતિ સ્થાપકતા અને ક્ષમતા જાળવી રાખવા ઘણી બિનજરૂરી બાબતો ભૂલી જાય છે.

★ **નવજાત શિશુના મગજમાં સૌથી વધુ જ્ઞાનકોષો હોય છે.** શિશુનું મગજ ખોરાકનો ૫૦ ટકા ભાગ મગજમાં વાપરે છે. એટલે જ તેને ઊંઘ વધુ જોઈએ છે.

★ આરામના સમયમાં મગજ પાંચમા ભાગની કેલેરી શક્તિ દર મિનિટે વાપરે છે.

★ **મગજમાં જ્ઞાનકોષો હોવા છતાંયે ઇજાની પીડા અનુભવતું નથી.**

# સમીક્ષા : પગને ચરણ બનાવતી ભમરી!

*– હરેશ ધોળકિયા*

જ્ઞાન મેળવવાના અનેક સાધનોમાં એક માધ્યમ પુસ્તક છે. પુસ્તક વાંચન એક સર્વોત્તમ આનંદ છે. પુસ્તકના સંસર્ગથી જે આનંદ અને તૃપ્તિ મળે છે, તે અવર્ણનીય છે. હા, કયા પુસ્તકો વાંચવા, એ એક કેળવણીનો મુદ્દો છે. પુસ્તકો અનેક પ્રકારના હોય છે. મુખ્યત્વે મનોરંજન આપનારા અને જ્ઞાન આપનારા પુસ્તકો હોય છે. **પુસ્તકોમાંથી મનોરંજન મેળવવું કંઈ અયોગ્ય નથી પણ સમાંતરે જ્ઞાન આપતાં પુસ્તકોનો સંસર્ગ થાય તો સોનામાં સુગંધ ભળે છે.** જ્ઞાન પણ વિવિધ પ્રકારનું હોય છે. ક્યારેક તાત્ત્વિક હોય છે, જે વ્યક્તિને જીવનના પાયાના વિચારો કરવા પ્રેરે છે, તો ક્યારેક આસપાસના જગતનું જ્ઞાન હોય છે, જે તેને જાણવા, સમજવા કે ઉપયોગી થવા પ્રેરે છે. કેટલાક પુસ્તકો એવા હોય છે કે જે વ્યક્તિને આસપાસના સમાજને સમજવા તેને પ્રગતિ તરફ લઇ જવા પ્રેરે છે. જે હોય તે, પણ **પુસ્તક વ્યક્તિને તે જ્યાં છે ત્યાંથી આગળ લઇ જવામાં મદદરૂપ થાય છે.**

અહીં જે પુસ્તકની વાત કરવી છે, **“પગમેં ભમરી”**ની, તે સમાજને સમજવા અને તેમાં મદદરૂપ થવા માટેનું પુસ્તક છે. તેના સર્જક છે આપણા **શ્રી લીલાધરભાઈ ગડા.** આપણે મોટાભાગે “ગડા” એટલે ટી.વી.ગ્રસ્ત હોવાથી “જેઠાલાલ ગડા”ને જ ઓળખીએ છીએ. પણ, ફરી, જેઠાલાલ ગડા માત્ર ક્ષણિક મનોરંજન આપે છે, પણ આ લીલાધરભાઈ ગડા તો આપણને હચમચાવવા સમર્થ છે. જેઠાલાલ ગડા તો પાકા મૂડીવાદી છે, પણ આ લીલાધરભાઈ ગડા તો પાકા સમાજવાદી અને માનવતાવાદી છે. એટલે પહેલી વાત એ સમજી લેવાની છે કે આ પુસ્તકમાં જરા પણ મનોરંજન નથી. આ પુસ્તક તો “જગાડવા”નું કામ કરે છે. માણસ તરફ નવી જ રીતે જોવાનું શીખવે છે. માનવતાને સમજવાનું શીખવે છે. વાંચતા પહેલાં બરાબર વિચાર કરીને શરૂ કરવું, નહિં તો ફસાઈ જવાની પૂરી સંભાવના છે. પણ શરૂઆતમાં જ કહી દઉં કે એમાં ફસાવાનો એક વિશિષ્ટ આનંદ છે. લીલાધરભાઈ પોતે પણ પૂરી સમજથી ફસાયા છે. આ પુસ્તક દ્વારા તે હેતુપૂર્વક બીજાને ફસાવવાનો પ્રામાણિક પ્રયત્ન કરે છે. પણ ખાતરી આપું છું કે જો તેમાં ફસાયા પુસ્તક વાંચીને, તો માણસને, સમાજને નવી જ રીતે જોવાનો એક અનન્ય આનંદ મળશે!

શ્રી લીલાધરભાઈ કોઈ રાજકીય સમાજવાદી નથી, માનવતાપ્રેમી સમાજવાદી છે. તે પણ, ગાંધીજીની જેમ, છેવાડાના માણસની ચિંતા કરે છે. અને માત્ર ચિંતા જ નથી કરતા, તેને છેવાડેથી મધ્યમાં કે આગળ લઇ આવવા પ્રયાસ કરે છે. તેની સર્વાંગી ચિંતા કરે છે. હા, તેમનું માધ્યમ આરોગ્ય છે, પણ તે દ્વારા તે સમગ્ર માનવને પ્રગતિ તરફ દોરવા માંગે છે. તેમની પાસે એટલી ક્ષમતા છે કે તેઓ, ધારે તો, કરોડપતિ થઈ શક્યા હોત, પણ તેમણે તે થવાને બદલે, માનવપ્રેમી થવાનું વધારે પસંદ કર્યું. વેપારી વાણિયા થવાને બદલે ગાંધીયન વાણિયા થયા. પરિણામે આજે કચ્છ અને અનેક સ્થળોએ તે એક મહત્ત્વના વ્યક્તિ બની શક્યા છે.

લીલાધરભાઈનો મુખ્ય શોખ ફરવાનો. એટલે જ પુસ્તકનું નામ “પગમેં ભમરી” કરેલ છે. તેમના પગમાં ખરેખર ભમરી છે. સતત ફરે છે. આજે પણ ફરે છે. પણ તેમનું ફરવું કોઈ કોરા શોખનું ફરવું નથી. તે જયાં જાય છે, ત્યાંના સમાજનો, સમાજના લોકોનો અભ્યાસ કરે છે અને તે પાછા ભદ્ર સમાજ સામે જ રજૂ કરી દે છે. ખાસ કરીને જયાં પણ વંચિત, દલિત, મહિલાઓ, વિસ્થાપિતો માટે કામ થતું હોય ત્યાં ખાસ જાય છે અને તેમાં કઈ રીતે મદદરૂપ થઈ શકાય તેના પ્રયાસ કરે છે. અને માત્ર પોતે જ મદદરૂપ નથી થતા, પણ બીજાઓને પણ તેમાં જોડવાનો પ્રયાસ કરે છે. નીકળે છે એકલા, પણ પાછા ફરે છે ત્યારે કાફલો બનાવે છે. નીકળે છે પ્રવાસી તરીકે, પણ બની જાય છે યાત્રા. તે છેલ્લા ચારેક દાયકાથી પોતાના પ્રવાસોની વાત “પગદંડી” સામયિકમાં લખે છે. સમગ્ર ભારતમાંના પ્રશ્નો અને તેને ઉકેલવા મથતા લોકોની વાત લખે છે. પરિણામે આ લેખો ચાર પુસ્તકમાં – આજ નામે – પ્રકાશિત થઈ ગયા છે. તેણે હજારો લોકોને ઢંઢોળ્યા છે અને સમાજ માટે દોડતા કરી દીધા છે. તેણે ખૂણામાં બેસી કામ કરતા લોકોને આગળ કરી દીધા છે. તેણે અનેક કાર્યકર્તાઓની તકલીફો દૂર કરી છે. નવી પેઢીને સમાજોભિમુખ કરી છે. માત્ર તેમને જ પગમાં ભમરી નથી કરડી. આ ભમરી સેંકડો લોકોને કરડવા મંડી છે અને અનેકો પણ દોડવા લાગ્યા છે.

“પગમેં ભમરી”નું આ પાંચમું પુસ્તક છે. ચારમાં રહેલ વાતને જ આગળ વધારે છે.

પહેલાં પુસ્તકનો સ્થૂળ પરિચય જાણી લઈએ.

આ પુસ્તક ખાસ્સું દળદાર છે – ૨૬૮ પાનાનું. તેમાં પાંચ વિભાગો છે. પહેલો વિભાગ છે “જાત ઘસી ઉજળા થનારા.” તેમાં દસ લેખો છે. બીજો વિભાગ છે “પીડિત સમુદાયો – મહિલાઓ અને વંચિતોની વાતો.” તેમાં તેર લેખ છે. ત્રીજો વિભાગ છે “ધર્મ” પર. તેમાં સાત લેખ છે. ચોથો છે “જળમંદિરો” પર. તેમાં ચાર લેખ છે. અને છેલ્લે પાંચમો વિભાગ છે “પ્રકીર્ણ.” તેમાં પાંચ લેખ છે. આમ કુલ ૩૯ લેખો છે, જે એક એકથી ચડિયાતા લેખો છે.

પહેલા વિભાગમાં તેમણે સ્થાપેલ સંસ્થા "માનસી"ની વાત છે. સાથે હેમવતી આયંગર, ડૉ. પ્રકાશ આમટે, રામભાઉ દોળાજી, કચ્છના વૈદ્યો અને દવાખાનાં વગેરેની વાતો છે.

બીજા વિભાગમાં ખાસ કરીને ગ્રામ્ય મહિલાઓ, ને તેમાં પણ તેમના આરોગ્યના સંદર્ભની વાતો છે. પણ તેમાં સમાજ, પુરુષોની મનોવૃત્તિ, અંધશ્રદ્ધા, વિજ્ઞાન, સરકારની ઉદાસીનતા વગેરેની પણ ચર્ચા કરી છે. તો બીજા વિભાગમાં વંચિતોની પણ વાતો કરી છે. તેમાં ખાસ કરીને મિત્તલ પટેલ જે કામ કરે છે તે મુખ્ય છે. તેના દ્વારા અપાતું શિક્ષણ, સંમેલનો, કવાંટના પ્રશ્નો, વાડિયા ગામના મુદ્દા, પોલીસ ખાતાની ક્રૂરતા, દિવ્યાંગોનું પુનર્વસન, દિવ્યાંગો માટે રોજગારના પ્રયાસો, માનસ - માનસીનાં બાળકોની તાલીમ, નક્સલવાદ સંદર્ભમાં વાતો, ફરી સમાજની ઉદાસીનતા અને પોતે કરેલ કામના આનંદની વાત છે.

ત્રીજા વિભાગમાં ધર્મ ચિંતન છે. આભડછેટ, ધર્મ પરિવર્તન, ધર્મ ઉશ્કેરાટ, ધર્મમાં છેતરામણી, વાડાબંધી, ન્યાયપ્રણાલી, મોબ લિન્ચિંગ વગેરે મુદ્દાઓની ચર્ચા કરી છે.

ચોથા વિભાગમાં જળમંદિરોની વાત કરી છે, તેની માહિતી આપી છે તો ક્યાં કઈ રીતે કામ થાય છે તેની ચર્ચા કરી છે. પોતે તેમાં શું ભાગ ભજવ્યો છે તે પણ કહે છે. ભુજનાં હમીરસર તળાવના ખોદકામની વાત કરે છે. બોઆ ગામના પાણીની સમસ્યાની ચર્ચા કરે છે. વાંકી મહાજન દ્વારા થયેલ પડતર જમીનમાં ઘાસ ઉગાડવાનું ઉત્તમ કામ બતાવે છે.

અને છેલ્લે પ્રકીર્ણ વિભાગમાં દાનનું ગૌરવ બતાવતા વિવિધ દાતાઓની વાત કરે છે. માંડવીની "આપણી નવરાત્રિ"ની વાત કરે છે. બે ભગત વ્યક્તિઓએ પોતાના મૃત્યુની આગાહી કરી અને સાચી પડી તે કહે છે. પાલારા જેલના ભજિયા હાઉસની અને તેના પ્રેરક જેલ અધિકારી ગોહિલની વાત કરે છે. છેલ્લે સિક્કાની ચોથી બાજુ નિમિત્તે પ્રસિધ્ધિ સંદર્ભે ચર્ચા કરે છે.

એક એક મુદ્દો તે વિશદ રીતે અને ઊંડાણથી ચર્ચે છે. તેમાં ઘટનાઓ સાથે તેમનું ચિંતન પણ સતત જોવા મળે છે. ઘટનાઓ તો પુસ્તક વાંચીને જાણી લેવી, પણ તે નિમિત્તે તેમણે કરેલા ચિંતનની ઝાંખી કરીએ.

ગ્રામીણ મહિલાઓની વેદનાની વાત કરતાં તે કહે છે : "તેમની કથા-વ્યથા પર ગૌર કરતાં એક જ બાબત ધ્યાનમાં આવે છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારોનાં અબજો રૂપિયાનાં આરોગ્યનાં બજેટો હોવા છતાં એમાંનું રતિભાર પણ એકલદોકલ વૃધ્ધાઓ માટે વપરાય છે ખરું?" એ જ સંદર્ભમાં અન્યત્ર લખે છે, "પાંચ હજાર વર્ષમાં માણસે ઘણી બધી ભૌતિક પ્રગતિ કરી છે, પણ એના સ્ત્રી પ્રત્યેના રવૈયામાં કોઈ નોંધપાત્ર ફરક આવ્યો હોય એવું માત્ર ઉપરછલ્લે દેખાય છે. તે સ્ત્રીને નીચી પાયરીમાં જ માને છે." સ્ત્રીને ભયંકર શારીરિક તકલીફ થાય અને અરજન્ટ ઑપરેશન કરાવવાનો સવાલ ઊભો થાય ત્યારે પણ પતિ રજા નથી આપતો કારણકે તેની ગેરહાજરીમાં ઘર કોણ સંભાળે? ગર્ભાશયની ભયાનક તકલીફ હોય તો પણ પુરુષની વાસનાને તો વશ થવું જ પડે. પુરુષ તેની તકલીફ તરફ જરા પણ નજર ન કરે અને ડૉક્ટરો 'ઑપરેશન પછી કરશું' એમ કહે તો તરત સ્ત્રી બોલી ઉઠે કે, 'ઑપરેશન વિના પાછી ન મોકલશો. મારો માણસ મને બીજીવાર આવવા નહીં દે." ઑપરેશન પછી સ્વસ્થ થવા માટે સંસ્થા મદદ કરવા તૈયાર થાય, તો મહિલા તે ન સ્વીકારે અને કહે, "આ પૈસા મારો માણસ લઈ લેશે અને આડાઅવળા વાપરી નાખશે." પુરુષની મનોવૃત્તિના આવા દાખલા સતત આપે છે, જે વાંચતાં કકળી જવાય છે.

આરોગ્યની વાસ્તવિક્તા બતાવતાં કહે છે, "અર્થશાસ્ત્રીઓ જે અભ્યાસ કરે છે તેનાથી સાચો તાગ મળે છે કે કેમ તે શંકા છે. આંકડાઓના આધારે થીયરી ઑફ એવરેજને લક્ષ્યમાં લઈને વિશ્લેષણ કરાય છે. રિપોર્ટ તૈયાર થાય છે. પણ વાસ્તવમાં એવું હોતું નથી. વાસ્તવિક્તા કંઈક નોખી જ હોય છે." શિક્ષિતોની મનોવૃત્તિ દર્શાવે છે.

આ સંદર્ભમાં એક જગ્યાએ ચાબખો મારતા લખે છે, "એક જિલ્લો, જ્યાં ઉદ્યોગો અને માળખાનાં વિકાસ માટે છેલ્લા દાયકામાં એક લાખ કરોડ રૂપિયા ઠલવાયા છે, તેમાંથી ૦.૦૦૧ ટકો મહિલા આરોગ્ય માટે ખર્ચાયા છે ખરા? આ માટે આપણે સરકારને જવાબદાર ગણીએ તે પહેલાં આ પ્રશ્ન આપણે આપણા સમાજોને પૂછીએ. છેલ્લા બે દાયકા દરમિયાન ધરતીકંપ પછીનાં વીસ વર્ષમાં કચ્છના દરેક ગામડે કરોડો - અબજોના ખર્ચે શિવાલયો, જિનાલયો, હનુમાન દેરીઓ, ગણેશ દેરીઓ, માતાજીનાં મંદિરો, મસ્જિદો અને મદરેસાઓ નિર્માણ પામ્યા છે. દરેક વર્ષે રામકથાઓ, ભાગવત કથાઓ, ગાયત્રી પાઠો, લક્ષચંડી યજ્ઞો, ચોમાસાઓ, વિવિધ અનુષ્ઠાનો, ધાર્મિક મહોત્સવો પાછળ અનાપસનાપ ખર્ચ કરવામાં આવે છે. એમાંથી કેટલો આર્થિક સ્ત્રોત આરોગ્ય તરફ વહેવડાવવામાં આવે છે. સ્વસ્થ વ્યક્તિ, નિરામય પરિવાર સુંદર સમાજનું નિર્માણ કરે છે. સ્વસ્થ અને સુંદર સમાજ જ ધર્મનો રખેવાળ બની શકે છે." (૧૦૩) માંદા સમાજને લીલાધરભાઈ ગમે ખરા?

નર્મદાની વાહવાહ થાય છે ત્યારે કવાંટ ગામના સંદર્ભમાં લખે છે : "સરદાર પટેલનાં પૂતળાં માટે નીચેના વાસમાં બંધ બાંધી નવું સરોવર બાંધવામાં આવે છે, તો માત્ર ૧૭૦૦ કે ૨૦૦૦ ફૂટ ઊંચે પાણી પંપ કરી કવાંટના તરસ્યાં ગામડાંઓને પાણી ન આપી શકાય? માત્ર ઇચ્છાશક્તિનો અભાવ અને બળિયાના બે ભાગની શોષણવૃત્તિ આ અન્યાયનું કારણ છે."

એક સાચો સમાજવાદી જ આ નગ્ન સત્ય ઉચ્ચારી શકે.

નક્સલવાદનું કારણ બતાવતાં કહે છે : "વિવેક વગરનું ઔદ્યોગિકીકરણ, અંકુશ વિનાનું ઔદ્યોગિકીકરણ અને ઔદ્યોગિકીકરણ માટે તમામ રીતે અનુકૂળ બની રહેવાની રાજ્ય અને શાસનની માનસિકતા સરવાળે આર્થિક અસમાનતા પેદા કરશે અને તેમાંથી નક્સલવાદ, માઓવાદ કે જે નામ આપો તે જન્મ લે છે." (૧૬૨)

ધર્મના પ્રકરણમાં મહાજનવાડીમાં હરિજનો પ્રવેશ ન કરી શકે તે મુદ્દાની ચર્ચા કરતાં લખે છે કે "પીડાજનક વાત એ છે કે ગામનો મુસલમાન મહાજનવાડીમાં જમણવારમાં ભાગ લઈ શકે, પણ હરિજન ન લઇ શકે... ઉપસ્થિત પોલીસદળના કર્મચારીઓમાં મુસલમાન અને હરિજનો હોય તેને આદર સાથે માનપૂર્વક જમણવારમાં સામેલ કરવામાં આવે છે. ધારાસભ્ય રીઝર્વ સીટવાળા હોય તો પણ તેમને વારંવાર બોલાવવામાં આવે છે." લેખક પોતે તે ધર્મના હોવા છતાં તે ધર્મનો દંભ ખુલ્લી રીતે વ્યક્ત કરે છે. અને પછી ધર્મનું તત્ત્વ સમજાવતાં કહે છે : **"ધર્મ કદી સમસ્યાઓ ઊભી કરે નહીં. ધર્મ દરેક સમસ્યાઓ હલ કરે, એનો ઉકેલ આપે. માણસના મનમાં ઉઠતા પ્રશ્નોનું નિરાકરણ કરે. માણસને સાચો માર્ગ દાખવે, પણ એવું થતું નથી. માણસ ધર્મના બદલે સંપ્રદાય તરફ ઢળે છે. સંપ્રદાયની રચના ગુરુ, સાધુઓ પોતાના સ્વાર્થ માટે કરે છે અને આવા સંપ્રદાયો ક્યારેય પથદર્શક બની શકે નહીં. માર્ગદર્શક પણ ન બની શકે."** (૧૯૩)

આવા તો અનેક ચિંતનના ઝરણાં ઠેરઠેર જોવા મળે છે.

પુસ્તકમાં માંદા અને ઉદાસીન અને દંભી સમાજની ટીકા છે, તો સમાંતરે કામ કરતા લોકોની પ્રશંસા પણ છે. કામ કરતા અદૃશ્ય લોકો કે દાનવીરો કે મિત્તલ જેવી સમાજ બદલાવવાનો પ્રયાસ કરતી વ્યક્તિ વિશે દિલથી લખે છે. તેમના પર વારી જાય છે. જ્યાં લોકો પાસે કદર છે તો તેનો પણ ઉલ્લેખ કરે છે. દાખલા તરીકે તળાવની ચર્ચા કરતાં તે પોતે જ્યારે જુલરાઈ ગામે પહોંચે છે, ત્યારે ત્યાંના એક નિવાસી દેવસીભાઇનું અવતરણ ટાંકે છે : "અધા, લાલભા, આજે સાડા બાર વરહ પછી તમે ફરી અમારી વહારે આયા છો." ખાસ કરીને કોઈ નાનો માણસ ઉત્તમ વ્યક્ત કરે તો તરત નોંધે છે. વિચરતા સમુદાયની વાત કરતાં લગ્નના ચાંદલા એકઠા કરવાની વાત કરતાં એક હાથલારી ફેરવનારની વાત કરે છે. તે મિત્તલને ચાંદલો આપતાં બોલે છે, "હું હાથલારી ચલાવી માંડ માંડ ગુજરાન ચલાવું છું. કપરા દિવસોમાં એક ટંકથી નભાવી લઉં છું. છતાં મારી કમાણીમાંથી હું એક રૂપિયો આપી શકું છું. મારો ચાંદલો સ્વીકારશો અને મને પ્રાયશ્ચિત કરવાની તક આપજો." (૧૩૭). કરોડોમાં આળોટતા અંબાણી કે અદાણીના કરોડોના દાન કરતાં આ હાથલારીવાળાનું દાન કેટલું મહાન છે તે લીલાધરભાઈ સૂચવે છે. આવા અનેક હકારાત્મક બનાવો પણ પુસ્તકમાં અનેક સ્થળોએ જોવા મળે છે. તે સૂચવે છે કે **સમાજની જવાબદારી જેટલા કહેવાતા નાના લોકો સંભાળે છે, તેટલા કહેવાતા મોટા લોકો નથી સંભાળતા.** આમ, પુસ્તક સમાજની બંને બાજુ દર્શાવે છે.

લીલાધરભાઈના આ લેખોનું ઉત્તમ પરિણામ એ આવે છે કે તે વાંચી અનેક લોકો કામ કરવા તૈયાર થાય છે. આ લેખો અજાણતાં કાર્યકરોની ફોજ તૈયાર કરે છે. એટલે એક વાતનો સંતોષ લઈ શકાય કે કદાચ લીલાધરભાઈ ઉંમરના પ્રભાવે પ્રવૃત્તિ છોડશે તો તેમની જગ્યા ખાલી નહીં રહે. સેંકડો યુવાનોની આંખમાં તેમણે સેવાનું સ્વપ્નું આંજ્યું છે. તેઓ જરૂર ચાલુ રાખશે. એટલે, તે આરામમાં અને વૈભવમાં જીવતા સમાજને 'સેવા' પ્રત્યે દોરે છે. સાથે એક બીજી બાબત પણ ધ્યાન ખેંચે છે. તે એ કે લીલાધરભાઈ જ્યારે સંસ્થા જોવા જાય છે, ત્યારે જોઈ વળી નથી આવતા. જરૂર પડે તો તેને આર્થિક બળ આપે છે અને વધારે સક્રિય મદદ પણ કરે છે.

આ પુસ્તક વિશે તો એક બીજું પુસ્તક તૈયાર કરી શકાય એમ છે. આ પુસ્તક સેમિનાર સર્જી શકે તેવી ક્ષમતા ધરાવે છે. પણ એ મુદ્દો અહીં નથી. અહીં આ પુસ્તક વિશે વાત કરવી હોય તો અંતે કહી શકાય કે આ પુસ્તક એકબાજુ પુષ્કળ ત્રાસ આપે છે, તો બીજી બાજુ ભીના પણ કરે છે અને સમાંતરે આશા પણ આપે છે. ત્રાસ એટલા માટે કે સમાજની માંદગી અકળાવે છે. સરકારની નીંભરતા ગુસ્સો જન્માવે છે. ભીના એટલા માટે કે અદૃશ્ય રીતે જે અનેક લોકો સમાજને ટેકો આપે છે તેમની વાત આંખ ભીની કરે છે. અને દાનવીરો કે ગીતા કે મિત્તલ જેવી વ્યક્તિઓની વાતો આશા જન્માવે છે કે ચાલો, સમાજ હજી નિરાશ થવા જેવો નથી. સમયે સમયે આવી વ્યક્તિઓ બહાર આવતી રહે છે અને કામ કરે છે. એટલે આ પુસ્તક વાંચતા ટોલ્સટોયનું એક પુસ્તક વાંચી કાકા કાલેલકરે જે અભિપ્રાય આપેલ, તે યાદ આવે છે. તેમાં તેમણે લખેલ છે કે, "આ પુસ્તક એટલું ખરાબ છે કે પૂરું વાંચ્યા વિના ન રહેવાયું." આ પુસ્તક પણ એટલું જ ખરાબ છે. તે સંવેદનશીલતાને બગાડવા સમર્થ છે. પૂનામાં એક શૈક્ષણિક સંસ્થામાં એક કવિતા ગવાય છે કે, "અમે તો બગડ્યા, તમે પણ બગડો." તેમ આ પુસ્તક પણ બગડવાનું ખુલ્લું આમંત્રણ આપે છે અને વાચક બગડશે તો તેને મોક્ષની ખાતરી.

આ પુસ્તક તેમણે ચાર બહેનોને અર્પણ કરેલ છે. માનસીની ગીતા, સુષ્માબહેન આયંગર, મિત્તલ અને પારુલ મારવાડા. ચારે જણ આ પુસ્તકનાં પાત્રો છે. લીલાધરભાઈ કહે છે તેમ તેમને પણ પ્રોત્સાહન આપનાર છે. આ ચારે જણ અઠંગ કર્મઠો છે,

જેની આપણને બધાને ખબર છે.

આ સાથે લાલભાઈની અને લીલાધરભાઈની પ્રસ્તાવના પણ પ્રેરક છે.

અંતે, કહી શકાય કે શીર્ષકમાં "પગમેં ભમરી" નીચે લખેલ છે "પાંચમું ચરણ." સાચી વાત છે. "પગ" એ લીલાધરભાઈ પોતાના પગ માટે કહે છે, પણ આ પગ જ્યાં જાય છે, ત્યાં તે વ્યક્તિ, સંસ્થા કે ગામ માટે "ચરણ" બની જાય છે. પાંચે પુસ્તકોને સમગ્રતાથી જોઈએ તો દરેક ચરણ એક એક સુધારા બતાવતું જાય છે. તેનાથી ઉજાસ ફેલાય છે. આ તેમની સફળતા છે. તેઓ દરેક જગ્યાએ આ ઉજાસ અને સફળતાના "કેટેલિક એજન્ટ" બને છે. એક કાવ્ય યાદ આવી જાય છે જેમાં વાવમાં પાણી નથી અને તે આવે માટે એક દંપતિનું બલિદાન મંગાય છે. અને તે દંપતિ જેમ જેમ એક પગથિયું ઉતરતું જાય છે, તેમ તેમ પાણી એક પગથિયું ઉપર ચડતું જાય છે. આ દરેક પુસ્તક પણ જેમ જેમ આવતું જાય છે, તેમ તેમ સમાજમાં સેવાની પ્રવૃત્તિઓ વધતી જાય છે અને ધીમે ધીમે સમાજના લોકો જાગૃત થતા જાય છે તે બતાવે છે. મને લાગે છે કે દસમું ચરણ આવશે – અને આવે તેમ ઈચ્છીએ – ત્યારે કેવળ હકારાત્મક વાતો જ હશે. લીલાધરભાઈનો ગુસ્સો હરખમાં ફેરવાઈ ગયો હશે.

આવું ઉત્તમ પુસ્તક પ્રકાશિત કરવા બદલ વિવેકગ્રામ પ્રકાશન પણ પ્રશંસાને પાત્ર છે. કવિભાઈ આટલું દળદાર પુસ્તક પ્રકાશિત કરવાનાં સતત જોખમ ઉપાડે છે તે મોટી વાત છે. પણ આ પુસ્તકની માંગ ભયંકર છે, તે મુંબઈમાં જોયેલ છે. અડધા કલાકમાં પાંચસો પુસ્તક ઉપડી જતાં જોયાં છે. આ પુસ્તક તેથી ઓછા સમયમાં કદાચ ઉપડી જશે તો નવાઈ નહીં લાગે.

**"પગમેં ભમરી"**

*લેખક : લીલાધર ગડા*

*પ્રકાશક : વિવેકગ્રામ પ્રકાશન, માંડવી*

*કિંમત : રૂા. ૬૦૦/-*

---

## ડૉ. હસુભાઈ યાજ્ઞિક

## ગુજરાતના લોક સાહિત્યના ભીષ્મ પિતામહ

ગત ૧૦ ડિસેમ્બરના રોજ ગુજરાતના મૂર્ધન્ય સાહિત્ય સર્જક **ડૉ. હસુભાઈ યાજ્ઞિક**નું દુઃખદ અવસાન થયું. વર્ષ ૧૯૮૨થી લગભગ પંદર વર્ષ સુધી તેઓશ્રી ગુજરાતી સાહિત્ય એકેડેમિના 'મહાપાત્ર' પદે રહ્યા હતા. આ સમય દરમિયાન તેઓશ્રીએ કચ્છી ભાષાની આવગી એકેડેમિ સ્થપાય તે માટે ભરસક પ્રયાસો કર્યા હતા. તેઓશ્રીએ ગુજરાતમાં બોલાતી કચ્છી સહિતની ૪૭ જેટલી લોકબોલીઓના કંઠોપકંઠ સાહિત્યને ઉજાગર કરવાના વિશેષ પ્રયત્નો કર્યા હતા. વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬માં આણંદ મધ્યે આયોજિત 'ઓલ ઈન્ડિયા ફોકલોર અધિવેશન' દરમિયાન, ભાષાવિદ ડૉ. પટ્ટ નાયકે, એમને 'ગુજરાતના લોક સાહિત્યના ભીષ્મ પિતામહ' તરીકે સંબોધ્યા હતા.

ડૉ. યાજ્ઞિક સાહેબ સાથે, મારો પરિચય, કચ્છી ભાષા વિજ્ઞાન અભ્યાસુ તરીકે કચ્છશ્રુતિ સામયિકના પૂર્વતંત્રી અને માનદ્ સલાહકાર શ્રી હંસરાજભાઈ કંસારાએ, વર્ષ ૨૦૧૦માં કરાવેલ હતો. એ અરસામાં શ્રી હંસરાજભાઈને, એમના દ્વારા સંપાદિત પુસ્તક **'કચ્છી કવિતા, આસ્વાદના આલોક'**માં માટે પ્રસ્તાવના સંદર્ભે ડૉ. યાજ્ઞિક સાહેબને અવારનવાર મળવાનું થતું. યાજ્ઞિક સાહેબે એ પુસ્તક માટે કચ્છી ભાષા સાહિત્યનો મહિમા કરતી અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના લખી આપી હતી. તદુપરાંત કચ્છી બોલીની ભાષા ક્ષમતા પ્રસ્થાપિત કરતો લેખ પણ અમદાવાદથી પ્રકાશિત દૈનિક 'જનસત્તા'માં આપ્યો હતો. આ પુસ્તકનું અને સાથે માવજીભાઈ સાવલા સંપાદિત સામયિક **'કચ્છી કલામ'**ના અંકોના ડિજિટલ સંસ્કરણનું વિમોચન તા. ૯-૧-૨૦૧૧ના રોજ 'કચ્છમિત્ર'ના તત્કાલીન તંત્રી અને વરિષ્ઠ પત્રકાર શ્રી કીર્તિભાઈ ખત્રીના હસ્તે થયું હતું. ડૉ. હસુભાઈ, આ લોકાર્પણ પ્રસંગના અધ્યક્ષ સ્થાને ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીએ એમના ઉદ્‌બોધનમાં કચ્છી ભાષાના વિકાસ અંગેના પ્રયાસોની સરાહના કરી હતી.

કચ્છી બોલીના પ્રાચીન, મહદાંશે પદ્ય સાહિત્યનો વ્યાપક પરિચય હેતુ તેઓશ્રીએ ઈન્ડિયન ફોકલોર કોંગ્રેસના ૨૦૧૫ અને ૨૦૧૬ દરમિયાન આણંદ મધ્યે આયોજિત અધિવેશનમાં પેપર પ્રસ્તુત કરવાની મને તક અપાવી હતી. આ શોધપત્રો ભારત સરકારના ભાષા સંસ્થાન દ્વારા પ્રકાશિત પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓશ્રી **વડોદરા સ્થિત 'ભાષા'** દ્વારા ભારતના વિભિન્ન પ્રદેશોની લોકબોલીઓના સંસ્થાન ડાયરેક્ટર **ડો. દેવી સાહેબ**ના માર્ગદર્શન હેઠળ સર્વેક્ષણ પ્રોજેક્ટમાં ડૉ. યાજ્ઞિક સાહેબ સહયોગી હતા.

ગુજરાતની લોક બોલીઓના આવા સહૃદય સમર્થક હવે સદેહે આપણી વચ્ચે નથી તેનું અત્યંત દુઃખ છે. પરંતુ ગુજરાતની લોકબોલીઓને ઉજાગર કરવા માટે તેઓશ્રીનું અમૂલ્ય યોગદાન સદા સર્વદા સ્મરણીય રહેશે. સદ્‌ગતશ્રીને મારી આ 'સ્મરણાંજલિ'માં શ્રી હંસરાજ કંસારા, જેઓ હાલે દિલ્હી છે તેઓ પણ એમના 'શ્રધ્ધા સુમન' સાદર અર્પણ કરે છે.

***– મહેન્દ્ર દોશી***

# કચ્છ દર્શન

• સંકલન : દિનેશ આર. મહેતા •

## • લંડનથી માંડવી આવેલા NRI યુવકમાં UK સ્ટ્રેઇન જણાતા દોડધામ

કચ્છમાં કોરોનાના કેસમાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે ત્યારે લંડનથી માંડવી આવેલા એન.આર.આઈ. યુવકમાં યુ.કે. સ્ટ્રેઇન માલુમ પડતા તાજેતરમાં તંત્ર દોડતું થયું હતું.

મળતી માહિતી મુજબ લંડનથી આવેલો માંડવીનો ૩૭ વર્ષનો એન.આર.આઈ. યુવક કોરોનાના નવા યુ.કે. સ્ટ્રેઇનથી અસરગ્રસ્ત હોવાનું બહાર આવતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. તે સાથે અન્ય એક દંપતિ પણ ભોગ બન્યું હતું. બ્રિટનથી આવેલું ભુજ તાલુકાના એક ગામનું દંપતિ પણ કોરોના પોઝિટિવ જણાતા તેને ક્વોરન્ટાઇન કરાયું હતું.

## • કોટેશ્વર ક્રિક પાસેથી પાકિસ્તાની બોટ સાથે માછીમારની ધરપકડ

છેલ્લા એક મહિનામાં પાકિસ્તાન મરીન દ્વારા ભારતની અનેક બોટ અને માછીમારોને બંધક બનાવાયા છે, જેને લઈને ભારતીય સુરક્ષા એજન્સીઓની સતર્કતા અને પેટ્રોલિંગ સામે અનેક સવાલો ઉભા થયા છે. જોકે, છાશવારે ભારતીય બોટ અને માછીમારોને બંધક બનાવવાની ઘટના બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. તાજેતરમાં પેટ્રોલિંગ દરમિયાન બી.એસ.એફ.એ એક પાકિસ્તાની બોટને ઝડપી પાડી હતી.

સીમા સુરક્ષા દળની બટાલિયને ૩૫ વર્ષીય ખાલીદ હુસેન રહેવાસી શાહ બંદરને પકડી પાડીને તેની પૂછપરછ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બોટમાંથી માછીમારીના સાધનો સિવાય અન્ય કોઈ શંકાસ્પદ ચીજવસ્તુઓ મળવા પામી ન હતી પરંતુ ભારતીય સરહદમાં મધ્ય રાત્રિએ બોટ અને માછીમારો કઈ રીતે પહોંચ્યા તે અંગે જુદી જુદી એજન્સીઓએ તપાસ શરૂ કરી છે.

આ શખ્સ માછીમાર છે કે તેના સ્વાંગમાં ઘૂસણખોર છે તેની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. હજુ કોઈ મહત્ત્વની કડી મળી નથી. આ બોટમાં સવાર અન્ય માછીમારો ક્યાં ગયા તે પણ એક સવાલ ઉભો થવા પામ્યો છે. કોટેશ્વરની ક્રિક પાસેથી આ બોટને પકડી પાડવામાં આવી હતી. માછીમાર પાસેથી ઝડપાયેલ ફોનની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

## • કચ્છના નાના રણમાંથી રિંગ પહેરેલું હોબારા પક્ષી કેમેરામાં કેદ થયું

કચ્છના નાના રણમાં પાકિસ્તાનથી રિંગ પહેરાવીને છોડવામાં આવેલું ભારતનું દુર્લભ પક્ષી હોબારા કેમેરામાં કેદ થયું હતું. આ પક્ષીને ગુજરાતી ભાષામાં ટિલ્લોર પણ કહે છે તથા અંગ્રેજી ભાષામાં મેક્વિન બસ્ટાર્ડના નામે ઓળખવામાં આવે છે. વઢવાણના યુવા વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર અને પક્ષીજીવનના અભ્યાસુ દેવવ્રતસિંહ મોરીએ ઘણા દિવસોના કચ્છના નાના રણમાં ભ્રમણ થકી દુર્લભ પક્ષીની પગમાં પહેરાવેલ રિંગ સાથેની તસવીર કેમેરામાં કેદ કરી છે અને આ પક્ષી વિશે વધુ માહિતી મેળવવા માટે બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (બી.એન.એચ.એસ.) તથા હોબારા ફાઉન્ડેશન નામની સંસ્થાને આ તસવીર મોકલી આપવામાં આવી છે.

## • કચ્છમાં ૮ માસમાં ૬ ધરતીકંપ

સૌરાષ્ટ્ર - કચ્છમાં મે-૨૦૨૦થી શરૂ થયેલા ૩થી વધુ તીવ્રતાના ભૂકંપનો સિલસિલો નવા વર્ષના આરંભ સાથે શરૂ થયો છે. ઇ.સ. ૨૦૨૧ના પ્રથમ દિવસે રાત્રે ૧૧.૦૩ વાગે ભચાઉથી ૧૦ કિ.મી. ઉત્તર-પૂર્વે જમીનથી ૧૫ કિ.મી. ઉંડાઇએ કેન્દ્રબિંદુ ધરાવતો રિચર સ્કેલ પર ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ભચાઉ પાસે ગત આઠ માસમાં આ છઠ્ઠો અને બે માસમાં બીજો તીવ્ર ભૂકંપ હતો. તા. ૩૦ ડિસેમ્બરે કચ્છના ખાવડા પાસે ૪.૩ના ભૂકંપથી ધરતી ધ્રુજી ઉઠી હતી.

આજે પણ ગુજરાત અને દેશભરમાં જે ભૂલાયેલ નથી તે કચ્છનો મહાવિનાશક ભૂકંપ પણ ઇ..સ. ૨૦૦૧માં તા. ૨૬ જાન્યુઆરીની સવારે આવ્યો હતો. રિચર સ્કેલ પર ૭.૭ની તીવ્રતા ધરાવતા આ અર્થક્વેકથી ૨૨ સેકન્ડ સુધી ધરતી ધ્રુજી ઉઠી અને વીસ હજારથી વધુ લોકોના મોત નિપજ્યા હતા, અસંખ્ય ઘવાયા હતા અને લાખો બેઘર બન્યા હતા. દૂર દૂર સુધી વિનાશ નોતરનાર તે ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉ તાલુકામાં હતું.

## • કચ્છના દરિયાઇ વિસ્તારમાંથી ૩ ચરસના પેકેટો મળી આવ્યા

લાંબા સમય બાદ કચ્છના દરિયાઇ વિસ્તારમાં માસ ડિસેમ્બર ૨૦૨૦ દરમિયાન ત્રણ પેકેટ ચરસના મળી આવતા દોડધામ મચી જવા પામી છે. જાણવા મળતી વિગતો મુજબ કોસ્ટગાર્ડની પેટ્રોલિંગ દરમિયાન શેખર પીરના ટાપુ નજીક કોસ્ટગાર્ડની ટીમે દરિયામાં તણાઇને આવેલા ત્રણ પેકેટ ચરસના કબજે કર્યા હતા અને મરીન પોલીસના હવાલે સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. અત્યાર સુધી જોવા જઇએ તો ૨૦૨ પેકેટ મળી આવ્યા છે, જેની કિંમત ૩ કરોડ સુધી પહોંચવા જાય છે. તાજેતરમાં મળી આવેલા ૩ ચરસના પેકેટોની કિંમત ૪ લાખ આંકવામાં આવે છે. આ પેકેટો અગાઉ ઝડપાયેલા પૈકીના હોવાનું અનુમાન દર્શાવાઈ રહ્યું છે. સમગ્ર બનાવને લઇને એજન્સીઓ દ્વારા દરિયાઇ વિસ્તારમાં તપાસ શરૂ કરવામાં આવી છે. અન્ય પેકેટ મળી આવે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

- **માંડવીમાં સેલ્ફીની લ્હાયમાં મહિલાએ જીવ ખોયો**

અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતો ઠક્કર પરિવાર ઉત્તરાયણની ઉજવણી કરવા કચ્છ આવ્યો હતો. તેઓ માંડવી બીચ ફરવા આવ્યા ત્યારે સલેહગાહ માટે સ્પીડ બોટમાં બેઠા હતા. ત્યારે દરિયામાં ચાલતી બોટે પરિવારની ૫૧ વર્ષીય મહિલા બેલાબેન ગીરીશભાઈ ઠક્કરે વાંકા વળી સેલ્ફી લેવાનો પ્રયાસ કર્યો હતો. તે વખતે તેમણે બેલેન્સ ગુમાવતા તેમના પતિ-દીકરી સહિતના પરિવારજનોએ તેમને પકડી લેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બોટમાં એક જ તરફ વજન વધી જતા સ્પીડ બોટ ઊંધી વળી જતા આખો પરિવાર દરિયામાં ખાબક્યો હતો. તરવૈયાઓ અને આજુબાજુની બોટના લોકોએ દરિયામાં ડૂબેલા પરિવારને પાણીમાંથી બહાર કાઢ્યો હતો. જો કે, બેલાબેનને બચાવી શકાયા ન હતા. પોલીસે જણાવ્યું હતું કે બોટમાં ૬ પ્રવાસીની ક્ષમતા હતી તેની સામે પાંચ સવાર હતા અને હવા ભરેલા રેસ્ક્યુ જેકેટ પણ પહેરેલા હતા. પરંતુ સેલ્ફીના ચક્કરમાં બોટની એક બાજુ ઘણા લોકો એકઠા થઇ જતા બોટ ઊંધી વળી ગઈ હતી.

- **ગાંધીધામના કિડાણામાં બે જૂથો વચ્ચે અથડામણ**

અયોધ્યામાં ભગવાન શ્રી રામનું રૂા. ૭૦૦ કરોડના ખર્ચે ભવ્યાતિભવ્ય મંદિર તૈયાર થઈ રહ્યું છે ત્યારે દરેક હિંદુઓ આ મંદિર નિર્માણ કાર્યમાં સહભાગી થાય તેવા ઉદ્દેશ સાથે કચ્છ સહિત જુદા જુદા વિસ્તારમાં રામ મંદિર નિર્માણ માટે સમર્પણ રાશિ એકત્ર કરવા રથયાત્રા યોજવામાં આવી રહી છે. દરમિયાન તાજેતરમાં જિલ્લામાં બે સ્થળોએ આ પ્રકારે રામ મંદિરને લઈને હિંદુ યુવાવર્ગ દ્વારા રથયાત્રા નીકળી હતી. જેમાં જૂથ અથડામણ થયા બાદ પોલીસ વડા સ્થળ પર દોડી ગયા હતા. આ ઘટના શમે તે પૂર્વે બીજી ઘટના પૂર્વ કચ્છમાં ગાંધીધામ તાલુકાના કિડાણા ગામમાં સામે આવી હતી. કિડાણા ગામમાં રામ મંદિર સમર્પણ નિધિ માટેની રથયાત્રા પસાર થઇ ત્યારે કોઈ બાબતે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો.

- **વર્ષે ૧૯૦૦ કરોડની આવક ગુમાવતા ખેડૂતો – ખેડૂતો માટે સિંચાઇના વધારાના પાણીને વહીવટી મંજૂરી સહિતના કામો તાકીદે પૂરા કરવા માંગણી**

નર્મદા યોજનામાં સૌથી વધારે કોઈ જિલ્લાને અન્યાય થયો હોય તો તે કચ્છ છે. રાજકીય નેતાઓની ઇચ્છા શક્તિના અભાવે કચ્છમાં હજુ પણ નર્મદાના કામો બાકી હોવાથી જિલ્લાના ખેડૂતો વર્ષે ૧૯૦૦ કરોડની આવક ગુમાવી રહ્યા હોવાનો ચોંકાવનારો દાવો મુખ્યમંત્રી સમક્ષ તાજેતરમાં કરાયો છે. નિયમિત નદીના ૦.૫ એમ.એ.એફ. પાણી અને વધારાના ૧ એમ.એ.એફ. પાણીના કામો ન થતાં ૧૨.૮૫ લાખ એકર જમીનને સિંચાઈનો લાભ મળી રહ્યો નથી. ઉપરોક્ત સ્થિતિમાં કચ્છ ભારતીય કિસાન સંઘે કેટલાક તબક્કે અવાજ ઉઠાવ્યા બાદ થોડી શાંતિ પ્રવર્તી રહી હતી. તેની સામે કચ્છ નર્મદા જળ અભિયાને ૨૦૨૦ના જાન્યુઆરીમાં એક બેઠક યોજી હતી. ત્યારબાદ સુષુપ્ત થઈ ગયું હતું. આ મામલે ૧૧મી જાન્યુઆરીના એક અખબારમાં નર્મદા વિષયે એક અહેવાલ પ્રકાશિત થયો હતો. જેના અન્વયે અચાનક જ સ્થાનિકના મંડળ, સંગઠનોમાં ફરીથી જાગૃતિ આવી જણાય છે. આ સંદર્ભમાં કચ્છને નર્મદાનાં નિયમિત પાણી ઉપરાંત વધારાના એક મિલિયન એકર ફીટ પાણી માટે વહીવટી મંજૂરી સહિતના કામો પૂરા કરવા સહિતની વિવિધ માંગણીઓ મુખ્યમંત્રી સહિતના પદાધિકારીઓ સમક્ષ તાજેતરમાં કરવામાં આવી છે.

***(સમાચાર પત્રો પર આધારિત)***

## દેવામુક્ત

જાહેર સ્થળો જેવા કે રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, ચાની હોટલ, પાનની દુકાન – આ સ્થળેથી ઘણીવાર આપણને વાર્તાનો પ્લોટ મળી જાય છે. આપણામાં એને ઝડપી લેવાની સમજણ હોય તો! એક દિવસ હું જયેશભાઈની રઘુવીર પાનની દુકાને ઊભો હતો. માણસોની અવરજવર ચાલુ હતી. ત્યાં જયેશની પાન દુકાન પાસે એક કાર આવીને ઊભી રહી. કારમાંથી એક ભાઈ ઉતર્યા. પાનની દુકાને આવીને કહ્યું, જયેશભાઈ ઓળખો છો? પાન બનાવવામાં લીન જયેશભાઈએ પેલા ભાઈ સામે જોયું. કંઈ ઓળખાણ ન પડી. એટલે પેલા ભાઈએ જયેશભાઈને કહ્યું, હું તમને ઓળખું છું. તમે ભૂલી ગયા છો કે હું તમારી પાનની દુકાન સામે કેસેટની રેંકડી રાખીને ઊભો રહેતો હતો. યાદ આવ્યું? જયેશભાઈને થોડું થોડું યાદ આવ્યું. ૮-૯ વરસના વહાણા વાઈ ગયેલા. એટલે સહેજ ભૂલી જવાય, યાદ ન રહી. પેલા ભાઈએ કહ્યું, જયેશભાઈ, હું કાર લઇને અમદાવાદથી પોરબંદર જતો હતો. રસ્તામાં રાણાવાવ આવતા મને યાદ આવ્યું કે રઘુવીર પાનવાળા જયેશભાઈ મારી પાસે પૈસા માંગે છે. મેં કાર ગામમાં લીધી. ભાઈ, તમારી રકમ ચૂકવવા આવ્યો છું. સ્મૃતિમાંથી નીકળી ગયેલી રકમ યાદ કરીને આ ભાઈ દેવા આવ્યા, તેથી જયેશભાઈને નવાઈ લાગી. તેથી જયેશભાઈએ કહ્યું, ભાઈ! તમારા જેવા સજ્જન માણસ આટલા વરસે રકમ પાછી આપવા આવ્યા! હું તો સાવ ભૂલી ગયેલો. તમે પણ ભૂલી જાવ. પેલા ભાઈએ કહ્યું, પણ હું કેમ ભૂલું? માથે લેણું સારું નહીં. પાછો જનમ લેવો પડે. એમ કહીને પેલા ભાઈએ જયેશભાઈને પૈસા આપ્યા. તમે હવે અમદાવાદ રહો છો? ત્યાં શું કરો છો? હા ભાઈ, અમદાવાદ રહું છું. ભગવાનની દયા છે. મારે નાઈટ ડ્રેસ બનાવવાનું કામકાજ છે. દીકરો સી.એ. થઈ ગયો છે ને દીકરી ડેન્ટિસ્ટ છે.

મને વાર્તાનો મુદ્દો મળી ગયો. **ખરેખર નીતિમત્તામાં માનતા લોકો ઉપર ભગવાનની કૃપા વરસતી હોય છે. ભગવાન એને ક્યાંય ઉની આંચ નથી આવવા દેતો** એમ હું વિચારતો હતો ત્યાં પેલા ભાઈએ ચાલો ભાઈ, હવે હું રજા લઉં? તમારી રકમ ચૂકવવામાં મોડું થયું તો માફ કરશો. ને એ ભાઇ રવાના થયા.

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***

## હોય છે

છંદ બંધારણ : ગાલગાગા – ગાલગાગા – ગાલગા

એકલાનું એક ટોળું હોય છે;
ભીડના રંગોથી કોરું હોય છે.

ખળભળે કોલાહલો હૈયા મહીં;
મૌનથી ઢાંકેલ મ્હોરું હોય છે.

સામસામા ત્રાટકો ચાલ્યા કરે;
ચિત્ત કોણે કોનું ચોર્યું હોય છે!

થઈ કબૂતર ઊડતું કાયમ રહે,
એ જ હૈયું સાવ ભોળું હોય છે.

એ જ સામ્રાજ્યો અહીં સ્થાપી શકે;
જેમણે અસ્તિત્વ ખોયું હોય છે.

***મહેશ્વરી મહેતા 'ઉષ્મા' - ભાવનગર***
***મો. ૯૪૨૬૫ ૯૦૦૪૬***

## તું

છંદ બંધારણ : ગાલગા – ગા – ગાલગાગા – ગાલગા

ક્યાં મને પ્રત્યક્ષ મળતી હોય છે,
સપને આવી તું પ્રગટતી હોય છે!

હાશકારો માંડ પામું કે તરત;
ઘૂસી ભીતર તું પજવતી હોય છે.

કૈંક તારા તાપથી દાઝી રહ્યાં,
આગ થૈ ને તું સળગતી હોય છે!

બોલ ક્યાં સગપણને નામે સાદ દઉં?
રોજ તું સગપણ બદલતી હોય છે!

સાવ નોખા ઢંગ ને તારા ધડા;
હોય એવી ક્યાં તું પ્રગટતી હોય છે?

કોઈથી ગાંજ્યો ન જાઉં હું, કિન્તુ –
તારી સામે મુંડી નમતી હોય છે!

આપણે જુદા નથી આપણથી કંઈ,
ભાગલા તો તું જ કરતી હોય છે.

તું કહે છે પ્રેમ, એ તો આગ છે,
આગમાં આ કાયા બળતી હોય છે!

શોધમાં તારી યુગો કાઢી નાખ્યા;
ને તું મારામાં રખડતી હોય છે!

***ચંદ્રકાંત પટેલ 'સરલ' - માણાવદર (જિ. જૂનાગઢ)***
***મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪***

## માનવનું વર્તન

એ જ સમજાતું નથી મને કે એવું કેમ થાય છે?
એવું કેમ થાય છે એ જ તો મને સમજાતું નથી.
**આ જન્મ શું? આ મોત શું? આ જિંદગાનીની વાત શું?**
**આ રોગ અને આ શોક શું? વળી સુખદુઃખની વાત શું?**

બુભૂક્ષિતની ભૂખ સમજ્યા, સમજ્યા જે વળી દેહભૂખ,
પોષાય જે સમયાંતરે ને જાગે વળી સમયાંતરે જ છે;
પણ આ માનમોભો, મરતબો ને સંપત્તિ ને સત્તાભૂખ,
રહે પોષાતાં ને રહે સંતોષાતાં તો ય વધતાં જાય કેમ?

જાણીએ છીએ જન્મ જેનો, એનો નાશ વળી છે નક્કી,
જાણી એ આવ્યા છીએ ને એકવાર જવાના જરૂર નક્કી;
સંસારચક્રે આ બધું કાં સ્મૃતિભ્રષ્ટ ને ભૂલાતું થાય છે?
ને એ વિસ્મૃતિને કારણે વળી કંઈક ખેલો કાં થાય છે?

**મળ્યો ઉચ્ચ માનવનો છે જન્મ કોઈ પુણ્ય પ્રતાપથી,**
**એ પુણ્યના પ્રતાપને પણ કેમ ભૂલાતો જવાય છે?**
**આ દાનવતા, આ પાશવતા ઉભરી ક્યાંથી આવે છે?**
**માનવકેરી માનવતાને શીદને વિસારી દેવાય છે?**

પોષ્યા પશુ, શોષ્યા પશુ ખુદ ખુદના સ્વાર્થે કરી,
ઉપયોગ માનવોનો પણ માનવે વળી સ્વાર્થે કર્યો;
નિસર્ગે સુખલ્હાણ દીધી ને સગવડો સંપૂર્ણ ધરી,
પોષાયેલા જીવનોનો પણ એમાં ધ્વંશ સખેદે કર્યો.

આ સ્વાર્થે કરી-પ્રેરીને, ધારતી ધરિત્રી શેં લૂંટાય છે?
ખુદગર્જી કેરી અંધતાએ વળી પ્રકૃતિ કાં શોષાય છે?
જેના થકી સહુનું જીવન, વળી છે હસ્તી જેના થકી,
જે શાખા છે આશરો, કુહાડી એને કાં મારી દે છે?

લૂંટો, ઝૂંટો, મોજ ઉડાઓ; કાલ કોણે દીઠી છે?
સુખસાધનો અંકે કરો ને ધનસંચય કરી લો વળી,
વિવેકહીન આ પ્રવૃત્તિએ ભાવિમાં જે થવાનું થાય,
આપણે કર્યું આપણું, આમ જ વળી કેમ થાય છે?

સંયમહીન કર્યો સંચય ને વિચારસરણી તો વિવેકહીન,
હાથીના દાંત અદશ્ય વળી કેમ સહુએ ધાર્યા છે?
પાઘડીનો વળ તો છેડે આવશે, 'આરસી' એ જાણે છે,
તો પણ આ વિચારવંત(!) માનવનું આવું વર્તન છે?

***'આરસી' શાહ - અમદાવાદ***
***ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩***

## શું કામ?

ખીલવશો જો ગુલ તો કોઈ મહેક લેશે
ઠેર ઠેર અહીં કાંટા ઉગાડો છો શું કામ?

રૂઝાયા છે માંડ જખમો અહીં જિગરના
હવે દાઝેલાને દઝાડો છો શું કામ?

ચહેરાને રાખવો હોય જો ચિલમનમાં તો
ઘરની બારી ઉઘાડી છે શું કામ?

થઈ ગઈ અમારી બધી તમન્નાઓ સુષુપ્ત
હવે ઢંઢોળીને એને જગાડો છો શું કામ?

રહેવું જ હોય જો આમ લાગણીશૂન્ય
દિલને કોઈની સાથે લગાડો છો શું કામ?

★

### માનવ શક્તિ

બુર્જ ખલીફાની
અગાસી ઉપર જઈને
આંગળી
ઊંચી કરી તોય નભને
ન અડી.
ત્યારે થયું **આભની ઊંચાઈને**
**આંબવા હજુ**
**કાળા માથાનો માનવી**
**ટૂંકો પડે છે!!**

★

### અશ્કો

ખુદ ભીના થઈને
અશ્કોને વહેવા દઈ દે
નયનો જેવી ભલાઈ
આપણાથી ક્યાં થાય છે?

### ઇન્તજાર

મસ્ત મજાનો નજારો છે
નભમાં ચાંદનો ઉતારો છે
આવા મજાના માહોલમાં
બસ ઈન્તજાર તમારો છે.

*મણિલાલ ડી. રૂધાણી - રાણાવાવ*

*બધું ઉછીનું હોય તો ચાલે પરંતુ અનુભવ તો પોતાનો જ હોવો જોઈએ.*

## લઘુ કાવ્યો

*આમંત્રણ તો દૂરની વાત*
*હજુ તમને પરવાનગી ક્યાં છે?*
*ખુદને પૂછી શકો છો એટલું?*
*ચાહી શકો એટલી દીવાનગી ક્યાં છે?*



*તોડી નાખું?*
*કે પછી જોડું?*
*શું કરું?*
*એ તૂટેલા*
*તારોનું*
*જે*
*મને બાંધીને*
*બેઠા છે.*

*હું આપું*
*કે ન આપું*
*એટલો તો*
*શ્રાપ લાગે*
*હૃદય મારું*
*જલે એટલું*
*તનેય એનો*
*તાપ લાગે.*

***અરુણા અરુણ ઠક્કર 'માધવી'***
***ભુજ, કચ્છ***
***મો. ૯૮૭૯૫ ૩૯૧૭૮***

## કચ્છી હાઈકુ

કરણું આય
ભજન, મન મેં વે
સોન ને ધન.

સેઠ વડા ને
ધિલ નિંઢો, ડિને મેં
લગેતો કંઢો!

મંગધલ પાં
ડીંધલ હુ, વડો ઈ
જે ડેતો પાંકે

ભગવાનજી
ધુનિયામેં સેતાન
કુલાય આય?

***હથ મેં હોન્ડા***
***બ્યો મોબાઈલ, ઈ જ***
***આય જુવાની?!***

***અરુણા અરુણ ઠક્કર 'માધવી' – ભુજ, કચ્છ***
***મો. ૯૮૭૯૫ ૩૯૧૭૮***

***માણસને મળતી દરેક વસ્તુ કાંઈ***
***એની મહેનતથી જ નથી મળતી,***
***ક્યારેક કોઈના આપેલા આશિર્વાદ પણ કમાલ કરી જાય છે.***

## NanoNine® શબ્દ રમત-૧૬૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | ૮ | | ■ | | ■ | ૯ | | ■ | |
| ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | ૧૩ | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | |
| ■ | ૧૭ | ૧૮ | ■ | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | | ■ |
| ૨૨ | | | | ૨૩ | ■ | | ■ | ૨૪ | | ■ | ૨૫ |
| ૨૬ | | ■ | ■ | ૨૭ | | ■ | ૨૮ | | ■ | ૨૯ | |
| ૩૦ | | ■ | ૩૧ | | ■ | ૩૨ | | ■ | ■ | ૩૩ | |
| | ■ | ૩૪ | | ■ | ૩૫ | ■ | ૩૬ | | ૩૭ | | |
| ■ | ૩૮ | | ■ | ૩૯ | | ૪૦ | ■ | ■ | | ■ | ■ |
| ૪૧ | | | ૪૨ | | ■ | ૪૩ | ૪૪ | ૪૫ | ■ | ૪૬ | ૪૭ |
| | ■ | ૪૮ | | ■ | ૪૯ | ■ | ૫૦ | | ૫૧ | ■ | |
| ૫૨ | | | ■ | ૫૩ | | | | ■ | ૫૪ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૨૮-૦૨-૨૦૨૧ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. સમય કે વિસ્તારનો ફરક (૩)
૩. રેલવેની સડક પર કામ કરનારો (૪)
૫. રસ્તામાં મુસાફરને પાણી પાવાની ધર્માદા જગ્યા (૩)
૭. ડાક, પોસ્ટ (૩)
૯. અવાજ, કોલાહલ (૨)
૧૦. ખેતર કે ગામની હદ (૨)
૧૨. તેજ, ભપકો (૩)
૧૫. રીંછ, માંકડા કે સાપ કેળવી ખેલ કરી બતાવનાર (૩)
૧૭. હોકારો, બૂમ (૨)
૧૯. મૂડી, પૂંજી (૩)
૨૧. પગ, દરજ્જો (૨)
૨૨. કારણ, સાધનરૂપે બનેલું (૫)
૨૪. અવાજ, સૂર (૨)
૨૬. ધૂણનો કણ, અણું (૨)
૨૭. સોંઘું (૨)
૨૮. સ્વામી, માલિક (૨)
૨૯. બાળ ભાષામાં ખાવાનું (૨)
૩૦. બનાવટી વાત, તરકટ (૨)
૩૧. દોસ્ત, મિત્ર (૨)
૩૨. આકાશમાંથી પડતા કુદરતી બરફના ટુકડા (૨)
૩૩. હાથ, હસ્ત (૨)
૩૪. ખરાબ, હીન (૨)
૩૬. જઠરમાં ભરાતો પાચક રસ (૫)
૩૮. પરોઢિયું (૨)
૩૯. લાગણી, કામના (૩)
૪૧. રમત જેવી સાવ સહેલી વાત કે વસ્તુ (૫)
૪૩. તપાસવું તે (૩)
૪૬. જશ, યશ, કીર્તિ (૨)
૪૮. ક્રિકેટમાં દોડીને લેવાય (૨)
૫૦. સોના ચાંદીનું પાતળું પડ (૩)
૫૨. બાજુ, પક્ષ (૩)
૫૩. ઉપવાસ, આહાર બંધ કરવો તે (૪)
૫૪. વધેલું, ફાલતું (૩)

### ઊભી ચાવીઓ

૧. દવા બનાવવાની ઔષધશાળા (અં.) (૩)
૨. બારીક ભૂકો, આટો (૨)
૩. પાળવું તે (૩)
૪. કેશ (૨)
૫. મોક્ષ, મુક્તિ (૫)
૬. ઊલટીનો ઊબકો (૩)
૮. પારદ, માળાનો મણકો (૨)
૧૧. સોનું (૫)
૧૩. વાર્તા, કહાણી (૨)
૧૪. વેરાન પ્રદેશ (૨)
૧૬. ફરિયાદ, અરજ (૨)
૧૮. દાણો, નાનો પરમાણું (૨)
૨૦. પાંખોવાળી દેવતાઈ સુંદરી (૨)
૨૧. પગ, દરજ્જો (૨)
૨૨. બંદૂકમાં ભરી ફોડવાની ટોટી જેવી બનાવટ (૪)
૨૩. એક જાતનું રેશમી કાપડ (૩)
૨૪. સંઘાત, સોબત (૨)
૨૫. સોમાવલ્લીનો માદક રસ (૪)
૨૮. નાખુશ (૩)
૨૯. રાશિ ચક્રમની દસમી રાશિ (૩)
૩૧. યાદી, સ્મરણ (૨)
૩૪. નોકરીમાંથી કાઢી મૂકેલું (૫)
૩૫. શરીરની ગરમી વધવાનો એક રોગ (૨)
૩૭. સૂર્ય, સૂરજ (૨)
૩૮. ભૂમિ (૨)
૩૯. રાંધેલા ચોખા (૨)
૪૦. જ્ઞાતિ, જાતિ (૨)
૪૧. ખેલ, ક્રિડા (૩)
૪૨. વર્ણ, રંગ (૨)
૪૪. પવિત્ર, શુધ્ધ (૩)
૪૫. અંગ્રેજી રાજ્યમાં અપાતો ઈલકાબ (૨)
૪૭. સરળ, સીધું, નિખાલસ (૩)
૪૯. આલાપ, ધૂન (૨)

## NanoNine® શબ્દ રમત-૧૬૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | ગ | તિ | યું | ■ | પ | મ | રા | ટ | ■ | સ | ■ |
| મ | મ | રા | ■ | પ | ટ | રા | ણી | ■ | ના | ન | મ |
| નો | ■ | ડ | ફો | ળ | ■ | મ | ■ | ડ | ગ | મ | ગ |
| ત્રી | જ | ■ | ર | ■ | સં | ત | રા | મ | ■ | ■ | ■ |
| ■ | સ | તા | મ | ણી | ■ | ■ | સ | રો | વ | ર | ■ |
| કો | ત | ર | ■ | ■ | અ | સ | લી | ■ | ■ | ■ | એ |
| ત | ■ | ણ | ■ | ખુ | દા | તા | લા | ■ | ■ | ચ | લ |
| ર | ■ | હા | ■ | ■ | કા | મ | ■ | ત | બ | લ | ચી |
| કા | ય | ર | ■ | વ | ર | ણી | ■ | ક | ળ | ણ | ■ |
| મ | મ | ■ | અ | ખા | ■ | ■ | ક | લા | ■ | ■ | ર |
| ■ | ■ | મ | ક | ર | ■ | બા | લ | દી | ■ | રાં | ક |
| શ | ત | દ | લ | ■ | આ | લ | મ | ■ | ■ | ■ | મ |

*માસ ડિસેમ્બર-૨૦૨૦ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૬૬ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩. રોનક શાહ – અમદાવાદ
૪. વંદના શાહ – અમદાવાદ
૫. દિશા પટેલ – અમદાવાદ
૬. દમયંતી દંડ – અમદાવાદ
૭. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૮. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૯. નીરલ કુબડિયા – મુંબઈ
૧૦. જાગૃતિ પારેખ – સિકંદ્રાબાદ
૧૧. હર્ષા મહેતા – ગાંધીધામ
૧૨. પ્રભાબેન શાહ – ભુજ
૧૩. હસ્તી ઠાકર – ભુજ

*ઉત્તર મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ અનુસાર વિજેતાના નામ નીચે પ્રમાણે છે.*

દિશા પટેલ – અમદાવાદ

**શબ્દ રમત-૧૬૫ : સમય વિતી ગયા પછી ઉત્તર મોકલાવનારના નામ**


૧. સાવિત્રી જેસરાણી – મુંબઈ

## નિજ કર્મો પ્રમાણે સુખી કે દુઃખી

દુઃખનું કારણ ધર્મનો અભાવ
સુખનું કારણ ધર્મનો પ્રભાવ અને
શાંતિનું કારણ પોતાનો સ્વભાવ.

***એક વસ્તુ ધ્યાનમાં લઈ રાખો કે***
***વ્યક્તિને સુખી કે દુઃખી કરવાની તાકાત માત્ર તેના કર્મોની છે.***

## સુખે વૃક્ષ કા સંવાદ



*સૂરજ કી સુનહરી કિરણે*
*સુબહ વૃક્ષ પર પડી ઔર*
*કુછ દેર બાત પ્રખર હો ગઈ*
*તબ સુખે વૃક્ષને કહા*
*એ, સૂરજદેવ, નમસ્કાર*
*ઈતને વર્ષો તક તુમ*
*અપની રોશની દેતે ર*
*મેરી ડાલો પર પત્તે*
*હરેભરે પલતે રહે*
*ફૂલ-ફૂલ ઉગતે રહે*
*લોગ આતે થે*
*મેરી છાંવ કે નીચે*
*દો ઘડી આરામ કી*
*સાંસ લેતે થે*
*અબ શાયદ મેરા*
*અંતિમ પલ આ ગયા હૈ*
*મેરી જગહ નયે વૃક્ષ*
*કો સ્થાન દેને કા*
*જગત તો ઐસા હી*
*ચલતા હૈ ના?*
*જન્મ ઔર મૃત્યુ કા ચક્ર!*
*મુઝે સુખાકર મેરા અંત*
*જલ્દ હી આ જાયે*
*ઐસી કૃપા કરના!*
*મેરી જગહ નયે વૃક્ષ કો*
*રોશની દેકર જીવન દેતે રહના.*
*મેરી સુખી ડાલ ઔર લકડી*
*કિસી ગરીબકે ઘર ચૂલેમેં જલેગી*
*ઔર ઉસકે પરિવાર કે લિયે રોટી પકેગી*
*યા મનુષ્ય કે મૃત્યુ શરીર કો*
*જલાને કે કામ આયેગી*
***મનુષ્ય તો હરે વૃક્ષ કો ભી***
***કાટ દેતે હૈં***
***વૃક્ષકે સુખકર ગિર જાને***
***તક ઈન્તેજાર નહીં કરતે***
*પ્રાર્થના હૈ હમારા અસ્તિત્વકો*
*બનાએ રખને મેં મદદ કરતે રહના.*

**સતિષ ડી. શાહ - ત્રિમંદિર, અડાલજ**
**મો. ૭૬૧૯૩૪૨૪૭૮**

## NanoNine® Sudoku

**ડિસેમ્બર-૨૦૨૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૨૪ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. રોનક શાહ – અમદાવાદ
૨. જ્યોતિ ગડા – અમદાવાદ
૩. અવંતી દંડ – અમદાવાદ
૪. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૫. નયના કારણી – અમદાવાદ
૬. હસમુખ મહેતા – ગાંધીધામ
૭. રવિલાલ જૈન – સતના
૮. પ્રતીક પારેખ – સિકંદ્રાબાદ

*ઉત્તર મોકલાવનારમાંથી લક્કી ડ્રો અનુસાર વિજેતાના નામ નીચે પ્રમાણે છે.*

નયના કારણી – અમદાવાદ

*ઘણાં માણસો ફક્ત મનોરથોની દુનિયામાં જ જીવતા હોય છે. એમનું મન રોજ નવા નવા નિશ્ચયો કરતું હોય છે. આજે આ કરવું છે, કાલે પેલું કામ પતાવવું છે અને એટલે આટલા વખતમાં આ વસ્તુ પાર પાડવી છે. એવા એવા વિચારોનું ભરતકામ એ કર્યા જ કરે છે. પણ આવી દોરંગી દુનિયામાં વાસ કરનારા માનવીઓમાં એક ખાસ ખૂબી હોય છે. તે એ કે એમનું મન દોડે છે, બુદ્ધિ દોડે છે પણ હાથ પગ કંઈ કામ કરતા નથી.*

## NanoNine® Sudoku

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૧૨૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૮-૦૨-૨૦૨૧ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૨૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | 8 | | | 6 | | 5 |
| | | 5 | | | 1 | | | 2 |
| | 9 | 6 | 5 | | | | | 4 |
| 3 | | | | | 6 | 5 | 4 | |
| | | | | 4 | | | | |
| | 4 | 9 | 2 | | | | | 8 |
| 8 | | | | | 4 | 9 | 5 | |
| 5 | | | 6 | | | 7 | | |
| 9 | | 7 | | | 8 | | 2 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | 9 | | | 5 | | 1 |
| | 9 | 4 | 8 | | | | | 2 |
| | 5 | | 4 | 7 | | 6 | | |
| | | | | 8 | | 2 | 3 | 5 |
| | | | 2 | | 6 | | | |
| 2 | 7 | 1 | | 5 | | | | |
| | | 7 | | 3 | 2 | | 9 | |
| 6 | | | | | 4 | 1 | 2 | |
| 4 | | 9 | | | 8 | | 5 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2 | | | | 8 | | 5 | 3 |
| 8 | | 6 | | | 3 | | 4 | |
| | | 3 | | | 1 | 2 | | |
| 4 | | 2 | | | 5 | | | 1 |
| | 7 | | | 1 | | | 8 | |
| 1 | | | 7 | | | 5 | | 6 |
| | | 7 | 9 | | | 8 | | |
| | 6 | | 8 | | | 3 | | 4 |
| 2 | 8 | | 1 | | | | 7 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | | 3 | | | 1 |
| | | 5 | 7 | 8 | | | 2 | |
| | | 4 | | | 1 | 5 | 7 | |
| | 5 | | 4 | | | 3 | | 8 |
| 6 | | | | 2 | | | | 4 |
| 9 | | 3 | | | 6 | | 5 | |
| | 3 | 9 | 1 | | | 4 | | |
| | 2 | | | 4 | 7 | 9 | | |
| 4 | | | 9 | | | | | 5 |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૨૫**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | 4 | 1 | 8 | 5 | 7 | 3 | 9 |
| 5 | 9 | 1 | 3 | 4 | 7 | 8 | 2 | 6 |
| 7 | 3 | 8 | 9 | 2 | 6 | 1 | 4 | 5 |
| 8 | 2 | 9 | 4 | 6 | 3 | 5 | 7 | 1 |
| 6 | 4 | 5 | 7 | 9 | 1 | 3 | 8 | 2 |
| 3 | 1 | 7 | 8 | 5 | 2 | 9 | 6 | 4 |
| 9 | 8 | 3 | 6 | 1 | 4 | 2 | 5 | 7 |
| 1 | 5 | 6 | 2 | 7 | 8 | 4 | 9 | 3 |
| 4 | 7 | 2 | 5 | 3 | 9 | 6 | 1 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 1 | 6 | 4 | 8 | 7 | 3 | 9 |
| 9 | 4 | 8 | 5 | 3 | 7 | 6 | 2 | 1 |
| 7 | 6 | 3 | 2 | 1 | 9 | 5 | 8 | 4 |
| 6 | 1 | 9 | 8 | 5 | 4 | 2 | 7 | 3 |
| 4 | 8 | 7 | 3 | 2 | 6 | 9 | 1 | 5 |
| 3 | 2 | 5 | 9 | 7 | 1 | 4 | 6 | 8 |
| 1 | 3 | 6 | 7 | 9 | 5 | 8 | 4 | 2 |
| 5 | 7 | 2 | 4 | 8 | 3 | 1 | 9 | 6 |
| 8 | 9 | 4 | 1 | 6 | 2 | 3 | 5 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 8 | 4 | 3 | 1 | 5 | 9 |
| 4 | 9 | 1 | 5 | 2 | 7 | 3 | 6 | 8 |
| 5 | 3 | 8 | 1 | 9 | 6 | 2 | 4 | 7 |
| 2 | 6 | 3 | 9 | 1 | 5 | 8 | 7 | 4 |
| 9 | 4 | 5 | 7 | 3 | 8 | 6 | 2 | 1 |
| 8 | 1 | 7 | 4 | 6 | 2 | 9 | 3 | 5 |
| 7 | 5 | 6 | 3 | 8 | 9 | 4 | 1 | 2 |
| 3 | 8 | 4 | 2 | 5 | 1 | 7 | 9 | 6 |
| 1 | 2 | 9 | 6 | 7 | 4 | 5 | 8 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 1 | 2 | 6 | 9 | 5 | 3 | 8 |
| 8 | 3 | 5 | 1 | 7 | 4 | 6 | 9 | 2 |
| 6 | 2 | 9 | 3 | 8 | 5 | 4 | 1 | 7 |
| 2 | 9 | 7 | 5 | 3 | 1 | 8 | 6 | 4 |
| 1 | 8 | 6 | 7 | 4 | 2 | 3 | 5 | 9 |
| 5 | 4 | 3 | 8 | 9 | 6 | 7 | 2 | 1 |
| 9 | 6 | 8 | 4 | 2 | 3 | 1 | 7 | 5 |
| 3 | 1 | 4 | 9 | 5 | 7 | 2 | 8 | 6 |
| 7 | 5 | 2 | 6 | 1 | 8 | 9 | 4 | 3 |



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : જગુબાપા જો છોરો મનુ ચર્યો થ્યો આય ક કુરો? રોજ પાંજે સામે જે મેદાનમેં વેને ને પાંયણા ભેરા કરે ને પોય મથે આકાશમેં ઉછાળે તો ને કીંક બબડધો વેતો – સે જરા તપાસ ત કર, કુલા પાંયણા મારે તો?

બચુડો : (તપાસ કે ને ચેં) મનુ કતાંકનું જાણે આવ્યો આય ક જોડિયું મથાનું ભને ને અચેંત્યું. ભગવાન જ નક્કી કઈંધો વેતો. પંઢજી જોડી હેડી ભનઇ આય કે અનજા ખાર કઢેલા મનુ ભગવાન સામે પથ્થર મારો કરેતો.

## ખિલજા મ ભલા

મનીયો : જુઠું બોલવા માટે તું શું માને છે?

કનીયો : જો... આમ તો જુઠું બોલવું એ પાપ છે.
પણ બાળક માટે ગુનો છે.
પ્રેમી માટે કળા છે.
નોકરિયાત માટે જરૂરિયાત છે.
કુંવારા માટે કાબેલિયત છે.
અને પરણેલા માટે લગ્ન ટકાવી રાખવાનો અક્સીર ઈલાજ છે!!

☺ ☺ ☺ ☺ ☺

છોકરી : હું રાત્રે સિક્કો નીચે ફેંકીશ. એનો અવાજ સાંભળીને તું ઉપર આવજે.

છોકરો : સારું. સિક્કાનો અવાજ સાંભળી છોકરો ઉપર ગયો. પણ બહુ વાર લાગી એટલે છોકરીએ પૂછ્યું, કેમ વાર લાગી?
છોકરાએ કહ્યું, હું સિક્કો શોધતો હતો.

છોકરી : સિક્કો કાંઈ મફત થોડો આવે છે. એ તો મેં દોરીમાં બાંધીને ફેંક્યો હતો. નીચે અવાજ થયો પછી પાછો ખેંચી લીધો હતો.

☺ ☺ ☺ ☺ ☺

જગત : તામિલનાડુ, કર્ણાટક, કેરળ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા વગેરે રાજ્યોમાં દેખાવડા પુરુષો કોણ હોય છે?

ભગત : ટુરિસ્ટ.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : ચિત્રગુપ્તજી, શું એ વાત સાચી છે કે સ્વર્ગમાં પતિની સાથે પત્નીને રહેવા નથી મળતું?

ચિત્રગુપ્ત : હા વત્સ! એટલે તો એને સ્વર્ગ કહેવાય છે.!!

☺ ☺ ☺ ☺ ☺

નાનો બાબો : (બાલ મંદિર - નર્સરીમાં છોકરીને) તારી સ્લેટ મસ્ત છે. હું લખવા માટે લઉં?

નાની બેબી : ડોબા, આ સ્લેટ નથી, આઈપેડ છે!

☺ ☺ ☺ ☺ ☺

ટીનુ : ગુડ-ડે કોણ બનાવે છે?

મીનુ : ગુડ-ડે મા-બાપ નથી બનાવતા, તમે નથી બનાવતા કારણકે એ તો બનાવે છે 'બ્રિટાનિયા.'

☺ ☺ ☺ ☺ ☺

છોકરો : તું મને પ્રેમ કરે છે?

છોકરી : એ તો એવું છે ને... એવું છે ને...

છોકરો : ચોખવટ કર. આમ સરકાર જેવા નિવેદન ન કર.

☺ ☺ ☺ ☺ ☺

મગન : જેની પોતાની કોઈ ભૂલ ન હોય તો પણ તમને 'સોરી' કહેતો હોય તો કોણ હોઈ શકે?

છગન : આમાં બે જ વ્યક્તિ હોઈ શકે.

મગન : કોણ કોણ?

છગન : એ તો કાં પ્રેમી હોય, કાં પતિ હોય

☺ ☺ ☺ ☺ ☺

મજનુ : (બસ સ્ટેન્ડ ઉપર ઉભેલી છોકરીને) મને ઓળખ્યો?

છોકરી : ના... કંઈ યાદ આવતું નથી...

મજનુ : અરે બે મિનિટ પહેલા હું જ અહીંથી બાઈક લઇને પસાર થયો હતો અને હોર્ન માર્યું હતું...

છોકરી : (કાનમાંથી ઈયરપ્લગ કાઢીને) શું કહ્યું?

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*


## જીવનની ઘડિયાળ

*જીવનની ઘડિયાળને એક જ વાર ચાવી આપી શકાય છે અને એના કાંટા ક્યારે ચાલતા બંધ થઈ જશે તે કોઈ જાણતું નથી. આજે જ જીવો, આજે જ ચાહો. આજે જ થાય એટલું કામ કરી લો. આવતીકાલે કદાચ ઘડિયાળ બંધ પણ પડી જાય.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી





દર વર્ષની જેમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે દેશના ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી મંગળવાર, તા. ૨૬-૦૧-૨૦૨૧ના રોજ સવારે ૯.૩૦ કલાકે, વર્તમાન મહામારીને લગતી સરકારી ગાઈડ લાઈનની મર્યાદા હેઠળ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરેલ. સમાજના એક અગ્રીમ હરોળના સેવાભાવી કાર્યકર અને કારોબારી સભ્ય **શ્રી બચુભાઈ રાંભિયા**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ. તે સમયે સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા અન્ય ટ્રસ્ટી ગણ, કારોબારી સભ્યો, સ્ટાફના સભ્યોની હાજરી રહેવા પામેલ હતી. શ્રી બચુભાઈ રાંભિયા તથા પ્રમુખશ્રીના પ્રાસંગિક પ્રવચનો બાદ અલ્પાહારને ન્યાય આપી સૌ છૂટા પડ્યા હતા.

***માનદ્ મંત્રી,***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## ટિમ્બર્સ, હાર્ડવેર, એલ્યુમિનિયમ સેક્શન...

**શ્રી વિપુલ રમણિકભાઈ ગોસરનું નવું સાહસ**
**શ્રી પદ્માવતી એન્ટરપ્રાઈઝ**

***વિક્રેતા*** : પ્લાયવુડ, લેમિનેટ્સ, ટિમ્બર્સ, હાર્ડવેર, એલ્યુમિનિયમ સેક્શન ગ્લાસ, એલ્યુમિનિયમ વિન્ડો, પાર્ટિશન, ગ્લાસડોર, ટફન્ડ ગ્લાસ, પ્રોફાઈલ શટર વગેરે

***સંપર્ક*** : *વિપુલ ગોસર : મો. ૯૪૨૬૯ ૭૫૮૪૨*
***સરનામું*** : જલારામ કોમ્પ્લેક્સની બાજુમાં ગીતામંદિર રોડ, મજૂરગામ ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
***E-mail*** : vipulrgosar@yahoo.co.in

## ગામનું નામ : નાગલપુર - કચ્છ

'મંગલ મંદિર'ના ગત અંકમાં 'સાભાર સ્વીકાર' વિભાગમાં **શ્રીમતી મણિબેન રતનશી પ્રેમજી ગોગરી**ના નામ સાથે ગામનું નામ **(નાગલપુર - કચ્છ)** વાંચવું.

## અચલગચ્છ - પ.પૂ.સાધ્વીજી જયધર્માશ્રીજી મ.સા.

અચલગચ્છના **પ.પૂ.સાધ્વીજી જયધર્માશ્રીજી મ.સા.**ના પગના ઘુંટણનું ઑપરેશન સોમવાર, તા. ૨૫-૧-૨૦૨૧ના રોજ ઝાયડસ હોસ્પિટલ - અમદાવાદમાં સફળતાપૂર્વક થયું છે અને નવનીત વિવિધલક્ષી ભવન - ચંદ્રનગર, અમદાવાદ મધ્યે ઉપાશ્રયમાં સુખ શાતામાં બિરાજમાન છે. સર્વેને દર્શન - વંદનાનો લાભ લેવા વિનંતી છે.

***ટોકરશી કેશવજી શાહ***
***શ્રી ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ***

## માનવને માપવાની કળા

*માણસ કેટલો મહાન છે તે તેના સદ્‌વર્તન પરથી માપી શકાય. તેના જ્ઞાન અને બુદ્ધિને તેની નમ્રતા પરથી માપી શકાય. તેના અજ્ઞાનનું માપ તેની શંકાઓ અને પૂર્વગ્રહો પરથી નીકળે. તેની નૈતિકતાને અન્ય લોકો માટેની કાળજી અને સહનશીલતા પરથી માપી શકાય.*

## ‘ટાઇમ્સ ગુજરાત પ્રતિભા – ૨૦૨૦’ના ઍવોર્ડ અને તેના અંતર્ગત સન્માનિત થવા બદલ

# ડૉ. ધીરેન શાહને અભિનંદન



સમાજમાં વિવિધ ક્ષેત્રે ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહાનુભાવોને ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, અમદાવાદ દ્વારા કેટલાક સમયથી ‘ટાઇમ્સ ગુજરાત પ્રતિભા’ના એક વિશિષ્ટ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે.

ગુજરાતના લોકો હકીકતમાં વેપાર-વાણિજ્ય અને સખત પરિશ્રમ કરનાર તરીકે જાણીતા છે. તેઓ પોતપોતાના વિભિન્ન પ્રકારના સામાજિક ક્ષેત્રમાં આધુનિક ટેકનોલોજીના સહારે પોતાની વિશેષ સેવા પ્રદાન કરીને સમાજના ઉત્કૃષ્ટ માટે ઉત્તમ કાર્ય કરતા હોય છે.

આ પ્રકારની વિશિષ્ટ વ્યક્તિઓને ‘ટાઇમ્સ ગુજરાત પ્રતિભા - ૨૦૨૦’ (Times Gujarat Icons 2020)ના ઍવોર્ડ સાથે તેઓને સન્માનિત કરવાના એક અનોખા કાર્યક્રમનું આયોજન અમદાવાદ ખાતે ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પબ્લિકેશન્સ દ્વારા તા. ૨૯-૧૨-૨૦૨૦ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી મખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોક્ત વિશિષ્ટ વ્યક્તિઓમાં મૂળ કચ્છના અને હાલે અમદાવાદ સ્થિત કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. કાર્ડિયાક વેસ્ક્યુલર (હૃદય અને રક્તવાહિનીઓ)ની સર્જરી અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટમાં દાખવેલ શ્રેષ્ઠ તબીબી કામગીરી બદલ તેમનું વિશિષ્ટ સન્માન કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત વિશિષ્ટ ઍવોર્ડ અને સન્માન માટે ડૉ. ધીરેન શાહને ખૂબ ખૂબ અભિનંદન.

***અત્રે ઉલ્લેખનીય છે કે, ડૉ. શાહ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક હિતેચ્છુ સભ્ય છે.***

## ડૉ. ધીરેન શાહની તબીબી ક્ષેત્રની કારકિર્દી

આપણે સૌ જાણીએ છીએ તેમ, તબીબી ક્ષેત્રની વિવિધ પ્રકારની ઉત્તમ સારવાર અને સર્જરી માટે રાષ્ટ્રના કેટલાક રાજ્યો પૈકી ગુજરાત પણ મોખરાનું સ્થાન ધરાવે છે. અલબત્ત, તેની પાછળ સમર્પિત અને સેવાભાવી નિષ્ણાત ડૉક્ટર્સનો હિસ્સો મુખ્ય છે. આ યાદીમાં મૂળ કચ્છના અને હાલે અમદાવાદ ખાતે સ્થિત ડૉ. ધીરેન શાહનું નામ પણ સામેલ છે. તેઓ અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં ડાયરેક્ટર અને કાર્ડિયાક સર્જન (કન્સલ્ટન્ટ - તજજ્ઞ) તરીકે હાલે કાર્યરત છે. ડૉ. શાહે અત્યાર સુધીમાં ૧૩,૦૦૦થી વધુ હાર્ટ સર્જરી સફળતાપૂર્વક કરી છે. તે ઉપરાંત, હોસ્પિટલમાં પ્રતિવર્ષ થતી ઑપન હાર્ટ સર્જરીની તબીબી પ્રક્રિયા કરનાર ડૉક્ટર્સની પેનલનું અનેકવાર તેઓએ નેતૃત્વ પણ કર્યું છે.

સિમ્સ હોસ્પિટલમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ અને આર્ટિફિસિઅલ હાર્ટ પ્રોગ્રામ હેઠળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ અને ટ્રાન્સોરટિક (Heart Transplant and Transaortic – TAVI)ની તબીબી પ્રક્રિયામાં તેઓએ એક સફળ સર્જન તરીકે કામગીરી બજાવી છે.

ગુજરાતમાં આધુનિક ટેકનોલોજી સાથેની કાર્ડિયાક ટ્રીટમેન્ટ સેન્ટરની સ્થાપનામાં પણ તેમનો અગ્ર હિસ્સો રહ્યો છે. અત્રે નોંધનીય છે કે, થોડા સમય અગાઉ હાર્ટનું પ્રત્યારોપણ કરવાની જટીલ તબીબી પ્રક્રિયા તેમની આગેવાનીમાં થઈ હતી. એક બ્રેઇનડેડ વ્યક્તિના કેટલાક અવયવોનું દાન કરવામાં આવ્યું હતું. તેના એક ભાગ સ્વરૂપે ઉપરોક્ત સર્જરી થઈ હતી. કોવિડ સંક્રમણના સમય દરમિયાન ગુજરાતમાં હાર્ટ પ્રત્યારોપણની તે પ્રથમ સર્જરી હતી. આ રીતે, ડૉ. ધીરેન શાહની એક સર્જન તરીકેની તબીબી કામગીરી ખૂબ જ પ્રશંસનીય રહી છે.

***અહેવાલ રજૂકર્તા : દિનેશ આર. મહેતા***

*ગુરૂજીને પૂછવામાં આવ્યું : ‘વૃદ્ધાશ્રમમાં રહેવાવાળા માતા-પિતાનું મૃત્યુ થયું હોય તો તેના પરિવારને કેટલા દિવસનું સૂતક લાગે?’*

*ગુરૂજીએ જવાબ આપ્યો, ‘જે વ્યક્તિએ તેના માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મોકલી આપ્યા હોય તેને જીવનભરનું સૂતક લાગી ગયેલ હોય છે અને તે વ્યક્તિ જીવનભર મંદિર જવાને લાયક રહેતો નથી.’*

# વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની




**800+** MODERN VEHICLES | **22** STATES+ 4 UTs | **650+** BRANCHES

## અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ

- VT/VX ની ૬૫૦+ શાખાઓ
- ISO 9001:2015 પ્રમાણિત કંપની
- Robust Systems & Processes પર કાર્યરત
- Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
- બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
- ૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
- ૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
- Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
- રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
- વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management

V-TRANS®
Driving Excellence

Our other Divisions | V-Xpress — Safe and Reliable - For Your Peace of Mind | V-Logis — Warehousing & Inventory Management

Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

## ખૂબ વખણાયેલા, વસાવવા જેવા વાર્તા-સંગ્રહો

| | | |
|---|---|---|
| સાંજનો છાયો | રઘુવીર ચૌધરી | 85 |
| અનન્યા | શરીફા વીજળીવાળા | 100 |
| દિલનો દસ્તાવેજ | પરાજિત પટેલ | 160 |
| કુંવારાં સમણાંનું શહેર | પરાજિત પટેલ | 125 |
| આકાશગંગા-1,2 | અંબાલાલ ચૌહાણ | 360 |
| આ એક ખંડ | ભારતી ર. દવે | 150 |
| સદ્દગતિ | અજય પુરોહિત | 90 |
| પીળું પાનું | મનુભાઈ જોધાણી | 45 |
| સમયનાં સ્ફુલિંગ | જશવંત ઠાકર | 20 |
| સંચય | લીલાવતી મુનશી | 10 |
| સથવારો | હેતલ ત્રિવેદી | 40 |
| અક્ષરો આંસુના | કનૈયાલાલ જોશી | 90 |
| સંસારદર્પણ | અરુણાબહેન દેસાઈ | 63 |
| બગલથેલો | રામચંદ્ર પટેલ | 84 |
| મીઠી છે જિંદગી | નાથાલાલ દવે | 18 |
| રજનીગંધા | ભરત ના. ભટ્ટ | 125 |
| ઝૂરતી વેદના | પદ્મા ફડિયા | 80 |
| અરણ્ય કાદમ્બરી | મુકુન્દ સાતા | 78 |
| દીવડે દીવડે જ્યોતિ | ધૈર્યચંદ્ર ર. બુદ્ધ | 30 |
| ટીન એજર્સ | જશવંત મહેતા | 105 |
| સ્વાતિનાં મોતી | નટુભાઈ ઠક્કર | 30 |
| જીવનનાં પ્રતિબિંબ | શાંતિલાલ બારોટ | 18 |
| અમે ભાનવગરનાં | કિશોરભાઈ રાવળ | 100 |
| કંઈક અંતરે, ઘણું જ ભીતર | કેયૂર ઠાકોર | 70 |
| ઇતિહાસનું સોનેરી પાનું ભા. 1-2 | રાઘવજી માધડ | 130 |
| ચૈતર ચૈતર | ઇન્દુ રાવલ | 50 |
| નવી કેડી | શૈલેષ ક્રિસ્ટી | 60 |
| અણહિલપુરની લોકકથાઓ | હરજી પ્રજાપતિ | 100 |
| ઝેર પીતાંય નરવા ને નરવા ! | બટુક વોરા | 65 |
| પીતાંબર પટેલનો વાર્તાવિભવ-1 | પીતાંબર પટેલ | 60.5 |
| સ્પંદન | રવીન્દ્ર ઠાકોર | 100 |
| આળાં હૈયાં | વિરાજલાલ ડી. મેઘાણી | 75 |
| અંબરવેણું | ગુલાબરાય જોબનપુત્રા | 70 |
| ફરી પાછા પૃથ્વી પર (પુરસ્કૃત) | પ્રાગજીભાઈ ભાંભી | 100 |
| કુળકથાઓ | સ્વામી આનંદ | 125 |


આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

**મૂળચંદ સાતમો**
નલિની ગણાત્રા



ગુજરાતી હાસ્ય- સર્જકોમાં ગૌરવપૂર્વક અગ્રક્રમે મૂકી શકાય એવું નામ નલિની ગણાત્રાનું છે. એમના સર્જનમાં કોઈની નકલ નથી, તેમ એમના હાસ્યમાં કોઈની માનહાનિ નથી. આબાલવૃદ્ધ સૌને ખડખડાટ હસાવીને તાજગી આપતું તાજું પુસ્તક
કિંમત : 140

**સ્ટોરી-કાફે**
દિનેશ દેસાઈ



આ લેખકની વાર્તાઓ વાચકોને એટલા માટે ગમે છે કે એમાં કશો દંભ નથી હોતો. ચોવીસ કેરેટની સંવેદના અને માનવીય સંબંધોની રસપ્રદ ગૂંથણી એની દરેક વાર્તાના કેન્દ્રમાં જોવા મળે છે. વાચકો અને વિવેચકો સૌને માણવી ગમે તેવી વાર્તાઓનો સંગ્રહ.
કિંમત : 300

**જીવન એક ઉત્સવ**
હરેશ ધોળકિયા



જીવનને બોજરૂપ બનતું અટકાવીને મોજરૂપ કેવી રીતે બનાવી શકાય, એની સમજણ આપતું ચિંતન આ પુસ્તકમાં છે. નીરસ ઉપદેશને બદલે એમાં વાસ્તવિક જીવનની વ્યાવહારિક પ્રેરણાઓ છે.
કિંમત : 150

**મોરપિંચ્છી મત્સ્યકન્યા અને બીજી વાર્તાઓ**
યોસેફ મેકવાન



યોસેફ મેકવાનની બાળવાર્તાઓએ આજના બાળસાહિત્યને સમૃદ્ધ કર્યું છે. આ પુસ્તકમાં મોરપિચ્છી મત્સ્યકન્યા અંતર્ગત સાત બાળવાર્તાઓ અને બીજી દસ એમ કુલ સત્તર બાળવાર્તાઓ છે.
કિંમત : 100

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**